
||ॐ||

|| तस्य वाचकः प्रणवः ||



# ગુરુમહિમા

-યોગભિક્ષુ

દુનિયાની કોઈ તાકાત લઘુને
ગુરુ બનતાં રોકી નહીં શકે.
લઘુ, ગુરુ બનીને જ રહેશે.

જે બુદ્ધિ સમર્પિત થઈને રહે
છે તે જ બુદ્ધિની
બુદ્ધિમાની છે. ગુરુજનો અને
સંતજનોના ચરણોમાં બુદ્ધિપૂર્વક
નિર્બુદ્ધિ થઈને બેસવું એ જ
બુદ્ધિમાનપણું છે.

જે ગૃહે ગુરુ બિરાજે હકે,
રાહુ-કેતુ તેનું શું બગાડી શકે ?

ગુરુમાં જે માને છે એને તો
ગુરુ છે જ, પણ જે ગુરુમાં
નથી માનતા તેને પણ ગુરુ છે
એવું જે સાબિત કરી આપે
તે સદ્‌ગુરુ છે.

પૃથ્વીની જેમ ગુરુ-સંતોમાં
બધા જ રસ છે. જેને જે
રસ જોઈએ તેને તે, તેવો
પ્રયત્ન કરીને પ્રાપ્ત કરી લે છે.

સંત એટલે જગત આખાનો
મરજિયાત દેણદાર, કે જે
લેવામાં નહીં પણ દેવામાં જ
આનંદ માણે છે.

# ગુરુમહિમા

પ્રવક્તા :

**યોગભિક્ષુ**

સંપાદક :

**નૈષધરાય**

જયનારાયણ ગ્રંથાવલી પુષ્પ - ૧

ગુરુમહિમા

પ્રકાશક :
ઓમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ વતી
ડૉ. સદ્ગુરુસમર્પણભિક્ષુ
૧/અ, પલિયડનગર સોસાયટી,
સેંટ ઝેવિયર્સ સ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
( Guj - INDIA )
ફોન : ૪૯૫૧૯૫

© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન
પ્રથમ આવૃત્તિ : તા. ૧૭.૭.૮૧, ગુરુપૂર્ણિમા (પ્રત-૩૦૦૦)
બીજી આવૃત્તિ : તા. ૩.૭.૧૯૯૩ (ગુરુપૂર્ણિમા)
પ્રત : ૨૦૦૦

મૂલ્ય : રૂા ૫૫=૦૦

મુદ્રક : કુણાલ ઓફસેટ
ઓઢવ, અમદાવાદ

લેસર ટાઈપસેટીંગ : પેપીલોન ટેકનોલોજીસ
૯/૨, ભુયંગદેવ શોપીંગ સેન્ટર, સોલારોડ, અમદાવાદ-૬૧.
ફોન-૪૭૬૧૯૪

# શુભાશીર્વાદ

ૐ

**શ્રી સંતરામ મહારાજ સત્ય છે**

**गुरुकृपा हि केवलम्**

''સદ્‌ગુરુની આરતી'' તથા ''ગુરુમહિમા''- નિત્યસ્તવનમાં સાધકો, ભક્તો દ્વારા આરાધાય છે; આમાં અલખની, આત્મતત્ત્વની પ્રાપ્તિની પયગંબરી વાણી પ્રગટ થઈ છે.

''દાસ સવાને સ્વામી ફૂલગરજી મળ્યા,
ચરણપ્રતાપથી ગુણ ગાવે''–

પરમ સિદ્ધ યોગમાર્ગના જ્ઞાતા સદ્‌ગુરુ અને સત્‌શિષ્યના ગૂઢ યોગરહસ્યના સંવાદની સ્તુતિ સહુ ગુરુભક્તને પ્રેરણાનાં પીયૂષ પાય તેવી છે.

પરમ તત્ત્વને પામવા આપણા સંતોએ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ સેવ્યો તેમ જ્ઞાનમાર્ગ પણ સેવ્યો. આ સ્તવનમાં ભક્તિનું માધુર્ય છે, તો અલખના પ્રેમની ઝલક પણ છે. **સ્તવન પરનું સરળ ભાવવાહી, બોધપ્રદ ભાષ્ય પણ હૃદયાનુભૂતિનું દ્યોતક છે.**

આધ્યાત્મિક પરંપરાવાળા આપણા દેશમાં યોગધ્યાન, નામજપ, નામસંકીર્તન સદ્‌ગુરુની પ્રેરણાથી શુભાશીર્વાદથી જ પ્રાપ્ત થાય છે.

**સંતશ્રી યોગભિક્ષુજીએ આ ગ્રંથમાં એટલી સરળતાથી ગૂઢ રહસ્યો સમજાવ્યાં છે કે સામાન્ય સાધક પણ આમાંથી ઘણું પ્રાપ્ત કરી શકશે. આ પુસ્તકના સાદ્યંત અભ્યાસથી આપણા પ્રાચીન સંતોનાં ગૂઢ ભજનો ઘણી જ સરળતાથી સાધક સમજી શકશે અને અધ્યાત્મ માર્ગમાં ઘણી પ્રગતિ કરી શકશે.**

ગુરુપૂર્ણિમાના મંગળદિને વિમોચન થતા આ 'ગુરુમહિમા-માહાત્મ્ય' ગ્રંથને યોગીરાજ અવધૂતશ્રી **સંતરામ મહારાજની** દિવ્ય અખંડ જ્યોતિના **શુભાશીર્વાદ** પ્રાપ્ત થાઓ.

નડિયાદ **નારાયણદાસ ગુરુ શ્રી સંતરામ મહારાજ**
ગુરુવાર, તા. ૯-૭-૮૧ મહંતશ્રી સંતરામ મંદિર

॥ ॐ ॥

तस्य वाचकः प्रणवः

# પૂજ્યશ્રીનો પરિચય

( એક ઉતારામાંથી )

પરમ ભાગવત શ્રી પ્રાણશંકરભાઈ આચાર્ય અમને મળ્યા અને કહ્યું કે ''ઔદિચ્ય પ્રકાશ'' માટે તમારો પરિચય અને ફોટો જોઈએ છે તો આપો. કાંઈપણ આપવાની અમારી બિલકુલ રુચિ નહોતી. પરંતુ એઓશ્રીની અતિ પ્રેમાગ્રહભરી વિનંતિ અને આનાથી થતા લોકસંગ્રહની અતિ આવશ્યક્તાની સમજાવટથી અમે પણ રુચિ જગાડી, કે જે નીચેની પંક્તિઓમાં પ્રશ્નોત્તર રૂપે સાકાર થઈ રહી છે.

**પ્રશ્ન** : આપના પરિવારનો પરિચય આપો.

**ઉત્તર** : અમારા દાદાનું નામ નાગજી અને એમના દાદાનું નામ વિઠ્ઠલ. અમારા પૂજ્ય પિતાશ્રી પાસેથી વિઠ્ઠલબાપા તથા નાગજીબાપા વિશે આ ઘણી વખત સાંભળેલું કે વિઠ્ઠલબાપાએ અતિરુદ્ર યજ્ઞ કરેલો અને તે વખતે એકવીસ રજવાડાંનાં (રાજાઓનાં) કાંડાં બાંધેલાં. નાગજીબાપા કાયમ કમ્મરે તલવાર લટકાવી રાખતા. એક વખત જંગલમાં બે બહારવટિયા જોડે એવો ઝઘડો થયો કે તલવારને મ્યાનમાંથી બહાર કાઢવાનો પણ સમય મળ્યો નહીં, ઝપાઝપીમાં મ્યાન તૂટી ગયું અને ત્રણે લોહીલુહાણ થઈને પડ્યા. સામાવાળાઓનાં સગાંઓને ખબર પડી કે આ તો હળવદના બ્રાહ્મણ જોડે ઝઘડો થયો છે તેથી ખૂબ ગભરાણા અને વેર ન વધે એટલા માટે નાગજીબાપાને પોતાના ગામ લઈ ગયા અને પાટાપિંડી કરી સાજા કરીને હળવદ મૂકી ગયા. કેશવજી બાપા નાતના પટેલ હતા, ખૂબ બુદ્ધિથી કામ લેવાવાળા અને અતિ ધાર્મિક. પાછળની જિંદગીમાં મોટાભાગનો સમય હળવદમાં નીલકંઠ મહાદેવના મંદિરમાં જ પસાર કરતા અને ઘરમાં પણ સંન્યાસી જેવું જીવન ગાળતા. અમારાં માતુશ્રીનું નામ ગોદાવરી બા. બા કહેતાં મોઢું ભરાઈ જાય. પોતાની બાનાં વખાણ કરતાં કોણ ધરાય? પરંતુ અમને તો અમારાં બાનો આ એક ગુણ ખૂબ આકર્ષતો. તેઓ પ્રસંગોપાત્ત કહેતાં, ''નમે તે પ્રભુને ગમે.'' તેઓ જીવન પણ એવી રીતે જ જીવી ગયાં. અમારા પૂજ્ય પિતાશ્રી બહુ ભણેલા નહીં પણ કોઠાસૂઝ એટલી બધી કે નાના અને મોટા સૌ એમની પાસેથી વ્યાવહારિક માર્ગદર્શન લે. ઘણાં વર્ષો સુધી હળવદમાં અનાજની દુકાન ચલાવેલી. એમને કોઈએ કહ્યું હશે કે તમારે વચેટ દીકરા ઉપર લેણું છે તેથી દુકાન પણ અમારા નામથી જ

ચલાવતા.... આ છે અમારા પરિવારનો અતિ સંક્ષિપ્ત પરિચય.

**પ્રશ્ન** : આપના કુળદેવતા કયા ?

**ઉત્તર** : અમારા કુટુંબમાં સૌ કુળદેવતા ખેતલિયા દાદાને માનીએ છીએ. એમના વિશે પણ અમારા કુટુંબમાં કહેવાય છે કે ધીંગાણામાં લડતાં લડતાં માથું કપાઈ ગયું તોય ધડ અમુક સમય સુધી ઝૂઝતું રહ્યું. હળવદથી લગભગ આઠ-દસ ગાઉ દૂર નદીની પાસે એમનું સ્થાન છે. અમારા કુટુંબમાં લગ્ન પછી છેડાછેડી છોડવા ત્યાં જવું પડે છે. લાજના રિવાજવાળાં કુટુંબમાંનાં વહુઆરુઓ પણ ખેતલિયા દાદાના પાળિયાની લાજ કાઢે છે. લાજ કાઢીને દાદા હજુ જીવિત જ છે એવો ભાવ બતાવીને એમની શૂરવીરતા અને શહીદીને બિરદાવવામાં આવે છે.

**પ્રશ્ન** : હવે આપના જીવન વિશે વિસ્તારપૂર્વક કહો.

**ઉત્તર** : અમે લગ્ન કર્યાં નથી અને તેથી અમારા કોઈ કોઈ પ્રેમીઓ અમને નૈષ્ઠિક બ્રહ્મચારી કે બાલ બ્રહ્મચારી કહીને નવાજે છે. પરંતુ ખરેખર તો એ સંબોધન તેના માટે હોઈ શકે કે જેણે ગુરુજી પાસેથી બ્રહ્મચર્યની દીક્ષા લઈને ગુરુગૃહમાં જ વાસ કર્યો હોય અને વેદાભ્યાસ કરતો હોય. જોકે આ યુગમાં તો 'ફૂલ નહીં ને ફૂલની પાંખડી', જેટલું બને તેટલું સત્કર્મ સારું જ છે. નૈષ્ઠિક બ્રહ્મચારી શબ્દથી ઉત્પન્ન અર્થની કિંમત ઘટી જવી ન જોઈએ એટલી કાળજી રાખવી ઘટે.

યોગપ્રેમીઓમાં અમને યોગી અથવા યોગીરાજ પણ કહે છે. પરંતુ અમે તો અમારા માટે "યોગભિક્ષુ" શબ્દ પસંદ કરેલો છે.

**પ્રશ્ન** : આપ આપના યૌગિક જીવન વિશે વિસ્તારથી કહેવા કૃપા કરો.

**ઉત્તર** : યૌગિક જીવન વિશે વિસ્તારથી કહેતાં તો એક પુસ્તક ભરાય પણ સિંધુમાંથી એક બિન્દુ જેટલું કહેવાનો પ્રયત્ન કરું.

પિતાશ્રીના સંયમી અને અતિ પ્રમાણિક જીવનનું બીજ-બળ તો અમારામાં પડેલું હતું. એ બીજને મોટાભાઈ શ્રી ગિરજાશંકરજીના સંયમી અને નિર્વ્યસની જીવનમાંથી પ્રેરણાનું જલસિંચન નાની ઉંમરથી જ થવા લાગ્યું. હજુ હાલ પણ અમો બંને ભાઈઓને ચા-બીડી-સોપારીનો સ્વાદ કેવો હોય તે ખબર નથી. પૂર્વના જન્મના સત્ત્વ-સંસ્કાર-વારસાના કારણે અમારી આજુબાજુની દુનિયામાંથી અનાયાસે જ અમારામાં સંયમી-તત્ત્વ-સંસ્કારો ખેંચાઈ આવતા, જેવી રીતે લોહચુંબક તરફ લોઢાની કણીઓ ખેંચાઈ આવે છે.

બચપણમાં અવારનવાર મોસાળમાં જતા. અમારે બે મામા. મોટા મામા જટાશંકર

કે જેઓ અતિ કઠિન ધાર્મિક અને વર્ણાશ્રમયુક્ત જીવન ગાળતા અને આજીવન ત્યાગી રહેલા. એમનો અમારા ઉપર અવર્ણનીય પ્રેમ. બંને મામા ખાખરિયા ટપ્પાના ખંડેરાવપુરા ગામમાં રહેતા કે જ્યાં હાલમાં અમારા પ્રેમીઓએ અમારા માટે એક ખેતરમાં 'યોગસાધના કુટીર' બનાવી આપી છે. ત્યાં અમારે અવારનવાર મૌન-એકાંત માટે જવાનું થાય છે. અમારા નાના મામા શ્રી પ્રાણલાલ મામા તરફથી યોગાભ્યાસ માટે મૌખિક ઘણો ઉત્સાહ મળતો. એઓશ્રીનું એવું માનવું હતું કે યોગ-સંયમ-સાત્ત્વિક જીવનની ભાણાને (યોગભિક્ષુને) કુદરતી બક્ષિશ છે.

એ બાજુનાં ગામડાંઓમાં ચોર-બહારવટિયાનો ખૂબ ભય રહેતો. અમારા પ્રાણલાલ મામા એવી ટેકવાળા અને એવી માન્યતાવાળા હતા કે પોતે જે ગામમાં રહેતા હોય તે ગામમાં ચોર-બહારવટિયા ન આવી શકવા જોઈએ. ઘરમાં બધી જાતનાં હથિયારો હોય. ત્યાં ગામડાંમાં ક્યારેક એવા પ્રસંગો પણ આવે કે રાત્રે ચોકી કરવા જવાના વારામાં જવું પડે. એ વખતે અમારી હાજરી ત્યાં હોય તો રાત્રે ચોકીમાં અમે જતા. એ રીતે બંદૂક-તમંચા ને તીરકામઠાં ચલાવવાની કળા અનાયાસે જ પ્રાપ્ત થઈ ગયેલી. મામા ઘોડા રાખતા તેથી ઘોડા પણ ખૂબ દોડાવતા. નાની ઉંમરમાં ઘણી બધી ભૌતિક કળાઓ પણ હસ્તગત થઈ ગઈ પરંતુ બધું સતત શુષ્ક લાગ્યા કરે. મન બીજું જ કંઈ ગોત્યા કરે.

જેમ જેમ ઉંમર થતી ગઈ તેમ તેમ પરમ લક્ષ્યની પ્રાપ્તિ માટેની તડપન પણ વધતી ગઈ. તે દરમ્યાન અનેક જાતનાં અનુષ્ઠાનો તથા અનેક પ્રકારના પ્રાણાયામોના સ્વાનુભવો થતા રહ્યા. ઘણા બધા યોગશાસ્ત્ર-ગ્રંથો વાંચ્યા - ઘણા યોગી મહાત્માઓને મળ્યા. ઘણા મહાત્માઓ સાથે પત્રવ્યવહાર કર્યા, વિચારોની આપ-લે કરી. બધા પ્રકારના યોગની બધા પ્રકારની સમાધિ વિશે ખૂબ ચિંતન-મનન થતું રહ્યું. વર્તમાન કાળના ગુપ્ત મહાત્માઓને પણ ગોતી ગોતીને મળ્યા. ગ્રંથોમાં ન વર્ણવાયેલ એવા પ્રકારનાં રહસ્યો અને અપ્રચલિત સમાધિ વિશે પણ એના તજજ્ઞો સાથે વિચાર- વિનિમય થયા, એ બધી કળાઓ ઉપર સ્વતંત્ર રીતે ખૂબ ચિંતન થતું રહ્યું. અમારી આવી બધી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ જોઈને વિરમગામના એક પ્રેમી કહેતા કે આપનું નામ તો "સમાધિ - સંશોધક" રાખવું જોઈએ. લગભગ સોળ વર્ષની ઉંમરે જ પાકી શ્રદ્ધા થઈ ગયેલી કે અષ્ટાંગયોગનાં પ્રથમ બે અંગ - યમ-નિયમનું આચરણ કર્યા સિવાય સ્વકલ્યાણ કે લોક-કલ્યાણની વાતો કરવી એ કેવળ આત્મવંચના-ભ્રમણા-વિડંબણા કરવા બરાબર છે. યમ-નિયમનાં દશ અંગોનું પાલન-આચરણ કેવળ યોગી થવું હોય તેઓ માટે જ કે કેવળ હિન્દુસ્તાન માટે જ છે એમ નથી; એનું પાલન તો કલ્યાણેચ્છુક સમસ્ત માનવજાતિ માટે છે, આગળ વધીને કહીએ તો સમસ્ત જીવ-જગત માટે છે. (देशकाल समय अनवच्छिन् सार्वभौमा महावृतम्)

થોડા વર્ષો પહેલાં ગણેશપુરીવાળા બાબા શ્રી મુક્તાનંદજીનું નામ સાંભળીને એમને મળવા ગયેલા. એમના અતિ પ્રેમના કારણે લગભગ બે મહિના ત્યાં રહી ગયેલા. એઓ

સાથેની વાતચીતના પ્રસંગમાં એક વખત તેઓ બોલેલા કે ''યોગભિક્ષુ! તુમને સિદ્ધાવસ્થા પ્રાપ્ત કર લી હૈ પરંતુ તુમકો ઇસકા પતા નહિ હૈ. હમારે ગુરુદેવ-આશ્રમ મેં કુછ સમય રહને સે તુમકો અપની સિદ્ધાવસ્થા કા પતા હો જાયેગા. અબ તુમ કો રોજ સાધના મેં બૈઠને કી જરૂરત નહીં હૈ.''

આજીવિકાનું કરતા જવાનું, કુટુંબ સાથે રહીને વ્યાવહારિક જવાબદારીઓ નભાવતા જવાની અને યૌગિક, આધ્યાત્મિક મશાલ પણ અખંડ પ્રજ્વલિત રાખવાની. એકસાથે બે ઘોડે ચઢવાનું, તેથી શરીરને ઘણો ઘસારો લાગી ગયો. છતાંય હાલમાં બધી બાજુઓનું સમાધાન પ્રવર્તે છે.

યોગશિરોમણિ પતંજલિજીએ કહ્યું છે કે- ''સ્થાન્યુપનિમંત્રણેસંગસ્મયાકરણં પુનરૂઅનિષ્ટપ્રસંગાત્'' અર્થાત્ સ્થાનવાળાઓનાં આમંત્રણો અને સત્કારોથી જો મોહ અને અહંકાર આવી જાય તો ફરીને અનિષ્ટ (દુઃખ-અશાંતિ ઇ.)નો પ્રસંગ આવી પડે છે. દરેકે ઉપરોક્ત સૂત્ર નજર સમક્ષ રાખીને સાવધાન થઈ જવું જોઈએ. વળી યોગશાસ્ત્રમાં કહ્યું છે કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ કાળના ભયથી પ્રાણાયામ-પરાયણ રહે છે. તેથી એ સમજવાનું છે કે સૌએ પોતપોતાની સ્થિતિ-વય-જરૂરત પ્રમાણે સાધન-ભજન હંમેશા ચાલુ જ રાખવું જોઈએ. અસ્તુ.

સદા સર્વશુભેચ્છક-

-યોગભિક્ષુના જયનારાયણ

ॐ

# શ્રી યોગભિક્ષુજીનો અતિ ટૂંક પરિચય

## ( મોટાભાઈ દ્વારા )

સુરેન્દ્રનગર જિલ્લામાં ઝાલાવાડ વિસ્તારમાં હળવદ અમારું વતન, જે સતીઓ અને શૂરાઓ માટે પંકાયેલું છે. અમે ત્રણ ભાઈઓ; તેમાં મુગટરામ વચેટ અને હું મોટો. મુગટરામને નિશાળે મોકલવામાં આવ્યા પણ ભણવામાં ખાસ ચિત્ત ચોંટે નહીં. જેમતેમ પહેલી અંગ્રેજી (ગુજરાતી પાંચમી) સુધી પહોંચ્યા.

બચપણથી નૈતિક આચરણનો આગ્રહ, સાથે શારીરિક શક્તિ કમાવાનો પણ શોખ. એટલે મિત્રો પોતાના જેવા જ કરે. મિત્રો પણ તેમની નૈતિકતા તથા બળની કદર કરે. કોઈ તેમની હાજરીમાં નિર્બળને સતાવી ન શકે કે કોઈની બીભત્સ મશ્કરી પણ ન કરી શકે. ભણવા તો જવાનું નહીં એટલે ખાઈપીને મસ્તીમાં રહે. આમ ૨-૩ વર્ષ ચાલ્યું. ત્યાં તેમને ખ્યાલ આવ્યો કે આર્થિક ભીંસ ઘણી છે તો મારે પણ હવે સૌને મદદરૂપ થવું જોઈએ. તે વખતે હું મુંબઈમાં નોકરી કરું. પણ એમને મુંબઈ બોલાવી શકાય તેવી મારી સ્થિતિ નહીં. તેઓ મક્કમ સ્વભાવના. હાથમાં લીધું તે પૂરું કરે જ છોડે. ન જુએ દિવસ કે ન જુએ રાત. મોટી ઉંમરે રાષ્ટ્રભાષા વર્ધાના વર્ગો શરૂ કર્યા. રાષ્ટ્રભાષા રત્ન થયે જ છૂટકો કર્યો. અમારા કુટુંબમાં પૈસા કરતાં નૈતિકતાની કિંમત વધુ કરવામાં આવે છે.

ખંડેરાવપુરા ( તા. કડી ) અમારું મોસાળ. તેથી અવારનવાર તેમને ત્યાં જવાનું થાય. ત્યાં પણ તેમની સુવાસ સારી. અવારનવાર ત્યાંના મિત્રોને ત્યાં લાંબા સમય સુધી એકાંત મેળવવા માટે રહેતા. આમ ત્યાં તેમનું એકાંતમાં સાધન-ભજનમાં રહેવાનું ઘણા વખત સુધી ચાલ્યું. અમુક સમય પછી ત્યાંના તેમના ખાસ ચાહકોએ સાથે મળી વિચાર્યું કે આવી તેજસ્વી વ્યક્તિ આપણા ગામમાં હોય તો સારું અને તેમના વિચારો અમલમાં મુકાયા. સ્વીકૃતિ લઈને તેઓએ યોગ-સાધના-કુટિરનું નિર્માણ કર્યું.

બસ ત્યારથી દરેક શિયાળામાં સાધન-ભજન માટે ત્યાં જ તેમનો મુકામ હોય. પછી તો ખાખરિયા વિસ્તાર તેમને 'બાપુ' તરીકે ઓળખવા લાગ્યો. ત્યારથી સૌ તેમને 'બાપુ' કહીને બોલાવવા લાગ્યા. બ્રહ્મચારીજી, યોગીરાજ, બાપજી વગેરે નામોથી પણ સંબોધનો થવા લાગ્યાં. સમય જતાં અમદાવાદમાં પણ તેમની સુવાસ પ્રસરવા લાગી અને યોગપ્રેમીઓ તેમને 'યોગભિક્ષુજી'ના નામથી ઓળખતા થયા.

સાધક અવસ્થામાં અનેક યોગીઓ, સિદ્ધો, મહાત્માઓને મળતા રહેતા. જે કોઈ નામ સાંભળવામાં આવે ત્યાં પહોંચી ગયેલા હોય જ, ચાહે ગમે તેટલે દૂર કેમ ન હોય.

પોતાની સાધન-પ્રણાલી ગોપ્ય જ રાખેલી છે. અમે નજીકનાં સગાંઓ પણ જાણતાં નથી. કોઈ તેમના અંતરંગ ભક્તો જાણતા હોય તો તેની મને ખબર નથી. આ તેમની સ્વભાવગત ખાસિયત છે. પોતે શું કરવા માંગે છે અને શું કરી રહ્યા છે, તે કોઈને જાણવા જ ન દે. અંતરંગ ભક્તો સાથેની તેમની વાતચીતો સાંભળવાથી એટલું જાણમાં આવેલું કે તેમનો પ્રિય વિષય અષ્ટાંગ-યોગ છે. અને તેમાંય ખાસ પ્રાણાયામ તો તેમનો પ્રાણ સમો પ્રિય વિષય.

ગુરુ-પૂર્ણિમાએ ગિરનારની દત્તની ટૂક પર જ હોય. હાલમાં ઘણા વખતથી તેમના ભક્તો ગુરુ-પૂર્ણિમા ઊજવે છે, જેથી પ્રેમને વશ થઈને જ્યાં ઉત્સવ હોય ત્યાં હાજર રહેવું પડે છે. બાકીના દિવસોમાં  ક્યાં હોય તે નક્કી કહી શકાય નહીં. આધ્યાત્મિક પ્રચાર માટેનું ભ્રમણ તો ચાલુ જ હોય. મણિનગરમાં હોય ત્યાં સુધી સવારે ૧૦ વાગ્યા સુધી તેમની રૂમમાં સાધન-ભજનમાં હોય અને સાંજે ૫ થી ૭ તેમને નિયમિત તથા અનિયમિત મળનારાઓનો મેળો જામે. અપરિચિતો પણ હોય. સૌ પોતાની શક્તિ પ્રમાણેનું ભાથું લઈને જાય.

સંયમ-નિયમોનો આગ્રહ તો વારસામાં જ મળેલો; તેથી સાથીઓ પણ તેવા જ પસંદ કરે. ઢચુપચુ કે ઢીલાશવાળા સાથીઓ જો ધાર્યા સમયમાં સુધરી શકે તેમ ન હોય તો છોડી દેતાં પણ વાર નહીં, જોકે કોઈ કોઈ એવા માણસોને પણ ઘણા લાંબા સમય સુધી ચલાવી લે, જેથી બીજાઓને પણ તેમનું આવું વર્તન આશ્ચર્ય ઉપજાવે. કોઈપણ પ્રકારનું જીવન-ઉપયોગી જ્ઞાન, કળા, ચતુરાઈ પ્રાપ્ત કરવાનો મોકો ઉપસ્થિત થાય ત્યારે તક ઝડપી લે અને તેવે ટાણે પ્રમાદને ફરકવા પણ ન દે.

તેમના ભક્તોમાં એવી માન્યતા ફેલાયેલી છે કે ગુરુજી સમક્ષ શ્રદ્ધાપૂર્વક કરેલા સંકલ્પો સિદ્ધ થાય છે, જેથી ભક્તો અવારનવાર ભેટો લઈને તેમની સમક્ષ ઉપસ્થિત થાય છે અને પોતાના સંકલ્પો સિદ્ધ થયાની વાત કરે છે. ત્યારે અમે ઘરનાં સૌ આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ. જ્યારે યોગભિક્ષુજી તો તેમને કહે છે કે તમારી શ્રદ્ધા ફળી. હું કંઈ કરતો નથી કે જાણતો નથી. આ લખતાં મને એક વાત યાદ આવી ગઈ, જે ભક્તો અને તેમની વચ્ચે નીચે પ્રમાણે થઈ હતી :

તેમના ભક્તો પણ તેમની સિદ્ધાવસ્થાને જાણી ગયા લાગે છે. એફ. આર. સી. એસ. ડૉ. નો હમણાં જ એક પત્ર ઇંગ્લેન્ડથી આવ્યો છે જે જાણીને શ્રદ્ધાળુ ભક્તોને આનંદ થશે. તે આ પ્રમાણે છે :

"મારાં પત્ની બરાબર આનંદમાં છે અને તમારા પત્રથી એનામાં મનોબળનું સિંચન થયું છે. તેનો તાવ જ્યારે ઊતરતો ન હતો ત્યારે તમને યાદ કરીને ગાયત્રી મંત્રના જાપ કર્યા. તે દિવસે તરત તાવ ઊતરી ગયો અને ત્યારથી તબિયતમાં શીઘ્ર સુધારો જણાયો છે......"

એમના પ્રેમીઓ દ્વારા અવારનવાર દૈનિક પત્રો તથા માસિકોમાં એમના સંક્ષિપ્ત પરિચયો તથા લોકોપયોગી પ્રસંગો છપાતા રહે છે.

અમદાવાદના તથા ખાખરિયા વિસ્તારના ભક્તો આશ્રમ બનાવવા માટે તન-મન-ધનથી ખૂબ આગ્રહ કરતા રહે છે; પણ તેઓ આવી કોઈ ઇચ્છા ધરાવતા હોય તેવું લાગતું નથી. હાલ તો અમારા મકાન ''ધર્મમેઘ''માં જ તેને આશ્રમ માનીને તેમની પ્રવૃત્તિઓમાં મસ્ત રહે છે.

ઓમ્ પરિવાર ગ્રંથ સંકલન પ્રકાશક સમિતિના આગ્રહથી હવે આ પુસ્તક પૂરું છપાઈ રહેવા આવ્યું છે ત્યારે ઘણી જ ઉતાવળથી ખૂબ જ ટૂંકાવીને આ પરિચય લખી આપ્યો છે. તેમની લાક્ષણિકતાઓ, ખાસ પ્રસંગો, દૃઢ મનોબળ જેવી કેટલીયે બાબતો આમાં આવી શકી નથી જેને પુસ્તકરૂપે આપીએ તોય કંઈક બાકી રહી જ જાય.

૩૮, ચંદ્રનગર કોલોની, રામબાગ પાછળ,
મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮

**ગિરજાશંકર પ્રભાશંકર જોશીના**
જયનારાયણ

---

**નોંધ** : ગાગરમાં સાગર સમાઈ ન શકે. ગુરુજનોનો પરિચય લઘુજનો આપી ન શકે. પરંતુ ગુરુપ્રેમીઓના સંતોષ ખાતર યથાશક્તિ-યથામતિ-યથાસંભવ જ્યાંથી અને જેટલો મળ્યો ત્યાંથી અને તેટલો પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે. શુદ્ધિપત્રક તૈયાર હોવા છતાં સમયના અભાવે આપી શકાયું નથી. તે માટે દિલગીર છીએ.

**- શ્રી ભરત દેસાઈ**

---

॥ ॐ ॥

तस्य वाचकः प्रणवः

## પરિચય : ( રમેશભાઈ ત્રિવેદી દ્વારા )

લોકોએ આ યુગને કળિયુગ કહીને અમસ્તો જ વગોવ્યો છે. આ યુગ ખરેખર તો શોધનો યુગ છે. ભૌગોલિક, વૈજ્ઞાનિક, ભૌતિક, આધ્યાત્મિક આમ દરેક ક્ષેત્રે શોધ ચાલુ જ છે. પણ આ યુગનો માણસ, આગલા યુગ કરતાં જુદો એ રીતે પડે છે કે તે બન્ને શોધ સાથે જ કરે છેઃ ભૌતિક અને આધ્યાત્મિક. ભૌતિક શોધ લોકોને દેખાડે પણ આધ્યાત્મિક શોધ ચાલુ રાખે, બધાને બતાવે નહીં, અંદર અંદર આગળ વધતો જાય. નહિતર બહારની શોધ માટેય આંતરિક શક્તિ તો જોઈએ જ ને ? એ આંતરિક શોધ માટેની શક્તિ કે તૃષ્ણા એટલે આધ્યાત્મ તરફનું પ્રયાણ.

દરેક શોધ માટે ગુરુ જોઈએ - ગુરુ એટલે માર્ગદર્શક - માર્ગ શું છે તે બધા જાણતા નથી - શું જોઈએ છે તે જ જાણે છે. ત્યાં પહોંચાડવા જરૂર પડે દર્શકની - માર્ગદર્શકની.

વખતનો સતત પ્રવાહ કળિયુગને ભેદીને જો આગળ પ્રયાણ કરતો રહ્યો હોય તો તેનું કારણ શોધકો અને માર્ગદર્શકો છે. મનના અંતરિક્ષમાં ઊંડે સુધી પહોંચાડવા ને અધ્યાત્મદીપ પ્રગટાવવા આવા ગુરુની તલાશ અને અંતે તેમનો ભેટો.

અહીં એવા સાચા માર્ગદર્શકની વાત કરવી છે. માર્ગદર્શક એવા કે શોધમાં હોય તેમને પોતાના સુધી લાવીને આવરી લે, પ્રેરણા આપે, એકને નહીં, અનેકને. અનેકનું એક ટોળું નહીં, અનેકનાં ઘણાંય ટોળાં. ગુરુ એક હોય પણ તેમના શિષ્યગણની ગણના કરી શકાય નહીં. તેમનાં પ્રેરણાકિરણ અથથી ઈતિ સુધી પ્રસરે, બધાને આવરે.

આ લખાણમાં ક્યાંય અતિશયોક્તિ નથી, સ્વાનુભવ છે. એકનો નહીં, અનેકનો. અધ્યાત્મનું પાલન કરનારાઓ એ અનેક, પોતાના નામની ગણતરી કરવામાં ગર્વ અનુભવે. અમારું સૌનું તીર્થસ્થાન "ધર્મમેઘ". અમારા સૌની પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય મૂર્તિ પૂજ્ય છે એટલે આપણે નામે તો ન સંબોધીએ પણ હુલામણા નામે અમારા સૌના "બાપુ".

ઉપર જણાવેલ ઓળખ આધ્યાત્મિક ઓળખ છે. મૂળાક્ષરોની મારામારી થાય. દરેક શબ્દને થાય કે આ ઓળખાણમાં હું આવી જાઉં - પણ ખેર !

માનવને અધ્યાત્મની ઓળખ કરાવનાર ગુરુની બાહ્ય ઓળખ જોઈએ છે; સામાજિક વ્યાખ્યા જોઈએ છે.

'યોગભિક્ષુ' મૂળ હળવદના વતની, બાળપણથી જ આગવી પ્રતિભા અને ઈશ્વરેચ્છા પામેલા. તેમનું સામાજિક નામ મુગુટરામ પ્ર. જોષી. યોગીસ્વરૂપ એટલે શોધક. ૐકારને ગુરુપદે સ્થાપીને શોધ આદરી. પોતાનું ધ્યેય પોતાની જ અંદરની ઈશ્વરી ભેટના માર્ગદર્શનથી પ્રાપ્ત કરે. વખત પસાર થતો ગયો અને અંતરઘટ ભરાતો ગયો. અધ્યાત્મ તરફની તીવ્ર ભાવના ને તેની શોધ ને તેની પ્રાપ્તિ. વરસો સુધી તપ કરીને ઉન્નતિ પ્રાપ્ત કરી.

હીરો હોયને, તે કહે નહિ કે હું તેજસ્વી છું. તેનું તેજ બીજા પામે, ઓળખે, સ્વીકારે. પૂજ્ય ગુરુદેવને ટોળાં જોઈતાં નહોતાં - પણ પ્રેમીઓનો રાફડો બાઝ્યો. ગુરુપ્રેમીઓ વળગી પડ્યા. અસલ શોધ કરનારાને માર્ગદર્શક સાંપડ્યા. કોઈ છોડે? કોઈ ગુરુભિક્ષુ પણ પ્રચાર ન કરે - સૌને પોતાને જોઈતી માર્ગદર્શનની ચાવી આપોઆપ જ મળે - તો તેઓ જ તેમને ગુરુદેવ તરીકે સ્વીકારે.

''ધર્મમેઘ''નું પ્રાંગણ ગુરુપ્રેમીનું મિલનસ્થાન. હળવી-ધીમી, સરળ અને સચોટ એવી ગુરુજીની ભાષા છે. તેમનાં પ્રવચનો સાંભળવા કાન અને હૃદયને ખુલ્લાં રાખવાં પડે, શબ્દવેધી બાણ સીધાં અંદર ઊતરે. ભાષા સહેલી - શબ્દ હોય તો ક્યાંય ખૂણે પડ્યો હોય. બુદ્ધિ કરતાં હૃદય કામ કરતું થઈ જાય, પ્રકાશ પથરાતો જાય, મન મોકળું થતું જાય.

આ સ્વાનુભવ છે. એકનો નહિ, આખાય ૐ પરિવારનો. પૂજ્ય ''બાપુ''ની સ્થૂળ ઓળખ પાંચ લીટીથી વધુ નહીં માગે. તેમની મૂળ ઓળખ કરાવવા શબ્દો પૂરા નહીં પડે, પણ આ તો ઉપરનાં વાક્યોથી ઓળખ કરાવવાનું સાહસ છે. મતિ મારી છે. હીરો વર્ણવી શકાય નહીં, તેને પારખવો પડે. પણ શરત એટલી કે સાચા ઝવેરી બનવું પડે, શોધક બનવું પડે. હીરો પારખે એટલે એ હીરાનું તેજ જીરવવા માટે ઝવેરીએ પરિપક્વ થવું પડતું હોય છે. હીરો પારખવાની ઝંખના કેળવવી પડતી હોય છે.

બાકી 'બાપુ' મારા જ નથી, અમારાય નથી; આપણાય નથી, સૌના છે. એમને માટે તો એમનાય એમના છે અને બીજાય એમના છે; કોઈ વેગળું નથી. આપણે જેટલા નજીક છીએ તેથી વધુ એઓ આપણી નજીક છે, અંદર જ છે. અંતર આપણે કાપવાનું છે. નજીક આપણે જવાનું છે. શોધ આપણે કરવાની છે. માર્ગદર્શક તો છે જ.

આમ ઓળખ ઉપર જ પુસ્તક લખી શકાય. પણ આ તો ઓળખ જ છે. પરિચય ''ગુરુમહિમા'' આપશે. આ ગુરુમહિમાનું પુસ્તક અંત નથી, શરૂઆત છે; તમારી શોધ કરવાની પ્રવૃત્તિ માટેનો દરવાજો છે. મહિમા જાણવાનું જેમ તમારા હાથમાં છે તેમ આગળ વધવાનુંય તમારા જ હાથમાં છે. રસ્તો બતાવી શકાય. ચાલવું આપણે જ જોઈએ.

* * *



प. पू. गुरुदेव श्री योगभिक्षुजी

॥ ॐ ॥

तस्य वाचक: प्रणव:

# આશીર્વચન

સર્વ જલરાશિ સ્યાહી કરું
કલમ સર્વ વનરાઈ
સુરનરમુનિ સર્વ લખે ભલે
પણ ગુરુગુણ લખ્યા ન જાઈ

પરમ ગુરુભક્ત શ્રી સવજીદાસ કૃત ગુરુમહિમા પદ્યમાં છે. તેનો એક એક શબ્દ ગુરુનિષ્ઠારસથી તરબોળ છે, યોગરહસ્યથી ભરપૂર છે અને પરમતત્ત્વની ગુરુગોપનીયતાથી લદાયેલો છે. ગુરુ શબ્દનો અર્થ કેટલો વ્યાપક છે તે સમજાવવાનો પણ આમાં પ્રસંશનીય પ્રયત્ન થયેલો છે. ક્યાંક ગુરુ શબ્દથી આધ્યાત્મિક મહામાનવનો અર્થ લીધો છે; તો ક્યાંક લોકકલ્યાણવૃત્તિ માનવ- મંડળનો અર્થ ઘટાવ્યો છે; તો વળી ક્યાંક સર્વવ્યાપક પરમતત્ત્વને સંબોધ્યું છે.

ઓમ્ પરિવારના દરેક ધાર્મિક-માંગલિક પ્રસંગોનો શુભારંભ એ ગુરુમહિમા અને એ આરતીથી કરવાનો નિયમ છે. તેથી ઓમ્ પરિવારના સર્વ ગુરુપ્રેમીઓ એનાથી સુપરિચિત અને તેના અતિ પ્રેમી છે. તેથી તેઓ સૌ, એનું પરમ કલ્યાણકારક ગુહ્ય રહસ્ય અને તેની ખૂબીઓ તથા તેની બધી જ વિશેષતાઓ સમજવા ઈચ્છતા હતા. સર્વ ગુરુપ્રેમીઓને વધુમાં વધુ સમજમાં આવે એવી રીતે સમજાવવાની જરૂરત જણાયાથી તેઓ અમને ઘણા સમયથી સવિનય આગ્રહ કરતા હતા. અમને પણ અમારી શક્તિ-ભક્તિ-મતિ અનુસાર એ સમજાવવામાં અતિ રસ, પ્રેમ અને ઉત્સાહ હતો. પરંતુ પરમ ગુરુમહારાજની પાવની કૃપા વિના એ ક્યાંથી સંભવે? તેથી અમે વાયદા કર્યે જતા હતા. આખરે એ વાયદાઓનો અંત આવ્યો. પરમ ગુરુમહારાજની પ્રેરણાને અમારા ગજા અનુસાર ઝીલીને ગુરુમહિમાને સમજાવવાનો, સમજાવીને નિજાનંદ પ્રાપ્ત કરવાનો અમે પ્રયત્ન શરૂ કર્યો. એ પ્રયત્નનું ગ્રંથાકાર રૂપ એનું જ નામ 'ગુરુમહિમા'.

ત્રણચાર વર્ષ પહેલાં અમે અનુષ્ઠાન અર્થે ગળતેશ્વર મહાદેવના પવિત્ર ધામમાં (ડાકોર પાસે) બે મહિના મુકામ રાખેલો. એ વખતે શ્રી. રોહિતભાઈ ગોટાવાળા ( શ્રી ગુરુધ્યાનભિક્ષુ-ડાકોર ) તનમનધનથી અમને સગવડતાઓ કરી આપીને આનંદ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરતા હતા. એ વખતે ગળતેશ્વર મહાદેવના પવિત્ર ધામમાં, અમારા પોતાના આનંદ માટે અમે ગુરુમહિમા (પદ્ય) ઉપર જે કાંઈ બોલતા તે તેઓ ટેપ કરી લેતા. ક્યારેક તો વક્તા (અમે) અને શ્રોતા( ગુરુધ્યાન- ભિક્ષુ ) બોલવામાં અને સાંભળવામાં એટલા તદ્રૂપ-તલ્લીન થઈ જતા કે ટેપરેકોર્ડરની કેસેટ ક્યારે પૂરી થઈ ગઈ એનું ભાન રહેતું નહિ !

પવિત્ર શ્રાવણ માસ હોય; ઝરમર-ઝરમર વરસાદ વરસતો હોય; ગળતેશ્વરદાદાની આરતીનો મંદ મધુર ધ્વનિ સંભળાતો હોય; આજુબાજુમાંથી સાધુસંતોના મુખે ગવાતાં ભજનોની કોઈ કોઈ લીટીઓ હવામાં લહેરાતી જતી હોય; એક બાજુ કલકલ કરતી ગળતી નદી મહીસાગરને મળવા, હરણફાળ ભરતી હોય, તે સત્ત્વભાવોદ્રેક-દૃશ્ય દેખાતું હોય અને બીજી બાજુ મહીસાગર, મહાદેવના સાક્ષાત્ રૌદ્રરૂપનું દર્શન કરાવતો હોય; તથા વગડાનાં વનપંખીઓના કર્ણ મધુર ચહચહાટ ને ટહુકારના ધ્વનિ આવ્યે જતા હોય; એ બધું તો આ ગુરુમહિમા ગ્રંથના વાંચકોને કઈ રીતે અનુભવાવી શકાય ? એ આસ્વાદ આનંદ તો સ્વસંવેદ્ય છે. આ રીતે અહીં અડધો ગુરુમહિમા ટેપ થઈ શક્યો.

ત્યાર પછી, હમણાં છએક માસ અગાઉ અમે કેદારેશ્વર મહાદેવના (તા. કપડવંજ) ધામમાં ચાતુર્માસ રહેલા. ત્યાં પણ ચારે મહીના ભરચક આધ્યાત્મિક પ્રવૃત્તિ થતી રહી. ત્યાં પણ શ્રી ગુરુધ્યાનભિક્ષુજીના અથક પ્રયત્ન-સહકારથી બાકી રહેલો અડધો ગુરુમહિમા તથા બંને ગુરુઆરતી ઉપર અપાયેલી સમજણ ટેપ થઈ શક્યાં.

કેદારેશ્વર મહાદેવના પવિત્ર તીર્થધામનું વર્ણન કાંઈ કલમ કરી શકે? શું ત્યાંની વનશ્રી! બારે માસ અને ચોવીસે કલાક વહેતાં કેવાં શીતળ-મધુર ઝરણાંઓ ! પ્રાતઃકાળમાં, વનપંખીઓ તો જાણે, તુંબરુ ઋષિ ગંધર્વોની સેના સાથે ઊતરી આવ્યા હોય એવો ખ્યાલ આપતાં! ટૂંકમાં , એથી જ અમે એ ધામ માટે 'ગુજરાતનું કાશ્મિર' એવો શબ્દ વાપરેલો.

કેદારેશ્વરના નિવાસ દરમ્યાન, ''પાતંજલ યોગદર્શન'' ઉપર ઘણો બધો વાર્તાલાપ થયેલો. એ પણ ટેપ કરી લેવામાં આવેલો છે, જે સ્વતંત્ર પુસ્તક રૂપે પ્રકાશિત કરવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. નિજાનંદ માટે અમારાથી જે કાંઈ બોલી જવાય છે તેમાંનું અમુક અમુક, પ્રેમીજનો-પરિજનો દ્વારા અવારનવાર લખી લેવામાં આવે છે. જિજ્ઞાસુઓના

આગ્રહવશ એમાંનાં થોડાં વચનો-પ્રવચનોનો પણ ગુરુમહિમામાં સમાવેશ કરેલો છે.

'ગુરુમહિમા' પુસ્તકને પ્રકાશમાં લાવવામાં ગુરુપંથાવલંબી અનેક ભાઈબહેનોનો સીધો-આડકતરો સહકાર રહ્યો છે. ગુરુમહિમાની કેસેટો ઉપરથી એને લખી લેવાનું અતિ કંટાળાભરેલું અને અતિ ધૈર્ય ને ખંત માંગી લેતું કાર્ય, જો ગુરુભક્ત શ્રી ભરતભાઈ દેસાઈએ ન કર્યું હોત તો આ 'ગુરુમહિમા' ન જાણે ક્યારે પ્રકાશિત થઈ શકત? ગળતેશ્વરનિવાસ દરમ્યાન હાલરાવાળાં શ્રી નીમુબેન, હર્ષાબેન, હીનાબેન તથા શ્રી અજયભાઈએ સેવાનો સારો લાભ લીધેલો અને ધર્મશાળાવાળા શ્રી રતિલાલભાઈ શાહે તથા શ્રી સ્વરૂપસિંગભાઈએ સારો સહકાર આપેલો. અને કેદારેશ્વર-નિવાસ દરમ્યાન શ્રી ઉષાબેને સેવાનો પૂર્ણ લાભ લીધેલો અને "ભાગીરથી શેઠ શ્રી ચંદુલાલ માધવલાલનાં ધર્મ-પત્ની-આરોગ્ય ભુવન" તથા તેના વ્યવસ્થાપક શ્રી ભાઈલાલભાઈ તરફથી સારો સહકાર સાંપડેલો, તેલનાર ગામના ધર્મપ્રેમીઓએ પણ સહકારમાં સૂર પુરાવેલો.

સર્વે, પરમ ગુરુમહારાજ ઓમ્‌નારાયણની અહેતુકી કૃપાનો અનુભવ કરો એવી પ્રાર્થના.

હરહમેશ ગુરુમહિમાગાન કરવાના નિયમવાળા ગુરુભક્તોને, આ ગુરુમહિમા ગ્રંથ વાંચ્યા પછી, હવે એનું ગાન કરતી વખતે નવી દૃષ્ટિ અને દિશાઓ અવશ્ય પ્રાપ્ત થશે એવી અમને આશા છે.

સદા સર્વ શુભેચ્છક યોગભિક્ષુના

જય નારાયણ, જય ગુરુદેવ

સત્ય-ગુરુદેવની જય ધર્મ-ગુરુદેવની જય

ૐ ૐ ૐ

॥ ૐ ॥

# ગ્રન્થસાર્થકતા

જીવ-કલ્યાણના ભેખધારી પ.પૂ. ગુરુદેવ યોગભિક્ષુજી મહારાજની વાણી ટેપ થઈને પડેલી હતી. એ શ્રીમુખની વાણીનો સૌ પરિવારને લાભ મળી શકે એ માટે ગુરુપ્રેમીઓ તેને ગ્રન્થસ્થ કરવા અતિ આગ્રહ કરતા હતા. આપણા સદ્‌ભાગ્યે પૂ. શ્રીએ તેમ કરવાની સ્વીકૃતિ આપી.

આ વાણીની ગ્રન્થરૂપે રજૂઆત કરવામાં વિદ્વત્તાની દૃષ્ટિએ અને વ્યાકરણની દૃષ્ટિએ તથા ભાષા ઇ.ની દૃષ્ટિએ ઘણી ક્ષતિઓ રહી જવા સંભવ છે. વૈખરી દ્વારા બહાર પ્રગટ થતા ગુરુજનોના અંતઃસ્ફુરિત-પ્રેરિત ભાવોદ્રેકને બાવન અક્ષરોમાં સમાવી લેવા એ રેતીમાંથી તેલ કાઢવા સમાન છે; અમસરીખા લઘુજનોની શક્તિ બહારનું છે. તો વિશેષજ્ઞો 'નીરક્ષીર ન્યાયે' ઉદારતા દાખવશે એવી અમને શ્રદ્ધા છે. **'સબસે ઊંચી પ્રેમ સગાઈ' એ ન્યાયે ગુરુપ્રેમીઓ શ્રીમુખની વાણી વાંચી-સાંભળીને પ્રેમવિભોર થઈ જશે અને એમાં જ આ ગ્રંથની સાર્થકતા છે.**

આ "ગુરુમહિમા"ને પ્રગટ કરવા-કરાવવામાં કોણે-કોણે કેટલો-કેટલો ફાળો, તન-મન-ધનથી, વાણી-વિચાર-વર્તનથી આપ્યો છે એ બધાનાં નામો લખવાં સંભવ નથી. જોકે ગુરુપ્રેમીઓ તો, નિઃસ્વાર્થ-નર્યા-નીતર્યા ગુરુપ્રેમ સિવાય બીજુ કાંઈ જ ઇચ્છતા નથી હોતા, છતાં અમારા સંતોષ ખાતર કહીએ છીએ કે તેઓ સર્વને એમનો ઇચ્છિત ગુરુપ્રેમ-પ્રણવપ્રેમ પ્રાપ્ત થાઓ.

પ.પૂ. ગુરુદેવના, પરામાંથી વૈખરીમાં ધસમસતા ભાવ-સમુદ્રને સાક્ષાત્ ઝીલવાનો-પીવાનો જે મહદ્‌ભાગીઓને અવસર સાંપડે છે તેમને ધન્ય છે. કારણ કે એ વખતે ગૂઢ-ગુહ્ય-ગુરુ રહસ્યોને સમજાવવા માટે હાથ ઇત્યાદિના જે સંકેતો થતા હોય છે તથા મુખારવિંદની જે ભાવભંગીઓ થતી હોય છે અને થોડી ક્ષણો બંધ અને થોડી ક્ષણો ખુલ્લાં રહેતાં ચક્ષુઓમાંથી નીકળતાં તેજકિરણોથી સાકાર થતા જે ભાવો હોય છે અને તેના દ્વારા સૂક્ષ્મ ને સ્થૂળ, નિરાકાર ને સાકાર, અલૌકિક ને લૌકિક બનાવીને અનુભવાવવાનો જે પ્રયત્ન થતો હોય છે તેનો લાભ મળે છે. એ બધું તો કેસેટોમાં ક્યાંથી ઊતરી શકે? છતાંય, વાણીનાં ઉતાર-ચઢાવ અને વિરામ-પ્રશ્ન-આશ્ચર્ય કેસેટોમાં ઊતરી શકે છે; વાણીનાં જોશ અને શૂરવીરતા કેસેટમાં આવી શકે છે; શબ્દોની ભાવાભિવ્યક્તિને પણ કેસેટ ઝીલી શકે છે તેથી કેસેટ સાંભળનારને તેનો લાભ મળે છે. જ્યારે એ ભાવવાણીને કેસેટ ઉપરથી કાગળ ઉપર ઉતારવામાં આવે છે ત્યારે ઉપરોક્ત એકેય વિશેષતા નથી આવી શકતી. સાક્ષાત્ વાણી કરતાં

કેસેટવાણી ફિક્કી લાગે છે અને કેસેટવાણી કરતાં કાગળવાણી ફિક્કી લાગે છે. પરંતુ એ બન્ને વાણીઓ જેને અપ્રાપ્ય છે તેવા ગુરુપ્રેમીઓ માટે તો કાગળવાણી ( આ ગ્રન્થ ) પણ અમીવર્ષાનું કામ કરશે. ગુરુપ્રેમી શ્રી ભરતભાઈ એમ. દેસાઈએ કેસેટવાણીને કાગળવાણીમાં પરિવર્તિત કરવાનો પ્રચંડ પુરુષાર્થ કર્યો છે. તેમને ધન્ય છે.

ગુરુમહિમાની પ્રતો આગળથી ખરીદીને અમને ઉત્સાહિત કરનાર સૌ ભાગ્યવાન પરિવારજનો પર પરમગુરુમહારાજની કૃપા વર્ષી રહી છે.

દશાદશજન્ય ગુરુસેવાનુરાગી :-
શ્રી ગુરુપ્રેમભિક્ષુજી ( બી. એસ. સી; ડી.ટી.સી. )
ડૉ. સદ્દગુરુસમર્પણભિક્ષુજી ( એમ. બી.બી.એસ. )
શ્રી ગુરુધ્યાનભિક્ષુજી ( બી.એસ.સી. )

॥ ૐ ॥

# -: સમર્પણ છે :-

આ અષાઢ માસનો સમો - મેઘગર્જના, સૂર્યનારાયણ ભગવાનને આવરી લેતાં વાદળોથી ઘેરાયેલું વાતાવરણ અને વૈશાખી તાપથી તપેલી ધરતી તેમ જ માનવમન, મેઘગર્જના અને વર્ષાનાં અમી-ઝરણાંની રાહ જોવે છે. પછી ગડગડાટ અને ધમાકા સાથે મેઘ આપણને, વારી જઈએ તેવું વારિ આપે, અમીવર્ષા થાય. ભૂમિ તથા માનવની મનોભૂમિ તૃપ્તિ મેળવે.

આ થઈ વર્ષા-મેઘની વાત, બહારની શાંતિ મેળવવાની વાત. વળી મેઘવર્ષાનો સમય બંધિત અને મર્યાદિત છે. અમારે તો ''ધર્મમેઘ''ની વાત કરવી છે.

પૃથ્વીની ઉત્પત્તિ થઈ ત્યારથી જ અને માનવની ઉત્ક્રાંતિ થઈ ત્યારથી માનવે ભૌતિકવાદને મૂકીને એક જ શોધ આદરી - ધર્મને પામવાની. તે માટે તેણે ચોતરફ અનેકવિધ પ્રયત્નો કર્યા પણ અજ્ઞાનતાનું આવરણ હટ્યું નહીં. તે માટેનો ઉપાય જડ્યો નહીં. માનવને ચિરંજીવ રહે અને સદાકાળ ધર્મજ્ઞાનની અમીવર્ષા કરે તેવો ધર્મ-મેઘ મળ્યો નહીં.

ઋષિ-મુનિઓ-વિદ્વાનો-સાધુ-મહાત્માઓ-ચિંતકોએ કરેલી શોધનું એક જ પરિણામ આવ્યું; તે એ કે સદાકાળ ચાલતી અને અતૃપ્ત રહેતી જ્ઞાનપિપાસા ઉપર અમીછાંટણાં ફક્ત ગુરુજ્ઞાન જ કરી શકે અને ગુરુજ્ઞાન ફક્ત ગુરુ દ્વારા જ મેળવી શકાય.

આમ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય એવા ગુરુની ઉપાસના કરવાથી આપણે સાચા ઉપાશ્રયી બનીએ. ગુરુ પાસેથી ગુરુજ્ઞાન મેળવીને ગુરુનો સાચો મહિમા જાણી શકાય છે. અનંતકાળથી ચાલતી ધર્મશોધના રસ્તે ગુરુ જ આપણો હાથ ઝાલીને લઈ જઈ શકે; ત્યારે જ ધર્મમેઘના જ્ઞાનબિંદુની વર્ષાથી પતિતપાવન થવાય.

અમારા સૌના પરમ પૂજ્ય ગુરુજીનું પ્રાપ્તિસ્થાન પણ ધર્મમેઘ જ છે. આટલાં વર્ષોના સમાગમથી એક પરિવાર-ૐ પરિવારની ઉત્પત્તિ થઈ. પરમ પૂજ્ય ગુરુદેવની સરળ અને સચોટ વાણી - આંખોમાંથી સદાય નીતરતું પવિત્ર તેજ અને સદાય સન્માર્ગે લઈ જતી પ્રેરણા- આવી મૂર્તિ આગળ મસ્તક માટે એક જ કાર્ય - નમન કરવાનું.

ઝાડ નીચે બેસીને પૂ. ગુરુદેવના ઓમ્ પરિવારના ભાવિકોએ સદાય ગુરુજ્ઞાન ગુરુવાણી દ્વારા મેળવ્યું છે - પછી સાધના માટે ભલે કેદારેશ્વરની ભૂમિ હોય કે પલિયડ ગામની ખેતર-ભૂમિ હોય કે 'ધર્મમેઘ'નું પટાંગણ હોય - ગુરુવાણી દ્વારા જ્ઞાનરૂપી સાધ્ય મેળવાતું રહ્યું છે.

આવી અપ્રાપ્ય વાણી, જ્ઞાન-ધર્મની સરળ માર્ગદર્શકતા વિષેનાં પ્રવચનો એક વાર જ સાંભળીએ તો જ્ઞાનરૂપી ગંગાના એક ટીપાથી ગળું પણ ભીંજાય નહીં; તેને વારંવાર સાંભળીને ઘૂંટડે-ઘૂંટડે પાન કરીએ તો જ્ઞાનતૃષાની તૃપ્તિ થાય.

આ જ કારણસર પૂ. શ્રી ગુરુદેવનાં પ્રવચનોને વારંવાર શ્રવણ કરીને એવો આનંદ અને સંતોષ થયો છે કે તે અવર્ણનીય છે.

પૂ. ગુરુજીનાં પ્રવચનોનો ખજાનો ફક્ત ઓમ્ પરિવાર પૂરતો જ મર્યાદિત રહે તેવું સંકુચિત માનસ 'ગુરુમહિમા' જાણ્યા પછી રાખી શકાય નહીં. ધર્મમેઘમાંથી ઉત્પન્ન થયેલી આ ગુરુવાણી વધુ ને વધુ તત્ત્વ-તરસ્યાઓ સુધી પહોંચે એ પણ ધર્મકાર્ય જ છે એવું અમે માનીએ છીએ.

પૂ. ગુરુદેવનાં વિવિધ પ્રકારનાં પ્રવચનોમાંથી થયેલ ઉતારાનો આ એક જ વિષય છે 'ગુરુમહિમા', જે આપ સુધી પહોંચાડવાનો આ પ્રથમ પ્રયત્ન છે. બીજા વિષયોનું રસપાન વખતોવખત ગુરુકૃપાથી મળતું રહેશે અને ઓમ્ પરિવાર એ જ્ઞાનગંગાને પોતાના પૂરતી સીમિત રાખશે નહીં. પૂ. ગુરુવાણી અબાધિત અને સર્વવ્યાપી છે.

ભૌતિકવાદથી ઊભરાયેલ આ યુગ ગુરુમહિમાથી જો ઉત્ક્રાંતિ એટલે વિકાસ પામે તો આ પુસ્તક એવા અભીપ્સુ અભ્યાસીઓને માટે આ શ્રેષ્ઠ જવાબ છે એવી અમારી શ્રદ્ધા છે.

લગભગ ચાર વર્ષ અને આઠ મહિનાની પ્રાપ્ત થયેલ ગુરુવાણીનો આ એક અંશ 'ગુરુમહિમા' જે ગ્રંથાકારે રજૂ થાય છે તે જો વાસ્તવમાં આનંદ કરાવે; અજ્ઞાનનું આવરણ હટાવી હૃદયને કોમળ બનાવે; ભય, શંકા, ઈર્ષા, ઘૃણા, ક્રોધ, અને સ્વાર્થમાં ખૂંચેલાને બહાર કાઢે; આત્મશાસનથી આત્મોત્સર્ગ મેળવે; ગુરુધર્મનું ધ્યેય જાણે અને નીતિ અને આધ્યાત્મિકતાની બુદ્ધિ કેળવે તો અમારો આ પ્રથમ પ્રસંગ સફળ થયો ગણાશે. તેના પરિણામ રૂપે ગુરુપ્રેમ-ગુરુધ્યાન-ગુરુસમર્પણ અને પરમાનંદની ભાવના મળશે જ; આત્મદર્શન અભિમુખ થશે જ.

આ કાર્યમાં સદાય ભાગમભાગ કરતા ભરતભાઈ, સદાય તત્પર ડૉ. સોમાભાઈ, રખેવાળ જેવા રોહિતભાઈ, દિવ્ય ભાવનાવાળા દમાભાઈ તથા દેવુભાઈ, વિષમ પરિશ્રમી વિજયભાઈ, અગાધ પ્રેમી અનિલભાઈ અને પરિવારના બીજા સહૃદયી સભ્યોના પરિશ્રમનો નિચોડ આ પુસ્તક છે. આવડું મોટું કામ પરિશ્રમ કરીને સદાય હસતે મુખે પૂરું પાડનાર સર્વે ગુરુબંધુના અમે સદાય આભારવશ છીએ, અને જે ગુરુઆજ્ઞાથી આ સર્જનનો ઉદ્‌ગમ થયો તે પ્રેરણા અમારે માટે ગુરુજી દ્વારા મળેલ આધ્યાત્મિક કલગી છે.

"ગુરુમહિમા" દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાન આપની સમક્ષ રજૂ કરવા માટે કોઈપણ

દિવસ અમારા માટે ઉત્સવ જ છે. પરંતુ અષાઢી મેઘના આ દિવસોમાં 'ધર્મમેઘ'માં ઊજવાઈ રહેલ ગુરુપૂર્ણિમાનો દિવસ અમારે માટે સર્વશ્રેષ્ઠ ઉત્સવ છે. એટલું જ નહીં પણ પૂ. શ્રી ગુરુદેવના ચરણમાં આ ગ્રંથ અમારી શ્રદ્ધાના પુષ્પરૂપે સમર્પણ છે.

—શ્રી રમેશભાઈ ત્રિવેદી
સેક્રેટરી :- ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર
બી.એ.,એલ.એલ.બી.,એડવોકેટ-હાઈકોર્ટ,
બાર-એટ લૉ, કાનૂની સલાહકાર બૅંક ઑફ બરોડા.,
ઝોનલ ઑફિસ અમદાવાદ.

## બીજી આવૃત્તિ વેળાએ

“ગુરુમહિમા” ની પ્રથમ આવૃત્તિ સમાપ્ત થઈ ગઈ હતી. પ્રેમીઓ દ્વારા તેની માંગ થતી રહેવાથી, બીજી આવૃત્તિ રજૂ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. બીજી આવૃત્તિમાં આ પુસ્તકનું ક્લેવર બહુ મોટું ના થઈ જાય તેની કાળજી રાખી છે. તેથી પ્રથમ આવૃત્તિની બધી જ સામગ્રી આ આવૃત્તિમાં લઈ શકાઈ નથી, છતાંય ‘ગુરુમહિમા’ અને ગુરુઆરતીઓને બરાબર લેવાનો પ્રયત્ન થયો છે.

-સંપાદક

# અનુક્રમ


આશીર્વચન, પરિચય, સમર્પણ વ.

| | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સદ્‌ગુરુની આરતી, ગુરુમહિમા, સદ્‌ગુરુની આરતી (પદ્ય) | ૧ |
| ૨. | મૂલાધાર ચક્રની શુદ્ધિ અને વિઘ્ન-નિવારણ | ૬ |
| ૩. | સૂક્ષ્મવાણી - પ્રેમના સૂક્ષ્મ તાર દ્વારા | ૮ |
| ૪. | શ્વાસે-પ્રશ્વાસે જપ, અભયદાન, પારખ ગુરુ, શિષ્યની વિશેષતા | ૧૧ |
| ૫. | ક્લેશો-શૂન્ય, મહાશૂન્ય અને અતિશૂન્ય | ૧૯ |
| ૬. | સદ્‌ગુરુની પ્રાપ્તિ, શિષ્યની જવાબદારી | ૨૨ |
| ૭. | ગુરુજાપ, બ્રહ્મરંધ્રમાં કાળની પહોંચ નથી | ૨૪ |
| ૮ | ભૃકુટી - ત્રિવેણીસંગમ | ૨૭ |
| ૯. | જીવની શિવને પ્રાર્થના | ૨૮ |
| ૧૦. | ગણપતિ શરીરમાં જ છે | ૩૦ |
| ૧૧. | શિષ્ય દ્વારા ગુરુને તાપ-પરિતાપ; તેનું ફળ | ૩૦ |
| ૧૨. | અણલિંગી પદ | ૩૪ |
| ૧૩. | સદ્‌ગોરાં કા પંજા - સૂક્ષ્મ ક્રિયાઓ | ૩૬ |
| ૧૪. | પૂર્વ-પશ્ચિમ માર્ગથી બ્રહ્મરંધ્ર પ્રવેશ | ૩૯ |
| ૧૫. | ધારણા-ધ્યાન, પિંડાંડ-બ્રહ્માંડ | ૪૪ |
| ૧૬. | અણઘડ દેવ | ૪૮ |
| ૧૭. | તેજોવલય | ૫૧ |
| ૧૮. | સૂક્ષ્મ શરીર અને ખોરાક | ૫૬ |
| ૧૯. | ગુરુ-મર્યાદાનું પાલન અને તેમાં આવતી કસોટી | ૫૮ |
| ૨૦. | "કૃપા ભયી સબ ભેખ કી" | ૬૬ |
| ૨૧. | અધઃ-ઊર્ધ્વ - નાભિથી નીચે અને ઉપર | ૭૫ |
| ૨૨. | 'અમરબુંદ' એટલે શું ? | ૭૭ |
| ૨૩. | આરતી ઉતારવા પાછળનું રહસ્ય | ૮૦ |
| ૨૪. | નિજ નામ - નિજાનંદ | ૮૯ |
| ૨૫. | 'જ્ઞાનમુદ્રા' એટલે શું ? વિશ્વશાંતિનો સંદેશ | ૯૧ |
| ૨૬. | પૂર્વ-પશ્ચિમ માર્ગ અને ભ્રમરગુફા | ૯૬ |
| ૨૭. | પરમાત્મા અખિલ વિશ્વમાં વ્યાપ્ત છે | ૯૭ |
| ૨૮. | ભ્રમણામુક્તિ | ૯૯ |
| ૨૯. | મારા ગુરુજી "નિરાંત, નિર્મળ, પુરુષોત્તમ પ્યારા" | ૧૦૧ |
| ૩૦. | ગુરુ-સદ્‌ગુરુ કોણ ? | ૧૦૩ |
| ૩૧. | ગુરુપ્રાપ્તિ અહંમુક્તિ | ૧૦૮ |

## अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म-मृत्यु से) पर है।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

प्राप्तिस्थान : ओम् मन्दिर, १/अ, [illegible], अहमदाबाद-३८००१३ ।

॥ ॐ ॥

॥ तस्य वाचक: प्रणव: ॥

# સદ્ગુરુની આરતી

ઓમ્ જય જય ગુરુદેવા, પ્રભુ જય જય ગુરુદેવા ;
આરતી નિત્ય ઉતારું... (૨) કરું નિશ-દિન સેવા...
ઓમ્ જય જય...

જન્મ-મરણ યમદૂતોનો, ભય ગયો છે ભાંગી,
ગુરુજી મારા ભય ગયો છે ભાંગી,
નિજનામ નિરખાવ્યું... (૨) આત્મા ગયો જાગી...
ઓમ્ જય જય...

નાનું-મોટું કાંઈ નવ જગમાં સર્વે સમજાયું,
ગુરુજી મારા સર્વે સમજાયું,
ભ્રાંતિ માંહી રે ભૂલ્યો તો... (૨) લક્ષ મહીં આવ્યું...
ઓમ્ જય જય...

હું ખોવાયો આપમાં પોતે, આપે ઓળખાવ્યો,
ગુરુજી મારા આપે ઓળખાવ્યો,
ગુરુગમ-ત્રિકુટિ દ્વાર ખૂલતાં...(૨) નયણે નિરખાવ્યો...
ઓમ્ જય જય...

હું છું હરિમાં, હરિ છે મુજમાં, નિશ્ચય નિહાળ્યું,
ગુરુજી મારા નિશ્ચય નિહાળ્યું,
અખિલ વિશ્વમાં આપ વ્યાપ્ત છો... (૨) મેં નજરે ભાળ્યું...
ઓમ્ જય જય...

લીધું પણ જે શિરને સાટે, હવે નહીં મૂકું,
ગુરુજી મારા હવે નહીં મૂકું,
ગુરુને ગોવિંદ પ્રત્યક્ષ મળિયા...(૨) કદી નહીં રે ચૂકું...
ઓમ્ જય જય ...

જપ તપ તીરથ ધ્યાનમાં ભૂલ્યો, બહુ દિન લ્હે લાગી,
ગુરુજી મારા બહુ દિન લ્હે લાગી,
સાચા સદ્ગુરુ મળિયા...(૨) ભ્રમણાઓ ભાંગી...
ઓમ્ જય જય...

નિરાંત નિર્મળ નામ ગુરુજી મારા, 'પુરુષોત્તમ' પ્યારા,
ગુરુજી મારા પુરુષોત્તમ પ્યારા,
'લાલજી' નિત્ય ગુણ ગાવે...(૨) છો પ્રભુજી મારા...
ઓમ્ જય જય...

# ગુરુમહિમા

ગુણપતિ ગુણ આગળ રહો, દોઈ કર જોડે દાસ ;
સદા સર્વદા સમરતાં, વિઘ્ન ન આવે પાસ.
શબ્દ ઉચ્ચારણ સરસ્વતી, મતિ આપજો માત;
ભૂલ્યા અક્ષર મેળવજો, ગુણ ગાઉં દિન-રાત.
ઓમ્ગુરુના ગુણ તણાં વખાણ શું વર્ણવું? મુખેથી કહું તો માપ ન આવે;
ઈન્દ્ર-કુબેર જેનો પાર પાવે નહીં, વેદ ચારે જેના ગુણ ગાવે.
અગમ ઘરમાં આપે રમી રહ્યા, બેહદ બહારની વાત લાવે;
દાસ સવાને ગુરુ સ્વામી ફૂલગરજી મળ્યા, ચરણપ્રતાપથી ગુણ ગાવે.
શ્વાસોશ્વાસ સ્મરણ ચલે, નહીં પુણ્ય કે પાપ;
પૂર્ણાનંદ પ્રગટ ભયો, બિના મંત્રકો જાપ.
ગુરુ સમ ઔર કોઈ નહીં દાતા, માત-પિતા, પુત્ર કે ભ્રાતા;
જો નિશદિન ગુરુચરણાં સેવે, તો અભયદાન ગુરુ પલમાં દેવે.
પારખ ગુરુ મળે જો પૂરા, તો નિશદિન વરસે નૂરમેં નૂરા ;
ગુરુ-શિષ્ય હોય દો સાચા, તો પ્રગટે પ્રેમ-જ્યોત પ્રકાશા;
ગુરુકો કામી, ક્રોધી દેખે, તાકે કર્તવ્ય જાય અલેખે ;
ગુરુ સાથે કોઈ પ્રેમ વધારે, તે હરિજન 'હુંપદ' સબ હારે.
કાળ-કલેશ કાયાથી ત્યાગે, તો અનહદ ડંકા શૂન્યમાં વાગે ;
ગુરુ સંતોષી આંગણે લાવે, તો કોટિ તીરથનું ફળ પાવે.
ગુરુનાં ચરણાં પૂજે કોઈ, હું ને મારું મટી જાય દોઈ;
'ગુરુ-ગુરુ' જાપ મુખેથી બોલે, તો અમરન્દ્વાર શૂન્યમાં ખોલે.
વેદ-પુરાણ પઢે જો કોઈ, તે ફળ ગુરુપૂજાથી હોઈ;
ગુરુ પર લગની નિશદિન લાવે, તો શેતાન કાળ નજીક ન આવે.
જાત વરણ કુળ ભેદ ન ભાળે, ગુરુની પ્રતમા આખર લગ પાળે;
શ્વાસોશ્વાસ સ્મરણ ગુરુ કેરો, તો સહેજે મટે ભવસાગર ફેરો.
ગુરુ દૂભે તો પૃથ્વી કંપે, તે અસુર જુગ જુગ નહીં જંપે;
ગુરુને તાપ અંતરમાં કરશે, તો ગળત કોઢમાં નિશદિન ગળશે.
ગુરુશિષ્ય વચ્ચે અંતર પાડે, જમ જાલમ નરકમાં ડાલે;
વેદ વાંચી વધ્યા છે ઝઘડા, સદ્ગુરુ શબ્દ કોઈ વિરલે પકડ્યા.
ખટ્દર્શનમાં ખટપટ ચાલી, ગુરુ રીઝયા તેને ગુરુગમ આલી;
અણલિંગી પદ સદ્ગુરુ આપે, ત્રણે તાપ મટે ગુરુ જાપે.

લાગ્યા સદ્‌ગોરાંકા પંજા, થયો પ્રકાશ ને ભયા અચંબા;
અગમ દેશમાં અદેખ દેખ્યા, આપ પ્રકાશે આપને પેખ્યા.
અખે મહેલમાં આનંદ ભરિયો, જ્યાં વરસે અમૃતનો દરિયો;
અવિનાશીની સાધના આવી, બેઠા નૂરમાં નૂર સમાવી
વાતું એ ઘરની કોઈ વિરલા જાણે, દેખત પંથી કોક ઠેકાણે;
પ્રેમ-પિયાની આશક લાગી, જ્યોત શૂન્યમાં ઝળહળ જાગી.
નીરખી ન્યાલ ભયા છે નૂરા, સોઈ પહોંચ્યા સાહેબ હજૂરા;
બંકનાળના બંકા કિલ્લા, ત્યાં ચઢશે કોઈ વચન-શોખિલ્લા.
ઝડપ સુરત શબ્દને બાઝી, ઈંડ ફૂટ્યો ત્યાં ગર્જના ગાજી;
રૂપ-અરૂપ અમર ભરથારા, દેખ્યા ત્રણ પાંચથી પારા.
ઘણણ-ઘણણ જ્યાં ઘોરજ ઘમકે, દશો દિશામાં વીજળી ચમકે;
વિના દીપક જ્યાં જ્યોત પ્રકાશા, અણઘડ દેવના અજબ તમાશા.
પાલો ગળી થઈ ગયું છે પાણી, અમરની મૂર્તિ અમરમાં સમાણી;
એકાકાર જ્યાં કાળ ન કાયા, અખે દેશ નહીં મોહ નહીં માયા.
ઈંડ પાર સદ્‌ગુરુકા ડેરા, અવિચળ દેખ્યા અમર ફકીરા;
તેજ થકી સકળ પરકાશા, તામેં લવ લાવે સવ દાસા.
દાસ સવો કહે સુણી સત લેવી, ગુરુના ઘરમાં રમત જોઈ એવી;
ગુરુમહિમા પ્રભાતે ગાવે, તો કોટાનકોટિ કર્મ બળી જાવે.
ગુરુમહિમા મધ્યાહ્ને બોલે, તો જ્ઞાનચક્ષુ અંતરનાં ખોલે;
સંધ્યાકાળ પઢે ગુરુમહિમા, તો સર્વ સિદ્ધિની સિદ્ધિ છે એમાં.
ગુરુની પ્રતમા પાળશે, ને કરે સદ્‌ગુરુની સેવ ;
આખર લગી રહે એકતા, તો મનુષ્ય નહીં એ દેવ.
કુળમર્યાદા ખોઈ કે, ગ્રહે સદ્‌ગુરુકો સાર;
તો ભવસાગરકી વાટમાં, કબહુ ન લોપે કાળ.
કૃપા ભઈ સબ ભેખકી, અંતરની ફળી આશિષ;
દાસ સવો દંડવત્ કરે, સદ્‌ગુરુ ચરણ ઉપાસી.
સંવત ઓગણીસે એકાણું, ચૈત્ર વદી એકાદશી સોમવાર;
ગુરુમહિમા પૂરણ ભયો, સર્વ શાસ્ત્રનકો સાર.
બ્રહ્મ અગ્નિથી બાળિયાં, ગૌહત્યાદિ પાપ;
કર્મકાષ્ટને બાળવા, સદ્‌ગુરુએ દીનો જાપ.

# સદ્‌ગોરાંકી આરતી

જય જય આરતી સદ્‌ગોરાંકી

આદ અનાદ નાદથી પર છો, અજર અમર દેવા, ગુરુ અજર અમર દેવા;
નહીં ઊપજ્યા નહીં જાયા, છો એવા ને એવા, ગુરુ છો એવા ને એવા
જય જય આરતી....

અમર રૂપ બન્યા છો આપે, વિદેહ દેહધારી, ગુરુ વિદેહ દેહધારી;
સાહેબકૃપા સહેજ ઘર પાયો, પલ પલ બલિહારી, ગુરુ પલ પલ બલિહારી
જય જય આરતી....

અધ-ઊર્ધ્વમાં આપ બિરાજો, નિગમ 'નેતિ' ગાવે, ગુરુ નિગમ 'નેતિ' ગાવે;
વ્યાપક સકળ ભુવનમાં, નહીં આવે ને જાવે, ગુરુ નહીં આવે ને જાવે
જય જય આરતી....

પાંચ પારખ લઈ પૃથ્વી, સ્થાવર-જંગમ સ્થાપી, ગુરુ સ્થાવર-જંગમ સ્થાપી;
ચૈતન્ય કરી ચલાવ્યાં, અમર બુંદ આપી, ગુરુ અમર બુંદ આપી
જય જય આરતી....

નામ ઠામ બે બાદ કરીને, મૂળ પુરુષ જાચ્યો, ગુરુ મૂળ પુરુષ જાચ્યો;
દાસ સવા પર દયા કરીને, અભયદાન આપ્યો, ગુરુ અભયદાન આપ્યો
જય જય આરતી....

સત્ય-ધર્મગુરુદેવ કી જય
આદ્ય શંકરાચાર્ય મહારાજ કી જય
શ્રી રામચંદ્ર કી જય
શ્રી કૃષ્ણચંદ્ર કી જય
ગજાનંદ ગુણપતિ કી જય
પવનસુત હનુમાન કી જય
ગાયત્રી માત કી જય
સર્વ સંતન-ભક્તન કી જય
અપને અપને માતાપિતા કી જય
ઓમ્ નમઃ પાર્વતીપતયે
હર... હર... મહાદેવ હર...

# ગુરુમહિમા

ડાકોરથી પચ્ચીસ કિલોમીટર દૂર મહીસાગર અને ગળતી નદીના સંગમસ્થાને ગલતેશ્વર નામનું સ્થળ છે, જ્યાં ગાલવ ઋષિએ દીર્ઘકાળ સુધી તપ કરેલું. ત્યાં લગભગ બારસો વર્ષ પૂર્વે બંધાયેલ મહાદેવનું મંદિર છે, જે ગલતેશ્વર મહાદેવના મંદિર તરીકે જાણીતું છે.

સંગમસ્થાન એટલે કે એક જગ્યાએ એકથી વધુનું મિલન થાય તે. (યોગની પરિભાષામાં શરીરરૂપી મંદિરમાં સંગમસ્થાન બે ભ્રમરની વચ્ચે જ્યાં ચાંદલો કરવામાં આવે છે – જે ગુરુસ્થાન પણ કહેવાય છે, જ્યાં શિષ્યને ગુરુની પ્રાપ્તિ થાય છે - તે છે.) ગલતેશ્વર એવું જ સંગમસ્થાન છે; સાથે મહાદેવનું મંદિર. અને એવા સ્થળે ઓમ્ પરિવારના ગુરુદેવ પ.પૂ. યોગભિક્ષુજી પાસેથી ગુરુમહિમા વિષેની તાત્ત્વિક સમજણની પ્રાપ્તિ થાય, તો એ દિવ્ય-અલૌકિક યોગાનુયોગ જ થયો કહેવાય. અસ્તુ.

# 'ગુરુમહિમા'ની સમજૂતી

**ગુણપતિ ગુણ આગળ રહો, દોઈ કર જોડે દાસ;**
**સદા સર્વદા સમરતાં, વિઘ્ન ન આવે પાસ.**

'ગુણપતિ' એટલે ગુણોના પતિ, ગણોના પતિ, ગણપતિ. ગણપતિને વિઘ્નહર્તા માનીએ છીએ તેથી દરેક શુભકાર્યમાં પ્રથમ ગણપતિનું સ્થાપન કરીએ છીએ, ગણપતિનું સ્મરણ કરીએ છીએ. અને ગણપતિનું સ્મરણ કરવા છતાંય શુભકાર્યોમાં અવારનવાર વિઘ્નો તો આવી જ પડે છે. તો પછી શું ઉપરોક્ત માન્યતા ખોટી સમજવી? ના, તે માટે તે માન્યતાને તાત્ત્વિક રીતે સમજીએ તો જ તેનો ખરો લાભ મેળવી શકાય.

યોગશાસ્ત્રના મતે મૂલાધાર ચક્રમાં ગણપતિનો વાસ માનવામાં આવે છે. સાધકે સર્વ પ્રથમ એમને પ્રસન્ન કરીને પછી જ સાધનામાં આગળ વધવાનું હોય છે. આ રીતે યોગશાસ્ત્રમાં આરોગ્ય-રક્ષાનો અમોઘ ઈશારો સાંકેતિક ભાષામાં કરી દીધો છે.

''પહેલું સુખ તે જાતે નર્યા.''શરીર જો નીરોગી ના હોય તો તે જ પ્રથમ અને મોટું વિઘ્ન; જીવનના એકે એક કાર્યમાં સર્વપ્રથમ નીરોગી શરીરની જરૂરત છે અને તેનો મૂલ આધાર મૂલાધારની-મળાશયની શુદ્ધિ ઉપર છે. જો મળવિસર્જનની ક્રિયા હંમેશા સંતોષકારક ના થતી હોય તો જીવનમાં અનેક ઉપદ્રવો ઊભરાઈ પડે અને જીવન ભારરૂપ લાગવા માંડે. તેથી સુખી થવા માટે અને તમામ વિઘ્નોમાંથી વિમુક્ત રહેવા માટે સર્વપ્રથમ અને સર્વોત્તમ ઉપાય તે યથાયોગ્ય મળવિસર્જન થવું. આરોગ્યશાસ્ત્ર પણ તમામ રોગોનું મૂળ કબજિયાતને ગણે છે.

ગણપતિ ગણોનાય પતિ છે અને ગુણોનાય પતિ છે. તેઓ શરીરના સમસ્ત ગણોના-કોષોના પતિ છે અર્થાત્ સમસ્ત કોષોની આરોગ્યરક્ષાનો આધાર મૂલાધાર-શુદ્ધિ પર છે. આખા શરીરની નીરોગતાનો મુખ્ય આધાર જેના ઉપર છે એવું આધારચક્ર જો અશુદ્ધ રહે તો ધીમે ધીમે તેમાંથી મહા ઝેરી ગૅસ ઉત્પન્ન થાય અને શરીરની તમામ નસનાડીઓમાં પ્રસરીને લાંબા સમયે કોષોને પણ પ્રભાવિત કરે અને તેમાંથી અસાધ્ય જીવલેણ રોગો પ્રગટે. ગણોના પતિ ગણપતિ જો પ્રસન્ન રહે તો જ તેના ગણો-કોષો પણ ખૂબ પ્રસન્ન-નીરોગ રહે.

ગણપતિ ગુણોના પણ પતિ છે. તેમનું પેટ અને નાક ખૂબ વિશાળ છે. આત્મોન્નતિમાં સત્ત્વ, રજ અને તમ રૂપી ત્રિગુણને બાધક ગણવામાં આવે છે. આત્માની ઉન્નતિ માટે ત્રિગુણો પર વિજય મેળવવાનો છે, તેના પતિ બનવાનું છે. શ્રીકૃષ્ણે પણ અર્જુનને કહ્યું કે તું ત્રિગુણરહિત થા. સદ્‌ગુણોનો સંચય કરતાં કરતાં છેવટે ત્રિગુણની ઉપર નીકળી

જવાનું છે. કલ્યાણપથમાં અગ્રસર થતાં જે કાંઈ વિઘ્નો આવે કે ટીકાટિપ્પણી થાય તે બધું ઉદારતાથી, મોટું પેટ રાખીને સહન કરી લેવાનું છે; ઉન્નતિમાર્ગમાં આગળ વધવામાં જ્યારે ચીલાચાલુ માર્ગ છોડવાની જરૂરત ઊભી થાય ત્યારે તે પણ હિંમતપૂર્વક છોડી શકાવા જોઈએ, નાક લાંબું રાખવું જોઈએ એટલે કે તે છોડવામાં નાક કપાઈ ગયું તેમ ન લાગવું જોઈએ.

મંદિરોના પ્રવેશદ્વારમાં જ હનુમાનજી અને ગણપતિની મૂર્તિઓ હોય છે. તે સૂચવે છે કે ઈશ્વરદર્શન કરવાં હશે તો સંયમી અને સેવામય જીવન જીવવું પડશે, અને નાક લાંબું અને પેટ વિશાળ રાખવું પડશે. ગણપતિને શુદ્ધિ અને બુદ્ધિ, એમ બે નારીઓ ગણાવી છે. તે કોઈ સ્ત્રીઓ સમજવાની નથી પરંતુ 'શુદ્ધિ' અને 'બુદ્ધિ' સમજવાની છે. જ્યાં શુદ્ધિ અને બુદ્ધિ હોય છે, ત્યાં જ પરિમાર્જિત બુદ્ધિ હોય છે અને પરિમાર્જિત બુદ્ધિ દ્વારા જ ચીલાચાલુ માન્યતાઓને તાત્ત્વિક રીતે સમજી શકાય છે. ગણપતિને શુદ્ધિ અને બુદ્ધિ રૂપી નારીઓ કહીને, એ રહસ્ય ઢોલ વગાડીને કહી દીધું કે ગણપતિની ઉપાસના કેવી રીતે કરવી. પરંતુ બુદ્ધિ વગર સમજાય ક્યાંથી? અને મૂલાધારની - આરોગ્યના મૂળ આધારની શુદ્ધિ વિના બુદ્ધિ આવે ક્યાંથી ?

દરેક ગણેશ-ઉપાસક મૂલાધારની શુદ્ધિ કરીને આરોગ્ય સુધારવાનો પ્રયત્ન કરે તો? તો, રાષ્ટ્રનો આરોગ્યનો સ્તર કેટલો ઊંચો આવી જાય ! ઉપરોક્ત તાત્ત્વિક વાતોનો લાભ તેઓ જ લઈ શકે અને તેઓને જ સાચી લાગે કે જેણે શ્રી ગણેશની સાચી ઉપાસના કરીને થોડીક પણ બુદ્ધિ પ્રાપ્ત કરી હોય. અસ્તુ.

'ગુરુમહિમા'ની પ્રથમ લીટીના પ્રથમ શબ્દ 'ગુણપતિ' ઉપરથી આટલી વાત યાદ આવી ગઈ તે અહીં રજૂ કરી. સાધકને આ વાતો ખૂબ ઉપયોગી નીવડશે એવી શ્રદ્ધા સાથે ગુરુમહિમાની સમજૂતીને આગળ ચલાવીએ.

ગણપતિ, ગુણપતિ; તો ઉપરોક્ત કહ્યા એવા ગુણોના પતિને સાધક, જીવ, જીજ્ઞાસુ, દાસ બે હાથ જોડે છે. ''દોઈ કર જોડે દાસ.'' શા માટે? ''સદા સર્વદા સમરતાં વિઘ્ન ન આવે પાસ.'' ચોવીસ કલાક અને બારે મહિના એનું સ્મરણ કરીએ, તો પછી વિઘ્ન આવે ખરું? વિઘ્ન પાસે આવે કેવી રીતે? એને આવવા માટે ખાલી જગ્યા તો જોઈશે ને? એ જગ્યા આપો જ નહીં, સતત સ્મરણ ચાલતું જ હોય, તો પછી વિઘ્ન આવશે જ ક્યાંથી?

**તુલસી દોનોં ના રહે, રવિ, રજનિ એક ઠામ.**

રવિ કહેતાં સૂર્ય અને રજનિ કહેતાં રાત્રી. સૂર્ય અને રાત્રી બંને એકીસાથે રહી ના શકે. તો, આ રીતે ગુણપતિને, ગુણોના પતિને, પરમાત્માને 'સદા સર્વદા સમરતાં' વિઘ્ન

આપણી પાસે ફરકી શકતું નથી.

**"શબ્દ ઉચ્ચારણ સરસ્વતી, મતિ આપજો માત;**
**ભૂલ્યા અક્ષર મેળવજો, ગુણ ગાઉં દિનરાત."**

અમે હવે 'શબ્દ ઉચ્ચારણ'ની અર્થાત્ સ્તુતિની શરૂઆત કરી રહ્યા છીએ. 'શબ્દ ઉચ્ચારણ' જ સાક્ષાત્ સરસ્વતી છે. અમે સરસ્વતીની ઉપાસના-પ્રાર્થના કરીએ છીએ. હવે અમે જે ઉચ્ચારણ કરવાના છીએ, જે વાણી બોલવાના છીએ એ વાણી બહુજનહિતાય-બહુજનસુખાયયુક્ત હજો, સર્વેને સુખ આપે તેવી, સર્વેને હિતકારી હોય એવી હજો. અમારા દ્વારા ઉચ્ચારાયેલ વાણીથી કોઈને દુઃખ ના પહોંચે. આવું બોલવું એ સરસ્વતીની ઉપાસના છે. હે ઉચ્ચારણરૂપી પરમાત્મા, તમે અમને સારું બોલવાની મતિ આપજો, કે જે બોલવા થકી અમારું પણ કલ્યાણ થાય, બીજાનું પણ કલ્યાણ થાય. એવું કટુ ના બોલીએ કે જેનાથી બીજાને પણ દુઃખ થાય અને અમને પણ દુઃખ થાય.

**ભૂલ્યા અક્ષર મેળવજો, ગુણ ગાઉં દિનરાત.**

હે પરમાત્મા, હું દિનરાત તમારા ગુણ ગાઉં છું અને વિનંતી કરું છું કે 'ભૂલ્યા અક્ષર મેળવજો' અર્થાત્ ઉચ્ચારણમાં જે કાંઈ ભૂલ આવે, જે કાંઈ અક્ષરોનો લોપ આવે તે ન આવો, કારણકે ઉચ્ચાર યથાયોગ્ય ન થવાથી, અનર્થ અને વિપરીત અર્થ થઈ શકે છે અને તેથી સાંભળનારાને દુઃખ થાય.

**"ઓમ્‌ગુરુના ગુણ તણાં વખાણ શું વર્ણવું ? મુખેથી કહું તો માપ ન આવે,**
**ઈન્દ્ર કુબેર જેનો પાર પાવે નહીં, વેદ ચારે જેના ગુણ ગાવે."**

ઈશ્વરને ગુણોના પતિ કહો કે પછી ઓમ્ કહો; એ સર્વેના ગુરુ છે; ત્રણે કાળના ગુરુઓના પણ ગુરુ છે - પૂર્વેષામપિ ગુરુઃ. ઓમ્ પરમાત્મા વિષેનું આપણને જે મહાપુરુષો જ્ઞાન આપે તે સર્વે પણ આપણા ગુરુજનો છે. દેહધારી ગુરુજનો આપણી પ્રકૃતિ, સ્વભાવ, સ્થિતિ વગેરે જોઈને આપણને જ્ઞાન આપવાનો પ્રયત્ન કરે છે.

પરમાત્મા વિષેનું જ્ઞાન કાંઈ એક કલાકમાં કે એક દિવસમાં આપી શકાતું નથી. આ બધી વાતો મહાપુરુષો અને ગુરુજનો સારી રીતે જાણે છે. તેથી આપણી પ્રકૃતિ, સ્વભાવ, સ્થિતિ વગેરેને ધ્યાનમાં રાખી, ગુરુજનો ગુરુજ્ઞાન આપવાનો પ્રયત્ન કરતા હોય છે. એમાં વર્ષો પણ વહી જાય છે. આપણને એ ખબર પણ નથી રહેતી કે ક્યારે એમણે ક્યું જ્ઞાન આપણને આપી દીધું. ચાહે એમની ઉપસ્થિતિમાં, કે ચાહે એમની ગેરહાજરીમાં; સૂક્ષ્મરૂપે આપણને એમના તરફથી જ્ઞાન મળતું જ રહે છે. જ્યાં સુધી આપણો એમના તરફ પ્રેમ છે

ત્યાં સુધી એમનું જ્ઞાન આપણે ખેંચી શકીએ છીએ, ગ્રહણ કરી શકીએ છીએ. એ પ્રેમનો સૂક્ષ્મ તાર ગુરુજનો સાથેનું આપણું અનુસંધાન છે.

ગુરુજનોને જ્યારે જ્યારે આપણા તરફ ભાવના જાગે ત્યારે ત્યારે એ ભાવનાથી જ્ઞાન સહેજ થઈ પ્રેમરૂપી સૂક્ષ્મ તારના માધ્યમ દ્વારા આપણા સુધી પહોંચે છે. પરંતુ આવું ક્યારે બને? જ્યારે એમના તરફ આપણને અનહદ પ્રેમ હોય અને એ પ્રેમનો તાર ગુરુજન સુધી બંધાયેલો હોય. ત્યારે એ તાર દ્વારા એમના તરફથી પ્રાપ્ત થતો પ્રેમ આપણા હૃદય સુધી પહોંચે છે. તેથી ગુરુ-સંતો તરફનો આપણો પ્રેમ અતિ અમૂલ્ય વસ્તુ છે. અસ્તુ.

એવા ઓમ્‌ગુરુનાં અને ઓમ્‌ગુરુ વિષે જ્ઞાન આપનાર ગુરુજનોનાં વખાણ હું શું કહી શકું? હું તો 'લઘુ' છું, 'ગુરુ'નાં વખાણ હું કઈ રીતે કરી શકું?

'મુખેથી કહું તો માપ ના આવે.' એવા ઓમ્‌ગુરુનાં, ગુરુજ્ઞાન આપનાર ગુરુ-સંતોનાં વખાણ મુખેથી કહું તો એનો પાર આવે નહીં. કારણકે એમના ગુણો તો અનંત છે અને ગુણો ગાનારી વાણી તો અંતવાળી છે. એ તો બાવન અક્ષરમાં સમાઈ ગઈ છે. તો, એ બાવન અક્ષરની અંદર, સીમિત અક્ષરોમાં, અસીમિત એવા ગુરુનાં વખાણ કેવી રીતે કરું? એ તો અશક્ય છે.

'ઇન્દ્ર-કુબેર જેનો પાર પાવે નહીં, વેદ ચારે જેના ગુણ ગાવે.' ઇન્દ્ર, કુબેર તથા ચાર ચાર વેદ પણ જેનો પાર પામી શક્યા નથી. વેદોએ અંતમાં કહી દીધું-નેતિ, નેતિ, નેતિ; ન ઇતિ, ન ઇતિ, ન ઇતિ; જેનો અંત નથી, જેનો અંત નથી, જેનો અંત નથી - અને એમ કહીને ઉપરામ પામી ગયા. તો એવા ગુરુજનોની વાતો આવી - નેતિ, નેતિ, નેતિ - છે. એવા ગુરુજનો પાસેથી જે કાંઈ પ્રાપ્ત કરવાનું હોય તે ફક્ત 'પ્રેમ' દ્વારા પ્રાપ્ત થાય. બાકી, ગુરુજનોને આપણી પાસેથી બીજું શું જોઈએ? ગુરુજનો પાસે શું નથી?

**તીન ટૂક કૌપિન કો, અરુ બિન ભાજી-લોન;**
**તુલસી રઘુવર ઉર બસે, ઇન્દ્ર બાપડો કૌન ?**

જેને બે આંગળની લંગોટીમાત્રથી અને મીઠા વગરની ભાજીથી ચાલી શકે છે, એને આપણે શું આપી શકવાના હતા? એમને કોઈ સ્થૂળ વસ્તુની જરૂરત જ નથી પરંતુ આપણી ભાવના સંતોષવા માટે તેઓ આપણે આપેલી વસ્તુઓનો સ્વીકાર કરે છે. એમની પાસેથી આપણે જે લઈએ છીએ તેમાંથી આપણે ક્યારેય ઋણમુક્ત થઈ શકતા નથી, કારણકે તેમની પાસેથી આપણને જનમોજનમનું પાથેય-ભાથું મળે છે. આપણે વહેવાર-પ્રપંચમાં રહીને જે સ્થૂળ વસ્તુઓની પ્રાપ્તિ કરીએ છીએ એ તો અહીં જ રહેવાની છે. આપણું આ પંચમહાભૂતનું શરીરરૂપી અતિ ઉત્તમ મંદિર, કે જેમાં ચેતન-પરમાત્મા બિરાજમાન છે; એ શરીર પણ પડી

જાય છે, નાશ પામે છે, પંચમહાભૂતમાં મળી જાય છે, તો ઈંટ-ચૂનાના મંદિરની તો શી વિસાત? સાથે દેહ પણ નથી આવતો ત્યાં બીજી સ્થૂળ વસ્તુની તો ક્યાં વાત કરવી? સાથે જે આવે છે એ સદ્‌ગુરુએ આપેલું જ્ઞાન - ઓમ્ વિષેની સાચી સમજણ - ઓમ્ પરમાત્મા વિષેનું અર્થઘટન છે અને તે સતત આપણી સાથે રહેવાનું છે.

તો, સદ્‌ગુરુ દ્વારા આપણને એવું જે દાન મળ્યું એનો બદલો કેવી રીતે વાળીશું? શું એવા અમૂલ્ય દાનનો બદલો વાળી શકીશું? એનો બદલો તો વાળી શકાતો જ નથી. પરંતુ બદલામાં આપણે આટલું જરૂર કરી શકીએ-

જે પ્રેમરૂપી તારના માધ્યમ દ્વારા આપણે તેમની પાસેથી જ્ઞાન-દાન મેળવ્યું તે તારને એમની સાથે સદાય અનુસંધાનિત રાખીએ. તો, જ્યારે જ્યારે ગુરુજનોને આપણી યાદ આવશે, જ્યારે જ્યારે તેઓને જ્ઞાનની સ્ફુરણા થશે ત્યારે ત્યારે એ અનહદ પ્રેમના સૂક્ષ્મ તાર દ્વારા, સૂક્ષ્મ વાણી (એમનામાંથી) આપણામાં ઠલવાશે. જ્યારે ગુરુજનોને જ્ઞાનની સ્ફુરણા થાય, એ સમયે એમના શિષ્યો સ્થૂળ સ્વરૂપે ભલે ગમે તે સ્થળે હોય, તો પણ ગુરુજનને થયેલી સ્ફુરણાનો ખ્યાલ શિષ્યને આવી જ જાય છે. એ વખતે ગુરુજનો દ્વારા આવતી એ જ્ઞાનગંગા શિષ્યના અંતરતમમાં ઝિલાય છે.

**"અગમ ઘરમાં આપે રમી રહ્યા, બેહદ બહારની વાત લાવે;**
**દાસ સવાને ગુરુ સ્વામી ફૂલગરજી મળ્યા, ચરણપ્રતાપથી ગુણ ગાવે."**

એવા જે ગુરુજનો છે એ ક્યાં રમી રહ્યા છે? 'અગમ ઘરમાં.' અગમ એટલે જેની ગમ ના પડે, જેનો પત્તો જ ના લાગે, જે ઘર વિષે કંઈ સમજણ ના પડે, જેને વિષે કલ્પના ન કરી શકાય. અને અગમનો બીજો અર્થ પુરાણ.

અગમ ઘરમાં ગુરુનો નિવાસ છે, ત્યાં તેમને શોધવા પડે. 'અગમ ઘરમાં રહેનારા ગુરુ' વાત ક્યાંની લાવે છે? 'બેહદ બહારની' - બે-હદ, હદ બહારની નહીં, પરંતુ બેહદ અને એની પણ બહારની વાત લાવે છે. ઈન્દ્રિયોની પકડની વાત હોય, ઈન્દ્રિયગોચર હોય તો તેને હદની વાતો કહેવાય. પરંતુ અહીં 'બેહદ'- સ્થૂળ ઈન્દ્રિયોને સમજ ના પડે એવા પ્રદેશની વાત છે; જે વાતો વાણીથી પર છે, જેનો બાવન અક્ષરમાં સમાવેશ થઈ શકતો નથી. અંદરના જ્ઞાનને, અંદરના ભાવોને તમે વાણીમાં કેવી રીતે વ્યક્ત કરી શકશો? સૂક્ષ્મ કર્ણથી એ સૂક્ષ્મ વાતો સાંભળવાની છે, જે હદ બહારની છે.

ગુરુજનો પાસેથી ઓમ્ પરમાત્માની જે વાતો સાંભળીએ છીએ, પરમ ચૈતન્ય વિષેની જે તાત્ત્વિક વાતો વર્ષો સુધી સાંભળીએ છીએ એ બેહદ બહારની છે. અને ગુરુજનોની અનહદ કૃપા તો જુઓ ! આ બધી વાતો કરતા જાય, અને છતાં આપણી અનેક ભૂલોને

સદા-સર્વદા માફ કરતા જાય. આપણને ખબર પણ ના હોય, આપણને મનમાં એમ હોય કે આપણે ગુરુજનોની સેવા કરી રહ્યા છીએ, પરંતુ એમાં એમને કનડગત થતી હોય, છતાં બધું સહન કરી લે - માતાપિતા જેટલું, અરે એમનાથી પણ વધુ વાત્સલ્ય રાખીને. બેહદની વાતો સમજાવતા હોય એવા ગુરુ, અગમ ઘરમાં રમીને, આપણા માટે બેહદની-બહારની વાત લાવતા હોય છે.

"દાસ સવાને ગુરુ સ્વામી ફૂલગરજી મળ્યા, ચરણ-પ્રતાપથી ગુણ ગાવે." આ ગુરુમહિમા રચનારનું નામ સવજી ભગત - સવા ભગત છે. આ સવો ભગત તો ગુરુનો દાસ છે, એ પોતે તો પોતાના ગુરુની સેવા કરીને ન્યાલ થઈ ગયો. એના બદલામાં એ ગુરુને કંઈક આપવાનું વિચારે છે. આપવા જેવું શું છે? કશું નહીં, કારણ કે જેને એ પોતાનું માનતો હતો એ બધું તો ગુરુ-પરમાત્માનું જ હતું. એની પાસે એનું કહી શકાય એવું કાંઈ જ નહોતું; એટલે એ ગુરુમહિમાની રચના કરવા પ્રેરાય છે. અને "ગુરુમહિમા"ની રચનાનો પ્રારંભ કરીને એમાં પોતાના ગુરુ 'ફૂલગરજી સ્વામી'નું નામ મૂક્યું અને ત્યાર બાદ ગુરુમહિમાનું ગાન શરૂ કર્યું. એ સિવાય સવા ભગત પાસે કાંઈ જ નહોતું. દાસ સવાને ગુરુ સ્વામી ફૂલગરજી મળ્યા, ચરણપ્રતાપથી ગુણ ગાવે.

**"શ્વાસોશ્વાસ સ્મરણ ચલે, નહીં પુણ્ય કે પાપ ;**
**પૂર્ણાનંદ પ્રગટ ભયો, બિના મંત્ર કો જાપ."**

શ્વાસે અને પ્રશ્વાસે - શ્વાસ અંદર લેવાય ત્યારે અને ઉચ્છ્વાસ બહાર કાઢીએ ત્યારે - એમ બંને ક્રિયામાં સ્મરણ થતું રહે. શાનું સ્મરણ? ગુરુજનો પાસેથી જે જ્ઞાન પ્રાપ્ત થયું છે એનું; જેથી એ જ્ઞાન દ્વારા આપણી સતત રક્ષા થતી રહે. જો આ જ્ઞાન આપણે વીસરી જઈએ તો પ્રપંચના ચક્કરમાં પડી જઈએ, ભૌતિક પ્રલોભનમાં સપડાઈ જઈએ. પરંતુ શ્વાસોશ્વાસ ગુરુજ્ઞાનનું સ્મરણ ચાલતું રહે તો "નહીં પુણ્ય કે પાપ." એ એવા પ્રકારનું સ્મરણ છે જેમાં પુણ્ય કે પાપ નથી થતું. જો પાપ થાય તો એના ફળસ્વરૂપે દુઃખ ભોગવવું પડે અને પુણ્ય થાય તો એના ફળસ્વરૂપે સુખ ભોગવવું પડે. પણ શ્વાસોશ્વાસ સ્મરણ થતું રહે તો 'નહીં પુણ્ય કે પાપ' - પુણ્ય-પાપથી પર થઈ જઈએ, મોક્ષની પ્રાપ્તિ કરી લેવાય, આત્યંતિક સુખની પ્રાપ્તિ કરી લેવાય.

'પૂર્ણાનંદ પ્રગટ ભયો, બિના મંત્રકો જાપ.' શ્વાસોશ્વાસ સ્મરણ ચાલતું હોય ત્યાં કોઈ પણ મંત્રના જાપ વગર જ પૂર્ણ આનંદની પ્રાપ્તિ થાય છે. કોઈ સાધક અનુષ્ઠાનમાં બેસે તો એને માટેની સમયમર્યાદા એ નક્કી કરે છે; મહિનો, બે મહિના, એક વર્ષ, કોઈ સવા લાખ જપનું, કોઈ ચોવીસ લાખ જપનું અનુષ્ઠાન કરે, પણ જ્યાં એ અનુષ્ઠાનની સમયમર્યાદા અથવા નક્કી કરેલા જાપની સંખ્યા પૂર્ણ થાય એટલે સાધક પાછો એના દૈનિક જીવનમાં,

વહેવાર-પ્રપંચના જીવનમાં આવી જાય છે. પરંતુ સંસારમાં રહ્યા છતાં, જે શ્વાસોશ્વાસને જ મંત્ર બનાવી લે છે એને તો ચોવીસ કલાકમાં એકવીસ હજાર છસો (૨૧૬૦૦) જાપ થયે જ જાય છે. આ વાત બહુ ગહન છે.

**શ્વાસાસે સોહમ્ બના, સોહમ્સે ઓમ્કાર.**

શ્વાસા એટલે જે શ્વાસ અને પ્રશ્વાસ ચાલી રહ્યો છે તે. સ્વરોદયશાસ્ત્ર કહે છે કે શ્વાસોશ્વાસ વખતે સૂક્ષ્મ ક્રિયા થાય છે, અને દરેક ક્રિયાનો ધ્વનિ હોય છે. તે ન્યાયે શ્વાસોશ્વાસની ક્રિયા વખતે પણ ધ્વનિ હોય છે. પરંતુ તે ઇન્દ્રિયાતીત હોય છે, સાંભળી શકાતો નથી. જેમકે હાથને હલાવીએ તો ધ્વનિ સંભળાય નહીં પણ ત્યાં ધ્વનિ તો છે જ પરંતુ તે સૂક્ષ્માતિસૂક્ષ્મ છે, કે જેને આપણા સ્થૂળ કર્ણ ગ્રહણ ના કરી શક્યા. અમે જે કાંઈ બોલી રહ્યા છીએ તે તમે સૌ સાંભળી રહ્યા છો, પરંતુ અહીંથી ઘણે દૂરથી પસાર થતા માણસોને તે ધ્વનિ નહિ સંભળાય. પરંતુ તેથી કંઈ ધ્વનિ નથી તેમ તો ન જ કહેવાય. ધ્વનિ તો છે જ પણ તે દૂરની વ્યક્તિ માટે સૂક્ષ્માતિસૂક્ષ્મ છે; જો દૂરની વ્યક્તિની કર્ણેન્દ્રિય ખૂબ શક્તિશાળી હશે તો તેને તે ગ્રહણ કરી શકશે, સાંભળી શકશે.

આપણે વાત ચાલતી હતી કોઈપણ ક્રિયાના ધ્વનિ વિષેની. શ્વાસ અંદર લઈએ તેને પણ ધ્વનિ છે; શ્વાસ બહાર કાઢીએ તેને પણ ધ્વનિ છે. જ્યારે શ્વાસ લઈએ ત્યારે 'સો' અને પ્રશ્વાસની ક્રિયા વખતે 'હમ્'. 'સો' કહેતાં આત્મા અને 'હમ્ ' એટલે અહમ્; તે હું, તે હું. આપણે દિવસ-રાત સતત, નિરંતર શ્વાસપ્રશ્વાસ ચાલુ જ રાખીએ છીએ અને તેથી સો...હમ્, સો...હમ્, તે હું, તે હું થયા જ કરે છે. આત્મા હું, હું બીજું કાંઈ નહીં, આને જ અજપાજાપ કહેવામાં આવે છે.

તો આમ, 'શ્વાસાસે સોહમ્ બના.' 'સોહમ્ ' મંત્રથી બીજા બધા મંત્રો ઊતરતા છે. તે પ્રાકૃતિક છે. તે જાપ વગર જપ્યે જપાયા કરે છે. 'સોહમ્ સે ઓમ્કાર.' સોહમ્માંથી શું બન્યું? ઓમ્ બન્યો. 'સો' બોલીએ ત્યારે તેમાં શું શું બોલાય છે? 'સ' અને ઓ' બોલાય છે. સ + ઓ = સો. 'સો' માંથી 'સ' ને કાઢ્યો તેથી રહ્યો 'ઓ' અને 'હમ્' માંથી 'હ' ને કાઢ્યો તેથી રહ્યો 'મ્'. આ અતિ ગુપ્ત રહસ્ય છે. આ રહસ્યને જાણવા માટે સાધકો કેટલું ભટકતા રહે છે અને જાણ્યા પછી બસ તૃપ્ત થઈ ગયા. અસ્તુ. સવા ભગત ગુરુમહિમામાં આગળ શું કહી રહ્યા છે?

**"ગુરુ સમ ઔર કોઈ નહીં દાતા, માત, પિતા, પુત્ર કે ભ્રાતા;**
**જો નિશદિન ગુરુ-ચરણાં સેવે, તો અભયદાન ગુરુ પલમાં દેવે."**

જગતમાં સૌથી નજીકનાં સગાં છે માતા-પિતા, પછી ભાઈ-બહેન, પછી નજીકનાં સંબંધીઓ, મિત્રો, પાડોશીઓ. પરંતુ એ તમામેતમામ કરતાં વધુમાં વધુ નજીક, વધુમાં વધુ સુખ-દાતા ગુરુદેવ છે. વધુમાં વધુ દાન કોની પાસેથી પ્રાપ્ત થાય છે? ગુરુદેવ પાસેથી. 'ગુરુ સમ ઔર કોઈ નહીં દાતા' - માતા-પિતા, ભાઈ-બહેનો બધાં જ નજીક છે અને એ સૌ પોતપોતાની ફરજ બજાવે છે. એમનાથી બની શકે એટલું આપણને આપે છે.

માતા આપણને ખૂબ આપે છે, એના જેટલું કોઈ આપી શકતું નથી. 'માતૃદેવો ભવ' એમ કહ્યું છે. માતાએ પ્રથમ નવ મહિના સુધી પોતાના ઉદરમાં આપણને ધારણ કરી રાખ્યા. આ પુષ્પનો હાર તમે મને પહેરાવ્યો છે એ પણ થોડા સમય પછી કાઢી નાંખીશું. જ્યારે માતા તો નવ મહિના સુધી બાળકને ઉદરમાં ધારણ કરી રાખે છે. જન્મ સમયે એ કેટલું કષ્ટ સહન કરે છે? આપણને જન્મ આપતી વખતે માતા બીજો જન્મ પ્રાપ્ત કરે છે; અને ત્યાર પછી પણ પોતે ભીનામાં સૂઈ બાળકને કોરામાં સુવડાવે છે. માતા દ્વારા થતાં લાલનપાલનની હદ પૂરી થાય એટલે આગળનું કાર્ય પિતા ઉપાડી લે છે. 'પિતૃદેવો ભવ.' પિતા સારી રીતે ભણાવી-ગણાવી, યોગ્ય પોષણ આપી જગતમાં ઊભા રહી શકવાની તમામ તૈયારીઓ કરાવે છે. તેથી પ્રથમ માતા, પછી પિતા; ત્યારબાદ 'આચાર્ય દેવો ભવ.' આચાર્ય એને કહેવાય, જે પોતે સદ્‌ધર્મનું આચરણ કરે છે અને અન્યોને આચરણ કરાવવાનો પ્રયત્ન કરે છે. આમ, સૌ પોતપોતાની હદ મુજબ દાન કરીને છૂટાં થઈ જાય છે, જ્યારે ગુરુ પાસેથી જે મળે છે એ બેહદ બહારનું છે. માતા, પિતા, આચાર્ય અને બીજાં બધાં એમની પાસે જે હશે તે આપશે, પરંતુ જે એમની પાસે છે જ નહીં તે તેઓ ક્યાંથી આપશે?! એટલે અહીં કહ્યું છે કે 'ગુરુ સમ', ગુરુ જેવા બીજા કોઈ દાતા-આપનારા નથી.

'જો નિશદિન ગુરુચરણાં સેવે, તો અભયદાન ગુરુ પલમાં દેવે.' એવા ગુરુ કે જે પોતાના શિષ્યને બેહદ બહારનું જ્ઞાન આપે છે, એમના ચરણોનું શિષ્ય નિશદિન સેવન કરે તો ફળસ્વરૂપે ગુરુ એને પલમાત્રમાં અભયદાન આપે છે.

મનુષ્ય સતત ભયપ્રદ પરિસ્થિતિમાં જીવી રહ્યો છે. અનેક પ્રકારના ભય એને સતત સતાવતા રહે છે. જેવા કે - તનનો ભય, મનનો ભય, ધનનો ભય. ત્રણ પ્રકારની એષણાઓ છે; લોકેષણા, પુત્રેષણા, વિત્તેષણા; અને એ નષ્ટ થવાનો ભય પણ સતત રહ્યા કરે છે. તો આમ, ભય અનેક પ્રકારના હોય છે.

ગુરુ પાસેથી આપણે વર્ષો સુધી જ્ઞાન પ્રાપ્ત કરતા રહીએ છીએ પણ જે વખતે તેમની પાસેથી પરમતત્ત્વની સમજ પ્રાપ્ત થાય છે તે જ વખતે, તમામ પ્રકારના ભય નાશ પામી જાય છે. અને એ સમજ કેટલા સમયમાં પ્રાપ્ત થાય છે? 'પલમાત્રમાં'! પરમાત્મા વિષેની એ સમજ પ્રાપ્ત કરતાં મહિનાઓ નથી થતા. એ વખતે તો 'પલ' જ થાય છે. પલ તો નામ આપ્યું, ખરેખર

તો પલ પણ થતી નથી. વર્ષો સુધી ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરતા રહીએ ત્યારે ક્યારેક એક ક્ષણ એવી આવે છે કે જ્યારે એ સર્વ જ્ઞાનના નિચોડરૂપે પરમાત્માની સાચી સમજણ એક પલમાત્રમાં, એક ચમકારામાત્રમાં પ્રાપ્ત થઈ જાય છે. એ સમયે શિષ્ય અનુભવે છે કે આટલાં વર્ષો સુધી તે જે કાંઈ કરતો રહ્યો, વાતો સાંભળતો રહ્યો, ગુરુજનોની સેવા કરતો રહ્યો, એમના દ્વારા પ્રાપ્ત થતું અમૃત પીતો રહ્યો; એ તમામ સત્સંગનું, એ તમામ જ્ઞાન અને વાણીનું તાત્પર્ય-નિચોડ એક પલમાં સમજી જવાયા. 'આજ સુધી મને એમ લાગતું હતું કે હું કંઈક સમજી રહ્યો છું પરંતુ આજે જે સમજ્યો તે સાચું. આજે જે સમજ્યો એના હિસાબમાં આજ સુધી જે કાંઈ સમજ્યો હતો એની તો કાંઈ વિસાત નથી.'

'અભયદાન ગુરુ પલમાં દેવે', ક્યારે? જો શિષ્ય, ગુરુની નિશદિન - રાતદિવસ સેવા કરે તો. ગુરુનાં સ્થૂળ ચરણોની, સ્થૂળ દેહની સેવા-પૂજા શિષ્ય દ્વારા નિશદિન થાય તો ગુરુની ભૂંડી દશા થાય. શિષ્ય ગુરુને કહે કે 'ગુરુજી, મારે તમારી સેવા કરવી છે કે જેથી મને અભયદાનની પ્રાપ્તિ થાય; માટે તમે આઘાપાછા ના થશો, અહીં ને અહીં જ બેસી રહો. તમને સૂવા પણ નહીં જવા દઉં, ખાવા પણ નહીં જવા દઉં.' તો એવી સ્થિતિમાં એ શિષ્યનું શું થાય અને એ ગુરુજીનું શું થાય? તો, 'નિશદિન ગુરુચરણાં સેવે' એ વાતને તત્ત્વથી સમજવાની છે.

'નિશદિન ગુરુચરણાં' આ રીતે પણ સેવી શકાય -

ગુરુજનો પાસેથી પ્રાપ્ત થયેલા જ્ઞાનનો નિચોડ સતત આપણી સાથે રહે, એમના કહ્યા મુજબનું જીવન જીવવાનો પ્રયત્ન કરીએ, એવું જીવન જીવીએ કે જેમાંથી બીજાઓને પણ પ્રેરણા પ્રાપ્ત થાય અને એ રીતે એમને રાજી રાખીએ. ગુરુજનની આજ્ઞામાં રહી, એમના ઉપદેશમાંથી મળતા જ્ઞાનને ફેલાવવા માટે આપણી જાતને માધ્યમ બનાવીએ.

**"પારખ ગુરુ મલે જો પૂરા, તો નિશદિન વરસે નૂરમેં નૂરા;**
**ગુરુ-શિષ્ય હોય દો સાચા, તો પ્રગટે પ્રેમ-જ્યોત પ્રકાશા."**

જેમ સાચો ઝવેરી એની પાસે આવતા હીરાના જથ્થામાં જુદી જુદી કિંમતના હીરાને છૂટા પાડે છે અને સાચા હીરાનું યોગ્ય જતન કરે છે. તેવી રીતે 'પારખ ગુરુ' તેમની પાસે આવતા અનેક પ્રકારના જિજ્ઞાસુ જીવોને સાચી રીતે પારખી લે છે. પછી દરેકની પ્રકૃતિ, સ્વભાવ, સ્થિતિ, એના ગર્ભસંસ્કાર મુજબ નક્કી કરે છે કે એક શિષ્યને અમુક રીતે જ્ઞાન આપી શકાશે, જ્યારે બીજા શિષ્યને જ્ઞાન આપવા માટે બીજી પદ્ધતિ અપનાવવી પડશે. ભયથી, પ્રલોભનથી, પ્રેમથી – સામ-દામ-દંડ-ભેદ, એ બધા ઉપાયોમાંથી શિષ્યને જ્ઞાનદાન કરવા માટે કયો ઉપાય અજમાવવો એ પારખ ગુરુ પોતે જ નક્કી કરે છે. નહીં તો જે પ્રકારના જીવો હોય એ પ્રકારે જ્ઞાન આપવામાં ના આવે તો એ જીવ એ જ્ઞાન ગ્રહણ કરી ના શકે.

જો પારખ ગુરુ મળે અને શિષ્યની સ્થિતિને સમજી લીધા પછી એને સાચું જ્ઞાન આપી શકે અને શિષ્ય એ જ્ઞાન પચાવી શકે તો કેવી સ્થિતિ થાય છે?

'તો નિશદિન વરસે નૂરમેં નૂરા'. તો દિવસ અને રાત નૂરનો - નૂર કહેતાં પ્રકાશ - પ્રકાશનો વરસાદ વરસે. ક્યાં? નૂરમેં નૂરા - પ્રકાશનો વરસાદ પ્રકાશમાં જ વરસે. જો પારખ ગુરુ મળે તો આત્માનું જ્ઞાન પ્રકાશિત થાય. આત્માનું જ્ઞાન ક્યાં પ્રકાશિત થાય? આત્માની જ અંદર. એટલે કે આત્મા દ્વારા જ આત્માનો સાક્ષાત્કાર, પ્રકાશથી જ પ્રકાશની ઓળખાણ પ્રાપ્ત કરવાની, પ્રકાશથી જ પ્રકાશને જોવાનો. અંધારામાં કોઈ વસ્તુને શોધવી હોય તો આપણે પ્રકાશ કરવો પડે, પરંતુ આ જગ્યાએ તો શું છે? પ્રકાશને જોવા માટે પ્રકાશની જ જરૂર છે, જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ કરવાની છે.

'ગુરુ-શિષ્ય હોય દો સાચા, તો પ્રગટે પ્રેમ-જ્યોત પ્રકાશા'. ગુરુ અને શિષ્ય બંને સાચા ના હોય તો શું થાય?

**ગુરુ કપટી લાલચી ચેલા,**
**દોનોં નરકમેં ઠેલંઠેલા.**

ગુરુ કપટી હોય, ચેલો પોતાના માટે શું લાવે છે એમાં જ ગુરુનું ધ્યાન હોય; અને ચેલો પણ કોઈ લાલચથી - ભૌતિક પદાર્થની લાલચથી - ગુરુ પાસે આવતો હોય તો એવો ચેલો ગુરુની કપટજાળમાં સપડાઈ જાય છે. તો આમ, ઉપર કહી એવી સ્થિતિ થાય છે.

પરંતુ ગુરુ અને શિષ્ય બંને સાચા હોય અને શિષ્ય જ્યારે ગુરુ પાસે આવે ત્યારે ત્યાગભાવનાથી જ આવે, સર્વસ્વ ગુરુનું જ છે એમ સમજીને જ આવે તો 'હું ગુરુને કાંઈ આપી રહ્યો છું' એવી ભાવના જન્મે જ ક્યાંથી? અને આવી સમજણ જ્યારે શિષ્યમાં આવે છે, ત્યારે ગુરુના ચરણોમાં યથાશક્તિ ભેટ મૂકતો હોવા છતાં તેનું તેને અભિમાન નથી થતું કે 'આ મેં આપ્યું'. આવી સમજણ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે અભિમાન નાશ પામી જાય છે, મારાપણાની ભાવના ચાલી જાય છે. તો એવી સ્થિતિમાં શું થાય છે?

'પ્રગટે પ્રેમ-જ્યોત પ્રકાશા'. ગુરુ અને શિષ્ય બંને સાચા હોય તો સદ્‌ગુરુ શિષ્યને તેની પ્રકૃતિ મુજબ તૈયાર કરવા લાગે છે. એમાં દિવસો, વર્ષો અને જન્મોય લાગી જાય. તો આમ, ગુરુ જો પારખ હોય અને શિષ્ય પણ ગુરુ પાસેથી જ્ઞાનપ્રાપ્તિ સિવાયની બીજી કોઈ ઈચ્છા ના રાખતો હોય તો ત્યાં શું થાય? 'પ્રગટે પ્રેમ-જ્યોત પ્રકાશા.' તો, ત્યાં જ્યોત પ્રકાશે. શાની? પ્રેમની. ગુરુ અને શિષ્ય, બંને પ્રેમથી એકાકાર થઈ જાય. એમની વચ્ચે અદ્વૈતતા સ્થપાઈ જાય. જ્યાં દ્વૈત છે ત્યાં ભય છે, જ્યાં અદ્વૈત છે ત્યાં અભય છે. પ્રેમના માધ્યમથી ગુરુ અને શિષ્ય વચ્ચે એકરૂપપણું આવી જાય છે, પછી ભલેને એમનાં સ્થૂળ શરીરો ચાહે ગમે તેટલાં દૂર કેમ ન હોય?

**"ગુરુકો કામી, ક્રોધી દેખે, તાકે કર્તવ્ય જાય અલેખે;**
**ગુરુ સાથે કોઈ પ્રેમ વધારે, તે હરિજન 'હું પદ' સબ હારે."**

ગુરુને કામી જુએ, ગુરુને ક્રોધી જુએ; એમ કહીને બે વિકારોની વાત અહીં રજૂ કરી છે. બાકીના વિકારો અહીં અધ્યાહાર છે, જે આપણે સમજી લેવાના છે. કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર; એમ છ પ્રકારના વિકારો ગણાવ્યા છે. એમાંનો એક પણ વિકાર શિષ્યને ગુરુમાં ન દેખાવો જોઈએ. અને જો દેખાય તો? 'તાકે કર્તવ્ય જાય અલેખે' - તે વખતે તેનું તમામ કર્તવ્ય નિષ્ફળ જાય છે. આ વાત બહુ સમજવાની છે, બહુ ગુહ્ય છે, બહુ રહસ્યવાળી છે. એના વિષે થોડી વાતો અહીં કરીશું.

ગુરુમાં વિકારીપણાનું એક પણ લક્ષણ જોવામાં આવતું જ ન હોય ત્યારે શિષ્ય ગુરુને નિર્વિકારી જુએ, તો એમાં શિષ્યની વિશેષતા ક્યાં આવી? જે વસ્તુનું અસ્તિત્વ જ નથી એ ના જ દેખાયને! જેમકે રાત્રીની સમાપ્તિ બાદ સૂર્ય નીકળે અને પછી જગત દેખાય. કોઈ કહે આ સૂર્ય નીકળ્યો અને મને જગત દેખાયું. સૂર્ય નીકળે અને આંખવાળાને જગત દેખાય એમાં શી વિશેષતા છે? શિષ્યની વિશેષતા તો ત્યારે કહેવાય કે તેને પોતાના ગુરુમાં વિકારીપણું દેખાય તોય તેને ગુરુ નિર્વિકાર જ લાગે. શિષ્ય, બધે જ પોતાના નિર્વિકારીપણાના પ્રતિબિંબને જ જુએ.

'લઘુ'માં એવું કયું ગુરુપણું આવેલું છે? 'લઘુ'માં કહેતાં શિષ્યમાં એવું કયું ગુરુપણું આવેલું છે? ગુરુ સાથે આટલો સમય રહ્યા પછી તે એવું ગુરુપણું પ્રાપ્ત કરી લે છે કે જીવનમાં ક્યારેય પણ એવો પ્રસંગ ઉત્પન્ન થાય કે ગુરુમાં કામવૃત્તિ અને ક્રોધવૃત્તિનાં (વિકારી વૃત્તિનાં) દર્શન થાય ત્યારે પણ એને ગુરુ કામી કે ક્રોધી નથી લાગતા; એવી એનામાં વિશેષતા આવી જાય છે, એવું એનામાં ગુરુપણું આવી જાય છે. ખૂબ જ ત્યાગી અને તપસ્યાવાળો શિષ્ય હોય એ જ આ વાતને સમજી શકે છે, પચાવી શકે છે. એવા શિષ્યને ગુરુની વિકારી વૃત્તિઓ ના દેખાય, એને 'ગુરુ' જ દેખાય, ગુરુપણું જ દેખાય, બીજું કંઈ જ ના દેખાય. દ્રોણગુરુએ બીજા શિષ્યોને પૂછ્યું - સામે શું દેખાય છે? જવાબ મળ્યો - ઝાડ, તેના ઉપરનું પક્ષી, પક્ષીની આંખો વગેરે. અર્જુનને પૂછ્યું - સામે શું દેખાય છે? અર્જુને કહ્યું - માત્ર પક્ષીની આંખ. બાણ ચલાવવાની આજ્ઞા મળી ગઈ અને અર્જુને પોતાનું નિશાન (આંખ) વીંધી નાખ્યું. જે નિશાન વીંધવું હોય, ફક્ત એ જ દેખાવું જોઈએ. ઝાડ નહીં, ઝાડ ઉપરનું પક્ષી નહીં પરંતુ એની આંખ જ દેખાય; ફક્ત ગુરુપણું જ દેખાય, ત્યારે શિષ્ય ગુરુત્વ તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે એમ માનવું.

'ગુરુકો કામી, ક્રોધી દેખે' તો એ શિષ્યની સ્થિતિ નીચે લખ્યા મુજબની થઈ જાય છે:

સંતો કે ગુરુજનોને કોઈ કામી જુએ તો તે પણ ધીમે ધીમે કામી થઈ જાય છે. ગુરુને ક્રોધી જુએ તો તે ધીમે ધીમે ક્રોધી થઈ જાય છે. જો ગુરુને કામરૂપી વિકારથી મૂલવીએ તો એનાથી સ્ત્રીશિષ્યા વિષેની વાત વિચારી શકાય. સ્ત્રી શિષ્ય હોય અને એ ગુરુને કામી જુએ; ગુરુને કામી જુએ એટલે? ગુરુ તરફ એને કામભાવના જાગે, એથી એ ગુરુને કામી જુએ. આ રીતે સ્ત્રી-શિષ્યામાં આ વાતને ઘટાવીએ તો પુરુષ-શિષ્યમાં ઘટાવી શકાય? ના ઘટાવી શકાય. એટલે આ રીતે આ વાતને ન ઘટાવતાં એ બંનેને લાગુ પડે એમ ઘટાવીએ. તો આગળ જે અર્થ કર્યો કે ગુરુમાં જ્યારે વિકાર-વૃત્તિ જુએ ત્યારે પણ શિષ્યને એ ના દેખાય. એ એની વિશિષ્ટતા. કારણ કે એનામાં ગુરુત્વ આવેલું છે અને એ ગુરુત્વથી એ પોતાની વૃત્તિઓનું સમાધાન કરી લે છે. કેવી રીતે? આ રીતે -

મારા ગુરુ અને કામવૃત્તિ? મારા ગુરુ અને ક્રોધવૃત્તિ? મારા ગુરુ અને વિકાર, એ બે સાથે રહી જ ના શકે. મારા ગુરુજીનું વર્તન અને સ્વભાવ, મારી દષ્ટિએ અત્યારે ભલે મને અયોગ્ય લાગતાં હોય પણ તેનાથી ગુરુજી દ્વારા કોનું, કઈ રીતે કલ્યાણ થઈ રહ્યું હશે એની મને શું સમજ પડે? ગુરુ ક્યારે કોના માટે, કેવી વૃત્તિ ધારણ કરે એની મને શું ગમ પડે? મારા પોતાના કલ્યાણ માટે એમણે શું શું કર્યું હશે? મારા કલ્યાણ માટે એઓ હિમાલયની ટોચ ઉપરથી કેટલે નીચે ઊતર્યા હશે એની મને ક્યાં ખબર છે? એવી રીતે - બીજા અનંત એવા જિજ્ઞાસુ જીવો કે જેમને મારા ગુરુમાં ગુરુભાવના છે, એમના કલ્યાણ માટે ગુરુ ક્યારે કઈ વૃત્તિ ધારણ કરે, એની મને શી સમજ પડે?

તો, આ રીતે 'લઘુ' પોતાના 'ગુરુ'ભાવથી પોતાની વૃત્તિનું સમાધાન કરી લે છે. શિષ્યની સમાધાન કરવાની આવી વૃત્તિથી તેનામાં તર્ક-કુતર્ક ઉત્પન્ન થતા જ નથી, અને થાય તો તે ઉપરોક્ત રીતે સમાધાન મેળવી લે છે. આમ તે ખરા ગુરુત્વ તરફ ગતિ કરતો, આગળ વધતો જાય છે.

ઉપરોક્ત નિષ્ઠાનો, ધૂર્ત લોકો ગેરલાભ પણ ઉઠાવી શકે છે, તેથી આ વાત બધાને કહેવાય નહીં; અધિકારી જીવોને જ કહેવાય. ઠગબાજો, વિકારી ગુરુઓ, કપટી ગુરુઓનો જગતમાં તોટો નથી. 'કામી' અને 'ક્રોધી' એ બે શબ્દોની, ઉપર કહ્યા મુજબની સમજ આગળ ધરી, તેઓ પોતાનું રક્ષણ કરી શકે છે, પોતાનો બચાવ કરી શકે છે તેથી આ વાત ગુહ્ય રાખવાની છે. અને કદાચ તે ખુલ્લી થઈ જાય તો પણ, ઈશ્વરે દરેકને વિવેકબુદ્ધિ આપેલી જ છે. મનુષ્યે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને સદ્‌ગુરુ અને કપટી ગુરુ વચ્ચેનો ભેદ પારખવાનો છે. એક વખત એ નક્કી થઈ જાય કે પોતે જેમને ગુરુ તરીકે સ્થાપ્યા છે એ 'સદ્‌ગુરુ' જ છે એટલે પછી સંપૂર્ણ શરણાગતિ. અસ્તુ.

આ ગલતેશ્વરના ધામમાં, ગાલવ ઋષિના આશ્રમમાં, ભગવાનની પ્રેરણાથી, આ

રીતે અતિ અલ્પ પ્રમાણમાં તમારી સમક્ષ તાત્ત્વિક વાતો રજૂ થઈ. હવે ગલતેશ્વર દાદાને પ્રાર્થના કરીએ કે, જે વાતો તમારી સૌ સમક્ષ રજૂ થઈ છે એને તમે સૌ સારી રીતે સમજી શકો અને સારી રીતે પચાવી શકો. અસ્તુ.

'તાકે કર્તવ્ય જાય અલેખે'. અર્થાત્ ગુરુને કામી અને ક્રોધી જુએ તો શિષ્યનું કર્તવ્ય નિષ્ફળ જાય. શિષ્ય, ગુરુને વિકારી જુએ તો ગુરુમાંથી એ શિષ્યની નિષ્ઠા નાશ પામે અને ધીમે ધીમે એ ગુરુથી દૂર રહેવા લાગે. ગુરુથી દૂર રહે એટલે ગુરુ માટેનો પ્રેમ ધીમે ધીમે નષ્ટ થઈ જાય. તેથી તેની અને ગુરુ વચ્ચે જે સૂક્ષ્મ પ્રેમ-તંતુના માધ્યમથી એકતા હતી, જેના દ્વારા એને જ્ઞાન મળી રહેતું હતું, જેના વડે એની અને ગુરુ વચ્ચે દૂર રહેવા છતાં સંપર્ક ચાલુ રહેતો હતો; ગુરુને થતી જ્ઞાનની સ્ફુરણાઓ, સદ્‌વિચારો જે પ્રેમના તાર દ્વારા એના સુધી પહોંચી જતા, જે પ્રેમરૂપી બંધનને લીધે શિષ્ય લઘુપણામાંથી ગુરુપણા તરફ ગતિ કરી રહ્યો હતો; એ તાર તૂટી જાય છે, નષ્ટ થઈ જાય છે.

ગુરુ સાથેનું પ્રેમબંધન તૂટી જતાં ક્રમશઃ શિષ્ય અજ્ઞાનતાના ગર્તમાં ઊતરતો જાય છે, ગુરુપણામાંથી લઘુપણામાં આવતો જાય છે અને જ્યારે એનામાં પૂર્ણપણે લઘુતા આવી જાય છે ત્યારે અગાઉ એણે જે સેવા કરેલી એમાં પણ એને જાણે ભૂલ થઈ ગઈ હતી એમ લાગે છે. પહેલાં પગે લાગતો, દંડવત્ પ્રણામ કરતો, પુષ્પો ચઢાવતો એ શિષ્ય હવે ગુરુને ગાળો દેવા લાગે છે. અગાઉ કરેલાં ગુરુસેવાનાં કર્તવ્ય-કર્મના પુણ્યનો જથ્થો એટલો મોટો હતો કે કેમેય કરી ખૂટે એમ નહોતો. પરંતુ એને ખુટાડવા માટે એની વૃત્તિઓ કેવી થાય છે? કે જે મહાપુરુષોને એણે પુષ્પો ચઢાવ્યાં હતાં એને જ એ ગાળો દેવા માંડે છે. આમ એ પોતાના જ કુકર્મથી અગાઉના સત્કર્મને ધોઈ નાખે છે. આમ તો એણે સત્કર્મ ઘણું કર્યું હતું કે જેને કોઈ ખુટાડી જ ના શકે. પરંતુ જે ડાળ ઉપર ઊભો હોય એ ડાળને જ તે કાપવા માંડે ત્યારે તે નીચે જ પડે ને! વળી, એ ઝાડની ઠેઠ ટોચ ઉપર બેઠેલો હતો. ત્યાંથી એને કોઈ પછાડી શકે એમ નહોતું. કેમકે ત્રણે દેવો પણ ગુરુની હાજરીમાં રહે છે, ગુરુની તહેનાતમાં રહે છે. તમામ પ્રકારની દૈવી-આસુરી શક્તિઓ પણ ગુરુના શરણમાં રહે છે. જ્યાં સુધી શિષ્ય ગુરુના સાંનિધ્યમાં હતો ત્યાં સુધી તો એનું પતન કોઈ કરી શકે એમ નહોતું, સિવાય કે પોતે; એ પોતે જ, ગુરુદેવ તરફની ખોટી વૃત્તિથી ગુરુદેવને ગાળો દઈને.

'ગુરુને તાપ અંતરમાં કરશે.' સીધેસીધી ગાળો દે કે સીધેસીધું ગુરુનું અપમાન કરે એની તો વાત ક્યાં છે? ગુરુદેવના અંતરમાં પણ શિષ્ય તરફથી તાપ થવા માંડે છે, કોઈ ખોટી ભાવના જાગે છે, તો પણ શિષ્યનું કર્તવ્ય નિષ્ફળ જાય છે. તો, અહીં તો વાત ગાળો દેવા સુધી પહોંચી ગઈ છે. તેથી કર્તવ્ય નિષ્ફળ જાય જ ને?

'ગુરુ સાથે કોઈ પ્રેમ વધારે, તે હરિજન 'હું-પદ' સબ હારે'. ગુરુજનો સાથે પ્રેમ

વધારવાથી શિષ્યનું-હરિજનનું-ગુરુભક્તનું 'હું-પદ' નષ્ટ થઈ જાય છે.

આગળ વાત થઈ એ મુજબ સર્વ કાંઈ પરમગુરુ પરમાત્માનું છે, સદ્ગુરુદેવનું છે. માયાના ચક્કરમાં આ વાત ભુલાઈ જતી હોય છે. ત્યારે 'હું,હું,હું' અને 'મારું,મારું,મારું' થયા કરે છે. ખરેખર તો આપણું કાંઈ જ નથી. આપણી પાસે જે કાંઈ પણ છે એની પ્રાપ્તિ પણ પરમગુરુ પરમાત્માની કૃપાને આધીન છે. એવી સાચી સમજણ જ્યારે શિષ્યને પ્રાપ્ત થાય ત્યારે એનું 'હું-પદ' નષ્ટ થાય છે; અને એ સાચી સમજ શિષ્યને ત્યારે જ આવે છે, જ્યારે એ ગુરુ સાથે પ્રેમ વધારે છે.

બીજી રીતે તપાસતાં, ગુરુ સાથે પ્રેમ વધાર્યો ક્યારે કહેવાય? ચોવીસે કલાક ગુરુની સાથે રહે ત્યારે? હા, ત્યારે પણ ખરો અને સૂક્ષ્મ રીતે વિચારીએ તો; "હુ- પદ સબ હારે" - જ્યારે એનું 'હું-પદ' ચાલ્યું જાય ત્યારે એણે ગુરુ સાથે પ્રેમ વધાર્યો કહેવાય.

**"કાળ-ક્લેશ કાયાથી ત્યાગે, તો અનહદ ડંકા શૂન્યમાં વાગે;**
**ગુરુ-સંતોષી આંગણે લાવે, તો કોટિ તીરથનું ફળ પાવે."**

કાળ-ક્લેશ કાયાથી ત્યાગે. કાયામાં શું રહ્યું હોય છે? કાળ-મૃત્યુ, અને મૃત્યુ કહેતાં મૃત્યુનો ભય. વળી એ જ કાયા સાથે ક્લેશો પણ હોય છે.

યોગશાસ્ત્રના સાધનપાદમાં જણાવ્યા મુજબ ક્લેશો પાંચ પ્રકારના છે; અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ.

**'અનિતાશુચિદુઃખાનાત્મસુ નિત્યશુચિસુખાત્મખ્યાતિરવિદ્યા' (પા.યો.દ.સા.૫).** અર્થાત્ અનિત્યમાં નિત્ય જણાવું, અપવિત્રમાં પવિત્ર જણાવું, દુઃખમાં સુખ જણાવું અને જડમાં ચેતન જણાવું, આ ચારેયનું સામૂહિક નામ અવિદ્યા ક્લેશ છે. આ અવિદ્યા જ બીજા બધા ક્લેશોનું ક્ષેત્ર-ખેતર છે. જો અવિદ્યા ના હોય તો બીજા ક્લેશો ઊગી જ ના શકે, ટકી જ ના શકે, રહે જ નહી.

**'દગદર્શનશક્ત્યોરેકાત્મતૈવાડસ્મિતા'** (પા.યો.દ.સા.૬). અર્થાત્ દગશક્તિ અને દર્શનશક્તિને એક સમજવી તે અસ્મિતા ક્લેશ છે. દગ એટલે જોનારો - આત્મા. દર્શન એટલે જેના વડે જોનારો જુએ છે તે ઇન્દ્રિયો. ઇન્દ્રિયો દ્વારા તે જગતને જુએ છે. તો, ઇન્દ્રિયોની શક્તિને અને આત્માની શક્તિને અર્થાત્ ઇન્દ્રિયો અને આત્માને એક સમજવાં તે અસ્મિતા નામનો ક્લેશ છે.

**'સુખાનુશયીરાગઃ' (પા.યો.દ.સા.૭).** અર્થાત્ સુખની પાછળ જનારો 'રાગ' છે. રાગ ક્લેશ એટલે એક વખત જે સુખ ભોગવીએ તે ફરીફરીને યાદ આવ્યા કરે તે. રાગ ક્લેશ સુખના સંસ્કારોને પાછળ છોડતો જાયછે તેથી તે સુખની યાદ આવ્યા કરે છે, તે સુખની યાદ

સતાવ્યા કરે છે.

**'દુઃખાનુશયી દ્વેષઃ' (પા.યો.દ.સા.૮).** અર્થાત્ દુઃખની પાછળ જનારો દ્વેષ ક્લેશ છે. દુઃખ પોતાના સંસ્કારોને પાછળ છોડતું જાય છે. તે દ્વેષ ક્લેશ. દુઃખ તરફ તિરસ્કારનો ભાવ ઉત્પન્ન થાય છે. જ્યારે જ્યારે દુઃખ યાદ આવે ત્યારે ત્યારે તેના તરફ તિરસ્કારની વૃત્તિ ઉત્પન્ન થાય છે, તેનું નામ દ્વેષ નામનો ક્લેશ છે.

**'સ્વરસવાહી વિદુષોઽપિ તથા રૂઢોઽભિનિવેશઃ' (પા.યો.દ.સા.૯).** અર્થાત્ જે સ્વાભાવિક રીતે જ શરીરની સાથે આવે છે અને વિદ્વાનો ઉપર પણ સવાર થઈને રહે છે તે અભિનિવેશ ક્લેશ છે. મૃત્યુના ભયને અભિનિવેશ ક્લેશ કહેવામાં આવે છે. મૃત્યુભયરૂપી અભિનિવેશ ક્લેશ અનેક જન્મોથી આપણી સાથે આવી રહ્યો છે. મૃત્યુ, મૂર્ખ લોકોને જેટલું ડરાવે છે તેટલું જ વિદ્વાનો અને મહાત્માઓને પણ ડરાવે છે. આ મૃત્યુભયથી પૂર્વજન્મને પણ સાબિત કરી શકાય છે. તે આ રીતે-

આપણને મૃત્યુનો ભય કેમ લાગી રહ્યો છે? જીવનમાં દુઃખના ભયનો જે અનુભવ થયો હોય તે ફરીને સામે આવે ત્યારે તેનો ભય લાગે તે સ્વાભાવિક છે. આ જીવનમાં આપણે મૃત્યુનો અનુભવ લીધો છે? ના. સિદ્ધાંત તો એ કહે છે કે એક વખત દુઃખનો - ભયનો સ્વાનુભવ લઈએ ત્યાર પછી જ તેનો ભય લાગે છે, ત્યાર પહેલાં નહીં. જો આ જીવનમાં મૃત્યુનો અનુભવ નથી લીધો તો મૃત્યુથી આપણે કેમ ડરી રહ્યા છીએ? આનાથી એ સાબિત થયું કે ભલે આ જીવનમાં નહીં પણ ક્યારેક પણ આપણે મૃત્યુનો અનુભવ લીધેલો છે, તેથી આપણે તેનાથી ડરી રહ્યા છીએ. અને જો મૃત્યુનો અનુભવ લીધો છે તો મૃત્યુ તો કોનું હોઈ શકે? મૃત્યુ શરીરનું હોઈ શકે. અને શરીર ત્યારે હોઈ શકે કે જ્યારે તેનો જન્મ થયેલો હોય. તો ક્યારેક પણ શરીરનો જન્મ થયેલો હશે અને તેથી વર્તમાન સિવાય પણ આગળનો આપણો કોઈ જન્મ હશે. તો આ રીતે આપણો પૂર્વજન્મ હશે. આમ, અભિનિવેશ ક્લેશથી આપણે પૂર્વજન્મની અને પુનર્જન્મની સાબિતી આપી શકીએ.

આપણે વાત ચાલતી હતી 'કાળ-ક્લેશ'ની. કાયામાં શું રહેલું છે? પાંચ પ્રકારના ક્લેશો રહેલા છે અને કાળ રહેલો છે જેનો ભય મનુષ્યને સતત લાગે છે. એ ભય અને ક્લેશોને કેવી રીતે ત્યાગી શકાય છે. તપ, સ્વાધ્યાય અને ઈશ્વરશરણાગતિ-ગુરુશરણાગતિરૂપી ક્રિયાયોગ દ્વારા તે ક્લેશોને સૂક્ષ્મ કરીને ધ્યાન દ્વારા તેમનો નાશ કરવાનો છે. (વધુ વિગત માટે જુઓ ''શાંતા'' - પાતંજલ યોગદર્શનનો સાધનપાદ નામનું પુસ્તક જે પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી દ્વારા રચાયેલું છે).

'અનહદ ડંકા શૂન્યમાં વાગે'. ક્રિયાયોગ અને અષ્ટાંગયોગનો અભ્યાસ કરી સાધક, કાળ અને ક્લેશને ત્યાગીને સમાધિ સ્થિતિમાં પહોંચે છે ત્યારે કાયાની અંદર અનાહત નાદ

પ્રગટે છે. યોગની ભાષામાં બ્રહ્મરંધ્રને 'અતિશૂન્ય', બ્રહ્મરંધ્ર અને વિશુદ્ધ ચક્રમાં આવેલા શૂન્યને 'મહાશૂન્ય' અને હૃદયની અંદર આવેલા શૂન્યને 'શૂન્ય' કહેવામાં આવે છે. શૂન્ય એટલે ખાલી જગ્યા. એ ખાલી જગ્યામાં જ્યારે પ્રાણ પુરાય છે, ત્યારે 'અનહદ ડંકા શૂન્યમાં વાગવા' શરૂ થાય છે. અત્યારે તમે જે આરતી સાંભળી રહ્યા છો એવા જ ડંકા શરીરમંદિરમાં વાગવા માંડે છે. શરીરમંદિરનું (ગલતેશ્વર મંદિર સામે હાથ લાંબો કરીને પૂજ્યશ્રી કહી રહ્યા છે) આ સ્થૂળ મંદિર એ બાહ્ય પ્રતીક છે. દરેક મંદિરમાં આપણે સવાર-સાંજ જઈએ છીએ ત્યારે એ મંદિરમાં થતી આરતી સાંભળીએ છીએ. આ આરતીના ધ્વનિઓ, યોગસાધના વખતે સાધકને શરીરમંદિરમાં જે અનુભૂતિ થાય છે એનું બાહ્ય પ્રતીક છે.

જ્યારે ભગવાનનો સાક્ષાત્કાર થવાની તૈયારી હોય છે, જ્યારે સમાધિ સુધી પહોંચવાની સ્થિતિ આવી ગઈ હોય છે, સાધક સમાધિ અવસ્થાની ઘણો નજીક આવી ગયો હોય છે તે વખતે શરીરમાં ઊઠતા ધ્વનિઓ કેવા સંભળાય છે તેનું પ્રતીક મંદિરમાં થતી આરતી છે. આરતીની સાથે સાથે ઝાંઝ, પખાજ, ઘંટડી, નગારું, શંખ વગેરે અનેક વાજિંત્રો વાગતાં હોય છે. એ જ પ્રમાણે શરીરરૂપી મંદિરમાં જ્યારે પરમાત્મ-દર્શન થવાની તૈયારી હોય છે, ત્યાર પહેલાં આરતી શરૂ થાય છે અને એક પછી એક, એક પછી એક, ધ્વનિ સંભળાવાની શરૂઆત થાય છે; અને જે છેલ્લો ધ્વનિ સાંભળવા મળે છે એ ધ્વનિ શાનો હોય છે? ઓમ્ નો ધ્વનિ અને પછી તરત જ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. ધ્વનિઓ પૂરા થાય પછી પ્રકાશ દેખાય છે. ભગવાનની આગળ ઊભા રહી, પાંચ વાટ સળગાવી એક ચોક્કસ પદ્ધતિથી એને ગોળ ગોળ ફેરવી જે આરતી ઉતારીએ છીએ, એ પણ શરીરમંદિરમાં થતી અનુભૂતિ, જેનો અનુભવ યોગીને થાય છે, એનું બાહ્ય પ્રતીકમાત્ર છે. આ વાત, સાધના કરતાં કરતાં જેમ જેમ પરમાત્માની નજીક પહોંચશો તેમ તેમ સમજાશે. ડંકા વાગશે, આરતી થવા માંડશે, એ આરતીથી થોડા આગળ વધશો એટલે પ્રકાશ - પાંચ પ્રકારની જ્યોત સ્વરૂપે - પ્રગટશે અને એ જ્યોત પ્રગટ થયા પછી પરમાત્માનો સાક્ષાત્કાર થશે.

તો, બાહ્ય મંદિરોમાં થતી આરતીનું આ રહસ્ય છે. આ રીતે 'ગુરુમહિમા' શું ચીજ છે, 'ગુરુ' કેવી મહાન વિભૂતિ છે, ગુરુ દ્વારા આપણે શું શું પ્રાપ્ત કરવાનું છે વગેરે સમજાશે. વર્ષો સુધી મંદિરમાં ઉતારાતી આરતીમાં જતા હોઈએ કે જાતે આરતી ઉતારતા હોઈએ, પરંતુ એ આરતીનું શું રહસ્ય છે એ ગુરુ જ્યાં સુધી ના સમજાવે, ત્યાં સુધી સમજવામાં આવતું નથી. તો, આવી અનંત સૂક્ષ્મ વાતોને સમજવા માટે આપણે ગુરુનાં ચરણો સેવવાં જોઈએ, એમની સાથે આપણે પ્રેમ વધારવો જોઈએ. તો અનંત જન્મો સુધી - વર્ષો નહીં પણ જન્મો સુધી - ગુરુ સાથે એકાકાર રહી શકીએ. આ જન્મમાં ગુરુ દ્વારા પ્રાપ્ત કરવાનું જ્ઞાન જો અધૂરું રહી જાય તો આગલા જન્મમાં પણ પ્રાપ્ત કરી શકીએ. ક્યારે? જ્યારે આપણે ગુરુ સાથે સતત, પ્રેમના તાર દ્વારા જોડાયેલા રહીએ. અને એ પ્રેમનું સાતત્ય ત્યારે જ રહે જ્યારે ગુરુમાં કામીપણું કે

ક્રોધીપણું દેખાવા છતાંય શિષ્યને તે ના દેખાય. તો જ પ્રેમનું સાતત્ય મહિનાઓ-વર્ષો સુધી નહીં, પરંતુ જન્મો સુધી રહે.

આ જન્મમાં ગુરુની પ્રાપ્તિ થઈ હોય અને જ્ઞાનપ્રાપ્તિનું કાર્ય જો અધૂરું રહી જાય, તો આગલા જન્મે એ જ ગુરુની પ્રાપ્તિ થાય. ગમે તેવી પરિસ્થિતિ ઉત્પન્ન કરીને-કરાવીને એ ગુરુનો ભેટો થઈ જાય; અને ગયા જન્મનું આપણું કામ જ્યાંથી બંધ પડેલું હતું ત્યાંથી આગળ શરૂ થાય. કોઈ સગાના રૂપમાં જન્મે, કોઈ મિત્રના રૂપમાં જન્મે, કોઈ પાડોશીના રૂપમાં જન્મે, કોઈ બાજુના ગામમાં કે શહેરમાં જન્મે, કોઈ જિજ્ઞાસુનો મંદિરમાં કે સત્સંગમાં ભેટો થઈ જાય; એ રીતે આગળ જે કામ અધૂરું રહેલું હતું તેને પૂરું કરવા, ઓમ્ પરમાત્મા ગમે એ રીતે ગુરુજીનો ભેટો કરાવી આપે છે. ગીતામાં પણ કહ્યું છે કે -

**શુચિનામ્ શ્રીમતામ્ ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે.** એક જન્મની અંદર યોગ સાધતાં-સાધતાં જેનો યોગ અધૂરો રહી જાય છે, એની બીજા જન્મમાં શું સ્થિતિ થાય છે? શું એવો યોગી નષ્ટ થઈ જાય છે? ગીતામાં એવો પ્રશ્ન છે. એના જવાબમાં જણાવ્યું છે કે ના, જેનો યોગ અધૂરો રહેલો છે એવા જિજ્ઞાસુ સાધકનો બીજા જન્મે પવિત્ર પુરુષને ત્યાં, પવિત્ર માતાપિતાને ઘેર જન્મ થાય છે. અસ્તુ.

આપણે વાત ચાલતી હતી, 'કાળ-કલેશ કાયાથી ત્યાગે' વિષેની. સાધક કાળના ભયને અને પાંચેય કલેશોને યોગસાધના દ્વારા ત્યાગી દેશે ત્યારે શૂન્યમાં અનહદ ડંકા વાગશે. અનહદ કહેતાં હદ બહારના ડંકા; અને ત્યારે જ આપણને ખબર પડશે કે જગતનાં તમામ પ્રકારનાં વાજિંત્રોનું મૂળ તો અહીં રહેલું છે. તમામ વાજિંત્રોની આદિ પ્રેરણા 'અનાહત' નાદમાંથી જ પ્રાપ્ત થાય છે. સાચો શબ્દ છે અન-આહત. વાજિંત્રોનો અવાજ આહતથી થાય છે. આહત કહેતાં પછાડ, આઘાત. એક વસ્તુની સાથે બીજી અથડાય અને પછી જે ધ્વનિ નીકળે તે આહત નાદ. જ્યારે શરીરમંદિરમાં થતા નાદમાં કોઈ પછાડ મારવી પડતી નથી. આહત લાગ્યા વગર જે ધ્વનિ નીકળે તેને અન-આહત ધ્વનિ કહેવાય છે. યોગમાં એને માટે 'અનાહત નાદ' શબ્દ વપરાયો છે.

આગળની પંક્તિ છે 'ગુરુ સંતોષી આંગણે લાવે, તો કોટિ તીરથનું ફળ પાવે.' આવા જે ગુરુ, જે અનાહત નાદ સંભળાવવા માટે આપણને પ્રેરણા આપે છે, જે કાળના ભયને નષ્ટ કરી નાખે છે, જેમના જ્ઞાનથી પાંચ કલેશોનો નાશ થાય છે; એવા ગુરુને શિષ્ય પોતાના ઘેર બોલાવે છે, પોતાના આંગણે એમની પધરામણી કરાવે છે તો કયા ફળની પ્રાપ્તિ થાય છે તેની વાત અહીં કરી છે.

એક કરોડ વખત તીર્થયાત્રા કરે અને જે પુણ્યની પ્રાપ્તિ થાય એટલું પુણ્ય 'ગુરુ સંતોષી આંગણે લાવે' ત્યારે થાય છે. કેવા ગુરુને શિષ્ય એના આંગણે લઈ આવે છે? સંતોષી



સ્વ. શ્રી લક્ષ્મીશંકર જા. પંચોલી



સ્વ. શ્રીમતી રંભાબેન લ. પંચોલી

॥ ૐ ॥

॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥

ઓમ્‌પરિવારમાં આવતાં આપણાં સર્વે ગુરુભાઈ-બહેનોમાં ગુરુભક્તિ અજોડ છે. દરેકની ગુરુભક્તિ એટલે કે પોતાના ગુરુદેવને ભજવાની રીત જુદી જુદી હોય છે. સ્વ. પૂ. શ્રી લક્ષ્મીશંકરભાઈ તથા તેમનાં ધર્મપત્ની સ્વ. શ્રીમતી રંભાબેનની ગુરુભક્તિ અનન્ય હતી. તેઓ ધર્મપ્રેમી, ઉદાર ભાવનાવાળા અને સાથે સાથે મક્કમ સ્વભાવના. પૌત્રના લગ્ન પ્રસંગે શ્રી લક્ષ્મીશંકરભાઈએ મોતને પણ પાંચ દિવસ માટે સામે બેસાડી રાખ્યું હતું.

શ્રી લક્ષ્મીશંકરભાઈના સુપુત્ર શ્રી ભાનુભાઈ પંચોલી પણ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના પરમ ભક્ત છે. જ્યારે પણ ઓમ્‌પરિવારને તેમની સેવાની જરૂર પડે ત્યારે તેઓ તન-મન-ધનથી પરિવારની પડખે ઊભા રહે છે. પૂ. ગુરુદેવ તેમને ગુપ્ત ભિક્ષુઓમાંના એક ગણે છે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીને અતિ આગ્રહભરી નમ્ર વિનંતી કરી આ પુસ્તક-''ગુરુમહિમા''-છપાવવાનો લ્હાવો તેમણે લીધો છે.

આપણને સર્વેને આવી પ્રેરણા મળતી રહો અને પૂ. ગુરુદેવના આશીર્વાદ મળતા રહો એ જ ઓમ્‌પરમાત્માને પ્રાર્થના.

પ્રકાશન સમિતિ
ઓ.પ્રે.પ. ટ્રસ્ટ
અમદાવાદ

ગુરુને. જગતમાંથી જે ઉપરામ પામી ચૂકેલા છે અને ઉપરામ પામ્યા છે તેથી જ તેઓએ સંતોષવૃત્તિને ધારણ કરી છે. તો, આવા સંતોષી ગુરુને આંગણે લાવવાની વાત છે. અને એ શિષ્ય પણ કેવો છે? ગુરુના સતત સાંનિધ્યમાં રહેતો એ શિષ્ય પણ સંતોષી છે. ગુરુ અને શિષ્ય બંને સંતોષી છે એવો અર્થ અહીં ગ્રહણ કરવાનો છે. આવા સંતોષી ગુરુ-શિષ્યનું મિલન સંતોષી શિષ્યને ત્યાં થાય ત્યારે કોટિ તીરથનું ફળ પ્રાપ્ત થાય છે.

પછી એવો સંતોષી શિષ્ય પોતાના સંતોષને માટે તન-મન-ધનથી ગુરુની સેવા કરે છે. અહીં તન-મન-ધન અર્પણ કરવાની તો વાત જ ક્યાંથી આવે? આ તો બધો શબ્દભંડાર-શબ્દાડંબર છે. એ તો બધું ગુરુને અર્પણ થયેલું જ હતું. આ તો એક વૈદિક વિધિ છે, એક ઔપચારિકતા છે, અને એ વિધિને સજીવ રાખવા માટે શિષ્ય આ વિધિ આચરે છે, અને પોતાની શક્તિ અને ભક્તિથી ગુરુદેવની પૂજા કરે છે, એમની ષોડષોપચારથી પૂજા કરે છે, એમની આરતી ઉતારે છે, એમનો ઉપદેશ ગ્રહણ કરે છે; અને એ ઉપદેશથી જે કાંઈ પ્રાપ્ત થાય છે, એ પ્રાપ્ત કરેલું પોતાના પરિવારને, પોતાના પાડોશીઓને આપવાનો પ્રયત્ન કરે છે. ગુરુ પાસેથી પોતે પ્રાપ્ત કરેલા ઉપદેશના નિચોડને-અર્કને જગતમાં ફેલાવવાનો પ્રયત્ન કરે છે. આમ, ગુરુદેવની સેવા-પૂજાના અનંત પ્રકાર છે. ગુરુદેવના સ્થૂળ શરીરની સેવા-પૂજા એ પણ સેવા-પૂજા અને એમના ઉપદેશનો પ્રચાર એ પણ એમની સેવા-પૂજા. સાચો શિષ્ય એ છે કે જે કર્મકાંડની રીતે તો ગુરુદેવની સેવા-પૂજા કરે જ છે પરંતુ તાત્ત્વિક રીતે પણ સેવા-પૂજા કરવામાં સહેજ પણ પ્રમાદ નથી કરતો.

ગુરુદેવની વૈખરી વાણી સાંભળવાની ઈચ્છા થાય ત્યારે એ ગુરુદેવના સ્થૂળ મુખ દ્વારા જ પ્રાપ્ત થાય છે. તો, એ રીતે ગુરુદેવના સ્થૂળ શરીરની જાળવણીની જવાબદારી પણ શિષ્યની જ હોય છે. એ વાત શિષ્ય પોતે સમજતો હોય છે, એમાં ગુરુજનોને કહેવાપણું હોતું નથી. કારણ કે ગુરુજનોને તો એમના શરીરનું ભાન પણ નથી હોતું. બહુજનહિતાય-બહુજનસુખાયનાં કાર્યો કરતી વખતે તેઓ પોતાના શરીરની લેશમાત્ર પરવા કરતા નથી. તેથી તેમના શરીરનું ધ્યાન રાખવાની જવાબદારી તેમના શિષ્યોની છે. જેમકે, આ ગલતેશ્વર મહાદેવનું મંદિર કેટલું જીર્ણ થઈ ગયું છે ? પણ મંદિરને કે એમાં બેઠેલા મહાદેવને એની ચિંતા નથી. પરંતુ જે લોકોને આ પવિત્ર મંદિરની જરૂરત છે અને જેઓ એમ ઈચ્છે છે કે આ મંદિર વધુમાં વધુ સમય ટકી રહે, એવા પ્રેમીઓએ આ મંદિરની સંભાળ રાખવી પડે છે. તે જ રીતે ગુરુદેવના શરીરરૂપી મંદિરની જાળવણીની સંપૂર્ણ જવાબદારી એમના જિજ્ઞાસુ શિષ્યો, સંતોષી શિષ્યોની છે.

તો, એ સ્થૂળ શરીરની સંભાળ એ પણ એમની સેવાનો જ પ્રકાર છે. આમ 'ગુરુદેવની સેવા'- ને સાચી રીતે સમજવાથી સાચી રીતે - સારી રીતે સેવા થઈ શકે છે; અને

તો 'કોટિ તીરથનું ફળ' પ્રાપ્ત થાય છે.

**"ગુરુનાં ચરણાં પૂજે કોઈ, હું અને મારું મટી જાય દોઈ**
**ગુરુ-ગુરુ જાપ મુખેથી બોલે, તો અમર દ્વાર શૂન્યમાં ખોલે."**

ગુરુનાં ચરણોનું પૂજન આગળ સમજ્યા એમ બંને - સ્થૂળ અને સૂક્ષ્મ - રીતે કરવાનું છે. સ્થૂળ પૂજનનો મુખ્ય હેતુ એમના શરીરની કાળજી રાખવાનો છે અને સૂક્ષ્મ પૂજનનો મુખ્ય હેતુ ગુરુદેવના ઉપદેશ મુજબનો આચાર, પ્રચાર અને પ્રસારનો છે. તો એમ બંને રીતે પૂજન કરવાથી શિષ્યમાંથી, જિજ્ઞાસુમાંથી પહેલાં જે "હું, હું, હું,", "મારું, મારું, મારું" થયા કરતું હતું એ મટી જાય છે. તો આમ, જેનામાંથી 'હું, હું, હું' અને 'મારું, મારું, મારું' નીકળી જાય છે એણે ગુરુનાં ચરણો સાચી રીતે પૂજ્યાં છે એમ કહી શકાય.

'ગુરુ-ગુરુ જાપ મુખેથી બોલે, તો અમર દ્વાર શૂન્યમાં ખોલે.' અમર દ્વાર શૂન્યમાં ક્યારે ખૂલે? જ્યારે સતત "ગુરુ-ગુરુ" જાપ થાય ત્યારે. આ જાપને બે-ત્રણ રીતે સમજવાના છે :

(૧) 'શિવ, શિવ, શિવ,' અથવા 'કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ' અથવા 'ઓમ્ ગુરુ ઓમ્' અથવા 'ગુરુ, ગુરુ, ગુરુ' એમ જાપ કરે, તો એ પણ ગુરુ-જાપ થયો કહેવાય.

(૨) ગુરુ તરફથી જે મંત્રની પ્રાપ્તિ થાય અને એનો જાપ કરવામાં આવે તો એને પણ ગુરુજાપ કહેવાય.

(૩) ત્રીજા પ્રકારના જાપમાં પહેલા બે પ્રકારમાંથી એકેયનો સમાવેશ નથી થતો. નથી તો શિષ્ય પોતાની સૂઝ પ્રમાણે જાપ કરતો કે નથી તો એને કોઈ જાપ ગુરુ તરફથી પ્રાપ્ત થતો. એણે તો સત્સંગમાં ગુરુનો જે ઉપદેશ સાંભળ્યો અને એમાંથી પોતાને જે સારું લાગ્યું એને એ પોતાના જીવનમાં ઉતારવાની કોશિષ કરે છે અને સાથે સાથે એનો પોતાના વર્તુળમાં સતત પ્રચાર કરતો રહે છે. તો, આ રીતે ગુરુવાણીનો પ્રચાર કરવો એ પણ ગુરુજાપનો એક પ્રકાર જ છે.

આમ ત્રણ પ્રકારના "ગુરુ" જાપ છે; "લઘુ" જાપ નહીં. ગુરુ-જાપ એટલે ભારે જાપ, વજનદાર જાપ, જે કરવાથી પરમતત્ત્વની કંઈક સમજ પ્રાપ્ત થાય છે. એવા જાપ કરે એ ગુરુ-જાપ. જેમાં આત્મા અને પરમાત્માનું જ્ઞાન ઠસોઠસ ભરેલું હોય છે. જે શિષ્ય, જે જિજ્ઞાસુ આવો જાપ કરે છે એ અમર દ્વાર ખોલે છે. અમર દ્વાર ક્યાં ખોલવાનું છે? જગતમાં? જી નહીં, શૂન્યમાં. શૂન્ય, મહાશૂન્ય અને અતિશૂન્યની વાત આગળ થઈ ગઈ. એ શૂન્યમાં અમર દ્વાર ખોલવાનું છે. એ કેવું દ્વાર છે? અમર દ્વાર, અજર દ્વાર. જે દ્વારમાં પ્રવેશ કર્યા પછી

અજર-જરારહિત થઈ જવાય; અમર, મરણરહિત થઈ જવાય છે. પછી જન્મ-મરણની ભીતિ રહેતી નથી. આ બધો ગુરુજાપનો પ્રતાપ છે.

**"વેદ-પુરાણ પઢે જો કોઈ, તે ફળ ગુરુ પૂજાથી હોઈ;"**

વર્ષો સુધી પુરાણ વાંચતો રહે, વેદ વાંચતો રહે,સપ્તાહ બેસાડતો રહે તો પણ જે ફળ ના મળે તે ફળ ગુરુપૂજાથી પ્રાપ્ત થાય છે. કારણકે આગળ જોયું તેમ, સાચી ગુરુપૂજા ક્યારે કરી શકીએ? જ્યારે ગુરુની સાથે પ્રેમનું અનુસંધાન થઈ જાય, જ્યારે એમની સાથે એક થઈ જઈએ ત્યારે આપણને ગુરુપુજાની ઈચ્છા થાય. અને બીજી વાત એ કે ગુરુ એના માટે આપણને મંજૂરી આપે. પ્રથમ તો આપણને ઇચ્છા થવી જોઈએ, પરંતુ આપણી ઇચ્છા હોય તોય ગુરુ એનો સ્વીકાર જ ના કરે તો આપણી ઇચ્છા શું કામ આવે? તો બીજી અગત્યની વાત એ થઈ કે, આપણા પ્રેમથી તે બંધાયેલા હોય - આપણી સાથે એક થઈ ગયેલા હોય, એવા ગુરુ આપણી પૂજાનો સ્વીકાર કરે.

એમને આપણી પૂજાની જરૂર નથી. એમને તો કોઈની પૂજા જોઈતી નથી. એ કોઈ બીજી જ પૂજામાં મસ્ત છે, એ તો નિજાનંદમાં જ મસ્ત છે. એમની પાસે લૌકિક વસ્તુની કોઈ અગત્ય જ નથી. પરંતુ તે, શિષ્યની સાથે પ્રેમના તારથી બંધાયેલા હોય છે તેથી પ્રેમવશ થઈને એ, શિષ્યને પૂજા માટે હા પાડે છે. અને ગુરુપૂજાથી શું પ્રાપ્ત થાય છે? તમામ પ્રકારનાં શાસ્ત્રો વાંચવાથી પણ જે ફળ પ્રાપ્ત ના થાય એ ફળની પ્રાપ્તિ શિષ્યને થાય છે. શાસ્ત્રમાં લખ્યા મુજબ, કર્મકાંડ કરનાર કર્મકાંડી, હજારો વર્ષ સુધી કર્મકાંડ કરે અને તોય જે ફળ પ્રાપ્ત નથી કરી શકતો તે ફળ, યોગનો જે માત્ર જિજ્ઞાસુ હોય છે એ પ્રાપ્ત કરી લે છે. યોગના સાધકને મળતા ફળની તો અહીં વાત જ નથી, આ તો કેવળ યોગના જિજ્ઞાસુને મળતા ફળની વાત થઈ. કર્મકાંડ એટલે અનેક પ્રકારનાં વિધિવિધાનો દ્વારા અમુક તત્ત્વની પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કરવો. કાંડ કહેતાં જથ્થો. કર્મકાંડ એટલે કર્મનો જથ્થો. એમાં થોડી ભૂલ થાય એટલે એનું ફળ મળે નહીં.

**"ગુરુ પર લગની નિશદિન લાવે, તો શેતાન કાળ નજીકના આવે."**

લગની કહેતાં પ્રેમ. રાત અને દિવસ એ શિષ્યનો પ્રેમ ગુરુમાં જ લાગેલો છે, જે ગુરુમય થઈ ગયેલો છે. 'ગુરુમય' થઈ જવું એટલે સંસાર છોડી જંગલમાં ભાગી જવાનું નથી. ગુરુમય શિષ્ય પોતાની જીવનનૌકા તો સારી રીતે ચલાવી જ રહ્યો છે; 'સારી રીતે' એટલે એટલી સારી રીતે કે જે ગુરુમુખી નથી અને જીવનનૌકા ચલાવે છે એના કરતાં પણ વધુ સારી રીતે. આજીવિકાનાં કાર્યો બહુ સારી રીતે કરતો હોવા છતાં એની લગની તો પોતાના ગુરુમાં જ છે. તો, એવા શિષ્ય પાસે કાળ-મૃત્યુ આવી શકતું નથી. સામાન્ય જીવને જ્યારે કાળ લેવા આવે છે ત્યારે એના નિશ્ચિત સમયે આવી શરીરમાંથી પ્રાણને લઈ લે છે. પરંતુ

યોગીજનો, કે જેમણે કાળને જીતી લીધો છે, જેમણે પ્રાણ ઉપર પોતાનું પ્રભુત્વ સ્થાપી દીધું છે, તેઓ પોતાના સ્થૂળ શરીરને જગતમાં વધુ સમય રાખવાની જરૂર જણાય ત્યારે - જેની પાછળનો એમનો હેતુ અનંત જીવો કલ્યાણના પંથ ઉપર આગળ વધે એ જ હોય છે - તેઓ શું કરે છે?

યોગશાસ્ત્રમાં જણાવ્યા મુજબ બ્રહ્મરંધ્રમાં કાળની પહોંચ નથી. કાળ શરીરના કોઈ પણ ભાગમાંથી પ્રાણનું હરણ કરી શકે છે પરંતુ પ્રાણને જો બ્રહ્મરંધ્રમાં ચડાવી દેવામાં આવ્યો હોય તો ત્યાં કાળની પહોંચ નથી. કોઈપણ વ્યક્તિ માટે મૃત્યુનો સમય નિશ્ચિત હોય છે અને કાળ એ સમયે શરીરમાં દાખલ થઈ પ્રાણને લઈને બહાર નીકળી જાય છે. એના આગમનનો સમય નિશ્ચિત હોય છે. કાળ એ સમયમાં રહીને જ પ્રાણને હડપ કરી શકે છે. એ સમય વીતી ગયા પછી એને શરીરમાં રહેવાનો હુકમ નથી.

સૂક્ષ્મ ગણિતશાસ્ત્રની મદદથી યોગી કાળના આવવાનો સમય જાણી લે છે. બરાબર એ સમયે એ સમાધિ લગાવી પ્રાણને બ્રહ્મરંધ્રમાં પહોંચાડી દે છે. કાળ એના નિશ્ચિત સમયે શરીરમાં દાખલ થઈ, આખા શરીરમાં ફરીને પછી બહાર નીકળી જાય છે. ત્યારબાદ યોગી પ્રાણને બ્રહ્મરંધ્રમાંથી મુક્ત કરી શરીરમાં ફરતો કરે છે.

બ્રહ્મરંધ્રમાં કાળને જવાનો હુકમ નથી. એ કાળ પણ નિયતિની આજ્ઞાનું પાલન કરે છે; પરમાત્માની આજ્ઞામાં, ગુરુની આજ્ઞામાં, નીતિનિયમોની આજ્ઞામાં રહે છે. એ કાળ કે જે જગતના તમામ જીવોના પ્રાણનું હરણ કરતો રહે છે, તે પણ પરમતત્ત્વના અનુશાસનમાં રહે છે, તો આપણે કેટલા અનુશાસનમાં રહેવું જોઈએ ? તો આ રીતે, જે સમયે કાળ આવવાનો હોય એનો હિસાબ કરી, યોગી તે સમયે પ્રાણને બ્રહ્મરંધ્રમાં ચડાવી દે છે. આપણા પુરાણમાં દાખલા છે એ મુજબ આ જ ક્રિયાથી ચાંગદેવે ૧૨૦૦(બારસો) વર્ષ સુધી આયુષ્ય લંબાવ્યું હતું. તો, 'ગુરુ પર લગની નિશદિન લાવે, તો શેતાન કાળ નજીક ન આવે.' જેણે પાંચ કલેશોને નાબૂદ કરી દીધા છે, જેનો કાળનો ભય ટળી ગયો છે; ગુરુ પાસેથી જ્ઞાન મેળવી કાયામાં રહેલા ભય અને કલશોને ટાળી દીધા છે તેને - કાળથી ડરે એને કાળનો ભય હોય. જેને કાળનો ભય જ નથી તેને - કાળ કશું કરી શકતો નથી.

**"જાત, વરણ, કુળ ભેદ ન ભાળે, ગુરુની પ્રતમા આખર લગ પાળે ;**
**શ્વાસોશ્વાસ સ્મરણ ગુરુ કેરો, તો સહેજે મટે ભવસાગર ફેરો."**

હું આ જાતિનો, કે આ વર્ણનો, કે આ કુળનો છું એવો ભેદ ન રાખે તો જ તેનું અભિમાન નષ્ટ થઈ શકે અને ગુરુ સાથે નિર્મળ રહી શકે. શિષ્ય આ રીતે નિરાભિમાની બની શકે તો ગુરુદેવ જે કાંઈ આપવા ઇચ્છતા હોય તે એ ગ્રહણ કરી શકે. ગુરુજીની પાસે દસ શિષ્યો

બેઠા હોય, તે દરેકને માટે ગુરુ એક જ જ્ઞાન આપતા હોય પરંતુ એ દસેયમાંથી જેને અભિમાનનું આવરણ ના હોય એ શિષ્ય જ્ઞાનને વધુ સહજતાથી સ્વીકારી શકે છે. બાકીના શિષ્યો પણ એ જ જ્ઞાનગંગાને ઝીલતા હોય છે પરંતુ તેમનું અભિમાન જ્ઞાનપ્રાપ્તિની વચ્ચે દીવાલ બનીને ઊભું રહે છે. સ્થૂળ કાનથી આગળ એ વાત જાય તો જ સ્વીકારવાનો પ્રશ્ન ઊભો થાય ને ? અભિમાનને લીધે ગુરુજીની વાત શિષ્યના સ્થૂળ કાનથી આગળ જાય જ નહીં, તેના હૃદયની અંદર ઊતરે જ નહીં.

વિરાટ સ્વરૂપનું દર્શન કરાવવા ઇચ્છતા હતા ત્યારે શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે ચર્મચક્ષુથી અર્જુન વિરાટ પુરુષનાં દર્શન શી રીતે કરશે? અને એમ થશે તો એનાં ચર્મચક્ષુ ફૂટી જશે. એટલે શ્રીકૃષ્ણે અર્જુનને ત્રીજા નેત્રનું પ્રદાન કર્યું કે જે ભ્રૂકુટીમાં રહેલું છે; જેને બુદ્ધિનેત્ર-જ્ઞાનનેત્ર કહેવાય છે. જે વસ્તુઓ ચર્મચક્ષુની મર્યાદાની બહાર છે એવી તમામ વસ્તુઓ જ્ઞાનચક્ષુથી જોવાની હોય છે અને એ નેત્ર-ચક્ષુ, જ્યાં ત્રિવેણી-સંગમ છે - જ્યાં ઇડા, પિંગલા અને સુષુમ્ણા નાડીનું સંગમસ્થાન છે ત્યાં આવેલું છે. શાસ્ત્રમાં જે સંગમસ્થાનનો મહિમા છે એ આ જગ્યા. એમાં જો સ્નાન કરવામાં આવે, એટલે કે આ ત્રણ નાડીઓના સંગમસ્થાનમાં પ્રાણને પહોંચાડી દેવામાં આવે તો ત્યાંથી થોડા આગળ અનાહત નાદ, ત્યાંથી થોડા આગળ પ્રકાશ અને પછી સમાધિ ; ત્યારબાદ પરમાત્માનો સાક્ષાત્કાર થવાનો હોય છે. અસ્તુ.

'ગુરુની પ્રતમા આખર લગ પાળે,' અહીં 'પ્રતમા' શબ્દ ખૂબ જ વ્યાપક અર્થમાં વપરાયો છે, તે શબ્દ પૂરો પારિભાષિક છે. ગુરુની પ્રતમા એટલે ગુરુના ઉપદેશોને, ગુરુની આજ્ઞાઓને સારી રીતે સમજી, ગુરુની મર્યાદામાં રહી અને એનું પાલન કરે ત્યારે ગુરુની પ્રતમા પાળી એમ કહી શકાય. આ રીતે ક્યાં સુધી ગુરુઆજ્ઞાનું પાલન કરવાનું છે? 'આખર લગી,' જ્યાં સુધી ગુરુનું શરીર રહે ત્યાં સુધી અને જ્યાં સુધી શિષ્યનું શરીર રહે ત્યાં સુધી. આમ, 'આખર' શબ્દ ગુરુ અને શિષ્ય, બંનેના શરીર માટે લાગુ પડે છે. વળી આગળ જે ગુરુની મર્યાદાની વાત આવી એ ગુરુને કઈ રીતે સેવવા એ અર્થમાં લેવાની છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે "ગુરુ અને અગ્નિને બહુ નજીકથી ના સેવવા." તે જ પ્રમાણે "બહુ દૂર પણ ના રાખવા." જો ગુરુ અને અગ્નિને બહુ દૂર રાખીએ તો તેનો ફાયદો ના ઉઠાવી શકીએ. શિયાળો હોય, આપણને બહુ ઠંડી લાગતી હોય અને આપણે સગડી સળગાવીએ; પરંતુ જો એ સગડીને આપણાથી ઘણે દૂર રાખીએ તો તેનો તાપ લાગે નહીં અને આપણી ઠંડી ઊડે નહીં. એમ આપણે આપણા ગુરુજનોને મળતા જ ના હોઈએ, એમનો સંપર્ક જ ના રાખીએ, આપણા ઘેર બોલાવતા જ ના હોઈએ, એક વાર મળ્યા એ મળ્યા, પછી જય સીતા રામ -ક્યારેય મળવાનો પ્રયત્ન જ ના કરીએ, ભગવાને આપેલા તન-મન-ધનનો ઉપયોગ આપણે એમના માટે કરીએ જ નહીં; તો એને ગુરુથી બહુ દૂર જ રહ્યા એમ કહેવાય. 'બધું જ ગુરુનું','બધું જ ગુરુનું', 'બધું જ ગુરુનું' એમ બોલતા હતા પરંતુ એ બધું વાપરવાનો

પ્રસંગ આવ્યો ત્યારે 'બધું જ મારું' થઈ ગયું, પ્રસંગ આવ્યો ત્યારે વૃત્તિ બદલાઈ ગઈ. તો, તાત્ત્વિક રીતે આવું બધું થાય તેને ગુરુથી બહુ દૂર રહ્યા એમ કહી શકાય. હવે 'ગુરુજનોને બહુ નજીકથી ન સેવવા' એ વાતને સમજીએ.

જેમ અગ્નિની ખૂબ નજીક જવાથી દાઝી જવાય છે તેમ ગુરુજનોની વધુ નજીક જતાં દાઝી જવાય છે. ગુરુજનો પ્રજ્વલિત અગ્નિ જેવા છે. જો કે સ્થૂળ અગ્નિની નજીક જઈએ ત્યારે સ્થૂળ રીતે શરીરથી દઝાય છે પરંતુ ગુરુજનોને ખૂબ નજીકથી સેવીએ ત્યારે સ્થૂળ શરીર દાઝતું નથી. આ વાતને મનોવિજ્ઞાનના નિયમથી સમજવાની છે. ગુરુજનો પોતાની મસ્તીમાં મસ્ત હોય છે. તેઓ, શિષ્ય જ્યારે તેમની ખૂબ નજીક આવી જાય ત્યારે શિષ્ય સાથે ક્યારેક મિત્રની જેમ તો ક્યારેક પુત્રની જેમ, ક્યારેક પિતાની જેમ તો ક્યારેક સગાસંબંધીની જેમ વર્તતા હોય છે. શિષ્ય જ્યારે ઘણા લાંબા સમય સુધી ગુરુજનોની ખૂબ નજીક રહે છે અને ગુરુદેવનું વર્તન ઉપર જણાવ્યા મુજબનું હોય છે ત્યારે શિષ્ય શરૂશરૂમાં ક્યારેક ક્યારેક ગુરુમર્યાદાનું ઉલ્લંઘન કરી તેમની સાથે મિત્રભાવે વર્તવા લાગે છે. વધુ સમય પસાર થતાં શિષ્યમાં એક પ્રકારનો અહમ્ વધવા લાગે છે; તે એમ માનતો થઈ જાય છે કે હવે તો ગુરુજી મારી સાથે અમુક પ્રકારે વર્તે છે તેથી હું પણ તેમની કક્ષાએ પહોંચી ગયો છું, હું પણ ગુરુ થઈ ગયો છું. બસ !!!આમ જે વાત ક્યારેક ક્યારેક બનતી તે હવે રોજ નિયમિતપણે બનવા લાગે છે. શિષ્ય ગુરુમર્યાદાનું ઉલ્લંઘન રોજે રોજ કરવા લાગે છે અને આ રીતે ઉત્પન્ન થયેલો અહમ્ તેનું પતન કરે છે. તેથી જ શાસ્ત્રોમાં કહ્યું છે કે ''ગુરુજનો અને અગ્નિને ખૂબ નજીકથી ન સેવવા.''

'શ્વાસોચ્છ્વાસ સ્મરણ ગુરુ કેરો, તો સહેજે મટે ભવસાગર ફેરો,' શ્વાસ અને પ્રશ્વાસમાં સતત ગુરુનું જ સ્મરણ ચાલી રહ્યું હોય ત્યારે એના ફળસ્વરૂપે 'સહેજે મટે ભવસાગર ફેરો.' જન્મ-મરણના ફેરાને સમજવા જેવો છે. માતાના ગર્ભમાં નવ મહિના સુધી ઊંધે માથે લટકવું અને ગર્ભમાં પડ્યા પડ્યા ભગવાનને પ્રાર્થના કરતા રહેવું કે હે પરમપિતા, આ નરકની ખાણમાં હું ઊંધે માથે લટકી રહ્યો છું, આ સમયે માતાના શરીરમાં રહેલ અસંખ્ય ચરમિયાઓ મને કરડી રહ્યા છે, મારાથી બોલી શકાતું નથી; આ પરિસ્થિતિમાંથી-આ હળાહળ નરકમાંથી મને મુક્ત કરો. હવે હું, ફરીથી આ ગર્ભમાં આવવું પડે એવાં કુકર્મો નહીં કરું, તો , ગર્ભમાં આવીને સબડવું પડે એવી સ્થિતિમાંથી મને ઉગારો. પરમાત્મા એની વિનંતી સાંભળે છે, કારણ કે પરમાત્મા-ગુરુદેવ તો અહૈતુકી કૃપાવાળા છે. તો, પરમાત્માની કૃપાથી એ જીવ શરીર ધારણ કરીને બહાર પ્રગટે છે. પરંતુ જે ઘડીએ એને બહારના વાયુનો સ્પર્શ થાય છે, એ જ ઘડીએ જીવ ગર્ભમાં પામેલાં દુઃખ અને પરમાત્માને આપેલું વચન એ બંને ભૂલી જાય છે, સંસારના વાયુ સાથે સંસારમય થઈ જાય છે. બચપણમાંથી જુવાની, જુવાનીમાંથી ઘડપણ, ઘડપણમાંથી મૃત્યુ અને પુનઃ જન્મ - એમ ચક્ર ચાલુ થઈ જાય છે.

પુનરપિ મરણમ્ પુનરપિ જનનમ્
પુનરપિ જનની જઠરે શયનમ્

ફરીને જન્મવું, ફરીને મરવું, ફરીને માતાના ગર્ભમાં તપવું; આ ક્રમ સતત ચાલુ રહે છે. ગર્ભમાં હોય છે ત્યાં સુધી એને આ ચકરાવાની વાત યાદ રહે છે પરંતુ બહાર નીકળ્યા પછી 'એ રામ એના એ જ '- ફરીને વાત ભૂલી જાય છે. એવામાં જો એનો ભેટો સદ્‌ગુરુ સાથે થઈ જાય અને સદ્‌ગુરુના સત્સંગમાં રહે તો ભૂલી ગયેલી વાત ફરીને તાજી થાય છે અને એની ગાડી પાટા ઉપર ચઢવા લાગે છે.

'સહેજે મટે ભવસાગર ફેરો' - 'સહેજે' શબ્દ 'શ્વાસોચ્છ્‌વાસ' શબ્દની સાથે પ્રયોજાયેલ છે. જંગલમાં જઈ, બાલ-દાઢી વધારી, ઉપવાસ કરી, કોઈ ઝાડ નીચે બેસીને તપ કરવાની કે વિશિષ્ટ પ્રકારના જાપ કરવાની વાત અહીં નથી. પરંતુ શ્વાસોચ્છ્‌વાસ સ્મરણ ચાલે તો એ સ્મરણ કેવા પ્રકારનું થયું? સહજ. કારણકે શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા એકદમ સહજ ક્રિયા છે. એમાં કંઈ પ્રયત્ન કરવો પડતો નથી. તો, એ સહજ ઉપાસના થઈ, એ સહજ સાધના થઈ. એની પ્રાપ્તિ થતાં ભવસાગરનો ફેરો ટળી જાય છે, જન્મ-મરણના ચકરાવામાંથી મુક્ત થવાય છે. ભવસાગરને તરી જવા માટે બીજા કોઈપણ પ્રકારના ઉપાયની જરૂર નથી. પરમગુરુ પરમાત્માનું સહજ ભાવે સ્મરણ થવા માંડે અને એવા એ પરમગુરુ પરમાત્માનું, જેઓ જ્ઞાન આપે છે એવા મહાપુરુષરૂપી સદ્‌ગુરુદેવનું સ્મરણ ચાલે ત્યારે ભવસાગરરૂપી દુ:ખમાંથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. તો અહીં, 'શ્વાસોચ્છ્‌વાસ' અને 'સહજ' એ બે શબ્દો સારી રીતે સમજવાના છે.

**"ગુરુ દૂભે તો પૃથ્વી કંપે, તે અસુર જુગ જુગ નહીં જંપે;**
**ગુરુને તાપ અંતરમાં કરશે, તો ગળત કોઢમાં નિશદિન ગળશે."**

એવા સદ્‌ગુરુ કે જે ભવસાગરમાંથી મુક્તિ અપાવતા હોય, તેમને આપણે દૂભવીએ તો આખી પૃથ્વી કોપાયમાન થઈ જાય. જેમ પાતાળમાં રહેલા શેષનાગ એમની ફણાને સહેજ પણ હલાવે ત્યારે પૃથ્વી કંપવા લાગે છે અને મોટા મોટા ધરતીકંપો થાય છે, જ્યાં સાગર હોય ત્યાં પર્વત થઈ જાય છે,જ્યાં પર્વત હોય ત્યાં મોટી ખીણ થઈ જાય છે, અને જ્યાં ખીણ હોય ત્યાં સાગર થઈ જાય છે. સાતમા પાતાળમાંના શેષનાગની વાતો ઘણી ગુહ્ય છે. એક પળના કરોડમા ભાગમાં એમની ફેણમાં કંપન થાય ત્યાં તો પૃથ્વી હાલક-ડોલક થઈ જાય છે. તો, એ જ પ્રમાણે ગુરુ દૂભે ત્યારે પૃથ્વી કંપવા લાગે છે.

જેમ ગુરુને રીઝવવાનું - પ્રસન્ન કરવાનું ફળ ઘણું મોટું છે - જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થઈ જવાય છે - તેમ ગુરુને દૂભવવાનું પાપ પણ જબરજસ્ત છે. તો આમ,

સમષ્ટિની પૃથ્વીને પણ સમજવાની છે અને વ્યષ્ટિની પૃથ્વીને પણ સમજવાની છે. વ્યષ્ટિની પૃથ્વી કહેતાં સાધક. એ શિષ્ય કે એ સાધક કે જેણે ગુરુને દૂભવ્યા છે; ચાહે તનથી, મનથી કે ધનથી દૂભવ્યા છે; ચાહે પ્રત્યક્ષરૂપે કે પરોક્ષરૂપે, ચાહે પોતાના દ્વારા કે બીજાના દ્વારા દુઃખ આપ્યું હોય; પણ ગુરુ થોડા પણ દુભાય તો પૃથ્વી કંપાયમાન થઈ જાય છે. સાધકના શરીરમાં રહેલ પૃથ્વીતત્ત્વ એ મૂલાધાર ચક્ર કહેવાય છે જેના દેવ ગણપતિ છે. 'ગુરુ દૂભે તો પૃથ્વી કંપે.' ગુરુ દૂભે ત્યારે સાધકના શરીરમાં રહેલું પૃથ્વીતત્ત્વ કંપાયમાન થઈ જાય છે અને સાધક વિકારી થઈ જાય છે. અને એમ થતાં એનામાં રોગ ફાટી નીકળે છે. અને જ્યારે આખા શરીરમાં રુંવાડે-રુંવાડે રોગ ફાટી નીકળે ત્યારે શું થાય?

'તે અસુર જુગ જુગ નહીં જંપે.' પછી એ સાધક ના કહેવાય, કારણ કે એણે ગુરુને દૂભવ્યા છે. એ અસુર થઈ ગયો છે, સૂર નથી રહ્યો. જ્યાં સુધી એ ગુરુના સાંનિધ્યમાં હતો ત્યાં સુધી એ પરમાત્માના પથ પર હતો, ત્યાં સુધી એ સુર હતો. સુર કહેતાં દેવ. અને જ્યારે એણે એ બધી વાતોનો લોપ કર્યો ત્યારે એ અસુર થયો. અને અસુરની સ્થિતિ કેવી હોય? જેને રુંવાડે રુંવાડે રોગ ફાટી નીકળ્યો હોય એની સ્થિતિ કેવી હોય? એને પછી જંપ, સંતોષ કે શાંતિ ક્યાંથી હોય? 'જુગ જુગ નહીં જંપે' - આ એક જુગની વાત નથી પરંતુ અનેક જુગોની વાત છે. જ્યાં સુધી એ ગુરુને દૂભવતો રહે છે ત્યાં સુધી એનો ઉદ્ધાર થતો નથી.

'ગુરુને તાપ અંતરમાં કરશે.' આ પણ બહુ સૂક્ષ્મ વાત છે. ગુરુનો કોઈ શિષ્ય અમેરિકામાં હોય અને ત્યાં બેઠો બેઠો એવું કાર્ય કરે જે ગુરુઆજ્ઞાથી વિરુદ્ધ હોય ત્યારે-ત્યારે ગુરુને એનાથી તાપ થાય. ગુરુ એ વાત જાણે ત્યારે ગુરુના મનમાં દુઃખ થાય. ગુરુ, એ અંતરના તાપને - મનના દુઃખને શિષ્યોની પાસે કે બીજા કોઈની પાસે વ્યક્ત ના કરે. ગુરુને શાનું દુઃખ થાય? શિષ્ય આસુરીવૃત્તિમાં જતો રહ્યો એનું. ઘણા વર્ષો સુધી એ ગુરુની સાથે રહ્યો હતો. ગુરુના અનેક પ્રયત્નો બાદ એ દેવસ્વભાવમાં આવ્યો હતો, એ પાછો નીચેની કક્ષાએ ઊતરી ગયો. શિષ્ય કલ્યાણના માર્ગ ઉપરથી અકલ્યાણના માર્ગ ઉપર જતો રહ્યો એનું ગુરુને દુઃખ થાય છે. તો, શિષ્યનું વર્તન એવું હોવું જોઈએ કે જેથી ગુરુને એનાથી દુઃખ ના થાય. આ તો અતિ ઊંચા આદર્શની વાત છે. આપણે એ આદર્શને લક્ષમાં રાખી જેટલા આગળ વધાય તેટલા આગળ વધવાનો પ્રયત્ન કરવો જોઈએ. આદર્શ ઊંચો રાખીએ તો એમાનું થોડુંઘણું પણ કરી શકાય. આપણાથી આટલું બધું શી રીતે થશે એમ માનીને નિરાશ થવાની જરૂર નથી. જેટલું પણ થાય એટલું કરવાનો પ્રયત્ન હોવો જોઈએ. પછી તો ગુરુની અને પરમાત્માની આપણા ઉપર જેટલી કૃપા હોય એટલું આપણે કરી શકીએ. જેટલું નાહ્યા એટલું પુણ્ય.

જો, શિષ્ય દ્વારા ગુરુને તાપ થશે, પરિતાપ થશે તો તે 'ગળત કોઢમાં નિશદિન ગળશે.' ગળત કોઢ નામનો રોગ છે. એ તો એવું સ્થૂળ સ્વરૂપમાત્ર છે, જેમાં હાથ-પગનાં

આંગળાં ગળતાં જાય. જે રીતે રક્તપિત્તના રોગીને થાય છે તેમ ધીમે ધીમે શરીર ગળવા માંડે, આ તો છે શરીરના સ્થૂળ ગળત કોઢની વાત. પરંતુ એ માનસિક કોઢમાં પણ ગળવા લાગે છે. માયાના ચક્કરમાં પડી જઈ માનસિક પરિતાપમાં ગળવા લાગે છે. પહેલાં શ્વાસેશ્વાસે ગુરુનું સ્મરણ થતું હતું એને બદલે હવે 'એષણા'ઓનું સ્મરણ થાય છે. અનંત પ્રકારની એષણાઓ છે, એમાંની ત્રણ મુખ્ય છે. વિત્તેષણા, પુત્રેષણા અને લોકેષણા. સાચા સાધકની સ્થિતિ કેવી હોય છે?

**સાંઇ ઇતના દીજિયે, જામેં કુટુંબ સમાય;**
**મૈં ભી ભૂખા ના રહૂં, સાધુ ન ભૂખા જાય.**

હે પરમાત્મા, એટલું આપજે કે જેથી હું મારું અને મારા કુટુંબનું ભરણપોષણ કરી શકું અને સાધુજનો મારે આંગણે આવે એને પણ આપી શકું. મારે આંગણે આવેલ અતિથિ ભૂખ્યો ના જાય એટલું તું મને આપ. તો સાધકની આવી સ્થિતિ હોય છે. પરંતુ ગુરુને દૂભવવાથી એની વિત્તેષણા આગળ વધે છે; ત્યારે ઉપર કહ્યું એટલાથી એને સંતોષ નથી થતો અને વધુ ને વધુ પૈસાને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે અને તે માટે સાત્ત્વિકતા, પ્રામાણિકતા, પુણ્યતા વગેરેને છોડે છે. પરંતુ કોઈક સાધક વિત્તેષણા ઉપર કાબૂ કરી લે છે તો એવા સાધકને પુત્રેષણા સતાવતી હોય છે. ગૃહસ્થાશ્રમમાં પુત્રપ્રાપ્તિની ઘણી મહત્તા છે. દરેક મનુષ્યને પોતાના વંશવેલાને આગળ વધારવા માટે, પોતાના કારોબારને સંભાળવા માટે એક-બે પુત્ર હોય એવી ઇચ્છા હોય છે.

પરંતુ કોઈ વિરલા "વસુધૈવકુટુમ્બકમ્" એમ માની, પૃથ્વી ઉપર વસનાર બધા જ મારા કુટુંબીઓ છે, એ મારા ભાઈઓ જ છે, એ મારો જ પરિવાર છે એવું વિચારે છે. એવો સાધક જ્યારે પોતાની આજુબાજુ રહેનારા પિતાઓને પુત્ર તરફથી મળતો ત્રાસ જુએ છે ત્યારે મનોમન સમાધાન કરી લે છે અને સૂક્ષ્મ નિરીક્ષણ કરી એવા નિર્ણય ઉપર આવી જાય છે કે બીજા બધાના પુત્રોને હું મારા જ સમજી લઉં તો શું બગડી જવાનું છે? વળી એની શી ખાતરી છે કે જે ઉદ્દેશ્યથી હું પુત્રપ્રાપ્તિ ઝંખી રહ્યો છું એ પાર પડશે જ ? આ બધું ઘણા જુએ છે પરંતુ સૌને એમ જ થાય છે કે બીજાના પુત્રો ભલેને ગમે એવા હોય, મારા પુત્રો કંઈ એવા થોડા થવાના છે? આપણો ઉદ્દેશ્ય તો આપણા પુત્રો સિદ્ધ કરશે જ. જેમ આજુબાજુમાં બીજાઓને અવારનવાર મરતા જુએ છે છતાંય પોતે તો એમ જ માને છે કે બધા ભલેને મરતા, મારે ક્યાં મરવાનું છે? આવી આપણી સ્થિતિ છે. વિત્તેષણા અને પુત્રેષણા કરતાં પણ જોરદાર છે લોકેષણા.

**ઝીણી માયા છાની છરી, મીઠી થઈને મારે ખરી,**
**વળગી પછી અળગી નવ થાય, જ્ઞાની પંડિતને માંહીથીખાય;**
**અનેક રૂપે માયા રમે, જ્યાં જેવું ત્યાં તેવું ગમે,**
**અખા માયાના ઘણા છે ઘાટ જ્યાં જોવો ત્યાં માયાના જ હાટ.**

આ, માયાનું આબેહૂબ વર્ણન છે, જે ગંભીરતાથી સમજવા જેવું છે. જેઓ માત્ર

વિત્તેષણા અને પુત્રેષણા ઉપર જ કાબૂ મેળવીને સાધુ-સંન્યાસી બની જાય છે તેઓ પાછા લોકેષણામાં ફસાય છે. લોકેષણા એટલે લોકો દ્વારા પોતાની વાહ વાહ થાય એવી એષણા-ઈચ્છા.લોકો મારા માટે શું સમજે છે? લોકો મને યોગી, ગુરુ સમજે છે ને? મારી પૂજા કરે છે ને? મારી આટઆટલી સેવા ઉઠાવવામાં આવે છે ને? એમ બહારની દુનિયા પાસેથી પ્રશંસાની જે ઈચ્છા એનું નામ લોકેષણા. થોડી સાચી સમજને લીધે વિત્તેષણા અને પુત્રેષણા ઉપર જેનો કાબૂ આવી ગયો એ પણ પાછો લોકેષણમાં ફસાય છે.

ઉપરોક્ત ત્રણે એષણાઓમાં જે ના ફસાય એ તો અતિ વિરલ પુરુષ. એ તો ધમધમાટ કરતો મોક્ષના માર્ગ ઉપર આગળ વધતો જાય છે. તો અહીં વાત ચાલી રહી છે 'ગુરુને તાપ અંતરમાં કરશે, તો ગળત કોઢમાં નિશદિન ગળશે' તેની. ગુરુજીના અંતરમાં જ્યારે શિષ્યના ખોટા વર્તનથી તાપ થાય છે ત્યારે શિષ્ય શારીરિક અને માનસિક એષણાઓરૂપી બંને વ્યાધિથી પીડાય છે. ત્રણ એષણાઓ વળગી હોય એની તો અહીં વાત જ નથી, પરંતુ એ ત્રણમાંથી એક પણ એષણા જેને વળગી હોય તેને તે નિશદિન સતાવતી રહે છે. એષણા ઊંઘવા પણ ન દે, સપનાં પણ એનાં જ આવે. આ પ્રકારની એષણાઓથી અતિ પરિતાપ સહન કરવો પડે છે. કારણ કે શરીરના ગળત કોઢમાં તો, તમને કોઢ લાગુ પડ્યો છે એ સૌ જોઈ શકે છે, જ્યારે એષણારૂપી કોઢની વાત તો કોઈ પણ જાણી શકતું નથી, કોઈ જોઈ પણ શકતું નથી. ત્રણ એષણાઓની વાતમાં આપણે બીજી સ્વતંત્ર પ્રકારની એષણાઓને વ્યાપક અર્થમાં સમજી લેવાની છે.

**" ગુરુ-શિષ્ય વચ્ચે અંતર પાડે, તો જમ જાલમ નરકમાં ડાલે;**
**વેદ વાંચી વધ્યા છે ઝઘડા, સદ્ગુરુ શબ્દ કોઈ વિરલે પકડ્યા."**

ગુરુ-શિષ્ય કે જેમનાં શરીરો જ જુદાં છે બાકીનું બધું પ્રેમના તારથી, આત્માથી, ચૈતન્યથી એકાકાર જ છે, જેમની વચ્ચે અદ્વૈત-તાદાત્મ્ય સધાઈ ગયું છે; એવા ગુરુ-શિષ્યના પ્રેમમાં કોઈ ઈતર પુરુષ, કોઈ અદેખો પુરુષ, કોઈ વિમુખી પુરુષ, કોઈ અધાર્મિક પુરુષ અંતર પાડવાનો પ્રયત્ન કરે તો તેને 'જમ જાલમ નરકમાં ડાલે' એમ અહીં કહ્યું છે.

ગુરુ અને શિષ્ય અદ્વૈત થઈ ગયેલા હોય તો કોની તાકાત છે કે તેમને છૂટા કરી શકે? છૂટા તો ન જ કરી શકે પરંતુ તન-મન અને ધનથી અથવા સામ, દામ, દંડ અને ભેદથી એમ કરવાનો પ્રયત્ન પણ કોઈ કરે તો તેની શું સ્થિતિ થાય એ વાત અહીં કરી છે. તો, એવા મનુષ્યને યમરાજા નરકમાં નાખે છે. શાસ્ત્રમાં અનેક પ્રકારનાં નરકોની વાત આવે છે; એમાંથી જે વધુમાં વધુ દુઃખદાયી નરક હોય એમાં એ જીવને નાખે છે, એ ઘોર નરકમાંથી પછી ઉગારો થતો નથી. બીજા નરકમાં એની સમયમર્યાદા પૂરી થાય એટલે જીવાત્માનો ઉગારો થાય છે, સત્કર્મ કરવા માટે એ પાછો બહાર નીકળે છે. પરંતુ ઘોર નરકમાંથી એનો આરોવારો નથી, એનો ઉગારો નથી. એ ઘોર નરક એટલે જેટલી યોનિઓ છે એ બધામાંથી

જીવાત્માને પસાર થવું પડે છે. ચોર્યાસી લાખ યોનિ જીવાત્માને ફરવાની હોય છે. તેથી જ શાસ્ત્રોમાં ચોર્યાસી લાખ પ્રકારનાં આસનો બતાવ્યાં છે. આસન એટલે દરેક યોનિમાં જીવાત્માની બેસવાની રીત-પધ્ધતિ. આમ ચોર્યાસી લાખ યોનિનાં ચોર્યાસી લાખ આસનો છે. એમાંથી મુખ્ય આસનો ચોર્યાસી છે અને એ ચોર્યાસીમાંથીય મુખ્ય ત્રણ આસનો છે. સિદ્ધાસન, પદ્માસન અને સ્વસ્તિકાસન. આ ત્રણમાં પણ સિદ્ધાસન મુખ્ય છે, અગત્યનું છે. જે આસનથી સિદ્ધિની પ્રાપ્તિ થાય એને સિદ્ધાસન કહેવાય.

તો, આ પ્રમાણે ગુરુ-શિષ્ય વચ્ચે અંતર પાડે એ મનુષ્યને યમરાજ ચોર્યાસી લાખ યોનિના ચક્રાવારૂપી ઘોર નરકમાં નાખે છે. એ વાતને સમજ્યા. ચોર્યાસી લાખ યોનિમાં ફરતાં ફરતાં જ્યારે મનુષ્યજન્મ પ્રાપ્ત થાય ત્યારે એ જન્મને સાર્થક કરવાનો પ્રયત્ન કરીએ; સત્કર્મો કરીએ, પુનર્જન્મ ન થાય એવો અભ્યાસ કરીએ તો જન્મ-મરણના ચક્રાવામાંથી છૂટી શકીએ.

વેદ વાંચી વધ્યા છે ઝઘડા, 'સદ્‌ગુરુ શબ્દ' કોઈ વિરલે પકડ્યા. શાસ્ત્રો ભણવાથી, શાસ્ત્રો સાંભળવાથી શું થયું છે? એનાથી ફક્ત ઝઘડાઓ જ વધવા પામ્યા છે. હાલમાં મગજનો વિકાસ વધી ગયો છે. કલિકાળમાં મગજનું પ્રાધાન્ય હોય છે. મગજ વિકાસ પામેલું હોય એટલે વાણી વિલાસ વધી જાય છે, તર્કકુતર્ક વધી જાય છે અને ત્યારે એ જીવ નાસ્તિક થઈ જાય છે. જેના કેવળ હૃદયનો જ વિકાસ થયેલો હોય છે તે ભાવપ્રધાન બની જાય છે. તે જ્યારે પણ કોઈ મહાપુરુષની વાત, કોઈ પણ શાસ્ત્રની વાત, કોઈપણ સાત્ત્વિક આયોજનની વાત સાંભળે છે ત્યારે અતિશય ભાવમય થઈ જાય છે, ગદ્‌ગદ થઈ જાય છે. પરંતુ જેનાં મગજ અને હૃદય બંને બરાબર વિકસિત હોય છે તે, જે વસ્તુ જેવી છે એવા સ્વરૂપમાં એને સમજી શકે છે. હાલમાં તો વાણીવિલાસનો જમાનો છે. સૌ પોતપોતાના મુખેથી શાસ્ત્રો વાંચે છે, ગુરુમુખે શાસ્ત્રો સમજવાનો પ્રયત્ન નથી કરતા. સૌએ એક જ વસ્તુ વાંચી, પરંતુ સમજ ક્યાં એક હતી? એટલે દરેક જણ પોતાની સમજ સાચી છે એમ દાવો કરવા લાગ્યા. અંત ઝઘડામાં આવ્યો. એટલે દાસ સવાએ 'ગુરુમહિમા'માં લખ્યું કે, 'વેદ વાંચી વધ્યા છે ઝઘડા, સદ્‌ગુરુ શબ્દ કોઈ વિરલે પકડ્યા.'

કોઈક જ, વિરલ જ સદ્‌ગુરુના શબ્દો પકડવા સદ્‌ભાગી થઈ શક્યા. સદ્‌ગુરુના શબ્દો એટલે - સદ્‌ગુરુના મુખેથી વૈખરીમાં જે વાણી વહી રહી હતી એને જ શાસ્ત્ર સમજી, જે શિષ્ય એ વાણીનું કર્ણ દ્વારા પાન કરતો હતો અને એ વાણીને બરાબર સમજી લીધી હતી; એનું નામ સદ્‌ગુરુના શબ્દો. જગતનાં તમામ શાસ્ત્રો અને શાસ્ત્રોના નિચોડરૂપે સદ્‌ગુરુએ જે કાંઈ આપ્યું એનું નામ સદ્‌ગુરુના શબ્દો. એ શબ્દો કોઈ 'વિરલાઓ' જ પકડી શક્યા. સામાન્ય મનુષ્યો શાસ્ત્રો વાંચીને ઝઘડામાં પડી ગયા. સદ્‌ગુરુના શબ્દો જેણે પકડ્યા એ તો ખામોશ થઈ ગયા, એ તો ચૂપ થઈ ગયા.

**સમજ્યા તે નર, ફેર ન બોલ્યા.**

સદ્‌ગુરુના શબ્દો જ શિષ્ય માટે આખરી શબ્દો હતા. એનું સમાધાન તો એ શબ્દોમાં જ થઈ ગયું. પછી એ બીજું શું બોલે? તો આમ, સદ્‌ગુરુ-શબ્દ સાંભળવાનો લાભ કોઈક ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય છે.

**"ખટદર્શનમાં ખટપટ ચાલી, ગુરુ રીઝ્યા તેને ગુરુગમ આલી."**

છ પ્રકારનાં દર્શનો કહેવામાં આવ્યાં છે. ઉપર વેદની વાત સમજ્યા તેમ અહીં 'ખટદર્શનમાં ખટપટ ચાલી.' કોઈ કહે કે આ દર્શનમાં ઈશ્વરવાદ છે, તો કોઈ કહે કે આમાં નિરીશ્વરવાદ છે. એમ પોતપોતાની મતિ પ્રમાણે પોતાના વાદના પ્રતિપાદન માટે ખૂબ ખટપટ ચાલી. પરંતુ 'ગુરુ રીઝ્યા તેને ગુરુગમ આલી.' જેણે ગુરુને સેવ્યા એવા શિષ્યોને આ ગુરુગમ પ્રાપ્ત થઈ શકે - એ છયે શાસ્ત્રોમાં-દર્શનમાં એકત્વ છે, કાંઈ જ જુદું નથી. ગુરુદેવે આ છયે દર્શનમાં કઈ રીતે એકપણું છે એ બતાવી શિષ્યના મનનું સમાધાન કરી દીધું. શાસ્ત્રોમાં કઈ રીતનું એકવાક્યપણું રહેલું છે એ ગુરુદેવે બતાવ્યું. ગુરુની સારી રીતે સેવા કરીએ ત્યારે ગુરુ પ્રસન્ન થાય, ગુરુ રીઝે. અને જેણે ગુરુને રીઝવ્યા એને ગુરુગમ પ્રાપ્ત થઈ ગઈ. ગુરુગમ કહેતાં ગુરુ-ચાવી, ભારે ચાવી, મોટાં મોટાં તાળાંઓને જે ખોલી નાખે એવી ચાવી. શિષ્ય તો પોતાનું અજ્ઞાનરૂપી તાળું જ ખોલાવવા આવ્યો હતો. પરંતુ ગુરુએ ફક્ત તાળું જ ખોલી આપ્યું એમ નહીં, એને ચાવી જ આપી દીધી; એમ કહીને કે, 'આ ચાવી તારી! તારી પાસે કોઈ તાળું લઈને આવે તો એને પણ તું ખોલી આપજે. હવે તાળું ખોલાવવા માટે મારી પાસે આવવાની જરૂર નથી. તને ગુરુ-ચાવી આપી છે. એનાથી મોટા મોટા ગૂંચવાડા, મોટાં મોટાં બંધનો; એ બધાંને તું સુલઝાવી શકીશ. એ બધાંમાંથી તું મુક્ત થઈ શકીશ, એનાથી બંધાયેલો કોઈ તારી પાસે આવશે તો એને પણ તું મુક્ત કરી શકીશ.

**"અણલિંગી પદ સદ્‌ગુરુ આપે, ત્રણે તાપ મટે ગુરુ-જાપે."**

આધિ, વ્યાધિ અને ઉપાધિ સ્વરૂપ ત્રણે તાપોનો ગુરુજાપથી નાશ થઈ જાય છે. એ ઉપરાંત સદ્‌ગુરુ શિષ્યને શું આપે છે? 'અણલિંગી પદ'આપે છે. ગુરુદેવ પાસેથી જો કંઈ સૌથી કિંમતી પ્રાપ્ત કરવા જેવું હોય તો તે આ"પદ" છે. "અણલિંગી" પદની પ્રાપ્તિ સદ્‌ગુરુ પાસેથી કરી લેવી. જેમના દ્વારા અણલિંગી પદની પ્રાપ્તિ થાય તેમને સદ્‌ગુરુ સમજવા. આ વાતને આમ બે રીતે સમજવાની છે. એક તો અણલિંગી પદની પ્રાપ્તિ સદ્‌ગુરુ પાસેથી કરી લેવી અને બીજું કે જેમના દ્વારા અણલિંગી પદ પ્રાપ્ત થાય તેમને સદ્‌ગુરુ સમજવા.

અણલિંગી. અણ કહેતાં નહીં અને લિંગી કહેતાં લિંગવાળું. તો અણલિંગી એટલે લિંગ વિનાનું. જગતની તમામ વસ્તુઓને ત્રણ પ્રકારનાં લિંગમાં વહેંચી શકાય; નર, નારી

અને નાન્યતર. જગતની કોઈપણ વસ્તુને આ ત્રણમાંથી એક લિંગ લાગુ પડશે જ. તો જે કાંઈ જોઈએ, સાંભળીએ, એનો આ ત્રણ લિંગમાં સમાવેશ થઈ જાય છે. અહીં શબ્દપ્રયોગ 'અણલિંગી પદ'નો છે. તો એનો શો અર્થ?

સદ્‌ગુરુની આપણા ઉપર કૃપા થાય છે ત્યારે અણલિંગી પદ પ્રાપ્ત થાય છે. અને ત્યારબાદ આપણી સમજ એવી સૂક્ષ્મ અને કુશાગ્ર બને છે કે લિંગ ઉપર આપણી સમજ રોકાતી નથી. જેમ એક્સ-રેની વાત છે. વ્યાધિગ્રસ્ત મનુષ્યના બહારના શરીરને ભેદીને, એક્સ-રે અંદરના શરીરનો ફોટો પાડે છે. તેવી જ રીતે ગુરુદેવની સેવાથી જેને અણલિંગી પદની પ્રાપ્તિ થયેલી છે એવો સાધક જ્યારે કાગડો જુએ છે ત્યારે પુલ્લિંગ, કે ભેંસ જુએ છે ત્યારે સ્ત્રીલિંગ, કે કૂતરું જુએ છે ત્યારે નાન્યતર લિંગ એમ લિંગદૃષ્ટિ એનામાં નથી રહેતી. એને તો સર્વત્ર એક જ ચૈતન્ય દેખાય છે. એ ચૈતન્ય લિંગ વિનાનું છે. એ ચૈતન્ય જે સર્વત્ર, સર્વવ્યાપક, પરમતત્ત્વ છે એને કોઈ લિંગમાં વિભાજિત કરી શકાતું નથી. ગુરુદેવ દ્વારા જ્યારે અણલિંગી પદની પ્રાપ્તિ થાય છે ત્યારે આપણને બધી જ જગ્યાએ ફક્ત ચૈતન્ય, ચૈતન્ય અને ચૈતન્ય જ દેખાય છે, ચૈતન્યનો જ અનુભવ થાય છે. અને ચૈતન્યનો અનુભવ કરીએ ત્યારે અભયની પ્રાપ્તિ થાય છે. જેમકે અણલિંગી પદ પ્રાપ્ત પુરુષ નારીને જતી જુએ ત્યારે એને એ નારીશરીર ના દેખાય પરંતુ નારીના શરીરમાં રહેલ ચૈતન્ય જ દેખાય અને આમ થાય ત્યારે એનામાં નિર્વાસનિક ભાવ આવે, અને ત્યારે એનો ભય ટળી જાય છે. જ્યાં વાસના છે ત્યાં ભય છે, જ્યાં નિર્વાસના છે ત્યાં અભય છે; અને જ્યાં ભય ટળી જાય, અભયપદની પ્રાપ્તિ થાય ત્યાં બે પણાનો નાશ થઈ જાય છે, ત્યાં અદ્વૈત સ્થિતિ ઉત્પન્ન થાય છે. અને જ્યાં અદ્વૈત સ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યાં સમાધિ સ્થિતિ છે.

## તદાદ્રષ્ટુઃ સ્વરૂપેઅવસ્થાનમ્

જે વખતે ચિત્તવૃત્તિઓનો નિરોધ થયેલો હોય છે એ સ્થિતિને યોગ કહેવામાં આવે છે. પાંચ પ્રકારની વૃત્તિઓ હોય છે; પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિવૃત્તિ. આ પાંચેય વૃત્તિઓનો જ્યારે નિરોધ થઈ જાય છે ત્યારે યોગની પ્રાપ્તિ થાય છે. યોગની સ્થિતિમાં દ્રષ્ટા-આત્મા સ્વરૂપસ્થ હોય છે, પોતાના રૂપમાં સ્થિત થયેલો હોય છે. ઊંચામાં ઊંચી સ્થિતિની આ વાત છે. અભયની પ્રાપ્તિ થાય છે એટલે અદ્વૈતની પ્રાપ્તિ થાય છે - એટલે કે બે નહીં એક. એક એટલે એક જ, બીજું કાંઈ નહીં; પાંચેયમાંથી એક પણ વૃત્તિ નહીં, સ્વરૂપસ્થ. અદ્વૈતની પ્રાપ્તિ એટલે સ્વરૂપસ્થ. સદ્‌ગુરુ દ્વારા આપણને જેની પ્રાપ્તિ થાય છે એ આ કિંમતી વસ્તુની છે. અણલિંગી પદની પ્રાપ્તિ એ મનુષ્યજન્મની સાર્થકતા છે. અસ્તુ.

**"લાગ્યા સદ્‌ગોરાંકા પંજા, થયો પ્રકાશ ને ભયા અચંબા."**

ગુરુદેવ એમની બેઠક ઉપર બિરાજમાન છે. શિષ્ય દૂરથી આવી રહ્યો છે. શિષ્ય આવીને ગુરુદેવનો ચરણસ્પર્શ કરે છે. તે વખતે શિષ્યના મનની એવી ભાવના હોય છે કે જેનો પોતે ચરણસ્પર્શ કરી રહ્યો છે એ ગુરુ પોતાના સર્વસ્વ છે. એવી લાગણીવાળા શિષ્ય તરફ ગુરુને પણ ભાવનો ઉદ્રેક થાય છે. શિષ્ય કે જેના હાથ ગુરુનાં ચરણો ઉપર છે, મસ્તક સંપૂર્ણ શ્રદ્ધાથી ગુરુની આગળ ઝૂકી ગયું છે; બરાબર તે સમયે ગુરુદેવ પોતાના હાથથી શિષ્યની પીઠ પર ધબ્બ દઈને ધબ્બો મારે છે. આ વાંચતી વખતે એ આખું દૃશ્ય આપણી નજર સમક્ષ ખડું થઈ જાય છે. ગુરુમહિમાની ઉપરોક્ત લીટીમાં કેટલા સુંદર, સજીવ અને સાકાર શબ્દોનો પ્રયોગ થયો છે. શબ્દોમાં ભારોભાર શૂરવીરતા ભરેલી છે. અસ્તુ.

ગુરુદેવ પોતાનો હાથ શિષ્યની પીઠ ઉપર પછાડે છે, માથા ઉપર મૂકે છે ત્યારે બાહ્ય રીતે જોતાં, સ્થૂળ દૃષ્ટિથી શિષ્યે ગુરુને કરેલા ચરણસ્પર્શની સ્થૂળ ક્રિયા પૂરી થયેલી લાગે છે. પરંતુ આ સ્થૂળ ક્રિયાની સાથે સાથે આંતરિક રીતે એક સૂક્ષ્માતિસૂક્ષ્મ યૌગિક ક્રિયા પણ પૂર્ણ થાય છે. ગુરુમાં જે અસ્ખલિત વિદ્યુતનો પ્રવાહ વહી રહ્યો છે તે એમના હાથ અને પગનાં આંગળામાં થઈને બહાર વહે છે. ગુરુના ચરણસ્પર્શથી શરૂ થયેલી સ્થૂળ ક્રિયા જ્યારે જોરદાર ધબ્બાથી પૂર્ણ થાય છે ત્યારે વિદ્યુતપ્રવાહનું એક વર્તુળ પૂર્ણ થાય છે અને શિષ્યના શરીરમાં પ્રકાશ થાય છે, અલૌકિક દિવ્ય જ્યોતની ઉત્પત્તિ થાય છે. શિષ્ય તેને જોઈને અચંબો પામે છે. શિષ્યમાં રહેલ અજ્ઞાનરૂપી અંધકાર પણ આની સાથે જ ઉલેચાઈ જાય છે. શિષ્યની અંદર, ગુરુદેવની તપઃશક્તિ આ ક્રિયાથી ઊતરી છે. શિષ્ય સ્વરૂપસ્થ થઈ જાય છે.આ રીતે તે જ્ઞાનનો, પૂર્ણ પ્રકાશનો અધિકારી બને છે. જ્ઞાન એ આત્માનો ધર્મ નથી પરંતુ એનું "સ્વરૂપ" છે.

અનંત પ્રકાશનો જે નિચોડ, તેને જ્ઞાન કહ્યું છે. મેઘલી રાત હોય, અમાસનું અંધારું હોય અને એ વખતે કોઈ મોતી પરોવવા બેઠું હોય, એવામાં જ જો વીજળીનો ચમકારો થાય તો એ ચમકારામાં મોતી પરોવી લેવાય છે. તેવી રીતે, ગુરુદેવની શક્તિ ગુરુદેવના પંજાના માધ્યમ દ્વારા શિષ્યમાં દાખલ થાય છે ત્યારે તેના શરીરમાં ઉત્પન્ન થતા અનંત પ્રકાશથી ગૂંચવણોરૂપી-અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે. પછી કાંઈ પૂછવાનું કે સમજવાનું બાકી રહેતું નથી. પછી તો જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધી તે પોતાની મસ્તીમાં જીવ્યે જાય છે, નિજાનંદમાં મસ્ત રહે છે.

'થયો પ્રકાશ ને ભયા અચંબા'. જગતમાં કોઈ અસામાન્ય ઘટનાથી પણ કેટલું આશ્ચર્ય થાય છે! આ સામે મહીસાગર કેવા હિલોળા લઈ રહ્યો છે! ત્યારે કેવાં વમળો ઊઠે છે! કેવું આશ્ચર્ય પમાડે છે! તો, આ ઘટના તો શિષ્યના શરીરમાં થાય છે ત્યારે કેવો અચંબો થાય! આપણા આશ્ચર્યની સીમા ના રહે, ત્યારે એવું લાગે કે આજે આપણો મનુષ્યજન્મ સાર્થક

થયો, આજે આપણી ગુરુસેવાનું તમામ ફળ મળી ગયું. આજે આપણા ઉપર પરમાત્માએ કૃપા કરી, આજે આપણાં માતા-પિતા તરફથી મળેલ આશિષનું ફળ પ્રાપ્ત થયું.

ગુરુનો પંજો, ધબ્બારૂપે જ્યારે શિષ્યના મેરુદંડ (પીઠ) ઉપર પડે છે ત્યારે શિષ્યના શરીરમાં આંતરિક ક્રિયાઓનો આવિષ્કાર થાય છે. શરીરસ્થ પ્રાણનું ઉત્થાન થાય છે, પ્રાણ ક્રમશઃ સુષુમ્ણા નાડીમાં પ્રવેશી ત્યાંથી ચિત્રા નાડીમાં થઈ, બ્રહ્મ નાડીમાં પ્રવેશીને સહસ્રારમાં પહોંચી જાય છે.

**"અગમ દેશમાં અદેખ દેખ્યા, આપ પ્રકાશે આપને પેખ્યા."**

ગમ ના પડે એવો અગમ દેશ. સ્થૂળ શરીરની અંદર આવેલા સૂક્ષ્મ શરીરની તો ડૉક્ટરોને પણ ખબર પડતી નથી. યોગી જ પોતાના સંયમ દ્વારા સૂક્ષ્મ શરીરમાં જઈ શકે છે. હૃદયની રચના, ફેફસાંની રચના, પગની રચના કેવી છે એ જાણવા માટે યોગીને ચીરફાડ નથી કરવી પડતી, પરંતુ એ પોતાના યૌગિક સંયમથી, ચોકકસ જગ્યાએ પ્રવેશી, બધું જોઈ લઈ શરીરની બહાર આવી જાય છે અને પછી શાસ્ત્રની રચના કરે છે; અને એ રચનામાંથી આપણે પણ કંઈક પ્રાપ્ત કરી શકીએ છીએ. પરંતુ આપણી પ્રાપ્તિ અપ્રત્યક્ષ હોય છે જ્યારે યોગીની પ્રાપ્તિ પ્રત્યક્ષ હોય છે. તો, આ રીતે 'અગમ દેશમાં અદેખ દેખ્યા', જે આજ સુધી જોવામાં નહોતું આવ્યું એવું જોવા મળ્યું, જેનું વૈખરીમાં વર્ણન ના થઈ શકે, જ્યાં વાણી વિરામ પામી જાય એવું અલૌકિક દર્શન થયું.

'આપ પ્રકાશે આપને પેખ્યા'. અને ત્યાં બીજું શું થયું? પોતાના જ પ્રકાશથી પોતાને જોયો, પોતાને ઓળખ્યો. પોતાના જ આત્માથી, આત્માની અનુભૂતિ કરી, પોતાના ચૈતન્યથી, ચૈતન્યનો સાક્ષાત્કાર કર્યો. પોતાના પરમતત્ત્વથી સર્વવ્યાપક એવા પરમતત્ત્વને આત્મસાત્ કર્યું.

અંધારામાં કોઈ વસ્તુ દેખાય નહિ. વસ્તુને જોવા માટે પ્રકાશની જરૂરત પડે. શરીરમંદિરમાં આવેલી વસ્તુઓ પણ આજ સુધી અંધારામાં હતી. પરંતુ અહીં એ વસ્તુઓ જોવા માટે પ્રકાશ ક્યાં થાય છે? અંદર (શરીરની અંદર) જ પ્રકાશ થયો અને એ પ્રકાશથી જ શરીરની અંદરની જ વસ્તુનાં દર્શન થયાં, એની ઓળખ થઈ. પોતાના જ પ્રકાશથી પોતાને ઓળખી લીધો, પોતાને પેખ્યો.

**"અખે મહેલમાં આનંદ ભરિયો, જ્યાં વરસે અમૃતનો દરિયો,**
**અવિનાશીની સાધના આવી, બેઠા નૂરમાં નૂર સમાવી."**

અખે કહેતાં અક્ષય, જેનો ક્ષય ના થાય એવો મહેલ. જગતમાં ઈંટ-ચૂનાના જે મહેલો બન્યા છે એ નાશ પામી જાય એવા છે. આપણું આ માનવમંદિર, આ જગતના ઈંટ-

ચૂનાના મહેલ કરતાં વિશેષ છે છતાં એનો પણ ક્ષય થઈ જાય છે. પરંતુ અહીં જે મહેલની વાત કરી છે એ મહેલ તો કદી પણ નાશ થતો નથી. એવા અક્ષય મહેલમાં પરમ કૃપાળુ પરમાત્મા બિરાજેલા છે. જેની અંદર ચૈતન્ય ચમકી રહ્યું છે એ અક્ષય મહેલનો કદી નાશ થતો નથી. તો, એવા મહેલમાં ચિરંજીવી અર્થાત્ સદાકાળ જીવંત રહે છે એવો આનંદ ભરેલો છે.

પ્યાલામાં ભરેલું દૂધ કાયમ રહે નહિ, કારણ કે પ્યાલો નાશવંત છે. 'અખે મહેલ' તો પાત્ર અક્ષય છે અને એમાં આનંદ ભરેલો છે. તેથી તે આનંદ ક્યારેય નાશ પામતો નથી. 'જ્યાં વરસે અમૃતનો દરિયો'. ત્યાં શાની વર્ષા થઈ રહી છે? અમૃતની. અમૃતનાં ટીપાં નહીં પરંતુ ધોધમાર દરિયો વરસી રહ્યો છે, અમૃતનો દરિયો હિલોળા લઈ રહ્યો છે.

'અવિનાશીની સાધના આવી, બેઠા નૂરમાં નૂર સમાવી'. અવિનાશી - જેનો ક્યારેય નાશ નથી, ક્યારેય જેનો ક્ષય થતો નથી એની સાધનાનો પ્રકાર કેવો છે? 'બેઠા નૂરમાં નૂર સમાવી' નૂરને નૂરમાં સમાવી દીધું છે.અવિનાશી પરમાત્માની સાધનાનો આ એક પ્રકાર છે. પ્રકાશને પ્રકાશમાં સમાવી રહ્યા છે, ચૈતન્યમાં ચૈતન્યને સમાવી રહ્યા છે, ચેતન દ્વારા જ ચેતનને ઓળખી રહ્યા છે, ચેતનમાં જ ચેતનને પામીને સ્થિર થઈ ગયા છે. પ્રકાશમાં પ્રકાશ થઈને બેઠા છે.

**"વાતું એ ઘરની કોઈ વિરલા જાણે, દેખત પંથી કોક ઠેકાણે;**
**પ્રેમ પિયાની આશક લાગી, જ્યોત શૂન્યમાં ઝળહળ જાગી."**

એ ઘરની વાત કોઈ વિરલ પુરુષ જ જાણી શકે છે. 'દેખત પંથી કોક ઠેકાણે' એ પંથ ઉપર ચાલનારા બધી જગ્યાએ હોતા નથી, ક્યાંક ક્યાંક જ જોવામાં આવે છે. આવા અગમ ઘરના રસ્તા ઉપર ચાલનારો પથિક કંઈ બધે જોવા મળતો નથી.

'પ્રેમ - પિયાની આશક લાગી, જ્યોત શૂન્યમાં ઝળહળ જાગી.' 'પ્રેમ પિયાની આશક' એટલે જેનામાં આસક્ત થઈ જવાય એ પિયા. પત્ની માટે પતિ એ પિયા છે અને પતિ માટે પત્ની એ પણ પિયા છે. પણ આ જગ્યાએ પિયા કોણ છે? અધિકમાં અધિક પ્રિય, પ્રિયતમ એવો છે, પ્રેમ. તો, એ પ્રેમ-પિયાની આશક લાગી, કોઈ સ્ત્રી-શરીરની કે પુરુષ-શરીરની આસક્તિ લાગી નથી, પત્નીમાં કે પતિમાં આસક્તિ લાગી નથી. પરંતુ અહીં તો આસક્તિ લાગી છે 'પ્રેમ-પિયાની'. કયા પ્રેમની? અલૌકિક પ્રેમની આસક્તિ લાગેલી છે. અગાઉ જે ગુરુ-શિષ્યના પ્રેમનું વર્ણન કર્યું હતું, એવા અલૌકિક અને દિવ્ય પ્રેમરૂપી પિયાની આસક્તિ લાગી છે. તેથી હવે આ જગતના સ્થૂળ શરીરોવાળા પિયાઓ છે એમાં આસક્તિ ક્યાંથી લાગે? એકસાથે બે આસક્તિ તો રહે નહીં. એક મ્યાનમાં બે તલવાર સમાય નહીં,

એક જ સમાય. બેમાંથી એક આસક્તિ તો છોડવી જ પડે. અમને તો 'પ્રેમ પિયા'ની આસક્તિ લાગી છે. તેથી જગતની, પંચમહાભૂતોની, એષણાઓની આસક્તિ અમને લાગે એમ નથી.

તો, જ્યારે 'પ્રેમ પિયાની આશક' લાગે છે ત્યારે શું થાય છે? 'જ્યોત શૂન્યમાં ઝળહળ જાગી'. ઝળહળ કરતી જ્યોત પ્રગટી. ક્યાં? શૂન્યમાં. આપણે અગાઉ પણ 'શૂન્ય'ની વાત કરી ગયા. શૂન્યમાં - અતિશૂન્યમાં અર્થાત્ બ્રહ્મરંધ્રમાં જ્યોત પ્રગટી, જ્યોતનો ઝળહળાટ થયો, પ્રકાશ અને અજવાળું થયું. અસ્તુ.

**"નીરખી ન્યાલ ભયા છે નૂરા, સોઈ પહોંચ્યા સાહેબ હજૂરા."**

તેઓ સાહેબની હજૂરમાં, સાહેબના દરબારમાં પહોંચી ગયા. તેઓ અર્થાત્ ગુરુમહિમાનું ગાન કરનારાઓ - સાહેબના પરમાત્માના ચરણોમાં પહોંચી ગયા. આ જગ્યાએ પરમાત્મા માટે, ઈશ્વર માટે 'સાહેબ' શબ્દનો ઉપયોગ થયો છે. 'સાહેબ હજૂરા', સાહેબની હજૂરમાં, પરમાત્માનાં ચરણોમાં પહોંચી ગયા.

'નીરખી ન્યાલ ભયા છે નૂરા'. નૂર એટલે પ્રકાશ, અને નૂરા એટલે નૂરને જોવાવાળા. પ્રકાશને નીરખીને એ નીરખવાવાળા ન્યાલ થઈ ગયા. હવે એને બીજું કાંઈ પ્રાપ્ત કરવાનું રહ્યું નહીં. મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને જે મેળવવાનું હતું એ મેળવી લીધું અને તેઓ સાહેબની હજૂરમાં પહોંચી ગયા. જ્યારે તેમણે સમાધિ દ્વારા, અસંપ્રજ્ઞાત યોગ દ્વારા આંતરપ્રકાશને જોયો ત્યારે એ સાહેબની હજૂરમાં પહોંચી ગયા.

**"બંકનાળના બંકા કિલ્લા, ત્યાં ચઢશે કોઈ વચન શોખિલ્લા."**

'બંકનાળના બંકા કિલ્લા'. આ અતિશય ગૂઢ અને રહસ્યવાળો વિષય છે. કારણકે આ તો છે જ 'ગુરુ'મહિમા, 'લઘુ'મહિમા નહીં. ગુરુમહિમા એટલે તેનાથી આગળ કોઈ ગુરુ નથી, તેનાથી વધુ મહત્ત્વવાળું, વધુ મૂલ્યવાળું બીજું કાંઈ નથી. મૂલ્યની અને કિંમતની જ્યાં હદ આવી જાય છે, સીમા આવી જાય છે એટલા મહત્ત્વવાળો મહિમા એટલે જ ગુરુમહિમા. તો આમ, આ ગુરુમહિમામાં યોગને પણ કુશળતાપૂર્વક સમાવી લેવામાં આવ્યો છે.

'બંકનાળના બંકા કિલ્લા'. આ જગ્યાએ શબ્દ છે બંકનાળ. યોગીજનો પૂર્વમાર્ગથી બ્રહ્મરંધ્રમાં જાય છે અને પશ્ચિમમાર્ગમાં થઈને પણ બ્રહ્મરંધ્રમાં ચઢે છે. બ્રહ્મરંધ્રમાં જાય છે કહેતાં કુંડલિનીને જગાડીને, પ્રાણને ઉઠાવીને પૂર્વમાર્ગ અથવા પશ્ચિમમાર્ગ દ્વારા પ્રાણને બ્રહ્મરંધ્રમાં પહોંચાડે છે. સાધક, સાધનામાં પૂર્વાભિમુખ થઈ બેસે છે. એથી સૂર્ય તરફ રહેતાં અંગો - મોઢું, છાતી ઈત્યાદિ - એ પૂર્વમાર્ગ છે. એ રીતે પૂર્વાભિમુખ આસનમાં બેઠા હોઈએ ત્યારે પાછળનાં અંગો - મેરુદંડ, કમર, વાંસો ઈત્યાદિ - તે પશ્ચિમમાર્ગ કહેવાય છે. એ રીતે પૂર્વ અને પશ્ચિમ માર્ગ સમજવાનો છે. સૂર્યની સામે પૂર્વ, એની પાછળ પશ્ચિમ, જમણા હાથ

બાજુ દક્ષિણ અને ડાબા હાથ બાજુ ઉત્તર.

તો, આમ સૂર્યની સામે મોઢું રાખીને બેઠા હોઈએ ત્યારે પૂર્વાભિમુખ બેઠા છીએ એમ કહેવાય. તેથી પેડુ બાજુથી ઉપર ચડીએ તો પૂર્વમાર્ગથી ગમન થયું કહેવાય. યોગશાસ્ત્રમાં ચક્રોનાં જે વર્ણન આવે છે તે નીચે મુજબ છે.

પહેલું - ગુદાસ્થાનમાં - મૂલાધાર
બીજું - પેડુ અને લિંગસ્થાનની સંધિ પાસે - સ્વાધિષ્ઠાન
ત્રીજું - નાભિમાં - મણિપુર
ચોથું - હૃદયમાં - અનાહત
પાંચમું - કંઠમાં - વિશુધ્ધ
છઠ્ઠું - બે ભ્રમરની મધ્યમાં - આજ્ઞા
સાતમું - મસ્તકના મધ્યમાં - બ્રહ્મરંધ્ર (સહસ્રદળકમળ)

નવજાત શિશુના મસ્તકના મધ્યમાં જે ભાગ પોચો પોચો હોય છે, જ્યાં આંગળી મૂકવાથી ધબકારા અનુભવાય છે તે બ્રહ્મરંધ્રનું સ્થાન છે. આ બધાં ચક્રો મેરુદંડમાં (કરોડરજ્જુમાં) સમજવાનાં છે.

આટલી સમજણ પ્રાપ્ત કર્યા પછી હવે એ સમજણ પ્રાપ્ત કરીએ કે મેરુદંડમાં રહેલી સુષુમ્ણા નાડી જ્યારે કંઠ સુધી પહોંચે છે ત્યારે એ નાડીના બે ભાગ પડે છે, એ નાડી બે માર્ગમાં વહેંચાય છે. નાડીનો એક ભાગ કંઠમાંથી જુદો પડી બે ભ્રમરોની વચમાં થઈને બ્રહ્મરંધ્રમાં પહોંચે છે. આ, આગળનો પૂર્વમાર્ગ છે. એ નાડીનો બીજો ભાગ કંઠમાંથી પાછળ ને પાછળ સીધો બ્રહ્મરંધ્રમાં પહોંચે છે. તે માર્ગને પશ્ચિમમાર્ગ કહેવાય છે.

કંઠમાંથી નીકળી, બે ભ્રમરોની વચમાં થઈને નાડી બ્રહ્મરંધ્રમાં જાય છે તે નાડી જ્યારે ભ્રમરોની વચ્ચે આવે છે ત્યારે તે સ્થાનને ત્રિકુટિ સ્થાન કહેવામાં આવે છે. ''સદ્‌ગુરુની આરતી''માં સવજીદાસ લખે છે કે ''ગુરુગમ ત્રિકુટિદ્વાર ખૂલતાં'' - તો એ ત્રિકુટિદ્વાર જ્યાં ત્રીજું નેત્ર છે એમ માનવામાં આવે છે. ત્રીજું નેત્ર બુદ્ધિનું, જ્ઞાનનું, પ્રકાશનું નેત્ર છે. જે અતીન્દ્રિય જગતનું, અતીન્દ્રિય પદાર્થનું જ્ઞાન આપણને ચર્મચક્ષુ દ્વારા નથી થઈ શકતું, ચર્મચક્ષુ જે સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ પદાર્થોને જોઈ નથી શકતાં, અનુભવી નથી શકતાં તેને જોવા માટે, તેને અનુભવવા માટે ત્રિકુટિમાં રહેલા જ્ઞાનનેત્રની મદદ લેવી પડે છે. જ્ઞાનનેત્ર જ્યાં રહેલું છે એ ત્રિકુટિ સ્થાન છે, એ માર્ગને ત્રિકુટીમાર્ગ કહે છે. 'ગુરુગમ ત્રિકુટિદ્વાર ખૂલતાં' - ચાહે ત્રિકુટિ માર્ગવાળો પૂર્વમાર્ગ હોય કે પછી ભ્રમરગુફાવાળો પશ્ચિમમાર્ગ હોય, એ બંને 'ગુરુગમ' છે. ગુરુદેવની આપણા ઉપર સંપૂર્ણ કૃપા ઊતરે ત્યારે એ દ્વારો ખૂલી જાય છે. ગુરુદેવના માર્ગદર્શનમાં સાધના કરવાથી પ્રાણના બ્રહ્મરંધ્ર તરફના વહન દરમ્યાન એ દ્વારો ખૂલી જાય

છે. એ દ્વારો ખૂલેલાં હોય તો જ પ્રાણ પૂર્વમાર્ગ કે પશ્ચિમમાર્ગ દ્વારા બ્રહ્મરંધ્ર સુધી પહોંચે છે.

"બંકનાળના બંકા કિલ્લા". બંકનાળ - વાંકી નાળ - વળેલી નાડીને ત્રિકુટિ કહેવાય છે. ત્રિકુટિદ્વારમાં - બંકનાળમાં થઈ ને જ્યારે યોગી પ્રાણને બ્રહ્મરંધ્રમાં પહોંચાડે છે અને સમાધિસ્થ થાય છે ત્યારે એ સમાધિને દીર્ઘકાળ સુધી રાખી શકાતી નથી. યોગીજનોનું એમ કહેવાનું છે કે સમાધિને દીર્ઘકાળ સુધી રાખવા માટે પશ્ચિમમાર્ગમાંથી બ્રહ્મરંધ્રમાં જવું પડે છે. એટલે કે પ્રાણને પશ્ચિમમાર્ગમાંથી લઈ જવો પડે છે. પશ્ચિમમાર્ગમાં શું આવે છે? ભ્રમરગુફા આવે છે. ત્રિકુટિ-બંકનાળ તો આગળના પૂર્વમાર્ગમાં આવે છે.

ત્રિકુટિ એટલે ઇડા, પિંગલા અને સુષુમ્ણા નામની ત્રણ નાડીઓ બે ભ્રમરોની વચ્ચે ભેગી થાય છે તે સ્થાન ત્રિ + કુટ + ઇ = (આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક - સત્ત્વ, રજ અને તમરૂપી) દુઃખોને કૂટી નાંખનારી, નાશ કરનારી. આ સ્થાનમાંથી પ્રાણ જ્યારે આગળ વધે છે ત્યારે યોગની ભાષામાં 'ત્રિકુટિભેદ' થયો એમ કહેવાય છે.

યોગી જ્યારે પશ્ચિમમાર્ગમાં થઈને પ્રાણને બ્રહ્મરંધ્રમાં લઈ જવાનો પ્રયત્ન કરે ત્યારે ત્યાં આવેલા એક ચક્રને ભેદવાનું થાય છે. એ ચક્રમાં જે સૂક્ષ્માતિસૂક્ષ્મ કેન્દ્ર છે એને ભેદવા, અને તોડવા પ્રાણને ત્યાં લાંબા સમય સુધી અથડાવવો પડે છે, ટકરાવવો પડે છે. ત્યાં ભ્રમરગુફા માર્ગ છે. ત્યાંથી આગળ વધતાં યોગી બહુ ભયભીત થઈ જાય છે. એ વખતે એને પ્રાણ છૂટી જવાનો ભય પણ લાગે છે. આવા કઠિન માર્ગમાં કોણ ચઢી શકે?

ગીતામાં કહ્યું છે તેમ, પ્રથમ તો આ માર્ગ ઉપર ચાલનારા જ અલ્પ છે. અને તેમાં પણ બીજી બધી સિદ્ધિઓને, પ્રલોભનોને એક બાજુ ફેંકી, કેવળ મને પ્રાપ્ત કરવાની ચાહનાવાળા તો અલ્પમાં પણ અલ્પ છે. પરંતુ યોગમાર્ગમાં ચાલી ત્રિકુટિ સુધી પહોંચે તેવા તો એથી પણ અલ્પ છે. અને ત્રિકુટિનો - બંકનાળનો અનુભવ લઈ પછી પશ્ચિમમાર્ગથી - ભ્રમરગુફામાં થઈ બ્રહ્મરંધ્રમાં પહોંચે એ તો અલ્પ, અતિઅલ્પ, અલ્પતમ છે. યોગી જવલ્લે જ ત્યાં પહોંચી શકે છે. અને ત્યાં પહોંચ્યા પછી તેનું કાર્ય, તેની સાધના પૂર્ણ થઈ જાય છે; મનુષ્યજન્મની સાર્થકતા થઈ જાય છે.

'બંકનાળના બંકા કિલ્લા.....' નાળ એટલે નાડી અને બંક એટલે વાંકી. ત્રિકુટિ પાસે એક વાંકી નાળ-નાડી છે. ત્યાંથી પ્રાણને પસાર થવું પડે છે. આપણે ચાર-પાંચ દિવસ પહેલાં અહીં ઝાંઝરીમાં ફરવા ગયા હતા. ઝાંઝરી કહેતાં ઝરણું . અહીં એને ઝાંઝરી કહે છે. એ ઝાંઝરીમાં ફરવા ગયા હતા ત્યારે આપણે જોયું હતું કે એ સર્પાકારે - વાંકીચૂંકી, વાંકીચૂંકી કેવી વહેતી હતી ! એ ઝાંઝરી ઉપર ફેલાયેલાં નાનાંમોટાં કેવાં વાંકાં ઝાડ હતાં ! એ ઝાંઝરીમાંથી પસાર થવા માટે આપણે કેટલા બધા વાંકા વળવું પડતું હતું ! વાંકા વળીને

મુશ્કેલીથી, એ ઝાડના કાંટા આપણને ન લાગે, એ રીતે એ ઝાડની આગળ નીકળી જતા હતા. તો આમ આ બંકનાળ - બંકા કિલ્લા એટલે કે વાંકીનાળ, વાંકો કિલ્લો છે. બ્રહ્મરંધ્રમાં જવા માટે એ વાંકા કિલ્લાને પસાર કરવો પડે છે. એક તો કિલ્લો અને તેમાં વાંકો કિલ્લો. એમ કહીને સવજીદાસ એ સમજાવવા માગે છે કે પૂર્વમાર્ગથી ચઢવું અતિ કઠિન કાર્ય છે અને પશ્ચિમમાર્ગમાંથી પ્રાણને બ્રહ્મરંધ્રમાં પહોંચાડવો એ તો એથી પણ અતિ કઠિન કાર્ય છે. તો એ કઠિન કાર્યને કોણ કરી શકે છે? એવા કઠિન કિલ્લા ઉપર કોણ ચઢી શકે છે?

'ત્યાં ચઢશે કોઈ વચન શોખિલ્લા'. ત્યાં તો વચનના શોખિલ્લા જ પહોંચી શકશે. જગતના બીજા બધા શોખમાંથી જેઓ ઉપરામ થઈ ગયા છે તેઓ જ ત્યાં પહોંચી શકશે. જેના મનમાં જગતના લઘુ-શોખો હિલોળા ખાતા હોય તે આ ગુરુ-શોખમાં આગળ વધી જ ક્યાંથી શકે? એ બધામાંથી પરવારે - પિયરમાંથી પરવારે ત્યારે સાસરે જાય ને? તેમ આ જગતનાં પંચભૌતિક શોખોમાંથી, મોજમજામાંથી ઊંચો આવે ત્યારે જ એને ગુરુ-શોખ તરફ આગળ વધવાની રુચિ-અભિરુચિ જાગે ને? આ જગતના વ્યવહાર-પ્રપંચ કરતાં પણ અતિ કિંમતી વસ્તુઓ છે, એવો ખ્યાલ એને ક્યારે આવે છે? જ્યારે થોડો પણ અંતર્મુખ થાય છે ત્યારે. એ સતત બહિર્મુખ હોય તો બહિર્મુખપણામાં જે કાંઈ ઇન્દ્રિયસુખો સામે આવે છે એમાં જ એ રચ્યોપચ્યો રહે છે. પછી એને બીજું કાંઈ જોવાની ક્ષણની પણ ફુરસદ હોતી નથી; ઇન્દ્રિયસુખ સિવાય પણ બીજું જે કાંઈ અતિ મૂલ્યવાળું, અતિ મહત્ત્વનું છે તે જોવાની તેને ફુરસદ નથી હોતી.

દરેક ઇન્દ્રિયનાં બે મોઢાં છે - બહારનું મોઢું અને અંદરનું મોઢું. જ્યાં સુધી ઇન્દ્રિયોનાં બહારનાં મોઢાં ખુલ્લાં હોય ત્યાં સુધી અંદરનાં મોઢાં બંધ રહે છે. આંખ બહારનું જુએ, કાન બહારનું સાંભળે; એમ બધી જ ઇન્દ્રિયો જ્યાં સુધી બહિર્મુખ હોય ત્યાં સુધી તેમનાં અંદરનાં મોઢાં બંધ હોય છે. બહારનાં મોઢાં બંધ કરવાથી ઇન્દ્રિયોનાં અંદરનાં મોઢાં આપોઆપ ખૂલે છે. તો, ઇન્દ્રિયોનાં અંદરનાં મુખ ખોલવા માટે પ્રયત્ન કરવાનો છે ઇન્દ્રિયોનાં બહારનાં મુખ બંધ કરવાનો; અંતર્મુખ થવા માટે પ્રયત્ન કરવાનો છે બહિર્મુખતામાંથી મુક્ત થવાનો. બહિર્મુખતાથી મુક્ત થયા તેની સાથે જ અંતર્મુખ થઈ જવાય છે.

અંતર્મુખ થયા પછી ખબર પડે કે બહિર્જગત કરતાં અંતર્જગતમાં અતિ વિશાળ, અતિ પવિત્ર, અતિ વિસ્મયકારક કાંઈક છે ! પરંતુ મનુષ્ય બહિર્મુખમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરે ત્યારે ને?! એ અંતર્મુખ થાય ત્યારે ને ?! એ અંતર્મુખ થાય નહીં અને કંચનને બદલે કાચ લીધા જ કરે. અસ્તુ.

બંકનાળરૂપી વાંકા કિલ્લા ઉપર ચઢી, બ્રહ્મરંધ્રરૂપી શહેરમાં કોણ દાખલ થઈ શકે? જે વચનનો શોખિલ્લો છે તે; 'રઘુકુલ રીતિ સદા ચલી આઈ, પ્રાણ જાય અરુ વચન ન જાઈ.'

જે આવો વચનનો શોખિલ્લો છે તે. જે વ્યવહારમાં પણ વચનનો શોખિલ્લો છે તે પરમાર્થમાં પણ વચનનો શોખિલ્લો હશે. એક વખત 'લીધું પણ જે શિરને સાટે, હવે નહીં મૂકું.' હવે તો પણ લીધું છે, એ શિરને સાટે. ધડ ઉપરથી ભલે શિર છૂટું પડી જાય, પણ લીધેલું 'પ્રણ'-વચન મુકાય કેમ ? તો, જેને અડગ વચનનો આવો શોખ છે તેઓ બંકનાળના બંકા કિલ્લાઓ પાર કરી જાય છે.

વચન શોખિલ્લાનો બીજો અર્થ આ પ્રમાણે છે. 'શોખિલ્લા' શબ્દમાંથી 'શો' અક્ષરને જુદો પાડીએ તો આ - વચન "શો", "ખિલ્લા". વચનશોખિલ્લા એટલે વચનોના શોખવાળા અને વચન-શો-ખિલ્લા-(શો=તે) એટલે વચનના ખિલ્લા; જેમ શેષનાગના માથામાં હુજળ જોષીએ ખીલી મારી 'તી. એક હુજળ જોષી થઈ ગયા. કહે છે કે એ એવું મુહૂર્ત જોતા કે કદી નિષ્ફળ ના જાય. એમણે કહ્યું કે અમુક મુહૂર્તમાં જમીનમાં ખીલી મારશો તો એ ખીલી શેષનાગના માથામાં વાગશે. એ પ્રમાણે ખીલી મારી તો પૃથ્વીમાંથી લોહી નીકળ્યું, શેષનાગના માથામાં ખીલી લાગી છે એની સાબિતીરૂપે. એટલે જે પાકું કામ કરે એને માટે એમ કહેવાય છે કે એણે "શેષનાગના માથામાં ખીલી મારી".

તો 'ખિલ્લા' - વચનશોખિલ્લા, જેમનાં વચન કેવાં? ખીલા જેવાં. એક વખત મોઢામાંથી વચન નીકળી ગયું એટલે એ પૂરું કરીને જ રહે, ચાહે માથું પડી જાય તોય ભલે.

**બૈઠે હૈં તેરે દર પે, તો કુછ કરકે ઉઠેંગે;**
**હો જાયેંગે વસ્લ, યા તો મરકે ઉઠેંગે.**

વચન એટલે ફક્ત મોંઢેથી બોલાયેલું જ વચન જ નહીં. એ તો સ્થૂળ છે. પરંતુ મનમાં કોઈ સંકલ્પ કર્યો હોય તો એ પણ સૂક્ષ્મ વાણીનું વચન જ છે. ચાર પ્રકારની વાણી છે - પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી. એ વાણીમાંથી ગમે તે એક વાણીમાં કોઈપણ એક પ્રકારનો શુભ સંકલ્પ થઈ ગયો હોય તો એ સંકલ્પને પૂરો કરીને જ મૂકે, તો એને શું કહેવાય? વચન શોખિલ્લા. અને આવા વચન શોખિલ્લા જ બંકનાળ ઉપર - બંકા કિલ્લા ઉપર ચઢી શકશે.

**"ઝડપ સુરત શબ્દને બાઝી, ઈંડ ફૂટ્યો ત્યાં ગર્જના ગાજી."**

'ઝડપ સુરત શબ્દને બાઝી.' બાઝી પડવાનું છે, વળગી પડવાનું છે. કોને? શેના દ્વારા? વૃત્તિ દ્વારા ઝડપથી શબ્દને બાઝી પડવાનું છે. શબ્દ કહેતાં મંત્ર. ધ્યાનમાં જવા માટે, સમાધાનને પ્રાપ્ત કરવા માટે આ એક ઉપાય બતાવ્યો છે. મંત્રો, એ શબ્દના માધ્યમથી જપવામાં આવે છે. એ મંત્રનો જપ ચાલતો હોય ત્યારે એ મંત્રના જપરૂપી સાધનથી વૃત્તિઓને એકાગ્ર કરી, નિરોધ અવસ્થામાં પહોંચી જવાનું છે. પતંજલિ મુનિ ચિત્તવૃત્તિના

નિરોધને યોગ કહે છે. યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ. અહીં ચિત્તવૃત્તિઓને ક્યાં એકાગ્ર કરવાનું કહ્યું છે? શબ્દજાપમાં-મંત્રજાપમાં. સુરત કહેતાં વૃત્તિ અને શબ્દ કહેતાં મંત્ર. તો, શબ્દ-મંત્રને એવું બાઝી પડવાનું છે, એ રીતે પકડી લેવાનો છે કે એ કરતાં કરતાં વૃત્તિઓ તેમાં એકાગ્ર થઈ જાય અને એકતાનતા આવી જાય.

કાલે આપણે એક સૂત્રનો અભ્યાસ કર્યો હતો. "તજ્જપસ્તદર્થભાવનમ્" યોગદર્શનમાં ઈશ્વરને સમજાવવા માટેનાં છ સૂત્રો છે. એમાનું એક સૂત્ર છે - તસ્ય વાચકઃ પ્રણવઃ તેનો (ઈશ્વરનો) વાચક પ્રણવ છે, તેમનું નામ ઓમ્ છે. અને ઈશ્વરના નામનો - ઓમ્ નો - જપ કેવી રીતે કરવો તે 'તજ્જપસ્તદર્થભાવનમ્' એ સૂત્ર દ્વારા બતાવ્યું. આ સૂત્રનો અર્થ છે- તેનો (ઓમ્ નો) જપ અર્થની ભાવના સાથે કરવો. અને 'ઝડપ સુરત શબ્દને બાઝી' એમાં પણ એ સૂત્ર જેવી જ વાત છે; ફક્ત ભાષાનો જ ફર્ક છે. એક સંસ્કૃત ભાષામાં છે અને બીજું તળપદી ભાષામાં છે. મંત્રનો જપ કરીએ ત્યારે એ મંત્રનું પુનઃ પુનઃ ઉચ્ચારણ કરતા હોઈએ છીએ. તો આમ, ઝડપથી, બહુ જ કુશાગ્રતાથી, બહુ જ સાવધાનીથી, શબ્દોના માધ્યમથી વૃત્તિઓને એકાગ્ર કરી લેવી. અને ત્યાર પછી શું થાય? જપ કરતાં કરતાં જપમાં એવી એકાગ્રતા આવે, એવી એકતાનતા આવે કે પછી-

**તત્ર પ્રત્યૈકતાનતાધ્યાનમ્**

અર્થ : ધારણામાં એકતાનતા આવવી તેને ધ્યાન કહેવામાં આવે છે. પંતજલિ મુનિ વિભૂતિપાદમાં શું કહી રહ્યા છે? "દેશબંધચિત્તસ્ય ધારણા"- ચિત્તને વૃત્તિઓના માધ્યમથી કોઈ એક દેશમાં બાંધી દેવું. ચિત્તની વૃત્તિઓને સ્થિર કરી દેવી, ચાહે શરીરનો દેશ હોય કે શરીરની બહારનો દેશ હોય તેમાં; તેનું નામ ધારણા છે. અને એ ધારણામાં જ્યારે એકતાનતા આવી જાય ત્યારે તેને ધ્યાન કહેવામાં આવે છે. ધ્યાન એ ધારણાથી કોઈ જુદી વસ્તુ નથી. પરંતુ એ ધારણાનું જ પરિપક્વ સ્વરૂપ છે. જ્યારે આપણે ધારણા કરતા હોઈએ, કોઈ એક દેશમાં વૃત્તિઓને રોકવાનો પ્રયત્ન કરતા હોઈએ; કોઈ એક દેશમાં ગુરુજીના સ્વરૂપને કલ્પનાનાં ચક્ષુથી, માનસિક ચક્ષુથી જોવાનો પ્રયત્ન કરતા હોઈએ; ત્યારે ગુરુજનોનાં ચરણારવિંદ દેખાતાં હોય, ગુરુજનોનાં દર્શન થતાં હોય, ગુરુજીનું સ્વરૂપ માનસિક ચક્ષુઓની સામે ખડું થતું હોય; પરંતુ એ દશ્ય ક્ષણિક રહે અને પાછું વિલીન થઈને જગતનાં, દુકાનનાં, મિલનાં કે કારોબારનાં દશ્ય ખડાં થઈ જાય. વળી પાછા આપણે એ દશ્યોને પ્રયત્નપૂર્વક હટાવી દઈએ અને ગુરુજનોનું, ઈષ્ટજનોનું, જેનું આપણે ધ્યાન કરવું છે એનું દશ્ય ખડું કરીએ; થોડો પ્રયત્ન કરીએ અને દશ્ય ખડું થાય. થોડી વાર પછી ફરી પાછાં બીજાં દશ્યો દેખાવા લાગે. કારણકે તેનો તો અધ્યાસ છે ને? આ જીવને ભૌતિક વસ્તુઓનો અનેક વર્ષોનો, અનેક જન્મોનો અધ્યાસ છે એટલે એ પાછી ભાગાભાગી શરૂ કરી દે છે.

તો એવી સ્થિતને ધારણા કહી. પરંતુ જ્યારે મન નક્કી કરેલા સ્થાનમાં નિવાતુદીપસમ રહે, તૈલધારાવત્ રહે ત્યારે તેને 'ધ્યાન' કહેવાય. 'તૈલધારાવત્'અને 'નિર્વાતુદીપસમ' શબ્દોને સમજીએ. તૈલધારાવત્ એટલે તેલની ધાર જેવું. જેમ તેલ ભરેલા વાસણમાંથી બીજા ખાલી વાસણમાં તેલની ધાર કરીએ તો એ તેલની ધારા કેવી અખંડ રહે છે! તે જ પ્રમાણે પાણીની ધાર કરીએ તો એ તેલની ધારની જેમ અખંડ રહેશે? એ તા છિન્નવિચ્છિન્ન થઈ જાય; તેના ખંડ-ખંડ, ટીપાં-ટીપાં આપણને જુદાં દેખાય છે. પરંતુ તેલમાં એક દોરી મૂકી હોય એમ એક જ ધાર પડે છે. તો, ધ્યાન કેવું હોવું જોઈએ એ સમજાવવા આ શબ્દનો પ્રયોગ થયો છે. બીજો શબ્દ છે નિર્વાત્ દીપસમ્, જ્યાં બિલકુલ પવન ના આવતો હોય એ જગ્યાએ દીપક પ્રગટાવ્યો હોય તો એ દીપકની જ્યોત - એ દીપકની શિખા કેવી સળંગ એકસરખી પ્રગટે છે! તેમાં સહેજ પણ હલનચલન નથી હોતું. તો આમ, ધારણા એકતાન થાય, તેમાં વિક્ષેપ ના આવે, તેમાં ખંડપણું ના આવે ત્યારે તેને ધ્યાન કહેવામાં આવે છે.

આમ, જ્યારે ધારણામાં એકતાનતા આવે ત્યારે શું થાય? 'ઈંડ ફૂટ્યો ત્યાં ગર્જના ગાજી.' જ્યારે ધારણામાંથી ધ્યાનમાં અને ધ્યાનમાંથી સમાધિમાં પહોંચી જવાય - સમાધિમાં ક્યારે પહોંચી જવાય? જ્યારે સંપૂર્ણ 'નિરોધાવસ્થા' પ્રાપ્ત થાય. સંપૂર્ણ નિરોધાવસ્થા ક્યારે પ્રાપ્ત થાય? પ્રાણ જ્યારે બ્રહ્મરંધ્રમાં પહોંચી જાય ત્યારે. અને પ્રાણ બ્રહ્મરંધ્રમાં ક્યારે પહોંચી જાય? જ્યારે ઈંડ ફૂટે, બ્રહ્માંડ તુટે ત્યારે. અહીં શબ્દ આવ્યો ઈંડ-અંડ. આપણે ગુરુમહિમા બોલતી વખતે સત્સંગમાં હર વખતે આ વાત સમજાવીએ છીએ કે અંડ બે પ્રકારના છે; એક તો પિંડાંડ અને બીજો બ્રહ્માંડ. લંબગોળ (ઈંડાકૃતિ) હોવાથી તેનું નામ ઈંડ છે, અંડ છે. એક ઈંડ તે આ શરીર. પગના અંગુઠાથી લઈને માથાની સીમા સુધી એ પિંડની સીમા છે. અને એ સિવાય જે કાંઈ પસારો છે એ બ્રહ્માંડ છે, તે બીજું ઈંડ છે. આમ બ્રહ્મ-અંડ અને પિંડ-અંડ.

બ્રહ્મરંધ્ર એ પિંડમાં ઉપરનો છેડો છે, ઉપરની પૂરી થતી સીમા છે અને ત્યાં એક કેન્દ્ર છે, જેને તોડીને-ફોડીને પ્રાણ બ્રહ્મરંધ્રમાં પહોંચી જાય છે અને ત્યાં સ્થિર થઈ જાય છે. એ વખતે સમાધિમાં પ્રથમ પ્રવેશ થાય છે. પ્રાણ, જ્યારે છેલ્લા ચક્ર બ્રહ્મરંધ્રમાં પહોંચી જાય છે ત્યારે એક પ્રકારનો ઘોર અવાજ થાય છે, ઘોર ગર્જના થાય છે. જેમ -

કાલે રાત્રે આપણે સૂતા હતા ત્યારે વીજળીના કેવા કડાકા અને ભડાકા થતા હતા! વાદળો કેવાં ગરજતાં હતાં? એ ગર્જનાઓ બ્રહ્માંડમાં થતી હતી. એવી જ ગર્જનાઓ સમાધિ વખતે પિંડમાં થાય છે. પિંડની વિશાળ પ્રતિકૃતિ છે બ્રહ્માંડ અને બ્રહ્માંડની નાની આવૃત્તિ છે પિંડ. એક નાનું સ્વરૂપ છે, બીજું વિશાળ છે. જે કાંઈ નાના સ્વરૂપે પિંડમાં છે, તે વિશાળ સ્વરૂપે બ્રહ્માંડમાં છે. જે કાંઈ બ્રહ્માંડમાં રહેલું છે તે અતિ સૂક્ષ્મરૂપે પિંડમાં રહેલું છે. તો, જે વખતે ઈંડ ફૂટ્યો અને પ્રાણ બ્રહ્મરંધ્રમાં ગયો, સમાધિની પ્રાપ્તિ થઈ તે વખતે ગર્જના ગાજી.

(આ પ્રથમ અવસ્થાની વાત છે. જ્યારે પ્રથમ વાર બ્રહ્મરંધ્રમાંનું કેન્દ્ર તૂટે છે - ફૂટે છે ત્યારે ગર્જના ગાજે છે. ત્યાર બાદ ફરી ફરીને આમ થાય છે ત્યારે ગર્જના થતી નથી.)

### "રૂપ, અરૂપ, અમર ભરથારા દેખ્યા ત્રણ પાંચથી પારા."

એ વખતે શી સ્થિતિ થઈ? એ વખતે શું જોવામાં આવ્યું? કેવું રૂપ જોવામાં આવ્યું? કેવા ભરથાર જોવા મળ્યા? ભરથારા-ભરથાર, ધણી, સ્વામી, પતિ એ બધા એકાર્થી શબ્દો છે. પશુપતિ - પાશુપતમતમાં જીવમાત્રને પશુ સમજવામાં આવે છે અને શિવ એ બધાં પશુના પતિ છે. અસ્તુ.

સમાધિ અવસ્થામાં કેવા રૂપવાળા ભરથાર જોવા મળ્યા? 'રૂપ, અરૂપ, અમર ભરથારા, કેવું રૂપ? અરૂપ. કેવા ભરથાર? અમર ભરથાર. સાધક સમાધિમાંથી વ્યુત્થાન અવસ્થામાં આવે છે અને પોતાના સ્નેહી મિત્રને વાત કરે છે કે હું બ્રહ્માંડમાં ગયો હતો. મિત્ર પૂછે છે કે ત્યાં શું હતું? સાધક કહે છે કે ત્યાં મારો ધણી, અખિલ બ્રહ્માંડનો માલિક બેઠેલો હતો. એ કેવો હતો? અમર- મરે નહીં એવો. એ સિવાયના બીજા બધા ધણી મરે એવા, બીજા બધા ધણી તો મરણાસન્ન - મરે એવા; પણ આ ધણી - જે મેં ત્યાં જોયો એ - તો અમર ભરથાર હતો. પત્નીને જ ધણી હોય એમ નહીં, પતિને પણ ધણી હોય. આપણે માથે પરમાત્મા છે ને? સર્વનું સંચાલન કરનારા - આપણા બધાના માલિક. આપણે બધાં પશુઓ અને એ આપણા માલિક; એ રીતે એ આપણા ધણી. સાંસારિક ધણી તો આપણને કેટલો આશરો આપી શકે છે? અતિ અલ્પ. કારણ કે તે વિનાશી છે. પરંતુ અમર ભરથાર તો કેવા છે? કાયમ આશ્રય આપે એવા; જેમનો આશ્રય લીધા પછી બીજા કોઈનો આશ્રય લેવો ના પડે એવા. એ આશરો આપનારા કેવા હતા? એમની સ્થિતિ કેવી હતી? અજર-અમર. એમને જરા પણ નહોતી અને એમને મરણેય નહોતું. એમનું રૂપ કેવું હતું? લાંબા હતા, પહોળા હતા, ટૂંકા હતા, કાળા હતા, ગોરા હતા? ના. એમનું કોઈ રૂપ જ નહોતું; રૂપ વિનાના, અરૂપ. અને—

'દેખ્યા ત્રણ પાંચથી પારા.' આ અમર ભરથારા, જેને કોઈ પણ પ્રકારનું રૂપ નહોતું; જે અમર હતા, અજર હતા. એને પાછા કેવા દેખ્યા? 'ત્રણ પાંચથી પારા.' તેઓ 'ત્રણ' અને 'પાંચ' થી પર હતા. ત્રણ ગુણ અને પંચભૂત. સત્વ, રજ અને તમ ત્રણ ગુણો માનવામાં આવે છે, અને પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પાંચને પંચમહાભૂત કહેવામાં આવે છે. આપણું શરીર પંચમહાભૂતનું બનેલું છે. સમાધિસમયે જેમનું દર્શન થયું તે ભરથાર કેવા હતા? તેઓ ત્રણ ગુણ અને પંચમહાભૂતથી પર હતા, તેમનું રૂપ, અરૂપ, હતું, તે અજર-અમર હતા.

અહીં બીજો અર્થ એ પણ નીકળે છે કે, જે સાધક પંચમહાભૂત અને ત્રણ ગુણોથી

પર થઈ જાય તે સાધક અજર-અમર ભરથારને, અરૂપ ભરથારને; નિર્ગુણ-નિરાકાર ભરથારને પામી શકે. એવા ભરથારનાં દર્શન થયાં ત્યારે સાધકની સ્થિતિ કેવી હતી તેનું વર્ણન હવે પછીની લીટીમાં આવે છે.

**"ઘણણઘણણ જ્યાં ઘોરજ ઘમકે, દશો દિશામાં વીજળી ચમકે."**

આ બધી વાતો અગાઉ ગુરુમહિમાની સમજણમાં આવી ગઈ છે. મંદિરોમાં જે આરતી કરવામાં આવે છે એ શાનું પ્રતીક છે? આ અવસ્થાનું પ્રતીક છે - બ્રહ્માંડ ફૂટે છે એટલે કે જ્યારે પ્રાણનો બ્રહ્મરંધ્રમાં પ્રવેશ થાય છે ત્યાર પહેલાંની ભૂમિકા; એ સમયે શરીરમાં, જેમ મંદિરમાં આરતી વખતે શંખ, ઢોલ-નગારાં, પખાજ વગેરે વાજિંત્રોના અવાજ થાય છે તેમ, આ બધા જ ઘોર સંભળાય છે, આ બધા જ ધ્વનિઓ અનુભવાય છે. આરતીસમયે વાગતાં વાજિંત્રોની એકીસાથે ધણેણાટી થતી હોય છે; એવી ધણેણાટી અંદર બ્રહ્માંડમાં (મસ્તકમાં) યોગીને સંભળાય છે.

તો, જે યોગી નથી, સાધક નથી, એ અવસ્થાએ પહોંચ્યા નથી એને પણ ઉપરોક્ત અનુભવ કરાવવા માટે આપણા મહાપુરુષોએ આ બાહ્ય મંદિરોની રચના કરી અને મંદિરોમાં આ પ્રકારની સંધ્યા અને પ્રાતઃકાળની આરતી ગોઠવી. અને એ આરતી વખતે ઝાંઝ, પખાજ, મૃદંગ, ઢોલ, નગારાં ઈત્યાદિ બધાં વાજિંત્રો એકસાથે વગાડવામાં આવ્યાં. એનો જે સામૂહિક અવાજ નીકળ્યો એવો અવાજ યોગીને બ્રહ્માંડ ફૂટવા સમયે શરીરની અંદર સંભળાય છે. આ અનુભવ સામાન્ય જનસમુદાયને કરાવવા માટે આરતીરૂપી બાહ્ય સાધનની રચના મહાપુરુષોએ કરી. તો જેમ બાહ્ય મંદિરોમાં આરતી થાય છે તેમ શરીરમંદિરમાં આરતી થતી હોય છે.

'.... દશો દિશામાં વીજળી ચમકે.' કાલે રાત્રે કેવી વીજળી ચમકતી હતી! ઝબકારા કરતી હતી! પણ ક્યાં? કેવળ આકાશમાં. પણ અહીં તો દશે દિશામાં વીજળી ચમકે. જ્યારે પ્રાણ બ્રહ્મરંધ્રમાં પહોંચે ત્યારે પ્રકાશ થાય છે. વીજળીના જેમ ઝબકારા થતા હોય એવો પ્રકાશ થાય છે. કઈ દિશામાં? દશો દિશામાં. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ચાર દિશાના ચાર ખૂણા, મસ્તક ઉપરના ભાગમાં આકાશ અને પગની નીચેના ભાગમાં પાતાળ; એમ દશો દિશામાં પ્રકાશ એટલે કે શરીરમંદિરનો બધો જ ભાગ પ્રકાશમય. એકેએક ભાગ, પગથી તે માથા સુધી, બોંતેર કરોડ રુંવાડે, તમામે તમામ છિદ્રોમાં વીજળીઓ ચમકવા માંડી, એક પણ છિદ્ર બાકી ના રહ્યું એમ પ્રકાશ-પ્રકાશ થઈ ગયો, ઝળહળાટ થઈ ગયો.

**"વિના દીપક જ્યાં જ્યોત પ્રકાશા,"**

એક બાજુ આ વીજળીઓ ઝબકારા કરે છે અને બીજી બાજુ અનંત જ્યોતો પ્રગટી

રહી છે. કઈ જ્યોતને જોવી? જેમ દીપાવલીના દિવસે કોડિયાંમાં અનંત જ્યોતો પ્રગટાવીએ એમ આખા શરીરમાં ચારે બાજુ, દશે દિશામાં કુદરતી રીતે જ અનંત જ્યોતો પ્રગટે છે. વિના દીપક.... શરીરમંદિરની જ્યોતોને પ્રગટાવવા દીપકની-દીવાની જરૂર નથી પડતી, એ તો આપમેળે જ પ્રગટે છે, કુદરતી રીતે જ પ્રગટે છે.

ગુરુમહિમાની સમજૂતીમાં અત્યાર સુધી આ જે વર્ણન આવ્યું-

**વિના દીપક જ્યાં જ્યોત પ્રકાશા.**
**ઘણણઘણણ જ્યાં ઘોરજ ઘમકે.**
**દશો દિશામાં વીજળી ચમકે.**
**દેખ્યા ત્રણ પાંચથી પારા.**
**રૂપ, અરૂપ અમર ભરથારા.**
**ઈંડ ફૂટ્યો ત્યાં ગર્જના ગાજી.**
**ઝડપ સુરત શબ્દને બાઝી.**

આ બધું કોના પ્રતાપે થયું? કોના આધારે થયું? આ બધા અજબ તમાશા કોણ બતાવી રહ્યા હતા?

**"અણઘડ દેવના અજબ તમાશા!"**

'અણઘડ દેવ' આ બધા અજબ તમાશા બતાવી રહ્યા હતા. અણઘડ દેવ કોણ છે? તમામ દેવો, જેમને મંદિરોમાં બેસાડવામાં આવ્યા છે - ભગવાનના જે જે અવતારો થઈ ગયા એમના પ્રતીકરૂપે એમની મૂર્તિઓને આપણે મંદિરોમાં બેસાડી છે - એ બધા કેવા દેવ છે? એ બધી કેવી મૂર્તિઓ છે? ઘડ-ઘડેલી; એને કોઈને કોઈ મનુષ્યે ઘડેલી છે. ચાહે એ લાકડામાંથી, પથ્થરમાંથી કે ધાતુમાંથી બનાવેલી હોય અથવા તો કાગળ ઉપર રંગ અને પીંછીની મદદથી ચિત્રકારે ચિત્ર દોરેલું હોય. પરંતુ એ બધા દેવોની પ્રતિમાઓ ઘડેલી છે. પણ આ જગ્યાએ તો અણઘડ દેવની વાત છે. એ દેવને કોઈએ ઘડ્યો નથી. એ દેવ ક્યા? આત્મદેવ, પરમાત્મદેવ, ચેતનદેવ, સર્વવ્યાપક દેવ. એને કોણે ઘડ્યા છે? અરે ! એમને કોણ ઘડે?! ખરેખર તો એ ચેતનદેવ જ બધાને ઘડે છે. તેથી અહીં કહ્યું - અણઘડ દેવના અજબ તમાશા!

ઉપર કહેલા બધા અજબ તમાશા કોણ કરી રહ્યું છે? અણઘડ દેવ. જેમને કોઈએ ઘડ્યા નથી પરંતુ જે સ્વયંભૂ છે. એમના દ્વારા થયેલ આ અજબગજબનો તમાશો! મનુષ્ય એક વખત જુએ તો પછી બીજા શેમાંય એને દિલચસ્પી રહે? બીજા શેમાંય એને અભિરુચિ રહે? ના રહે; એવો અજબનો એ તમાશો છે! તેથી આગળ શું કહ્યું?

**"પ્યાલો ગળી થઈ ગયું છે પાણી."**

આ બધું જોયું એની સ્થિતિ કેવી થઈ ગઈ? 'પાલો ગળી થઈ ગયું છે પાણી' જેવી. પાણી ભરેલા બરફના પ્યાલાને ગળતાં-પીગળતાં કેટલી વાર લાગે? થોડી ક્ષણોમાં એ પાણી થઈ જાય છે. તો પ્યાલો કહીએ તો બરફનો પ્યાલો, તે પ્યાલાનું રૂપ ઓગળી જઈ તે પાણીમાં ફેરવાઈ જાય છે. અને 'પાલો' નો બીજો અર્થ કરા. જ્યારે ઘણી ઠંડી સાથે વરસાદ પડે છે ત્યારે જે બરફ-કરા પડે છે તેને પાલો કહેવામાં આવે છે. તો–

**"પાલો ગળી થઈ ગયું છે પાણી, અમરની મૂર્તિ અમરમાં સમાણી."**

જેમ પાલો પીગળી જઈ પાણી બનતાં વાર નથી લાગતી તેમ 'અમરની મૂર્તિ અમરમાં સમાણી.' 'અમરની મૂર્તિ' એટલે કઈ મૂર્તિ? જેનું રૂપ, અરૂપ છે, જે અમર ભરથાર છે અને જે ત્રિગુણ અને પંચમહાભૂતથી પર છે એ મૂર્તિ. એ અમરની મૂર્તિ શેમાં સમાણી? અમરમાં. એ અમર - આત્માની અમર-મૂર્તિ પરમાત્મામાં સમાઈ ગઈ. અમર ચેતનની મૂર્તિ અમર ચેતનમાં સમાઈ ગઈ. જીવે બ્રહ્મરંધ્રમાં પહોંચી શિવ સાથે તાદાત્મ્ય સાધી લીધું. જે અમર છે તે અમરમાં સમાઈ ગયું.

**"એકાકાર જ્યાં કાળ ન કાયા"**

જેમ પાણીમાં ખાંડ અથવા મીઠું નાખવામાં આવે, તો એ પાણી સાથે એકાકાર થઈ જાય છે. એનું એકાકારપણું દષ્ટિગોચર નથી થતું; પાણી અને ખાંડ કે પાણી અને મીઠું અલગ-અલગ નથી દેખાતાં. પરંતુ જો પાણીના એક ટીપાને જીભ ઉપર મૂકીએ તો એકાકારપણું નથી એમ ખાતરી થઈ જાય છે. તે વખતે પાણીમાં કાં તો ખારાશ અથવા મીઠાશ જણાય છે. તો આમ, તે ચક્ષુની દષ્ટિએ તો એકાકાર થઈ ગયું હતું પણ સ્વાદની દષ્ટિએ એકાકાર થયું નહોતું. પરંતુ અહીં તો કેવું એકાકારપણું છે? પાણીની તપેલી ભરેલી હોય અને તેમાં એક બરફનો ટુકડો નાખીએ; બરફનો ટુકડો પાણી સાથે એવો તો એકાકાર થઈ જાય કે તે આપણી નજરમાં પણ ના આવે અને એકાકાર થયેલું પાણીનું ટીપું જીભ ઉપર મૂકીએ તો તેનો સ્વાદ પણ જુદો ના લાગે. આમ, બરફનો ટુકડો પાણી સાથે બધી રીતે એકાકાર થઈ ગયો. આમ, 'એકાકાર જ્યાં કાળ ન કાયા' માંનું એકાકારપણું આવી રીતે સમજવાનું છે.

પાણીમાં બરફ નાખતાં જેવું એકાકારપણું આવે છે તેવું એકાકારપણું ચેતન-આત્માના ચેતન -પરમાત્મા સાથેના મિલનથી આવે છે. પાણીમાંથી જ્યારે બરફના ટુકડાનું સ્વરૂપ બંધાયું ત્યારે બરફના ટુકડાનો લાંબો-પહોળો, ગોળ-ચોરસ એવો જે આકાર હતો; પાણી સાથે એકાકાર થઈ જવાથી હવે તેનો આકાર પહેલાં જેવો ના રહ્યો. એ પાણીમાં પડી, પાણીમાં રહી, પાણીમાં ભળી ગયો ત્યારે એ એકાકાર થઈ ગયો, તેની કાયા ના રહી, તેનો આકાર ના રહ્યો. તેવી જ રીતે-

'એકાકાર જ્યાં કાળ ન કાયા.' - ચેતન-આત્મા, ચેતન-પરમાત્મા સાથે એકાકાર થઈ ગયો, આત્મા-પરમાત્માનો યોગ થઈ ગયો પછી તેની કાયા ના રહી, પછી એને કાળ પણ ના રહ્યો. પછી એને કોણ મારી શકે? એને મૃત્યુ જ ક્યાં રહ્યું? એ અમર થઈ ગયો. તદા દ્રષ્ટુઃ સ્વરૂપેઅવસ્થાનમ્ - દ્રષ્ટા સ્વરૂપ થઈ ગયો, પોતાના અસલ સ્વરૂપમાં મળીને એ અમર થઈ ગયો. એના સ્થૂળ રૂપને જે મરણ હતું, એના સ્થૂળ રૂપને જે કાળ હતો, એના સ્થૂળ રૂપને જે તબદીલી હતી, એના સ્થૂળ રૂપનું જે પરિવર્તન હતું એ હવે ના રહ્યું. હવે જે પરિવર્તન થયું તે છેલ્લું હતું, હવે એનામાં બીજું પરિવર્તન આવવાનું જ નહીં. તો આ જગ્યાએ શું કહ્યું?

**"એકાકાર જ્યાં કાળ ન કાયા, અખે દેશ નહીં મોહ નહીં માયા."**

એકાકાર થઈ ગયા. હવે એને કાળ કંઈ કરી શકતો નથી કારણકે એને કાયા નથી. અને તેથી 'અખે દેશ નહીં મોહ નહીં માયા.' ગુરુમહિમાની આગળની લીટીઓમાં આપણે 'અખે મહેલમાં આનંદ ભરિયો' - આ લીટી સમજ્યા હતા. 'અખે મહેલ' કહેતાં અક્ષય મહેલ. અહીં બીજી વાર 'અખે' શબ્દ આવ્યો. આગળની લીટીમાં 'અખે મહેલ' શબ્દ હતો અને અહીં 'અખે દેશ' શબ્દ આવ્યો. 'મહેલ' તો 'દેશ' ની અંદર આવી જાય. અહીં તો વાત છે આખો દેશ અક્ષય થઈ જવાની. આખો દેશ જ જ્યાં અક્ષય થઈ જાય, ક્ષય વિનાનો થઈ જાય, પછી ત્યાં મોહ પણ ક્યાંથી હોય અને માયાય ક્યાંથી હોય? કાયા પણ નહીં અને કાળેય નહીં; જ્યાં એવું એકાકારપણું આવી ગયું છે, જ્યાં આખો દેશ જ અક્ષય થઈ ગયો છે. જેમકે - પાણીનું એક બિંદુ પાણીના મહાસાગરમાં મળી જાય તો એનો દેહ અક્ષય થઈ જાય છે. એનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. એના અસ્તિત્વનો વિસ્તાર થઈ ગયો. તેવી જ રીતે આત્મા-પરમાત્માનો યોગ થવાથી, તે બંને એકાકાર થવાથી કાયા ના રહી અને કાયા ના રહેવાથી કાળ પણ ના રહ્યો. અને તેથી સાધકના શરીરરૂપી આખો દેશ અક્ષય થઈ ગયો. આમ થવાથી પછી મોહ અને મમતા બંને નાશ પામ્યાં. ''ચેતનમેં ચેતન સમાયા, ફિર કિસસે મોહ ઔર કિસસે માયા?''

**"ઈંડ પાર સદ્‌ગુરુકા ડેરા, અવિચળ દેખ્યા અમર ફકીરા."**

ઈંડ પાર સદ્‌ગુરુકા ડેરા. સદ્‌ગુરુનો નિવાસ, સદ્‌ગુરુનો મુકામ ક્યાં છે? એ ક્યાં વસે છે એની આ જગ્યાએ માહિતી આપી છે. પરમાત્માને - ઈશ્વરને 'સદ્‌ગુરુ' નામથી સંબોધવામાં આવ્યા. તો એવા સદ્‌ગુરુએ પોતાના ડેરા-તંબુ ક્યાં નાખ્યા છે? પોતે ક્યાં બિરાજમાન છે?

પહેલાં આપણે વાત થઈ કે ઈંડ બે છે. એક તો પિંડ-ઈંડ અને બીજો બ્રહ્મ-ઈંડ. ઈંડ એટલે કે ઈંડું જેમ ઈંડું લંબગોળ હોય છે તેમ આ ઈંડ પણ લંબગોળ હોય છે. પિંડાંડ

અને બ્રહ્માંડ, એ બે લંબગોળ ઈંડાં છે. ઈંડ 'પાર' - જ્યાં ઈંડ પૂરો થાય છે તેની પેલે પાર સદ્‌ગુરુનો વાસ છે. જેમ અહીં આ વાત્રક નદીના કિનારે કેદારેશ્વર મહાદેવ છે અને એના સામા કિનારે પાવઠી નામનું ગામ છે. જો આપણે અહીંથી પાવઠી જવું હોય તો આપણે કહીએ કે 'મારે નદીની પેલે પાર પાવઠી મુકામે જવું છે.' એમ 'ઈંડ પાર' એટલે કે જ્યાં ઈંડ પૂરો થાય, જ્યાં ઈંડનો છેડો આવી જાય, જ્યાં ઈંડનો અંત આવી જાય; ત્યાં સદ્‌ગુરુ વસી રહ્યા છે, ત્યાં આત્માનો મુકામ છે, ત્યાં તેમણે ધામા નાખ્યા છે. તો પરમાત્માને મળવા માટે ઈંડના પેલા છેડે જવું પડશે.

આપણે આગળ વાત કરી કે સાધકે બંકનાળને ભેદીને બ્રહ્માંડમાં-બ્રહ્મરંધ્રમાં જવાનું છે. આપણા શરીરરૂપી-પિંડરૂપી ઈંડનો નીચેનો છેડો પગનો અંગૂઠો છે, તેવી જ રીતે શરીરનો ઉપરનો છેડો બ્રહ્માંડ (બ્રહ્મરંધ્ર) છે. પરમાત્મા ત્યાં બિરાજમાન છે. તો એમને મળવા માટે પેલે પાર જવું પડે. આ પારથી પેલે પાર જવું પડે, બ્રહ્માંડમાં જવું પડે, મધ્યમાં રહીએ તો નહીં ચાલે.

જ્યાં પિંડ- શરીર પૂરું થાય ત્યાંથી ઉપર બાર આંગળની સીમા સુધી ચેતનાની વ્યાપ્તિ છે. આપણે મહાપુરુષોનાં, અવતારોનાં ચિત્રો જોયાં છે. ચિત્રમાં એમના મસ્તકની ફરતે એક તેજોમય વર્તુળ બતાવેલું હોય છે. એ શેનું પ્રતીક છે.? શરીરની બહાર બાર આંગળ સુધી જે ચેતના વ્યાપેલી છે એનું એ પ્રતીક છે. ફક્ત મસ્તક પાસે જ નહીં પરંતુ આખા શરીરના ફરતે બારબાર આંગળ સુધી એ તેજોવર્તુળ વ્યાપીને રહેલું છે - એ ચેતના શરીરની બહાર બાર આંગળ સુધી વ્યાપીને રહેલી છે. જો કે એ તેજોવલય આપણા ચર્મચક્ષુથી જોઈ શકાતું નથી.

યોગીજનો પોતાની ચેતનાને સાધના દ્વારા ઘણા યોજનો સુધી વિસ્તારી શકે છે. એમની ચેતનાના વિસ્તારમાં જે જે પ્રાણીઓ આવે છે, મનુષ્યો આવે છે તે સૌ ઉપર યોગીજનો પોતાની મન-ધારી અસર પહોંચાડી શકે છે. તેમની ચેતનાના સંપર્કમાં આવતાં તમામ પશુ-પક્ષી-મનુષ્યને તેઓ પોતાની મરજી પ્રમાણે ચલાવી શકે છે, એમની સમજણમાં ફેરફાર કરી શકે છે, એમને સન્માર્ગે દોરી શકે છે, સદ્‌ધર્મમાં ચલાવી શકે છે, પવિત્ર અને સાત્ત્વિક બનાવી શકે છે. ચેતનાનું વ્યાપકપણું દરેકે દરેક જીવમાં અમુક હદ સુધી હોય છે. પરંતુ સાધના અને યોગ દ્વારા એનો ઘણો લાબાં અંતર સુધી વિસ્તાર કરી શકાય છે. અને તેથી -

**અહિંસા પ્રતિષ્ઠાયાં તત્ સન્નિધૌવૈરત્યાગઃ**

અહિંસાની પ્રતિષ્ઠા - અહિંસાની સિદ્ધિ જે યોગીજનોએ પ્રાપ્ત કરી છે તેમના સાંનિધ્યમાં હિંસક પ્રાણીઓ પોતાનો હિંસક સ્વભાવ ભૂલી જાય છે. અસ્તુ

''ઈંડ પાર સદ્‌ગુરુકા ડેરા.'' સદ્‌ગુરુનો નિવાસ ઈંડ પાર' છે. જ્યાં ઈંડ પૂરો થાય

ત્યાંથી પણ બાર આંગળ દૂર સુધી એ વસેલા છે. જ્યાં પિંડાંડ અને બ્રહ્માંડ પૂરું થાય ત્યાંથી પણ ઉપર બાર આંગળ સુધી તે વસેલા છે. તેથી સમસ્ત પિંડ અને સમસ્ત બ્રહ્માંડનું સંચાલન એઓ કરી શકે છે. સર્વને પોતપોતાનાં કર્મનાં ફળો પરમાત્મા એ રીતે આપી શકે છે. દરેક પશુ-પક્ષી-મનુષ્ય ઇત્યાદિ ચેતનતત્ત્વો બ્રહ્માંડમાં જ રહેલાં છે. તેથી બ્રહ્માંડની અંદર રહીને જ દરેક જીવ પોતાનાં કર્મો કરે છે. ચાહે સત્કર્મો કે દુષ્કર્મો, ચાહે પવિત્ર કર્મો કે અપવિત્ર કર્મો; એમ જે કાંઈ કર્મો થાય છે તે બ્રહ્માંડની અંદર રહ્યાં રહ્યાં જ થાય છે. પરમાત્મા તો બ્રહ્માંડની પેલે પાર રહેલા છે. તેથી બ્રહ્માંડમાં જે કાંઈ થઈ રહ્યું છે તે બધાની ખબર એમને પડે છે. બ્રહ્માંડની સીમા જ્યાં પૂરી થાય છે ત્યાંથી આગળ જઈને કોઈ કર્મ કરી શકતું નથી. બ્રહ્માંડમાં રહીને અને પિંડમાં રહીને જ આપણે આપણાં કર્મો કરીએ છીએ. પરમાત્મા બ્રહ્માંડની ઉપર છે તેથી એમને બધી ખબર પડી જાય છે અને તેથી એ તમામ પ્રકારનાં સત્ - અસત્ કર્મોનાં ફળ આપી શકે છે.

'અવિચળ દેખ્યા અમર ફકીરા'. ફકીરા કહેતાં ત્યાગી, ભિક્ષુ, સંન્યાસી. આવાં ઉપનામો- વિશેષણો પરમાત્માને અપાયાં છે. તો ઈંડ પાર કોણ વસી રહ્યું છે. અમર ત્યાગી - અમર સંન્યાસી - અમર ભિક્ષુ - અમર ફકીરા ત્યાં વસી રહ્યા છે. એ કેવા છે? અવિચળ છે. જે ચળ નથી, ચંચળ નથી, સ્થિર છે, અવિચળ છે, અખંડ છે, એકાકાર છે. અને -

**"તે જ થકી સકળ પરકાશા, તામેં લવ લાવે સવ દાસા."**

તેના થકી સકળ (બધે) પ્રકાશ છે. એક "તે જ" થકી એટલે તેના જ થકી અને બીજું "તેજ" થકી એટલે પ્રકાશ થકી. પ્રકાશ દ્વારા જ પ્રકાશ. પ્રકાશ કહેતાં આત્મા. એ આત્મા જો છે તો જ બધો અનુભવ છે. જો આત્મા ના હોય તો મડદાને તો કંઈ અનુભવ થવાનો નથી. એ તો પંચમહાભૂત છે. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ; એ તો જડ છે. તો પ્રકાશ થકી જ, આત્મા થકી જ બધો પ્રકાશ છે, બધી જ લીલા છે.

'તામેં લવ લાવે સવ દાસા'. આ સવજીદાસ પોતાને ગુરુનો દાસ ગણે છે. એ સિવાય પોતાને બીજું કાંઈ ગણતો નથી. 'હું તો કેવળ ગુરુનો દાસ છું, એમનાં ચરણોમાં બેસવાવાળો છું'. અને એ સવજીદાસે પોતાના ગુરુની કૃપાથી આખો ગુરુમહિમા રચ્યો કે જેના વિષે આપણે બોલી રહ્યા છીએ. સવજીદાસ શું કહી રહ્યા છે?

"તામેં લવ લાવે સવ દાસા" લવ કહેતાં એક ક્ષણ. જ્યારે ગુરુદેવની કૃપા થાય ત્યારે એક ક્ષણમાં આવો ગુરુ-મહિમા રચાઈ જાય, એક ક્ષણમાં અજબ તમાશા દેખાઈ જાય, એક ક્ષણમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય, જ્ઞાનરૂપી પ્રકાશની પ્રાપ્તિ થઈ જાય. સવજીદાસ પોતાના સદ્‌ગુરુ પરમાત્મામાં લવલીન થઈ ગયા છે, તાદાત્મ્યભાવને પામી ગયા છે.

**"દાસ સવો કહે સુણી સત લેવી, ગુરુના ઘરમાં રમત જોઈ એવી."**

સવજીદાસ શું કહી રહ્યા છે? 'સુણી સત લેવી.' સત્ય વાત સુણી લેવી. હું જે કાંઈ કહી રહ્યો છું એ વાત સત્ય છે. 'ગુરુના ઘરમાં રમત જોઈ એવી'- ઉપર જે કંઈ વર્ણન કર્યું એ બધું જ મેં મારી નજરે જોયું; ગુરુના ઘરમાં. ગુરુનું ઘર એટલે પરમાત્માનું ઘર. ગુરુનું ઘર અથવા પરમાત્માનું ઘર અથવા તો બ્રહ્મરંધ્ર અથવા તો જે સ્થાનમાં અસંપ્રજ્ઞાત યોગ વખતે પ્રાણ સ્થિર થાય છે એ સ્થાન. આ સ્થાનને સવજીદાસે ઘણું ઉત્તમ નામ આપ્યું - ગુરુનું ઘર. એ લઘુનું ઘર નથી. એ મૂલ્યવાળું, મહત્તાવાળું ઘર છે; એ ઘરમાં પ્રવેશ પામ્યા પછી ક્યારેય બહાર નીકળવું પડતું નથી. એ ઘરમાં પ્રવેશ પામ્યા પછી બીજા કોઈ ઘરમાં પ્રવેશવાની જરૂર પડતી નથી. બીજાકોઈ ઘરમાં પ્રવેશવાની જરૂર ક્યારે પડે, કે જ્યારે બહાર નીકળે ત્યારે ને? પણ આ તો ઘર જ એવું છે; ગુરુઘર, લઘુઘર છે જ નહીં. આ કોઈ મૂલ્ય વિનાનું, મહત્તા વિનાનું, પંચમહાભૂતનું ઘર છે જ નહીં. પણ આ તો -

**અજર અમર,**
**અજબ તમાશાવાળું,**
**જ્યાં ઘણણ ઘણણ ઘોરજ ઘમકે,**
**દશે દિશામાં વીજળી ચમકે,**
**જ્યાં કોઈપણ પ્રકારના સ્થૂળ દીપક વિના,**
**જ્યોતો પ્રગટી રહી છે,**
**જ્યાં ગર્જનાઓ ગાજી રહી છે -**

તે ઘરમાં પ્રવેશ કરવાનો છે. પછી બીજા ઘરમાં જવાપણું શું કામ હોય? તેથી આ જગ્યાએ સવજીદાસ શું કહી રહ્યા છે? 'ગુરુના ઘરમાં રમત જોઈ એવી!' એમણે કોઈ શાસ્ત્રીય નામ, કોઈ યૌગિક નામ, કોઈ વિદ્વત્તાપૂર્ણ નામ નથી આપ્યું. પરંતુ એવું મજાનું સુંદર, સરળ અને સચોટ નામ આપ્યું છે - "ગુરુનું ઘર". ગુરુના ઘરમાં એમણે રમત જોઈ, ઉપરોક્ત તમાશો જોયો. અહીં વપરાયેલ 'રમત' શબ્દ પણ એમના અનુભવનો નિચોડ છે. ગુરુના ઘરમાં આ બધી તો રમત છે. સવજીદાસ કહે છે કે 'મારી આ સત્ય વાત તમને સંભળાવી રહ્યો છું કે મેં ગુરુના ઘરમાં આવી રમત જોઈ'. અને પછી ગુરુમહિમાના ફળની વાત પોતે કરી રહ્યા છે. શું ફળ છે આ ગુરુમહિમાનું?

**"ગુરુમહિમા પ્રભાતે ગાવે, તો કોટાનકોટિ કર્મ બળી જાવે,**
**ગુરુમહિમા મધ્યાહ્‌ને બોલે, તો જ્ઞાનચક્ષુ અંતરનાં ખોલે,**
**સંધ્યાકાળ પઢે ગુરુમહિમા, તો સર્વ સિદ્ધિની સિદ્ધિ છે એમાં."**

પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ અને સંધ્યાકાળ. આ ત્રણ કાળમાં ગુરુમહિમા બોલવો જોઈએ. જેમને 'ગુરુના ઘર'માં રુચિ છે, જેમને 'ગુરુ-રમત' જોવાની ઇચ્છા છે, કામના છે એમણે રોજ ત્રણ વખત ગુરુમહિમા બોલવાનો નિયમ રાખવો જોઈએ. ગુરુમહિમા બોલવાથી કયું ફળ પ્રાપ્ત થાય છે?

પ્રભાતે બોલવાથી 'કોટાનકોટિ કર્મ બળી જાવે'. મનુષ્ય જીવે છે ત્યાં સુધી એને બે રોટલી અને બે કપડાં જોઈએ; અને એ પ્રાપ્ત કરવા માટે એને કર્મો કરવાં જ પડશે. આ રીતે કોટિ-કોટિ કર્મ થયાં જ કરશે, કર્મરૂપી કાષ્ઠ ભેગાં થયાં જ કરશે. એ કોટિ-કોટિ કર્મને બાળી નાંખવા માટે એ રોજેરોજ કર્મ કરતો રહે અને રોજેરોજ એ કર્મને બાળતો રહે. પ્રભાતમાં ગુરુમહિમા બોલવાથી જે કર્માશય રોજેરોજનું બંધાય છે તેનો નાશ થઈ જાય છે. ગુરુમહિમા મધ્યાહ્ને બોલવાથી 'જ્ઞાનચક્ષુ અંતરનાં ખોલે' - જ્ઞાનરૂપી ચક્ષુને ખોલી નાંખે, અંતરનાં ચક્ષુને ખોલી નાંખે કે જેથી ગુરુના ઘરમાં જે જે રમતો હતી તેને જોઈ શકાય. આ બધા જે 'ગુરુ' તમાશા હતા, અતિ મૂલ્યવાળા - અતિ રહસ્યવાળા તમાશા હતા તે ચર્મચક્ષુ દ્વારા ન જોઈ શકાય, ન સમજી શકાય તેવા હતા, જે ઇન્દ્રિયાતીત વિષયો હતા કે જ્યાં ઇન્દ્રિયોની પહોંચ નહોતી એને પહોંચી વળવા માટે, એને સમજવા માટે જ્ઞાનચક્ષુની, અંતરના ચક્ષુની જરૂર પડે. ઇન્દ્રિયાતીત વાતોને સમજવા માટે જ્યારે બે નેત્ર કામ ના આપે ત્યાં ત્રીજા નેત્રને - ત્રીજા ચક્ષુને - બુદ્ધિના-અંતરના ચક્ષુને ખોલવું પડે. શંકરને-શિવને-મહાદેવને ત્રણ નેત્રવાળા કહ્યા છે. ત્રીજા નેત્ર દ્વારા એમણે શું કર્યું હતું? કામદેવને બાળી નાંખ્યો હતો. ત્રીજા નેત્રની કેટલી મહત્તા છે તેનો ખ્યાલ થોડા ચિંતન-મનનથી આવે છે. ત્રીજું નેત્ર ખોલ્યું અને કામદેવ બળી ગયો! બે નેત્રો જ્યાં કામ નથી કરતાં ત્યાં આ ત્રીજું નેત્ર સફળ થાય છે. બે ચર્મચક્ષુઓ તો વિકાર ઉત્પન્ન કરે છે. કંઈ નવી વસ્તુ જુએ છે ત્યારે એમાં વિકાર ઉત્પન્ન થાય છે, કામ ઉત્પન્ન થાય છે. પણ એ કામને, કામવાસનાને વિકારને બાળીને ભસ્મ કોણ કરી નાંખે છે? ત્રીજું નેત્ર, બુદ્ધિનું નેત્ર, જ્ઞાનનું નેત્ર - તેનાથી શિવ ભગવાને કામનું દહન કર્યું.

તો, સામાન્ય મનુષ્યનું જો ત્રીજું નેત્ર ખૂલે તો એ પણ કામનું દહન કરી શકે. ત્રીજા નેત્ર દ્વારા એ કામવાસનાને સૂક્ષ્મ રીતે જોઈ શકે, કામવાસનાથી ઊપજતાં સુખદુઃખ, સારાસારનું એ તારતમ્ય કાઢી શકે અને તેથી એમાંથી ઉપરામ પામી જાય. તેથી અહીં સવજીદાસે કહ્યું કે મધ્યાહ્ને ગુરુમહિમાનો પાઠ કરવાથી અંતરનાં જ્ઞાનચક્ષુ ખૂલી જાય છે કે જેના દ્વારા વિવેકબુદ્ધિની પ્રાપ્તિ થાય છે.

'સંધ્યાકાળ પઢે ગુરુમહિમા, તો સર્વ સિદ્ધિની સિદ્ધિ છે એમાં'. અને સંધ્યાકાળે-સાંજે ગુરુમહિમા બોલવાનો નિયમ રાખ્યો હોય તો શાની સિદ્ધિ ? સર્વ સિદ્ધિની સિદ્ધિ છે એમાં. સર્વ સિદ્ધિઓની સિદ્ધિ કઈ? મનુષ્યજન્મની સાર્થકતા, મોક્ષ. તમામ પ્રકારની

સિદ્ધિઓ, ભૌતિક સિદ્ધિઓ પ્રાપ્ત કરીને આપણે શું મેળવવાનું છે? સુખ. પરંતુ ભૌતિક સિદ્ધિથી જે સુખની પ્રાપ્તિ થાય છે એ સુખ કેવું છે? ક્ષણિક. જેની પ્રતિક્રિયા છે દુઃખ.

**પરિણામ, તાપ સંસ્કાર દુઃખૈર્ગુણવૃત્તિ**
**વિરોધાશ્ચ દુઃખમેવ સર્વમ્ વિવેકિનઃ**

વિવેકીજનો માટે તો જે સાંસારિક સુખ છે એ પણ પરિણામ-દુઃખ, તાપ-દુઃખ અને સંસ્કાર-દુઃખરૂપે દુઃખમય જ છે. જે વિવેકી નથી, જેનાં વિવેકરૂપી ચક્ષુ, જ્ઞાનરૂપી ચક્ષુ, બુદ્ધિરૂપી ચક્ષુ ખૂલ્યાં નથી એને તો આ સંસારમાંથી મળતાં ભૌતિક સુખો, 'સુખો' જ લાગે છે. પણ જે વિવેકીજનો છે, જેમનાં જ્ઞાનનાં નેત્રો ખૂલી ગયાં છે એમને તો બધાં સુખો, દુઃખ જ લાગે છે. કઈ રીતે? પરિણામ, તાપ અને સંસ્કારની રીતે. જેમકે સુંદર ધોયેલાં વસ્ત્રો પહેરવાનું સુખ તો મળ્યું પરંતુ એ પરિણામે દુઃખ આપનારું જ છે. હર ક્ષણે એ વસ્ત્રો મેલાં થઈ રહ્યાં છે, બગડી રહ્યાં છે, અસ્વચ્છ થઈ રહ્યાં છે અને તેના પરિણામે એ કપડાં ધોવાનું દુઃખ તો ઊભેલું જ છે. ચાહે આપણે હાથેથી કપડાં ધોઈએ, કે ચાહે પત્ની ધુએ, કે ચાહે ધોબીને ધોવા આપીએ અને બદલામાં પૈસા આપીએ પરંતુ સ્વચ્છ વસ્ત્રો પહેરવાના સુખનું પરિણામ તો દુઃખ જ છે. તો, પહેલું પરિણામ-દુઃખ અને બીજું તાપ-દુઃખ. થોડું પણ સુખ આપણને મળે તો એ સુખને કાયમ રાખવા માટેના આપણા પ્રયત્નો હોય છે. સુખ કોઈ આપણી પાસેથી છીનવી ના જાય એને માટે આપણે ખૂબ જ સાવધાન રહેવું પડે છે. આ રીતે મગજમાં એક પ્રકારનો 'તાપ' ઉત્પન્ન થાય છે. તો એ થયું તાપ-દુઃખ. ત્રીજું છે સંસ્કાર-દુઃખ. એકવાર સુખ ભોગવ્યું એના મન ઉપર સંસ્કાર પડે, સંસ્કાર આપણને ફરીથી સુખ ભોગવવા માટે ખેંચે. ફરી સુખ ભોગવીએ એટલે ફરીને એના સંસ્કાર પડે. એટલે ફરી પાછા સુખ ભોગવવા માટે પ્રયત્નશીલ થઈએ. આમ રેંટના ચકાવાની જેમ ચાલ્યા જ કરે - સુખ અને સંસ્કાર, સુખ અને સંસ્કાર, સુખ અને સંસ્કાર. તો આ થયું સંસ્કાર દુઃખ. આમ, આ સંસારમાંથી મળતાં બધાં જ સુખ વિવેકી જનો માટે પરિણામ, તાપ અને સંસ્કારની રીતે જોતાં દુઃખ જ છે.

તો સર્વ સિદ્ધિની સિદ્ધિ શેમાં છે? એવું સુખ પ્રાપ્ત કરવું કે જેની પ્રતિક્રિયા દુઃખ ના હોય. જગતના તમામ સુખની પ્રતિક્રિયા દુઃખ છે પરંતુ 'મોક્ષ'નું સુખ જ એક એવું સુખ છે જેની પ્રતિક્રિયા દુઃખ નથી, તે કેવળ સુખ જ છે. તો, જે સુખની પ્રતિક્રિયા દુઃખમાં પરિણમતી ન હોય એવું સુખ પ્રાપ્ત કરવું, એવા સુખની સિદ્ધિ પ્રાપ્ત કરવી એ સર્વ સિદ્ધિની સિદ્ધિ છે. અસ્તુ.

તો આમ, સવજીદાસે કહ્યું કે દરેક સાધકે, ઓમ્પરિવારનાં ભાઈબહેનોએ આ ગુરુમહિમા ત્રણ વખત બોલવાનો નિયમ રાખવો જોઈએ. ચાહે સમૂહમાં હોય તો તેમ અથવા ઘરે આપણા કુટુંબ સાથે, બાળકો સાથે ગુરુમહિમા ત્રણ વખત બોલીએ તો પવિત્ર મનોરંજન

મળે, જેના માટે કોઈ ખર્ચ કરવો ના પડે, કષ્ટ વેઠવું ના પડે. જો મનોરંજન મેળવવા માટે સિનેમા જોવા જઈએ તો સિનેમાની ટિકિટની લાઈનમાં ઊભા રહેવું પડે, સિનેમા જોવા માટે ભીડમાં બેસવું પડે, બધાના શ્વાસોશ્વાસથી દૂષિત થયેલો વાયુ આપણે લેવો પડે, વળી સિનેમામાં આવતાં ના જોવાનાં દશ્યો આપણાં બાળકો પણ આપણી સાથે જુએ જેથી ખરાબ સંસ્કાર પડે - આટઆટલું થાય ત્યારે ક્ષણિક મનોરંજન મળે. જ્યારે ત્રણ વખત ગુરુમહિમા બોલીએ, સત્સંગ કરીએ તો સાત્ત્વિક અને પવિત્ર મનોરંજન મળે! એક પૈસાનું ખર્ચ નહીં, બહાર જવાનું નહીં, કષ્ટ વેઠવાનું નહીં; ઘેર બેઠાં-બેઠાં જ એ સાત્ત્વિક મનોરંજનની પ્રાપ્તિ થાય, આત્મિક ખોરાકની પ્રાપ્તિ થાય.

આપણાં ચાર પ્રકારનાં શરીરો કહ્યાં છેઃ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ. આ ચાર પ્રકારનાં શરીરમાં સ્થૂળ શરીર, જે આપણને ચર્મચક્ષુથી દેખાય છે તે. એની અંદર રહેલા સૂક્ષ્મ શરીરને સૂક્ષ્મ ખોરાકની જરૂર છે. જેમ આપણા આ સ્થૂળ શરીરને બહારના સ્થૂળ ખોરાકની જરૂર છે તેમ સ્થૂળ શરીરની અંદર જે સૂક્ષ્મ શરીર છે એને સૂક્ષ્મ ખોરાકની જરૂર છે. કયો ખોરાક સૂક્ષ્મ છે? પવિત્રતાથી મળતો આનંદ જ સૂક્ષ્મ ખોરાક છે. સૂક્ષ્મ શરીરને જો ખોરાક ના મળે તો એ સૂક્ષ્મ શરીર નિર્બળ થઈ જાય છે. સ્થૂળ શરીરને ગમે એવો, ગમે એટલો ખોરાક આપતા રહીએ અને સ્થૂળ શરીર ગમે તેટલું પુષ્ટ થાય પરંતુ જો તેમાં રહેલા સૂક્ષ્મ શરીરને ખોરાક ના મળે તો તે નબળું પડી જાય. તેના કારણે સ્થૂળ શરીર પણ સારું રહી શકતું નથી. જેમ કોઈ ઊંચામાં ઊંચી અને મોટામાં મોટી ઈમારતનો પાયો જો પાકો ના હોય તો એ કાચા પાયા ઉપર ઈમારત ટકી શકતી નથી. તેવી જ રીતે આપણું સૂક્ષ્મ શરીર જો પુષ્ટ ના હોય તો એ સૂક્ષ્મ શરીર ઉપર અવલંબિત એવું સ્થૂળ શરીર ટકી શકે નહીં. સ્થૂળ શરીરને ગમે એવો પૌષ્ટિક ખોરાક આપીએ તોપણ સ્થૂળ શરીર ટકવાનું નહીં અને જલદી જર્જરિત થઈ નષ્ટભ્રષ્ટ થઈ જવાનું. સ્થૂળ શરીરને સારું રાખવા માટે તેમાં રહેલા સૂક્ષ્મ શરીરને સૂક્ષ્મ ખોરાક આપવો પડે. એ સૂક્ષ્મ ખોરાક કયો છે?

સૂક્ષ્મ શરીર માટે સૂક્ષ્મ ખોરાક છે આનંદ, નિર્દોષ આનંદ, સાત્ત્વિક આનંદ. પવિત્ર અને સાત્ત્વિક આનંદની પ્રાપ્તિ શામાંથી થાય છે? સત્સંગમાંથી, ગુરુજનોની વાણીમાંથી, તેમની વાણી ઉપર ચિંતન-મનન કરવાથી, ગુરુમહિમા ગાવાથી, ગુરુમહિમા ઉપર આપણી શક્તિ પ્રમાણે પ્રવચન કરવાથી સાત્ત્વિક આનંદની પ્રાપ્તિ થાય છે. એ સૂક્ષ્મ શરીર માટેનો સૂક્ષ્મ ખોરાક છે. સૂક્ષ્મ શરીરને સૂક્ષ્મ ખોરાક મળતો રહે તો એના આધારે જ એના ઉપર ઊભેલું સ્થૂળ શરીર ટકી શકે, સ્થૂળ શરીર આરોગ્યવાળું હૃષ્ટપુષ્ટ રહી શકે. નહીં તો એની સ્થિતિ પાયા વિનાના અથવા તો કાચા પાયા ઉપર બાંધેલા મકાન જેવી થાય. અસ્તુ.

**"ગુરુમહિમા મધ્યાહ્ને બોલે, તો જ્ઞાનચક્ષુ અંતરનાં ખોલે;**
**સંધ્યાકાળ પઢે ગુરુમહિમા, તો સર્વ સિદ્ધિની સિદ્ધિ છે એમાં."**

ગુરુમહિમા ગાવાથી જે કાંઈ ફળ મળવાનું છે એની વાત ખુલ્લે-ખુલ્લી રીતે કરી દીધી છે. આમાં મોટાં મોટાં પ્રલોભનો આપી છેતરવાની વાત નથી. જેમકે - તમે ત્રણ વખત ગુરુમહિમા ગાશો તો તમને મોટરો મળી જશે, કે તમારા ઘેર બાળક ના હોય તો બાળકનો જન્મ થઈ જશે, કે નોકરી મળી જશે, કે જમીનમાંથી કોઈ દલ્લો મળી જશે, કે આકાશમાંથી સોનાનો વરસાદ વરસશે, કે બીમાર હશો તો સાજા થઈ જશો. એવી ખોટી-ખોટી, મોટી-મોટી વાતો કરી ખોટાં પ્રલોભનો નથી આપ્યાં, ખોટી લાલચમાં નથી રાખ્યા. પરંતુ હકીકતમાં જે કાંઈ પ્રાપ્ત થવાનું છે તે વિષેની ખુલ્લેખુલ્લી અને રોકડે-રોકડી વાત આપણી સમક્ષ મૂકી દીધી છે. સવજીદાસે એ વાત આપણી સમક્ષ રજૂ કરી જ દીધી છે કે ગુરુમહિમા ત્રણ વખત બોલવાનો તમે નિયમ રાખશો તો તમને શું પ્રાપ્ત થશે?

(૧) કોટાનકોટિ કર્મ બળી જશે.

(૨) જ્ઞાનચક્ષુ ખૂલી જશે.

કોટિ કર્મ બળી જાય અને જ્ઞાનચક્ષુની પ્રાપ્તિ થાય તો એમાં સર્વ સિદ્ધિની સિદ્ધિ છે જ, તો પછી સર્વ સિદ્ધિની સિદ્ધિ મળી જ જાય. એમાં કહેવાનું શું?

**"ગુરુની પ્રતમા પાળશે, ને કરે સદ્‌ગુરુની સેવ,**
**આખર લગી રહે એકતા, તો મનુષ્ય નહીં એ દેવ."**

જેને ત્રણ વખત ગુરુમહિમા બોલવાનો નિયમ છે, જે સદ્‌ગુરુની સેવા કરે છે, જે ગુરુની પ્રતમાનું - ગુરુની મર્યાદાઓનું પાલન કરે છે અને જે આખર લગી ગુરુની મર્યાદા જાળવી રાખે છે એ મનુષ્ય, મનુષ્ય નથી પણ દેવ છે. આપણી સંસ્કૃતિમાં ત્રણ પ્રકારના દેવોની ગણતરી કરી છે, માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ. અહીં, ગુરુ સાથે છેલ્લે સુધી એકતા રાખે એ મનુષ્યને દેવ કહ્યા એ ચોથા દેવ.

માતા દેવ સમાન છે. પિતા પણ દેવ સમાન છે. ગુરુદેવ એ તો દેવ છે જ કારણકે એમને 'ગુરુ' શબ્દની પાછળ 'દેવ' શબ્દ લાગે જ છે. માતા-પિતા-ભ્રાતા કરતાં ગુરુ વધી જાય છે. કેમ? કારણકે માતા-પિતા તો આ સ્થૂળ શરીરને જન્મ જ આપે છે, પરંતુ એ સ્થૂળ શરીરથી તમામ પ્રકારનાં દુઃખોથી પર થઈ જવા માટેના સંસ્કાર રેડીને નવો જન્મ તો ગુરુદેવ જ આપે છે. તો આવા અહેતુકી કૃપાનું દાન કરવાવાળા ગુરુદેવની સાથે આખર સુધી એકતા રાખે તો એ મનુષ્ય, મનુષ્ય નથી, દેવ છે. એ દેવ કોટીનો છે તેથી એવા મનુષ્યને આપણે જયનારાયણ કરીએ તોપણ આપણાં કેટલાં પાપ બળી જાય! એવો મનુષ્ય આપણા ઉપર વહાલભરી દૃષ્ટિ નાખે તો આપણાં કેટલાં કર્મકાષ્ઠનો નાશ થઈ જાય અને આપણો

ઉધ્ધાર થઈ જાય!

આ કાંઈ ગુરુદેવની વાત નથી પરંતુ જેણે ગુરુદેવની સાથે એકતા સાધી લીધી છે માત્ર તેની વાત છે. એ મનુષ્ય દેવતુલ્ય છે - દેવ સમાન છે. જો એ પોતાના મોઢેથી કોઈને આશીર્વાદ આપે તો એ આશીર્વાદ ફળે છે અને એના મોંઢામાંથી આપણા માટે કોઈ અશુભ શબ્દ નીકળી જાય તો આપણું અશુભ જરૂર થઈ જાય. તો, જે ગુરુભક્ત છે એની સાથે આપણું વર્તન કેવું હોવું જોઈએ? જેમ ગુરુદેવ સાથે આપણે વિવેક-મર્યાદાપૂર્વક વર્તીએ તે જ રીતે દેવસમાન તેમના શિષ્યો સાથે પણ વર્તવું જોઈએ. એમની કૃપાથી પણ આપણો બેડો પાર થઈ જાય.

'આખર લગી રહે એકતા'. આખર લગી એકતા રાખવાની છે. આખર લગી એટલે જ્યાં સુધી આપણું શરીર ટકી રહે અને જ્યાં સુધી ગુરુદેવનું શરીર ટકી રહે ત્યાં સુધી. આખર એટલે આમ તો જન્મોજન્મ સુધી. પરંતુ વ્યાવહારિક ભાષામાં આપણું આ પંચમહાભૂતનું શરીર ટકી રહે અને ગુરુદેવનું જે સ્થૂળ શરીર છે એ જ્યાં સુધી રહે ત્યાં સુધી. વળી આખર લગી એકતા તન-મન-ધનથી અને વિચાર-વાણી-વર્તનથી જળવાઈ રહેવી જોઈએ. એવી એકતા કે ગુરુ સાથે એકાકાર! શાસ્ત્રોમાં અવ્યભિચારિણી ભક્તિની જે વાત આવે છે એવી ભક્તિ, એવી એકતા. આપણી વૃત્તિમાં વ્યભિચાર ના આવે, એમાંથી એકતા ના તૂટે. વ્યભિચાર એટલે વિ-અભિચાર, એકતા ન તૂટવી, અખંડપણું રહેવું. ગુરુમાં તનથી, મનથી, વિચારથી, વાણીથી ઇત્યાદિ તમામ રીતે એકાકાર થઈ જવું એનું નામ અવ્યભિચારીપણું, અવ્યભિચારી ભક્તિ. પણ આવી એકતા ક્યારે રહે? આમાં ફક્ત એકતા રાખવાની જ વાત નથી. અહીં તો સવજીદાસે બે શરતો મૂકી છે.

ગુરુદેવ સાથે એકતા તો રાખે પણ સાથે સાથે એમની સેવા પણ કરતો રહે અને ગુરુની ''પ્રતમા'' પાળે અને મર્યાદાનું પાલન કરે. મર્યાદાનું પાલન કરવું સહેલું નથી. તે મનુષ્ય ગુરુજનોમાં આખર સુધી એકતા રાખી શકે છે કે જે તેમની સેવા કરતો રહે છે, એમની મર્યાદાનું પાલન કરતો રહે છે, એમની મર્યાદા લોપતો નથી. ઉપરોક્ત શરતોનું પાલન થાય તો જ એકતા રહે, નહીં તો એકતા રહી જ ના શકે.

'ગુરુની પ્રતમા પાળશે'. 'પ્રતમા' શબ્દ પારિભાષિક છે. ગુરુમહિમામાં આ શબ્દ ખૂબ મહત્ત્વનો છે. ગુરુની મર્યાદા પાળવી, એમની મર્યાદામાં રહેવું. ગુરુ આપણી સાથે કયા ભાવથી વર્તતા હોય એની સાથે આપણે કાંઈ નિસ્બત નહીં, આપણને તેમનામાં ગુરુભાવ થઈ ગયો એટલે ગુરુદેવ આપણા માટે દેવ જ છે. જો આપણે એમને દેવ માનીને વર્તીએ તો આપણે પણ દેવ બની જવાના. પરંતુ જે ઘડીએ આપણામાં ભિન્ન ભાવ આવ્યો, ગુરુદેવમાંથી દેવપણાની ભાવના વિચલિત થઈ તે ઘડીએ આપણું દેવપણું પણ વિચલિત થઈ જવાનું.

આગળ વાત કરી કે ગુરુદેવ આપણી સાથે ગમે તેમ વર્તે તેની સાથે આપણે કાંઈ નિસ્બત નહીં. તેઓ ક્યારેક આપણી સાથે બાળકની જેમ તો ક્યારેક મૂર્ખની જેમ વર્તતા હોય, ઘણીવાર અતિ વિદ્વાનની જેમ તો ઘણીવાર આપણી સાથે મિત્રની જેમ વર્તતા હોય, ક્યારેક આપણી સાથે દુશ્મનની જેમ વર્તતા હોય તો ક્યારેક આપણને અતિ સત્કાર આપતા હોય, ક્યારેક આપણું અપમાન કરતા હોય, ક્યારેક અતિ પ્રેમ બતાવતા હોય, ક્યારેક આપણી સાથે ઉદાસીન ભાવે વર્તે; તો આપણને એથી શું? આપણા ભાવમાં બિલકુલ ભેદ ના આવે, બિલકુલ પરિવર્તન ના આવે. આપણા માટે તો એ જે રીતના શિરોધાર્ય, શિરોમાન્ય, પરમપૂજ્ય ગુરુદેવ હતા એવા જ રહે. આગળ પણ આ વાત આવી ગઈ. 'ગુરુકો કામી, ક્રોધી દેખે'. ગુરુને ક્યારેક આપણે કામી જોઈએ, ક્યારેક ક્રોધી જોઈએ તો આપણે તેમને કામી માનીએ જ નહીં, ક્રોધી માનીએ જ નહીં; આપણે તો તેમને કેવળ ગુરુદેવ જ માનીએ. આ વાતનો વધુ વિસ્તાર ગુરુમહિમાની આ લીટી - ગુરુની પ્રતમા પાળશે - માં કર્યો છે. આપણે ગુરુદેવ સાથે કેવી રીતે વર્તવાનું છે તેનો ઉલ્લેખ અહીં કર્યો છે. ગુરુદેવને તો માનેય નથી જોઈતું કે અપમાનેય નથી જોઈતું. પરંતુ આપણે તો આપણા સંતોષ માટે, આપણી ઉન્નતિ માટે, આપણા કલ્યાણ માટે, આપણા દેવભાવને વિકસાવવા માટે એમના તરફ સતત પૂજ્યભાવ, ગુરુભાવ રાખવાનો છે.

આપણી સાથે ગુરુદેવ મિત્રતાથી વર્તતા હોય એથી આપણે એમની સાથે મિત્રતાના ભાવથી ના વર્તાય. ક્યારેક આપણી સાથે અતિ મૂર્ખતાથી વર્તતા હોય તેથી આપણાથી એમને મૂર્ખ ના માની લેવાય. ક્યારેક આપણી સાથે દુશ્મનભાવે વર્તતા હોય તેથી એ આપણા દુશ્મન નથી. ક્યારેક અતિ પ્રેમથી બોલાવતા હોય, તો ક્યારેક તિરસ્કારથી બોલાવતા હોય. તો, જ્યારે તિરસ્કારથી બોલાવતા હોય ત્યારે આપણા તરફનો તેમનો પ્રેમ ઘટી નથી જતો. આમ, આપણા તરફ તેઓ ગમે તે પ્રકારનો ભાવ રાખે, ગમે તે પ્રકારનું વર્તન કરે પણ આપણી 'પ્રતમા', આપણી મર્યાદામાં કોઈ ફેર ના પડવો જોઈએ. આપણે તો એમને જે માનથી, જે સન્માનથી, જે પૂજ્યભાવથી, જે રીતે પહેલાં વર્તતા હતા એ જ પ્રમાણે વર્તતા રહીએ; એમને અતિ વિચિત્ર આચરણ કરતા જોઈએ તોપણ.

ગુરુદેવ ક્યારે, કોનું કલ્યાણ કરવા માટે કોની સાથે કેવા ભાવે વર્તી રહ્યા હોય! આપણું કલ્યાણ કરવા માટે છેક હિમાલયની ચોટી ઉપરથી નીચે ઊતરી આવ્યા હોય! ગુરુદેવ ઉપર આપણા એકનો જ ઠેકો છે? તેઓ શું આપણા એકનું જ કલ્યાણ કરે? આપણા માટે ગમે એટલા નીચે ઊતરી આવે એનો વાંધો નહીં, પરંતુ બીજાના કલ્યાણ માટે નીચે ઊતરી આવે તો? તો તરત ''હું તો આમ માનતો હતો પણ આ તો આમ છે. આટલાં વર્ષે માંડ ખબર પડી.'' એવા કુવિચારો આવવા માંડે અને તરત આપણા મનમાંથી સદ્ભાવ, ગુરુદેવ માટેનો પૂજ્યભાવ ચાલ્યો જાય. પરંતુ તમારા એ ગુરુભાવની કસોટી માટે થઈને તો પરમાત્માએ

આવી ગોઠવણ નહીં કરી હોય તેની આપણને ક્યાં ખબર છે?

ગુરુદેવ પ્રત્યેનો તમારો પૂજ્યભાવ કે જેને માટે તમે માની રહ્યા છો કે 'વાહ! મારા જેવા ભાવવાળો તો કોઈ નથી.' એ ભાવ ક્યાં સુધી અખંડ, અવિચળ રાખી શકો છો એને માટે કસોટી તો હોવી જોઈએ ને? તો પરમાત્મા એ કસોટી ઊભી કરે છે. ગુરુદેવ એક આવી કસોટી ઊભી કરે છે. તેઓ તમને બતાવવા માંગે છે કે 'અમારામાં જ્યારે તમે ઉત્તમ આચરણ જોતા હતા ત્યારે તો અમને ગુરુદેવ માનતા હતા પણ જ્યારે અમારામાં નિંદનીય આચરણ જુઓ ત્યારે તમારા મનની શું સ્થિતિ થાય છે? ત્યારે તમારો ગુરુભાવ ક્યાં સુધી ટકે છે?' આ રીતે આપણી કસોટી થતી હોય છે. એ કસોટી જ્યારે થાય ત્યારે તેમાંથી પસાર થવું એ ભલભલા માટે કઠણ હોય છે. એ વખતે તો ખરેખર જે પૂરેપૂરો શ્રદ્ધાવાળો અને નિષ્ઠાવાળો હોય; અવ્યભિચારિણી ભક્તિવાળો જે હોય તે જ આવી કસોટીમાંથી સફળતાપૂર્વક પસાર થઈ પાર ઊતરે.

આપણે આપણો વિચાર કરીએ. આપણા મનમાં, આપણા ચિત્તમાં કેટલા ઊંચા, કેટલા પવિત્ર અને કેટલા ઉન્નતિકારક વિચારો આવતા રહે છે! એ ઉત્તમ વાત છે, સારી વાત છે. પરંતુ એ જ ચિત્તમાં, એ જ મનમાં કેટલા ખરાબ, કેટલા નાલાયક અને કેટલા સજાને પાત્ર વિચારો પણ આવે છે? તો જે વખતે ખોટા વિચારો આવે છે તે વખતે શું ચિત્તને કાઢીને ફેંકી દઈએ છીએ? કેમ નથી ફેંકી દેતા? કારણકે એ ચિત્ત પોતાનું છે એટલે. તો ગુરુદેવમાં જ્યાં સુધી સારું સારું જોયું ત્યાં સુધી ગુરુદેવ; અને તમારી પોતાની વ્યાખ્યાથી વિરુદ્ધ વર્તન જોયું એટલે શું ગુરુદેવને ફેંકી દેવાના? તમને આવા વિચાર આવે એનો અર્થ એ કે તમે ગુરુદેવને તમારા માનેલા જ નહોતા. તમારા પોતાના વિચારો ખોટા થયા ત્યારે તમે તમારી જાતને કેમ મારી ના નાંખી? તમે કેમ નદીમાં કૂદી પડીને આપઘાત ના કર્યો? તમે કેમ તમારા પોતાના પ્રત્યેના પ્રેમમાંથી વિચલિત ના થયા? કારણ કે ત્યાં પોતાપણું હતું. પોતે, પોતાને નભાવી લીધા; પોતાના ખોટા વિચારોને નભાવી લીધા.

એક દિવસમાં આપણને કેટલા ખોટા વિચારો આવતા હોય છે! અઠવાડિયામાં, મહિનામાં અને આખા વર્ષમાં કેટલા ખરાબ વિચારો આવવાના? એ બધા વિચારોને જો બહાર પાડવામાં આવે તો સરકાર ફાંસી જ આપે. એવા અને એટલા ખોટા વિચારો આપણા સૌના મનમાં આવે છે. એ વિચારોથી આપણને પોતાને શરમ અને સંકોચનો પાર નથી રહેતો, આપણે આપણી જાતે જ નીચું જોઈએ છીએ. આવા વિચારો કરનારને આપણે સજા નથી કરતા. કેમ? કારણકે એ તો આપણા પોતાના હતા. તો, જો તમે ગુરુદેવ સાથે એકાકાર થઈ ગયા છો, એમને તમે પોતાના જ માન્યા છે; તો એમના ખોટા વર્તનના કારણે તમે એમને સજા કેમ કરો? તો એમને માટે ખોટો ભાવ કેમ આવે? ગુરુદેવ તરફ પણ, જ્યારે તેમનામાં ખોટું જુઓ ત્યારે પણ પ્રથમની જેમ જ પ્રેમભાવ રહેવો જોઈએ.

ગુરુદેવ તમારા બંધાયેલા નથી. એમને જે રીતે વર્તન કરવું હોય એ રીતે વર્તન કરે. એ ક્યાં તમને કહે છે કે તમે મને ગુરુદેવ માનો? આપણે આપણા કલ્યાણ માટે તેમને ગુરુદેવ માનીએ છીએ. આપણે જેમ સ્વતંત્ર છીએ તેમ એઓ પણ પૂર્ણ સ્વતંત્ર છે. આપણા કરતાં પણ મહાપુરુષો-ગુરુજનો તો અધિક સ્વતંત્ર હોય છે. એમણે ક્યાં પ્રપંચ ઊભો કર્યો છે કે આપણા જેટલી પરતંત્રતા એમને ભોગવવી પડે? આપણને એમની પરીક્ષા લેવાનો અધિકાર જ ક્યાં છે? પરંતુ કદાચ પરીક્ષા આપણે લઈ નાખી અને એમાંથી એક વખત તેઓ પાસ થઈ ગયા, જેને કારણે આપણામાં એમના માટે ગુરુભાવ પેદા થઈ ગયો પછી તો સવાલ જ નથી. એક વખત એક વિદ્યાર્થીના મેટ્રિકમાં પાસ થયા પછી દર વખતે, કે જ્યાં જ્યાં એ નોકરીની તલાશમાં જાય ત્યાં ત્યાં ફરીફરીને એની મેટ્રિકની પરીક્ષા લેવામાં આવે છે? એક ડૉક્ટર બની ગયો, એક એન્જિનિયર બની ગયો પછી ફરી વખત તેની પરીક્ષા લેવામાં આવે છે? અને જો હર વખતે ફરીફરીને એની પરીક્ષા લેવામાં આવે તો એ હર વખત પાસ થાય? ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવનાર જો બીજી કે ત્રીજી કે ચોથીવાર પરીક્ષા આપવા બેસે તો ફેઈલ થાય. વળી આપણે તો પરીક્ષા આપવાની હોય છે એટલે આપીએ છીએ, પણ આ જગ્યાએ તો વાત જુદી જ છે. ગુરુદેવને તો કોઈની પરીક્ષામાં નથી બેસવું. એમને તો કોઈના ગુરુદેવ ક્યાં થવું છે? પરંતુ આ તો આપણે આપણી વૃત્તિઓના સમાધાન માટે ચકાસણી કરીએ છીએ શરૂશરૂમાં. અને એ ચકાસણીમાંથી તેઓ પસાર થઈ જાય, આપણને સંતોષ થઈ જાય અને એમનામાં આપણી શ્રદ્ધેય બુદ્ધિ થઈ જાય; આપણા માટે એ ગુરુજન તરીકે નિશ્ચિત, નિર્ણીત થઈ જાય ત્યાર પછી પરીક્ષા શી? અને વળી આપણને એમના વિષે જે ઉચ્ચ કલ્પના છે તે પ્રમાણે તેઓ ના ચાલે અને એમનું નીચા સ્તરનું જીવન જોવામાં આવે ત્યારે પણ, ખરેખર એ નીચા સ્તરનું જીવન છે કે કોઈ જીવને ઉપર લાવવા માટે પોતે નીચે ઊતરી રહ્યા છે એની પણ આપણને ખબર પડતી નથી. હકીકતમાં કોઈનું કલ્યાણ કરવા માટે નીચે ના ઊતર્યા હોય પણ ખરેખર જ તેઓ નીચા સ્તરનું જીવન જીવતા હોય તોય આપણને કશું જ કહેવાનો અધિકાર નથી.

તો, આમાં બંને વાત છે. ગુરુજનોની લઘુજનોને ખબર જ શું પડે કે ક્યારે, કોના કલ્યાણ માટે એ કઈ જાતની યુક્તિ-પ્રયુક્તિ વાપરી અને પોતાનું સર્વસ્વ એક લઘુ પાછળ ખર્ચી નાંખે છે. (એમનું પોતાનું સર્વસ્વ શું છે? એમનો સંયમ, એમનું તપ, એમનો જપ એ બધાનો કેટલો ખર્ચ કરી નાંખે છે, એની લઘુને કલ્પના પણ આવી શકે? સાત જન્મે પણ? અસંભવ.) ગુરુજનો લઘુજનો માટે, પોતાના પ્રેમીઓ માટે, પોતાના શિષ્યો માટે, પોતાની કેટલી આધ્યાત્મિક મૂડી વાપરી નાંખે છે એની કલ્પના કંઈ લઘુને આવે નહીં. આ તો શિષ્ય માટે વાપરવાની વાત થઈ. એ જ પ્રમાણે શિષ્યના ગુરુબંધુઓ, ગુરુબહેનો માટે પણ ગુરુએ પોતાની ખૂબ મૂડી વાપરી હોય અને વાપરતા પણ હોય, એમને ક્યારે ક્યું પગલું લેવું પડે એ લઘુજનોની સમજમાં આવે જ

નહીં. તેથી લઘુજનોએ તો કેવળ એકનિષ્ઠ રહેવું એ જ એમના માટે કલ્યાણનો માર્ગ છે. બીજું કાંઈ સમજવાનો પ્રયત્ન કરવો ના જોઈએ. એણે તો માત્ર તન, મન અને ધન અર્પણ; વિચાર, વાણી અને વર્તન અર્પણ. ગુરુ સાથે એકાકારપણું અને એમની મર્યાદાનું પાલન. અગ્નિને અતિ નજીકથી નહીં અને અતિ દૂરથી નહીં એવી રીતે સેવવો જોઈએ. તેવી જ રીતે ગુરુસંતોને પણ અતિ નજીકથી નહીં અને અતિ દૂરથી નહીં એવી રીતે સેવવા જોઈએ. જેમ અગ્નિની અતિ નજીક જવાથી વધુ પડતી ગરમીના કારણે દાઝી જવાય છે તેમ ગુરુસંતોને અતિ નજીકથી સેવવાથી એક સમય એવો આવે કે જ્યારે શિષ્ય પોતાની મર્યાદા ચૂકી જાય છે. અગ્નિથી અતિ દૂર રહેવાથી તેના તાપની કોઈ અસર વર્તાતી નથી અને આપણને તેનો લાભ મળતો નથી; તેવી જ રીતે ગુરુસંતોથી અતિ દૂર રહેવાથી તેમની સંયમમૂડીનો, તેમના આધ્યાત્મિક જ્ઞાનનો શિષ્યને લાભ મળતો નથી. તેથી ગુરુદેવને અતિ નજીકથી કે અતિ દૂરથી ના સેવવા જોઈએ.

ગુરુદેવની સાથે કઈ રીતે વર્તન કરવું, ગુરુદેવની મર્યાદાઓનું કઈ રીતે પાલન કરવું, ગમે તે પ્રકાર એમનામાં જોવામાં આવે ત્યારે પણ તેમના પ્રત્યેની પૂજ્ય બુદ્ધિનો અભાવ ન આવવા દેવો એનું નામ ગુરુની પ્રતમા પાળી કહેવાય. ગુરુની આવી પ્રતમા જે શિષ્ય પાળે તે આખર લગી ગુરુદેવ સાથે એકતા રાખી શકે. એ સિવાય તો કોની તાકાત છે કે આખર લગી એકતા રાખી શકે?

જ્યારે કોઈ મનુષ્ય તરફ આપણને પ્રેમભાવ ઓછો થઈ જાય - તિરસ્કાર ભાવ આવે - તો એની સાથે આપણે રહી શકીએ? નિશ્ચિંત રીતે વાતચીત કરી શકીએ? એની સાથે હરીફરી શકીએ? ખાઈ-પી શકીએ? કંઈ જ ના કરી શકીએ. કદાચ કૃત્રિમપણે અભિનય કરીએ પણ એ અભિનય લાંબો સમય ટકે નહીં. તેથી જે સમયે પ્રેમ તૂટે એ સમયે એકતા તૂટી જાય; અને એકતા તૂટે એની સાથે જ દેવપણું પણ ચાલ્યું જાય. તો, ક્યારેક ક્યારેક કુદરત પણ આવી માયા, આવી લીલા કરતી હોય છે. એ આવી બાજી ગોઠવી દેવકોટીમાં પહોંચવાની તૈયારી કરતા શિષ્યને પછાડી મારે છે. કેમ કે હવે શિષ્યને હિમાલયનું છેલ્લું શિખર સર કરવાનું છે અને એ જો છેલ્લા શિખરે પહોંચી ગયો તો હવે માયાને થશે કે એ આપણા હાથમાં આવશે નહીં. એ તો છટકી ગયો બાવન અક્ષર બહાર.

**ચલતી ચક્કી દેખકર, દિયા કબીરા રોય;**
**દો પડ઼નકે બીચમેં, સાબત બચા ન કોય.**

કાળરૂપી ચક્કીનાં-ઘંટીનાં દિવસ અને રાત્રિરૂપી બે પૈડાંઓ ફરી રહ્યાં છે - અને એની વચ્ચે દરેક જીવ પિસાઈ રહ્યો છે. માયા બધાને પીસી રહી છે. માયાને એમ થાય કે કોઈ જો મારી કાળ-ઘંટીમાંથી સાબત બચી જશે તો ચોર્યાશીના ચક્કરમાંથી છૂટી જશે, પછી મારા હાથમાં નહીં આવે. ઘંટીનાં બે પૈડાંમાં જે દાણા ઓરાતા હોય એ બધા પિસાઈ જાય, ભાંગીને ભુક્કો થઈ જાય પણ - એ ઘંટીમાં વચ્ચે ખીલ હોય છે - ખીલને ફરતા જેટલા દાણા બાઝીને રહે એ બધા આખા રહી જાય છે. એ દાણાને કંઈ જ ના થાય, ભલે મહિનાઓ અને

વર્ષો સુધી એ ઘંટી રાત-દિવસ ફરતી રહે. ગમે-એટલાં ચક્કર ફરે પણ જે દાણો ખીલનો આશરો લઈને બેઠો હોય એને ઘંટી કાંઈ જ કરી ના શકે. એમ ગુરુદેવના આશ્રયમાં, સંતજનોના ચરણોમાં, પરમાત્માના શરણમાં જે જીવો જઈ રહ્યા છે એ જો ત્યાં પહોંચી ગયા તો માયા તેમનું કાંઈ બગાડી શકતી નથી. અને તેથી જ જે જીવો ગુરુરૂપી ખીલની નજીક પહોંચવાની તૈયારીમાં છે એમને ત્યાં સુધી ન પહોંચવા દેવા માટે માયાની ઘંટી ફરતી હોય છે. એ એને પૂરા પહોંચવા નથી દેતી અને પાછા પછાડી મારે છે. ઘણે ઊંચે ચઢેલો સાધક જ્યારે પછડાય છે, પતન પામે છે ત્યારે પ્રચંડ વેગથી ખૂબ નીચેની ભૂમિકાએ ઊતરી જાય છે. જેમકે -

એક મણના ગોળ પથ્થરને, હિમાલયની એક ગાઉની ઊંચાઈએથી ગબડતો મૂકી દેવામાં આવે તો એનો વેગ મંદ હોય અને વચ્ચે જ રોકી લેવાનો પ્રયત્ન કરીએ તો રોકાઈ પણ જાય. પરંતુ હજાર મણનો ગોળ પથ્થર, હજાર ગાઉની ઊંચાઈએથી નીચે પડે તો એનો વેગ ભીષણ હોય, ભયંકર હોય. કોઈથી પણ એ વેગને ખાળી ના શકાય. એની હડફેટમાં જે આવે એનો કચ્ચરઘાણ કાઢી નાખે; અને એ તળેટીથી પણ ઘણે દૂર સુધી જઈ પડે. એ પથ્થર ગબડવા માંડે, ભાગવા માંડે; એટલી ઝડપથી કે વચ્ચે એને જો કોઈ રોકવા મથે તો એ રોકનારાને પણ પાડી-પછાડી એના ભુક્કા બોલાવીને એ તો નીચે જ જાય. પછી એને કોઈ રોકી ના શકે. એમ, ખૂબ ઊંચે-ઊંચે સુધી પહોંચી ગયેલો સાધક જો નીચે પડવા માંડે તો એને કોઈ અટકાવી ના શકે. જો કોઈ અટકાવવા આવે તો એને પણ સાથે ભેગો લેતો જાય અથવા તો પછાડતો જાય અથવા તો બાજુમાં ફેંકી દે એટલો એનો વેગ હોય. એને કોઈ ના રોકી શકે. એ હિમાલયની તળેટીમાં અને તળેટીથી પણ ઘણો દૂર ફેંકાઈ જાય.

જો એકાદ ગાઉ ચડ્યો હોય અને પાછો પડે તો એનામાં એટલો વેગ ના હોય, એટલું જોર ના હોય. કોઈ રોકવા મથે તો રોકાઈ જાય. પાંચ ગાઉ ઊંચે ચડ્યો હોય તો થોડું જોર વધે. પરંતુ ખૂબ જ ઊંચે ચડી ગયેલો હોય અને પછી જો એ પાછો પડે તો કોની તાકાત છે, કોની માએ સવાશેર સૂંઠ ખાધી છે કે એ વેગને ઝાલી શકે કે રોકી શકે? પછી કાં તો એ રોકનારને ભાંગી નાખે, કાં તો એ રોકનારને હટાવી દે અને કાં તો એને પોતાની સાથે લઈ લે; ચાલ ભાઈ તું પણ મારી સાથે તળેટીમાં. ચાલ ભાઈ હરખા, આપણે બેઉ સરખા.

એ દેવ કોટીમાં પહોંચવાની તૈયારીમાં હતો એમાંથી પાછો પડ્યો. દેવ કોટીમાં પહોંચી જવામાં વાર નહોતી. એ એક, કે બે, કે પાંચ ડગલાં આગળ વધવાથી દેવ થઈ જવાનો હતો. ત્યાંથી એ પડે પછી એનો આરોવારો નહીં. એને કોઈ ઉગારી ના શકે. માયાને ચિંતા પેસે કે હવે દસ ડગલાં છે; જો દસ ડગલાં ચાલી ગયો તો મારી મર્યાદામાંથી નીકળી ગયો; પછી કદી મારા ફાંસલામાં નહીં આવે. ખૂબ જોર કરે - એ માયા આગળ પહોંચી ગયેલા સાધક ઉપર ખૂબ જોર કરે - કેમે કરીને આને એના ગુરુ પાસેથી હટાવું. જ્યાં સુધી ગુરુનો

આશરો છે ત્યાં સુધી માયાનું કંઈ ના ચાલે.

માયા પહેલામાં પહેલા શિષ્યની બુદ્ધિમાં વિકાર પેદા કરે અને એ દ્વારા એનામાં કુભાવ પેદા કરે. એકવાર શિષ્યને ગુરુદેવમાં કુભાવ પેદા થાય એટલે એ ગુરુથી છૂટો પડે અને એ ગુરુથી છૂટો પડે એટલી જ વાર! પછી તો એનું માયા પાસે શું ગજું? જેમ કુંતામાતાએ બાંધેલી રાખડીનો એક તાંતણો અભિમન્યુના કાંડે રહી ગયો હતો; ત્યાં સુધી કોઈ એનો વાળ વાંકો ના કરી શક્યું. રુંવાડે રુંવાડે અભિમન્યુ વીંધાઈ ગયો, એટલાં બાણ એને વાગ્યાં. પરંતુ તોય પ્રાણ ટકી રહેલા. પ્રાણ છૂટે ક્યાંથી? કુંતાજીની અમર રાખડી બાંધેલી હતી એનો એક તંતુ હજુ ચોંટેલો રહ્યો હતો. ભગવાન પોતે પણ કંઈ કરી ના શક્યા ત્યારે તેમણે ઉંદરનું રૂપ લઈ એ તાંતણાને દૂર કર્યો અને ત્યાર બાદ અભિમન્યુને મારી શકાયો.

આ તો કુન્તામાતાની આશિષ-રાખડીનો એક અમર તાંતણો ચોંટેલો હતો; આખી રાખડી હોય તો તો ભગવાનેય શું કરી શકે?

**ગુરુ, ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગૂં પાય?**
**બલિહારી ગુરુદેવકી, ગોવિંદ દિયો બતાય.**

રોજ સ્વાધ્યાયમાં આપણે બોલીએ છીએ -

**શિવેરુષ્ટે ગુરૌસ્રાતા, ગુરૌ રુષ્ટે ન કશ્ચન**
**લબ્ધ્વા કુલગુરું સમ્યક્ ગુરુમેવ સમાશ્રયેત્**

શિવ ભગવાનના કોપથી તો ગુરુ આપણને બચાવી લે છે પણ ગુરુદેવના કોપથી શિવ ભગવાન પણ બચાવી શકતા નથી. તો, જો ગુરુદેવની કૃપારૂપી અમર રાખડી આપણા હાથે બાંધેલી જ હોય અને આપણે ગુરુદેવના શરણમાં જ હોઈએ તો માયાનું કંઈ ચાલે નહીં.

'શરણમાં જ' એટલે ગુરુદેવના પગમાં આળોટ્યા જ કરવું? ગુરુચરણમાં બેસી જ રહેવું? ના, 'શરણમાં જ' એટલે એમના તરફનો જે ભાવ છે, એમના તરફનો જે પ્રેમ છે, એમના તરફનું જે વાત્સલ્ય છે, એમના તરફની જે શ્રદ્ધા છે, એમના તરફનો જે પૂજ્યભાવ છે; એમાં મીનમેખ ના થાય, એમાં ટસ કે મસ ના થાય. આવી મક્કમતા રહે ત્યાં સુધી માયા કાંઈ જ બગાડી ના શકે. તેથી માયા પહેલો વિચાર એ કરે કે શિષ્યને ગુરુદેવના શરણમાંથી હટાવી લ્યો. અભિમન્યુ પાસેથી કેટલાને હટાવી દીધા? ભીમને હટાવી દીધો, મોટા મોટા મહારથીઓને હટાવી દીધા, રાખડીના એક તંતુને ભગવાને ઉંદરનું રૂપ લઈ હટાવી દીધો ત્યારે એ અભિમન્યુને મારી શકાયો. અસ્તુ.

'આખર લગી રહે એકતા, તો મનુષ્ય નહીં એ દેવ.' આ લીટી તો સમજાવવા બેસીએ તો હજી ઘણી લાંબી ચાલે એમ છે. વળી 'પ્રતમા' શબ્દને પણ સમજાવવા માટે

પુનરુક્તિનો દોષ કરીને ઘણું-ઘણું કહ્યું. આ રીતે સમજાવીએ તો જ એ દૃઢભૂમિ થાય. તો આટલું વાંચી-સાંભળીને ગુરુદેવ સાથે સમજપૂર્વકની એકતા રાખીને આપણે સૌ દેવ કેમ ના થઈ જઈએ? પરમકૃપાળુ પરમાત્મા ઓમ્નારાયણ આપણી પાસે એવી નિષ્ઠા રખાવે, આપણી પાસે એવી પ્રતમા પળાવે, આપણી પાસે સદ્ગુરુની એવી સેવા કરાવે કે જેથી આખર સુધી તેમની સાથે એકતા રાખીએ અને એ એકતા દ્વારા મનુષ્યમાંથી દેવ થઈ જઈએ. પશુપક્ષી કરતાં મનુષ્ય ઊંચી કોટિમાં છે અને મનુષ્ય કરતાં દેવ ઊંચી કોટિમાં છે. મનુષ્ય જન્મ ધારણ કરીને પશુપક્ષીની યોનિમાં ના જવું જોઈએ. ઉપરની કોટિમાં ના જઈએ તો છેવટે મનુષ્યના મનુષ્ય તો રહીએ જ. મનુષ્યના મનુષ્ય ક્યારે રહી શકીએ? જ્યારે મનુષ્યથી પણ ઊંચી કક્ષામાં જવાનો પ્રયત્ન કરતા રહીએ ત્યારે. કેવળ મનુષ્ય જ રહેવાનો પ્રયત્ન કરીશું તો પશુ-પક્ષી યોનિમાં ચાલ્યા જવાના. પરંતુ મનુષ્યથી ઊંચી દેવયોનિમાં જવાનો પ્રયત્ન કરીશું તો દેવયોનિમાં નહીં જઈ શકીએ તો છેવટે મનુષ્યના મનુષ્ય તો રહીશું જ. મનુષ્યજન્મની સાર્થકતા કરીએ, આખર સુધી ગુરુજનોની સાથે એકતા રાખીને.

**"કુળ - મર્યાદા ખોઈકે, ગ્રહે સદ્ગુરુકો સાર;**
**તો ભવસાગરકી વાટમાં, કબહુ ન લોપે કાળ."**

'કુળ મર્યાદા ખોઈ કે, ગ્રહે સદ્ગુરુકો સાર.' સદ્ગુરુના જીવનમાં જે કાંઈ સાર આપણને મળતો હોય એ સારને ગ્રહણ કરવામાં કુળની મર્યાદા નહીં રાખવાની, કુટુંબની મર્યાદા નહીં રાખવાની; આપણે મોટા શેઠ છીએ, આપણે મોટા ધનવાન છીએ, આપણે મોટા કુળવાન છીએ એવી કોઈપણ પ્રકારની મર્યાદાનું ઉલ્લંઘન કરી નાખવાનું. બીજી બધી બાબતોમાં કુળમર્યાદા રાખવી જોઈએ. કુળ-મર્યાદા જે રાખે છે એ આદર્શ ગૃહસ્થ કહેવાય છે. સાંસારિક જીવનમાં, વ્યાવહારિક જીવનમાં, ગૃહસ્થ જીવનમાં પોતપોતાના કુટુંબની, કુળની જે મર્યાદાઓ નક્કી થયેલી છે, એનું પાલન કરવું જોઈએ. જે મનુષ્ય એ મર્યાદાનું પાલન કરે છે તે આદર્શ ગૃહસ્થ, પ્રશંસનીય ગૃહસ્થ કહેવાય છે.

પરંતુ ઉપરોક્ત બાબતમાં આ એક અપવાદ છે. બીજી બધી બાબતમાં તમે કુળની મર્યાદા જરૂર પાળો પણ 'સદ્ગુરુ કો સાર' ગ્રહણ કરવાનો વખત જ્યારે આવે; સદ્ગુરુ સાથે વર્તન કરવાનું જ્યારે આવે ત્યારે એ નિયમમાં અપવાદ છે. ત્યારે 'કુળ-મર્યાદા ખોઈ કે'; કુળ-મર્યાદા રાખીને જો થઈ શકતું હોય તો તો આનંદની વાત છે. પરંતુ ગુરુદેવનો સાર ગ્રહણ કરવામાં જો કુળની મર્યાદા ખોવાઈ જતી હોય અથવા તો કુળની મર્યાદા રાખવા જતાં સદ્ગુરુ પાસેથી સાર મળી શકતો ના હોય તો એ મર્યાદાને, એ કુળની-કુટુંબની કલ્પેલી મર્યાદાને જતી કરવી. પણ સદ્ગુરુ પાસેથી સારને ગ્રહણ કરવાનો મોકો જતો ના કરવો; એમની પાસેથી મેળવાતો સાર ગમે તે રીતે પણ અચૂક મેળવવો. તો–

**"ભવસાગરકી વાટમાં કબહુ ન લોપે કાળ."**

અનેક સંતો, મહાત્માઓ, યોગીઓ, મહાપુરુષો, શ્રદ્ધેય પુરુષો, આચાર્યદેવો, ઈત્યાદિની અંતરની આશિષ મળેલી હોય છે. આ સૌની અંતરની કૃપા-આશિષ ક્યારે મળે છે, કે જ્યારે મનુષ્ય નિર્મળ હોય, ગુણ-ગ્રાહી હોય, બધાને દોડીને જયનારાયણ કરતો હોય. એના મનમાં એવો ડર ના હોય કે હું સાધુસંતોને મળવા જઈશ અને રખેને મારે ઘસાવું પડશે તો! બુદ્ધિશાળી જીવ પોતાની બુદ્ધિનો ઉપયોગ આમ જ કરતો હોય છે, કે સાધુસંતો પાસે જઈશું એટલે તેઓ વાતવાતમાં કંઈક માંગણી કરશે તો, બધાની વચ્ચે મારાથી ના નહીં પડાય અને મારી નોટો વપરાઈ જશે. આમ વિચાર કરીને તે સાધુસંતોની પાસે જતો નથી.

બુદ્ધિનો ઉપયોગ મનુષ્યજીવનની સાર્થકતા કરવામાં એ ન કરે પણ નોટોની સાર્થકતા કરવામાં કરે. એને ખ્યાલ ન આવે કે નોટો સાથે આવવાની નથી. એક અસાધ્ય રોગ થશે તોય નોટો કામમાં નથી આવવાની. નોટો તો કાગળિયાં છે. પંચમહાભૂતનો આવો સુંદર દેહ જેમાં આત્મા બિરાજી રહેલો છે એ પણ બળીને ભસ્મ થઈ જવાનો છે, તો એ કાગળિયાં ને એના ઉપર છાપેલી છાપો ક્યાં કામમાં આવવાની હતી? મનુષ્ય, બુદ્ધિનો આવો ઉપયોગ નથી કરતો. એ સાધુસંતો પાસે જતો જ નથી. ત્યારે સાધુસંતો પાસે કોણ જાય છે? એ કે જેનામાં જન્મથી જ ત્યાગ-વૈરાગ્યની ભાવના વસેલી છે, ત્યાગ-વૈરાગ્યની ભાવના જેનામાં રુંવાડે-રુંવાડે વ્યાપેલી છે. એ સાધુસંતો પાસે પહોંચી જાય છે અને તેમની કરુણા મેળવતાં મેળવતાં એક દિવસ સદ્‌ગુરુને પ્રાપ્ત કરી લે છે. પછી બસ, ત્યાં વિરામ. પછી એને ભડક ના રહી, એની રખડપટ્ટી ગઈ, પછી એ એક ખીલે બંધાઈ ગયો. ત્યાં જ એનું સર્વસ્વ, ત્યાં જ એનો વિરામ, ત્યાં જ એનો ઉપરામ અને ત્યાં જ એની બુદ્ધિ આવીને અટકી ગઈ.

'દાસ સવો દંડવત્ કરે, સદ્‌ગુરુ ચરણ ઉપાસી.' પછી દાસ સવો દંડવત્ કરે છે. એની પાસે બીજું હતું પણ શું? બીજું બધું તો એણે ગુરુદેવને આપી દીધેલું, આ દંડવત્ કરવાપણું જ અથવા તો ગુરુમહિમાનાં ગાન કરવાનું જ એની પાસે બાકી રહ્યું હતું. વાણી ઈત્યાદિથી ગુરુમહિમાનાં ગાન કર્યાં, આ રીતે એમણે ગુરુમહિમા ગાયો. અને પછી શું કહે છે? 'સદ્‌ગુરુ ચરણ ઉપાસી.' આ ગુરુમહિમા પણ હું ક્યારે ગાઈ શક્યો? ગુરુદેવનાં ચરણોમાં બેસીને, ગુરુદેવનાં ચરણોની ઉપાસના કરીને ગુરુમહિમાની રચના હું કરી શક્યો છું.

**"સંવત ઓગણીસો એકાણું, ચૈત્ર વદી એકાદશી સોમવાર;**
**ગુરુમહિમા પૂરણ ભયો, સર્વ શાસ્ત્રનકો સાર."**

સંવત ૧૯૯૧, ચૈત્ર મહિનો, વદી એકાદશી ને સોમવાર. ભગવાનની લીલા તો જુઓ. આજે સોમવાર છે. એક મહિનાથી આપણે કેદારેશ્વરમાં છીએ અને રોજે ગુરુમહિમાની સમજણ ટેપ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ તો પણ મુરત આવ્યું જ નહીં અને આજે સોમવારે જ આવ્યું. આ સોમવારની યાદ ક્યારે આવી? આ ગુરુમહિમામાં

સોમવારની વાત આવી ત્યારે. વાહ! વાહ! આનું નામ જ ભગવાનની કૃપા. આનું નામ જ ગુરુદેવની કૃપા કે બરાબર સોમવારના દિવસે જ આપણે ગુરુમહિમાની સમજણની પૂર્ણાહુતિ કરી રહ્યા છીએ. ખરેખર ગુરુમહિમા પૂરો થાય? ગુરુમહિમા પૂરો થાય જ નહીં. પરંતુ આ એક વિરામચિહ્ન.

"સંવત ઓગણીસો એકાણું, ચૈત્ર વદી એકાદશી સોમવાર." આ લીટીને તાત્ત્વિક રીતે સમજવાનો પ્રયત્ન કરીએ :

ચૈત્ર, વદી એકાદશી અને સોમવારનો એકીસાથે સુમેળ દર બાર વર્ષે એક વખત આવે છે એમ કહેવાય છે. દર બાર વર્ષે આવતા મહાકુંભ પર્વની ખૂબ મહત્તા ગણાય છે, તેવી જ રીતે ચૈત્ર વદી એકાદશી અને સોમવારે આવતા સુમેળના મહાપર્વની પણ ઓમ્‌પરિવારમાં ઘણી મહત્તા ગણાય છે. આ મહાપર્વને ઓમ્‌પરિવાર ખૂબ ધામધૂમથી ઊજવે છે.

ગુરુ-ભક્ત સવજીદાસે ગુરુમહિમાની રચનાનો પદ્યમાં જે પ્રારંભ કર્યો હતો તે રચના ચૈત્ર વદી એકાદશી અને સોમવારે પૂર્ણ થઈ. આમ કહીને ગુરુમહિમાની રચનાને પૂર્ણ થયાનો સમય બતાવ્યો. પરંતુ આ લીટીને આ રીતે પણ ઘટાવી શકાય - આ રીતે ઘટાવવી જોઈએ.

હવે ચૈત્ર માસ, વદી પક્ષ, એકાદશી તિથિ અને વાર સોમવારને છૂટાં પાડીને સમજીએ.

ચૈત્ર માસમાં તમામ વૃક્ષો પોતાનાં સઘળાં જૂનાં-પીળાં પાંદડાઓનો પરિત્યાગ કરીને લીલાં નવાં પાંદડાઓનું સ્વાગત કરવા માટે થનગનવા લાગે છે. ડાળીએ-ડાળીએ કોર ફૂટીને ફળ આવવાની સાબિતી આપવા લાગે છે. થોડા સમયમાં કડવાં અને ખાટાં ફળો પણ મીઠાં મધુરાં થવા લાગે છે. આમ ગુરુમહિમા ગાનારાએ ક્રમે ક્રમે ભ્રમયુક્ત જૂના-પીળા વિચારોમાંથી મુક્ત થઈને, ઈર્ષા, દ્વેષરૂપી ખટાશ-કડવાશને ત્યાગીને નવી વિચારધારાઓ અપનાવવાની છે કે જેના દ્વારા શાંતિમય મીઠાં ફળની પ્રાપ્તિ કરી શકાય. લીમડાના કોરની અને આંબાના મોરની આરોગ્યપ્રાપ્તિની બાબતમાં જબરજસ્ત વિશેષતા છે. આ બંને પણ નિત્ય નવી પ્રેરણાના સૂચક છે.

ચૈત્ર માસ પછી હવે વદ-વદી પક્ષને સમજીએ.

મહિનાના બે પક્ષ - વદ અને સુદ છે. વદ એટલે અંધારિયું અને સુદ એટલે અજવાળિયું. સુદની તુલનાએ વદની રાત્રીઓ અંધારાના કારણે ઓછા કોલાહલવાળી હોય છે. શાંત વાતાવરણમાં ધ્યાન-ધારણામાં શીઘ્ર સફળતા મળી શકે છે. કલ્યાણમાર્ગમાં આગળ વધવા માટે સ્થૂળ જગતને ભૂલવાનું છે. અંધારામાં અનાયાસે જ સ્થૂળ જગત અદશ્ય થઈ

જાય છે. આંખો બંધ કરતાંની સાથે પણ સઘળે અંધારું દેખાય છે. ધ્યાનનો પ્રારંભકાળનો અભ્યાસ લગભગ બંધ આંખે કરવાનો હોય છે. આમ "વદી" નો અર્થ થયો– બાહ્ય સ્થૂળ જગતમાં અંધારું કરીને સૂક્ષ્મ આંતર્જગતમાં અજવાળું કરવું.

હવે એકાદશીનો અર્થ સમજીએ.

એકાદશીમાં બે શબ્દો છે - એક અને દશી અર્થાત્ દસ. પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને એક મન મળીને અગિયાર થયાં. ગુરુમહિમાનું ગાન કરનારનો આ અગિયારે ઉપર કાબૂ આવી જવો જોઈએ. જો આમ ન બને તો ગુરુમહિમા-ગાનનું અમૂલ્ય ફળ પ્રાપ્ત થયું ન ગણાય. આ અગિયારના કાબૂમાં આપણે હોઈએ તેનું જ નામ પતન અને એ આપણા કાબૂમાં હોય તેનું જ નામ ઉત્થાન. બાસૂદી, રબડી, ગુલાબજાંબુ વગરે ગરિષ્ટ પદાર્થો ઝાપટીને કરેલા ઉપવાસને "એકાદશી કરી છે" એમ ન કહી શકાય. પરંતુ એ અગિયારે ઉપર કાબૂ કરીને અંતર્મુખ થવું તેને જ ખરી "એકાદશી કરી છે" એમ કહી શકાય.

હવે સોમવારને સમજીએ.

સોમ એટલે ચંદ્ર, ચંદ્ર એટલે શીતળતા અને શીતળતા એટલે વિનમ્રતા. વિનમ્ર બનવાનું છે. વિનમ્રતાનો સદ્‌ગુણ ના કેળવાયેલો હોવાના કારણે જીવનમાં ઘણી બધી સમસ્યાઓ અને વિટંબણાઓ ઊભી થતી હોય છે. ગુરુમહિમાનો ગાયક, ગુરુમહિમામાં પિરસાયેલા ગુરુજ્ઞાનરૂપી અમૃતનું પાન કરી-કરીને વિનમ્ર બનતો જાય છે. જેમ આંબાને ફળ આવે છે તેમ તેમ તે નીચો નમતો જાય છે. એ દિવસે દિવસે જાણતો જાય છે કે -"જાના તો યહ જાના, ન જાના કુછ ભી." આમ ગુરુમહિમાનું સમજપૂર્વકનું નિત્ય ગાન કરનાર પણ તેમાં ધરબાયેલાં ગુરુજ્ઞાનનાં રહસ્યો સમજી-પામીને વિનમ્ર બનતો જાય છે, વિનમ્ર બનીને તેને વધુ ને વધુ સમજી શકવાને શક્તિમાન થતો જાય છે.

"ગુરુમહિમા પૂરણ ભયો, સર્વ શાસ્ત્રન કો સાર." અર્થાત્ સર્વ શાસ્ત્રનો સાર જેમાં આવી જાય છે તેવો ગુરુમહિમા ત્યારે પૂર્ણ થયો કહેવાય, ત્યારે તેનો પૂર્ણ લાભ લીધો કહેવાય કે જ્યારે તેને ઉપરોક્ત રીતે સમજીએ. અસ્તુ.

હવે સવજીદાસ, એમને જે કાંઈ ઊભરો આવ્યો હતો અને જે કાંઈ સ્ફુરણા થઈ હતી એને શબ્દો દ્વારા વ્યક્ત કરી વિરામ લઈ રહ્યા છે. બીજી સ્ફુરણાનો તો પાર નથી કારણ કે આ તો ગુરુમહિમા છે. ગુરુમહિમાનો પાર ના આવે. શાબ્દિક રીતે ગુરુમહિમા અહીં પૂર્ણ થયો. 'ગુરુમહિમા પૂરણ ભયો, સર્વ શાસ્ત્રન કો સાર.'

ઘણાં શાસ્ત્રો છે. એ તમામેતમામ શાસ્ત્રોનો નિચોડ-અર્ક-સાર એ આ ગુરુમહિમા. આપણે ત્રણ વખત ગુરુમહિમા બોલીએ છીએ એ કેવો છે? સર્વ શાસ્ત્રન કો સાર. દરેકે દરેક શાસ્ત્રનો સાર છે. કારણ કે એમાં કેવી કેવી વાતો આવે છે એ તમે સૌએ આજ સુધી સાંભળી

છે, તમે રોજે રોજ બોલો છો તેથી ખબર છે.

સર્વશાસ્ત્રો ક્યાંથીઆવ્યાં?એ શાસ્ત્રો કોણે રચ્યાં? ગુરુજનોએતોએની રચના કરીછે. તો, શાસ્ત્રમાંથી જે કંઈ શીખીએ છીએ, વાંચીએ છીએ, ગોખીએ છીએ, સમજીએ છીએ, એ પ્રમાણે વર્તીએ છીએ; એ બધું ગુરુદેવનું જ આપેલું હતું ને? જેમ વ્યાસોચ્છિષ્ટમ્ જગતસર્વમ્; આખું જગત વેદવ્યાસનું એંઠું જ છે. તેમ આ જગ્યાએ આપણે જે કાંઈ સદ્સિદ્ધાંતો બોલી રહ્યા છીએ એ કોના છે? શાસ્ત્રના. અને શાસ્ત્ર કોનાં? ગુરુજનોનાં, સંતોનાં, આચાર્યોનાં. એમને અંતરમાં જેપ્રકાશ થયો એને એમણે અક્ષરોનું રૂપ આપ્યું, એ સ્ફુરણાને શબ્દનો દેહ આપ્યો અને કલમ દ્વારા પુસ્તકોમાં એનો ઉતારો કર્યો; એનું નામ શાસ્ત્ર. તેથી જે કાંઈ શાસ્ત્રમાં હતું એ પણ ગુરુદેવનો જ અર્ક હતો. તેથી ગુરુમહિમાને 'સર્વ શાસ્ત્રન કો સાર' કહ્યો. અવધૂત શિરોમણિ નિત્યાનંદજી કહેતા હતા કે ''પુસ્તક ક્યા દેખતા હૈ? મસ્તક દેખ મસ્તક. સબ પુસ્તકેં મસ્તકમેંસે નિકલી હૈં.''

ગુરુમહિમાની છેલ્લી લીટી છે -

**"બ્રહ્મ અગ્નિથી બાળિયાં, ગૌહત્યાદિ પાપ;**
**કર્મકાષ્ટને બાળવા, સદ્ગુરુએ દીનો જાપ."**

ગુરુમહિમાની છેલ્લી બે લીટીઓ ખૂબ જ મહત્ત્વની છે, ખૂબ જ અગત્યની છે; જાણે ગાગરમાં સાગર.

ગૌહત્યા આદિ ચાર પ્રકારનાં પાપોને શાસ્ત્રોમાં મહાપાપો તરીકે ગણ્યાં છે. બીજાં લઘુ પાપો, સામાન્ય પાપો અનંત છે. મનુષ્યથી સામાન્ય પાપ થઈ જાય તો પુણ્ય, દાન, જપ, ધર્મ ઈત્યાદિ કરી એ પાપમાંથી મુક્ત થાય છે. પરંતુ ગૌહત્યા, બ્રહ્મહત્યા ઈત્યાદિ - જેની મહાપાપો તરીકેની ગણતરી શાસ્ત્રોમાં છે - એ મહાપાપો ઉપરોક્ત સત્કર્મોથી ધોવાતાં નથી. એને ધોવા માટે તો શાની જરૂર પડે છે? 'બ્રહ્મઅગ્નિથી બાળિયાં ગૌહત્યાદિ પાપ' ગૌહત્યાદિ પાપમાંથી મુક્ત થવા માટે તો બ્રહ્મઅગ્નિ પ્રગટ થવો જોઈએ. તો જ આ મહાપાપ એમાં બળીને ભસ્મ થઈ જાય.

બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ જાય ત્યારે મહાપાપોમાંથી પણ મનુષ્ય મુક્ત થઈ જાય છે. પછી એને કંઈ કરવાનું બાકી રહેતું નથી એમ અનુભવીઓ કહે છે. પણ ગુરુમહિમાની છેલ્લી બે લીટીમાં એથી કંઈક વધુ કહેવાનું છે. એની આગળની લીટી શું કહી રહી છે? 'કર્મકાષ્ટને બાળવા સદ્ગુરુએ દીનો જાપ' બ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી મનુષ્ય-શરીર કંઈ છૂટી નથી જતું . આત્મસાક્ષાત્કાર , બ્રહ્મસાક્ષાત્કાર, પરમાત્મસાક્ષાત્કાર થાય પછી મનુષ્ય મરી નથી જતો. જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધી એને જીવ્યે જવાનું હોય છે. જો શરીર જીવિત છે તો એને કઈને કંઈ પોષણ તો આપવું જ પડશે. એને બે કપડાં અને બે રોટી આપવા

માટે મનુષ્યે કાંઈ ને કાંઈ કર્મ કરતાં રહેવું પડશે. તો, રોજેરોજ જે કર્મ કરશે તેના કારણે મનુષ્યના હાથે સારું-નરસું થઈ જવાનું અને તેથી તેના કર્મ મુજબનું કર્માશય બંધાશે. બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ ગયા પછી પણ કર્મ થયા કરશે; એ કર્મરૂપી કાષ્ટનો ઢગલો થઈ જશે. તો કર્મરૂપી કાષ્ટનો ઢગલો ન થાય અને એનું કર્માશય ન બંધાય; રોજેરોજ ભેગાં થતાં એ કર્મકાષ્ટને બાળી નાખવા માટે ગુરુદેવે શું સાધન આપ્યું? 'સદ્‌ગુરુએ દીનો જાપ.' સદ્‌ગુરુએ જાપ આપ્યો. એ મંત્રનો શિષ્ય રોજે રોજ જાપ કરે છે, એનું ચિંતન-મનન કરે છે. ગુરુદેવના આપેલા મંત્રથી રોજે રોજનાં કર્મકાષ્ટ બળીને ભસ્મ થઈ જાય છે, એ કર્મનો જથ્થો જ ભેગો નથી થતો. આમ બ્રહ્મસાક્ષાત્કાર થયા પછી પણ મનુષ્યે કોઈ ને કોઈ કાર્ય, સદ્‌ગુરુનું કાર્ય, સદ્‌ગુરુએ બતાવેલું સદ્‌ધર્મયુક્ત કાર્ય કર્યે જ રાખવું જોઈએ.

સદ્‌ગુરુએ જે મંત્ર આપેલો હોય એ મંત્રનો જાપ કરવો એટલી જ વાત કાંઈ આમાં નથી. મંત્ર આપ્યો હોય તો મંત્રનો જાપ કરવાનો છે અને એ સિવાય જે કંઈ જવાબદારી સોંપી હોય તેને પૂરી કરવાનો પ્રયત્ન કરવાનો છે. ગુરુદેવનો ઉપદેશ સાંભળી-સાંભળીને આપણે જાતે જ આપણી જે ફરજો નક્કી કરી લીધી હોય, જે જવાબદારી ઉપાડી લીધી હોય એનું નિત્ય નિયમિતરૂપે પાલન કરવું, એનું આચરણ કરવું એને પણ જાપ જ કહેવામાં આવે છે. 'જાપ' એટલે કાંઈ એક આસન ઉપર બેસી મંત્ર રટ્યે રાખવો એટલો મર્યાદિત અર્થ જ નથી. જાપનો ઘણો વિશાળ અર્થ છે. આમ, ગુરુમહિમાની બે લીટીઓનો ઉપસંહાર કરી નાખ્યો.

બ્રહ્મસાક્ષાત્કાર થયા પછી પણ સાક્ષાત્કારી જીવે કોઈને કોઈ કર્તવ્ય-કર્મ કરવું જોઈએ અને તો જ એનાં રોજે રોજનાં જે કર્મો થતાં રહે, કર્મકાષ્ટ એકઠાં થતાં રહે એ બળી જાય.

તો આમ, ગુરુમહિમાની છેલ્લી બે લીટી આ કેદારેશ્વર ધામમાં સોમવારના દિવસે, રોહિતભાઈની હાજરીમાં - આપણા ગુરુધ્યાનભિક્ષુજીની હાજરીમાં પૂરી થઈ. હવે સદ્‌ગુરુની આરતીની સમજણ વિષે કહીએ.

# ''ઓમ્ ગુરુ ઓમ્''

## (આરતી)

## *: જય જય આરતી સદ્‌ગોરાં કી :*

સવા ભગત 'ગુરુમહિમા' રચીને ખૂબ આનંદમાં આવી ગયા છે અને ગુરુદેવની આરતી ઉતારે છે. કોઈ વાર-તહેવારે, ગુરુપૂર્ણિમાને દિવસે અથવા તો તમે જ્યારે તમારે ઘેર ગુરુદેવની પધરામણી કરો છો ત્યારે જેમ ગુરુદેવની આરતી ઉતારો છો તેમ સવાભગત આરતી ઉતારે છે. આરતી ઉતારતા જાય છે અને ગાતા જાય છે. આરતીના શબ્દો કેટલા સુંદર છે!

"જય જય આરતી સદ્‌ગોરાંકી.
આદ અનાદ નાદથી પર છો, અજર-અમર દેવા."

હે ગુરુદેવ, તમે કેવા છો? આદિ અને અનાદિ એ બધાથી પર છો. તમારો આદિયે નથી અને તમારો અનાદિયે નથી. જેનો પ્રારંભ હોય તેનો અંત હોય ને? પણ આ પરમાત્મા-ગુરુદેવ કેવા છે? જેમનો જન્મેય નથી અને મૃત્યુ પણ નથી. તેથી આ જગ્યાએ એમને 'ગુરુ' શબ્દ ફિક્કો લાગ્યો, એમાં એમને મજા ના આવી; ગુરુદેવે એમના ઉપર જે ઉપકાર કર્યો' તો એ ઉપકારના બદલામાં 'ગુરુદેવ' શબ્દ એમને જચ્યો નહીં. તેથી અતિ વહાલમાં આવી જઈને 'સદ્‌ગોરાં' શબ્દ એમના મોઢામાંથી સરી પડ્યો.

'અજર અમર દેવા.' હે સદ્‌ગોરાં ! તમે કેવા છો? અજર, જરાવાળા નથી; અમર, મૃત્યુવાળા નથી. કારણ કે વૃદ્ધાવસ્થા અને મૃત્યુ કોના ધર્મો છે? શરીરના. તો આ ગુરુને તો, આ સદ્‌ગોરાંને તો શરીર જ નથી, એ તો પરમ ચૈતન્ય છે. તેથી એને વૃદ્ધાવસ્થા ક્યાંથી હોય અને મૃત્યુધર્મેય ક્યાંથી હોય?

"નહીં ઊપજ્યા નહીં જાયા."

તમે ઊપજ્યા જ નથી, તમારો જન્મ જ નથી પછી જવાનું ક્યાં રહ્યું? કોઈ માણસ આવે પણ તમે આવેલા જ નથી. જ્યારથી જેવા છો - ત્યારથી અત્યાર સુધી અને હવે પછી કાયમ માટે - એવા ને એવા જ છો. તમારા સ્વરૂપમાં કોઈ પરિવર્તન નથી આવતું. જગતના બાકીના તમામ પદાર્થો પરિવર્તનશીલ છે; વિકારી, વિશેષ આકારવાળા છે. જેમકે રજોવીર્યમાંથી આ શરીર, શરીરમાંથી આ બધાં અંગો, એમાં બીજા ઘણા બધા વિકારો. દૂધ, દૂધમાંથી દહીં, દહીંમાંથી દહીંનો વિકાર ઘી; એમ દરેક પદાર્થ પરિવર્તનશીલ છે. પરંતુ તમે કેવા છો? અપરિવર્તનશીલ. જેવા છો એવા ને એવા. બ્રહ્મ સત્યમ્ જગત મિથ્યા. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે. મિથ્યા એટલે પરિવર્તનશીલ. અત્યારે જે સ્વરૂપ જગતનું દેખાય

છે એ થોડીક ક્ષણો પછી બદલાઈ જશે. તેના સ્વરૂપમાં કોઈ ને કોઈ ફર્ક આવી ગયો હશે, ચાહે આપણાં ચર્મચક્ષુઓ એ પદાર્થમાં આવેલા પરિવર્તનને જોઈ ન શકે અથવા તો વર્ષ પછી, પાંચ વર્ષ પછી કે સો વર્ષ પછી જોઈ શકે પરંતુ હર ક્ષણે, હર પળે દરેક વસ્તુમાં પરિવર્તન આવી રહ્યું છે. એ એનું મિથ્યાપણું છે. હાલમાં જે નામ અને ઠામ છે, હાલમાં જે રૂપ અને રંગ છે એ મિથ્યા છે કારણકે થોડીક ક્ષણોમાં એમાં પલટો આવી રહ્યો છે. એમાં જ્યારે ઘણો બધો પલટો આવી જાય છે ત્યારે ચર્મચક્ષુ એનો અનુભવ કરી શકે છે, આપણી ઈન્દ્રિયો એનો અનુભવ કરી શકે છે. અતિ સૂક્ષ્મ પ્રમાણમાં જે પરિવર્તન આવ્યું હોય એનો અનુભવ આપણને ન થઈ શકે.

બ્રહ્મ સત્ય. બ્રહ્મ જ એક સત્ય, સત્ય કહેતાં જેમાં પરિવર્તન નથી. સત્ એટલે અસત્ નહીં. એ જેવું છે એ સ્વરૂપમાં અસત્ પણું નહીં પણ સત્પણું-સતતપણું. જેનું અસ્તિત્વ સતત, જેનું સતત સાતત્ય એવું સ્વરૂપ.

**"છો એવા ને એવા, અમરરૂપ બન્યા છો આપે**
**વિદેહ દેહ ધારી, ગુરુ વિદેહ દેહ ધારી."**

ઉપર કહ્યા મુજબ આપનું રૂપ અમર છે. રૂપે આપ અમર છો, અજર છો; વિદેહ - વિના દેહ અથવા તો વિશિષ્ટ દેહવાળા છો. તમારો દેહ કેવો છે? દિવ્ય દેહ. ચાલુ જે બધા દેહો છે એનાથી વિશેષ દેહ, એનાથી વિશેષ છો. ચાલુ બધાના જે દેહ છે એના જેવો દેહ ન હોવાના કારણે તમે વિના દેહ - દેહ વિનાના છો. ચાલુ પ્રકારનો દેહ હોય છે એવો દેહ તમારો નથી, એટલે વિશેષ. વિશેષ દેહવાળો કે જે દેહ બુદ્ધિગમ્ય, જ્ઞાનગમ્ય છે એવો દેહ - વિદેહ. સ્થૂળ દેહ નહીં, ઈન્દ્રિયગોચર દેહ નહીં.

**"સાહેબ કૃપા સહેજ ઘર પાયો, પલપલ બલિહારી."**

સાહેબની કૃપા થઈ. અહીં પરમાત્મા માટે પણ સાહેબ શબ્દ વપરાયો છે અને સદ્‌ગોરાં માટે પણ સાહેબ શબ્દ વપરાયો છે. સાહેબ કૃપા - ગુરુદેવની કૃપા થઈ ત્યારે 'સહેજ ઘર પાયો'; પરમાત્માના સ્વરૂપને ઓળખવા માટે, પરમાત્માના સ્વરૂપને પામવા માટે, પરમાત્માના સ્વરૂપને સારી રીતે હૃદયંગમ કરવા માટે, યોગીજનો, મહાત્માજનો, સાધુજનો કેટલી મોટી તપશ્ચર્યા કરે છે! કેટલા મોટાં જંગલોમાં કુટિયા બનાવીને, ગુફા બનાવીને રહે છે! પરમાત્માને સમજવા માટે સાધકો આવી કઠિન તપશ્ચર્યા કરે છે, સાધના કરે છે તોય તે સમજમાં આવતા નથી. પરંતુ અમારી સ્થિતિ તો કેવી થઈ? સાહેબની કૃપા થઈ ત્યારે સહેજમાં - કોઈ કષ્ટ વિના - ઘર પાયા; ઘરે બેઠાં બેઠાં જ, અમારા પોતાના ચાલુ વ્યવહારનાં કામકાજો કરતાં કરતાં જ, અમારાં પોતાનાં બાળ બચ્ચાઓનું પાલનપોષણ કરતાં કરતાં જ

સદ્‌ગુરુની કૃપાથી પરમાત્માનું સાચું સ્વરૂપ અમને સમજાયું. અમારે જંગલમાં જવાની, કે અઘોર તપ કરવાની, કે મહાકષ્ટ વેઠવાની જરૂર જ ના રહી. સહેજમાં ઘેર બેઠાં જ પાયા, મેળવ્યા અને શરીરમાં જે ઘર છે એ ઘરમાં તમને જોયા. શરીરમાં એમનું ઘર ક્યાં છે? જ્યાં પીઠનો છેડો આવે છે ત્યાં. બ્રહ્માંડ-મસ્તક-બ્રહ્મરંધ્ર-સહસ્રદળકમળ, એમાં તમને પાયા, એમાં તમને જોયા. એક તો આ ઘર, કે જે ઈંટ, માટી, ચૂના ઇત્યાદિનું બનેલું છે એ મકાન, એમાં રહીને તમને મેળવ્યા, પ્રાપ્ત કર્યા. ક્યાં? આ પિંડમાં. જે ઘર તમારું- પરમાત્માનું રહેવાનું છે ત્યાં. તમો બીજે ક્યાંય નહોતા. તમો ક્યાં હતા? આ શરીરમાં. શરીરની અંદર તમારું રહેવાનું મુખ્ય ઘર છે બ્રહ્મરંધ્ર. એ ઘરમાં તમને જોયા, ઓળખ્યા, સમજ્યા. કોના દ્વારા? સાહેબની કૃપાથી, સદ્‌ગોરાંની દયાથી.

'પલ પલ બલિહારી.' જ્યારે આવી રીતે સદ્‌ગોરાંએ પરમાત્માનાં દર્શન કરાવી દીધાં તો એમને માટે તો પલ પલ બલિહારી. એક એક ક્ષણ સદ્‌ગોરાં ઉપર બલિહારી જાઉં, દરેક ક્ષણે એમને માટે તો ન્યોચ્છાવર થઈ જાઉં. જેમ તુલસીદાસજીએ કહ્યું છે તેમ -

**ઉસકે તન કી મોજડી, મેરે તનકા ચામ.**

મારા ગુરુદેવ માટે તો હું મારા શરીર ઉપરથી ચામડી ઉતારી તેમના પગની મોજડી બનાવી દઉં તોયે ઓછું છે. અહીં આપણે ચામડી ઉતારીને જોડા બનાવી દેવાના નથી. એનાથીયે આપણે મોટાં કાર્યો કરવાનાં છે. ચામડી ઉતારી દેવાની તો એક મામૂલી વાત છે. જીવતા રહીને ઘણાં મોટાં કાર્યો આપણે કરવાનાં છે. તુલસીદાસજીએ પોતાના શરીરની ચામડી ઉતારવાનું કહ્યું એનો શો મતલબ છે? પલ પલ બલિહારી. બલિહારી થવું એટલે ન્યોચ્છાવર થવું, પોતે પોતાને અર્પણ કરી દેવા, પોતાનું બલિદાન આપી દેવું. પરંતુ કેવું બલિદાન? એક જ વખત નહીં, પળે ને પળે બલિદાન આપું તમને. તમે મારા ઉપર જે ઉપકાર કર્યો છે, તમે મારા મનુષ્યજીવનની જે સાર્થકતા કરી છે; મારો સ્વભાવ, મારી પ્રકૃતિ અને મારી પરિસ્થિતિ જોઈ ઘેર બેઠાં જ જે કાંઈ પ્રાપ્તવ્ય હતું તેની પ્રાપ્તિ કરાવી દીધી એને માટે તો હું 'પલ પલ બલિહારી' છું.

**"અધઊર્ધ્વમાં આપ બિરાજો, નિગમ નેતિ ગાવે."**

અધ-નીચે, ઊર્ધ્વ-ઉપર. આપ ક્યાં બિરાજો છો? અધઊર્ધ્વમાં. 'નિગમ નેતિ ગાવે.' વેદો તમારાં ગુણગાન ગાય છે. કેવી રીતે? નેતિ, નેતિ, નેતિ, અર્થાત ન ઇતિ, ન ઇતિ, ન ઇતિ કહીને. તમારો છેડો નથી, તમારો અંત નથી, તમને પામી શકાય એમ નથી. અગમ-નિગમ 'નેતિ-નેતિ' કહીને તમારાં ગુણગાન ગાય છે.

તમે ક્યાં બિરાજો છો? અધઊર્ધ્વમાં. શરીરરૂપી પિંડમાં અને બ્રહ્માંડમાં, બંનેમાં

"અધ-ઊર્ધ્વ" છે. પિંડમાં એ ક્યાં છે? નાભિની નીચે અને નાભિની ઉપર. જ્યાં ડૂંટી છે, જ્યાં નાભિ છે. જ્યાં મણિપુર ચક્ર કલ્પવામાં આવેલું છે એ નાભિકમળથી છેક મસ્તક સુધીનો ભાગ એ 'ઊર્ધ્વ' અને નાભિથી પગના તળિયા સુધીનો ભાગ એ 'અધ'.

જે મનુષ્યે પોતાની પ્રગતિ સાધતા રહેવી હોય એણે અધઃલોકમાં નહીં ઊતરવું, ઊર્ધ્વલોકમાં જ વૃત્તિને રાખવી. હદમાં હદ નાભિ સુધી જ વૃત્તિને જવા દેવી, નાભિથી નીચે વૃત્તિને ઊતરવા ન દેવી. જ્યારે આપણી વૃત્તિઓ, આપણું ધ્યાન નાભિથી નીચેના ભાગમાં જાય ત્યારે આપણે અધઃલોકમાં ગયા કહેવાઈએ. નાભિની ઉપર બધા ઊર્ધ્વલોક છે. મનુષ્ય જેમ જેમ પોતાની વૃત્તિઓને નાભિની નીચે અધઃલોકમાં સ્થિર કરે તેમ તેમ એ વાસનામય થતો જાય, વિકારી થતો જાય, એ પાતાળમાં વધુ ને વધુ ઊંડે ઊતરતો જાય. તે, જેમ જેમ ઊર્ધ્વલોકમાં જાય તેમ તેમ એ બ્રહ્મરંધ્ર તરફ જતો જાય, સમાધિ તરફ જતો જાય; એ સદ્‌ગુરુનાં દર્શન તરફ આગળ વધતો જાય, એ પરમાત્માના સાક્ષાત્કાર તરફ ગતિ કરતો જાય. તો, આ વાત પિંડની થઈ.

બ્રહ્માંડમાં પણ અધઃ અને ઊર્ધ્વ છે. એ કયાં છે? બ્રહ્માંડમાં પૃથ્વી એ નાભિ અને પૃથ્વીથી ઉપરના લોકો એ ઊર્ધ્વલોક અને નીચેના અધઃલોક. પૃથ્વીની ઉપરના લોકો કયા કયા છે? ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ, સત્યમ્; એમ સાત લોકની કલ્પના કરેલી છે. શાસ્ત્રોમાં આ સાત લોકનાં નામ આપેલાં છે. પૃથ્વીની નીચે બધાં તળ. એને લોક ન કહેતાં તળ કહ્યાં છે. અતળ, વિતળ, સુતળ, મહાતળ, રસાતળ, તળાતળ, પાતાળ; આમ સાત તળ છે. પૃથ્વી ખોદીએ તો એમાં કેવાં જીવજંતુઓ જોવા મળે છે? એ જીવજંતુની કેવી સ્થિતિ હોય છે? તેમ નાભિથી નીચે ઊતરીએ તો જીવજંતુ જેવી કોટિમાં ઊતરી જઈએ છીએ - અને નાભિની ઉપર જતા હોઈએ તો મનુષ્ય કોટિમાંથી દેવકોટિને પ્રાપ્ત કરી લઈએ છીએ.

'અધઊર્ધ્વમાં આપ બિરાજો' એમ કહીને સવજીદાસ પરમાત્માની સર્વવ્યાપકતા બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પરમાત્માની સર્વવ્યાપકતાના કારણે જ દરેક જીવને તેમનાં કર્મો પ્રમાણે ફળ મળી રહ્યાં છે અને એ જ કારણે કર્માનુસાર ચોર્યાશી લાખ યોનિમાંની કોઈપણ એક યોનિમાં તેનો જન્મ થાય છે.

તો આવા સર્વજ્ઞ-સર્વવ્યાપક પરમાત્મા વિષે નિગમ અને આગમ, વેદ અને પુરાણો, શાસ્ત્રો શું કહી રહ્યાં છે? કઈ રીતે તેમનાં ગુણગાન કરી રહ્યાં છે? 'નેતિ, નેતિ.' તમારી ઇતિ નથી, તમારો છેડો નથી, તમારા મહિમાનો કોઈ પાર આવી શકે એમ નથી. તમે કેવા છો?

**"વ્યાપક સકળ ભુવનમાં, નહીં આવે ને જાવે."**

હે પરમાત્મા, હે ગુરુદેવ, હે સદ્‌ગોરાં તમે સર્વવ્યાપક છો સકળ ભુવનમાં - જેટલાં ભુવન છે એ બધામાં તમે વ્યાપીને રહેલા છો. પરમાત્મા જેટલી સર્વવ્યાપકતા કોઈનામાં જોવા મળતી નથી. તેમની સર્વવ્યાપકતાના કારણે તેમની હાજરી સતત અને સર્વ જગ્યાએ હોય છે. જેમકે ઘડો અડધો જ ભરેલો હોય તો એમાં બીજું પાણી સમાઈ શકે. પરંતુ પૂરેપૂરો ભરેલો હોય તો એમાં બીજું પાણી સમાઈ ના શકે. તો આમ, પરમાત્મા સકળ ભુવનમાં વ્યાપેલા છે તેથી 'નહીં આવે ને જાવે.' જે જ્યાં ન હોય ત્યાં આવી શકે, પરંતુ જે સર્વ જગ્યાએ છે - સર્વવ્યાપક છે તેને આવવા-જવાનું ક્યાંથી સંભવી શકે?

'નહીં આવે ને જાવે......' પછી આવવા-જવાનું રહ્યું જ ક્યાં? એ સર્વવ્યાપક તત્ત્વ - એ ક્યાં આવે? આપણે સામેના આરોગ્ય ભુવનમાં હતા ત્યારે આ રૂમમાં નહોતા. અહીં નહોતા તેથી આપણે અહીં આવી શક્યા. હવે આપણે અહીં ક્યાંથી આવીએ? હવે તો આપણે અહીં છીએ જ. તો એ સદ્‌ગોરાં તો સર્વવ્યાપક છે. એવી કોઈ જગ્યા તો ખાલી હોવી જોઈએ ને કે જ્યાં એ આવી શકે. એવી જગ્યા તો ખાલી છે જ નહીં. પછી એમને આવવા-જવાનું ક્યાં રહ્યું?

### "પાંચ પારખ લઈ પૃથ્વી, સ્થાવર જંગમ સ્થાપી."

પૃથ્વી ઈત્યાદિ પંચમહાભૂત દ્વારા સ્થાવર અને જંગમની સ્થાપના-રચના થઈ છે. હે ગુરુદેવ! હે પરમાત્મા! તમે તો પાંચ પારખ અર્થાત્ પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ - એ પંચમહાભૂતને લઈને તમામે તમામ સ્થાવર-જંગમની સ્થાપના કરી દીધી.

### "ચૈતન્ય કરી ચલાવ્યાં, અમર બુંદ આપી."

પશુ-પક્ષી, મનુષ્ય એ બધાં જ પંચમહાભૂતનાં જડ શરીરો હતાં. એમને ચૈતન્ય કરીને ચલાવ્યાં. જે જડ હતું એ પણ ચેતન કરી દીધું. એમાં ચેતનનો વાસ થયો એટલે જડ પણ ચાલવા લાગ્યું. આટલું જ ના કર્યું. જડને ચેતન કરીને ચલાવ્યાં અને તેને પાછી બક્ષિશ આપી, ભેટ આપી. શેની? અમર બુંદની. જડને ચેતન કરીને તેમનામાં 'અમર બુંદ' મૂકી દીધું, એવી આશિષ સાથે કે 'તમને મેં જેવાં બનાવ્યાં છે એવાં જ બીજાં તમે બનાવી શકશો.' હે મનુષ્યો! તમે તમારામાંથી મનુષ્ય બનાવી શકશો, પક્ષીઓ! તમે પક્ષીઓને બનાવી શકશો; પશુઓ! તમે પશુઓને બનાવી શકશો.

'અમર બુંદ આપી.' એનામાં એક એવું તત્ત્વ મૂકી દીધું, એને માટે અમર બુંદ શબ્દ વાપર્યો. એ અમર બુંદથી દરેક જીવે પોતાના જેવી સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. 'અમર' બુંદ અર્થાત્ વીર્ય અને આત્મતત્ત્વ. તમારામાં અમર બુંદ, તમારે જે બાળક થાય તેનામાં પણ અમર

બુંદ; આમ એકબીજા એકબીજામાં અમર બુંદ મૂકતા જ ગયા જેથી એ સૌ અમર બુંદ દ્વારા પોતાના જેવી સૃષ્ટિ રચી શકે. એક શરીર પડે ત્યાં બીજું તૈયાર, બીજું પડે ત્યાં ત્રીજું તૈયાર; એમ પરંપરા ચાલે અને એ પ્રમાણે તેનું અમરપણું સિદ્ધ થાય.

**"નામ-ઠામ બે બાદ કરીને, મૂળ પુરુષ જાચ્યો."**

નામ, ઠામ એ બંને બાદ કરીને તેમાંથી મૂળ પુરુષ જાચ્યો. 'જાચ્યો' શબ્દ અતિ સુંદર છે, જાચ્યો અર્થાત્ મેળવ્યો.

**ગુરુજી આપણા ગામે ગયા તને સાંભળે રે,**
**જાચવા કોઈક મુનિ મને કેમ વીસરે રે.**

કૃષ્ણ-સુદામા વિષે એક કવિતા આવતી એમાં આ 'જાચવા' શબ્દપ્રયોગ આવતો.

'નામ-ઠામ......' જગત કેવું છે? નામ-ઠામવાળું, નામરૂપાત્મક. એને નામ છે અને રૂપ છે. બુદ્ધિથી જગતની કલ્પના કરો. ઇન્દ્રિયથી કોઈપણ પદાર્થનો અનુભવ કરો . નાક દ્વારા ગંધનો, કર્ણ દ્વારા ધ્વનિનો, જીભ દ્વારા સ્વાદનો, ચામડી દ્વારા સ્પર્શનો, આંખ દ્વારા રૂપનો - તો એ બધાંને શું છે? નામ અને રૂપ. એનું કંઈ ને કંઈ નામ છે, એને કોઈ ને કોઈ રૂપ છે. આપણી પાંચ ઇન્દ્રિયો દ્વારા આપણે જે કાંઈ અનુભવી રહ્યા છીએ એ પદાર્થને કાંઈ ને કાંઈ નામ આપેલું છે, એને કોઈ ને કોઈ આકૃતિ મળેલી છે. લાંબી, પહોળી, ટૂંકી, લાલ, પીળી, વાદળી, નરમ, કઠણ ઇત્યાદિ ઇત્યાદિ આકૃતિ છે. આ જગ્યાએ નામ-રૂપ ન કહેતાં નામ અને ઠામ કહ્યાં છે. નામ કહેતાં એનું નામ અને ઠામ કહેતાં એની આકૃતિ.

'નામ-ઠામ બે બાદ કરીને, મૂળ પુરુષ જાચ્યો.' જગતની કલ્પના કરો એટલે નામ-ઠામ આવીને ઊભાં રહેવાનાં. એ બંનેને બાદ કરીને 'મૂળ પુરુષ' - એટલે કે એ નામ-ઠામની અંદર રહેલો, જેનું નામ-ઠામ નથી એવું જે ચૈતન્ય, એવા જે પરમાત્મા,એવા જે સદ્ગોરાં - એને જાચો, એને ગોતી લો, એને પકડી લો. જ્યાં પણ નામ અને ઠામ દેખાય ત્યાં મૂળ પુરુષનો સહારો લઈને એ બંનેને બાદ કરી દેવાનાં એટલે કે મૂળ પુરુષને જ અનુભવવાનો. જેમકે સામે રોહિતભાઈ બેઠા છે. તો એ રોહિતભાઈ એમનું નામ છે. તો એ, નામ અને રૂપને બાદ કરીને તેમાં વસતા મૂળ પુરુષને ગોતી લેવાનો, એવું જીવન કરી નાખવાનું, એવી કુશળતા પ્રાપ્ત કરી લેવાની.

**"દાસ સવા પર દયા કરીને, અભયદાન આપ્યો;**
**ગુરુ, અભયદાન આપ્યો."**

સવજીદાસ ઉપર ગુરુદેવે દયા કરી અને શું આપ્યું? અભયનું દાન આપ્યું. આ અભયનું દાન ક્યારે મળે? મૂળ પુરુષને જાચો ત્યારે. જો મૂળ પુરુષને જોવાની દૃષ્ટિ પ્રાપ્ત

થઈ જાય, તો જ અભય મળે. ભય કોને છે? કાયાને, નામને, ઠામને. આત્માને ભય થોડો છે? આત્મા તો અજર-અમર છે. તો અભય થવું હોય તો નામ-ઠામને બાદ કરીને આત્મનિષ્ઠ થઈ જવું જોઈએ. આપણા આત્મામાં નિષ્ઠા, આપણે દેહ નથી પણ આત્મા છીએ, આપણે ચૈતન્ય છીએ એવી સતત પ્રતીતિ થયા કરે તો કાળનો ભય ના રહે. કાળનો ભય કોને છે? ભય માત્ર કોને છે? આ કાયાને છે, શરીરને છે; આત્માને તો કાંઈ ભય છે નહીં.

ગુરુદેવ તરફથી અભયનું દાન મળ્યું ત્યારે આ સમજણ પ્રાપ્ત થઈ? કોને સમજણ પ્રાપ્ત થઈ ? સવાભગતને.

આમ આ સવજી ભગતે ગુરુમહિમા ગાયો અને સદ્‌ગુરુની આરતી પણ ઉતારી. આજે સોમવારના દિવસે આપણે-અમે તેનો જેટલો બની શકે એટલો અર્થ કરવાનો પ્રયત્ન કર્યો. તમે સૌ તેને સારી રીતે સમજ્યા હશો. આનું જીવનમાં વર્તન કેમ થાય તેનો પ્રયત્ન કરીશું.

સત્ય-ધર્મ ગુરુદેવકી જય.

સત્ય-ધર્મ ગુરુદેવકી જય.

॥ ૐ ગુરુ ૐ ॥

# (આરતી)

# : ઓમ્ જય જય ગુરુદેવા :

આજે મંગળવાર ને તા. ૧૭-૯-૮૦, કેદારેશ્વર મહાદેવનું પરમ ધામ. ગઈકાલ સુધી આપણે ગુરુમહિમાની સમજણ ટેપ કરી. આજે હવે ગુરુમહિમાની આરતી - ''સદ્‌ગુરુની આરતી'' વિષેની સમજણ આ પવિત્ર ધામમાં ટેપ કરી રહ્યા છીએ. ભગવાનની આપણા ઉપર પૂરી દયા, કે આખો પુરુષોત્તમ માસ - અધિક માસ આપણે કેદારેશ્વર ધામમાં રહ્યા. સવારે ચાર વાગ્યાથી રાત્રે બાર વાગ્યા સુધી સાત્ત્વિક અને પવિત્ર પ્રવૃત્તિમાં રહ્યા, એ કેવળ ગુરુજનોની-પરમાત્માની દયા હોય ત્યારે સંભવી શકે. આ કળિકાળમાં આધ્યાત્મિક પ્રવૃત્તિ કરવી, ગુરુ-અભિમુખ રહેવું, પ્રભુ-અભિમુખ રહેવું એ સરળ નથી. તો, આજના દિવસે આપણે આરતીની વિશેષ સમજણને ટેપ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ એ પણ આપણા ઉપર કેદારેશ્વર મહાદેવની કૃપા, દયા અને અમીદૃષ્ટિ છે ત્યારે જ થઈ રહ્યું છે. 'સદ્‌ગુરુની' આરતી આ પ્રકારની છે.

**''ઓમ્ જય જય ગુરુદેવા, પ્રભુ જય જય ગુરુદેવા,**
**આરતી નિત્ય ઉતારું... (૨) કરું નિશદિન સેવા;**
**ઓમ્ જય જય ગુરુદેવા....''**

'જય જય' ની આગળ 'ઓમ્' મૂક્યો છે. ઓમ્ પણ ગુરુ છે, તે પરમ ગુરુનું નામ છે તેથી આગળ ઓમ્ મૂક્યો છે. જય જય - તમારો પણ જય અને તમને બતાવવાવાળા, સાચા સ્વરૂપે ઓળખાણ આપવાવાળા અમારા ગુરુદેવ, એમનો પણ જય. અને તમારો અને સાક્ષાત્ પરબ્રહ્મ સમાન અમારા ગુરુદેવનો જય થાય તો જ અમારો જય થાય, અમારા કુટુંબનો જય થાય, આ જગતનો જય થાય, આ વિશ્વનો જય થાય, બધાંનો જય થાય.

'આરતી નિત્ય ઉતારું.' આરતી તો કોની ઊતરે? પરમાત્માની આરતી ઉતારવાની પરિપાટી આપણી સંસ્કૃતિમાં છે. અને પરમાત્મા સ્વરૂપ ગુરુદેવની પણ આરતી ઉતારીએ છીએ. એક થાળીમાં પાંચ અથવા ત્રણ દિવેટો પ્રગટાવી અને થાળીને ઉપર-નીચે એમ ચક્કર ચક્કર ફેરવી આપણે આરતી ઉતારીએ છીએ. આરતી ઉતારી રહ્યા પછી જે ઉપસ્થિત ભાઈબહેનો હોય એની આગળ ધરીએ છીએ. એ ભાઈ-બહેનો આરતી ઉપર બંને હાથની હથેળી અને આંગળા ફેરવી, પછી એને આંખે, કપાળે અને માથે અડાડે છે - આંખે, કપાળે અને માથે એ હાથથી સ્પર્શ કરે છે.

ઉપરોક્ત વાત કેટલી ગુહ્ય, ગહન, રહસ્યયુક્ત છે! આ કાંઈ સામાન્ય વાત નથી. એક તો આ આરતી એટલા માટે ઉતારવામાં આવે છે કે સામાન્ય મનુષ્ય કે જેની સ્થિતિ ગુરુજનોના પગમાં ભેટ મૂકવા જેવી ના હોય એ પણ ગુરુજનોને પોતાને ઘરે બોલાવી આરતી ઉતારે અને પોતે પણ ગુરુજીની પધરામણી કરી શક્યો એનો સંતોષ લઈ શકે. ગુરુજનોના ચરણોમાં ભેટ મૂકવા એની પાસે ધન ના હોય તો એ તન અને મનથી આરતી ઉતારે. આરતી ઉતારવી એટલે એમના શરણમાં મસ્તક અર્પણ કરી દેવું એવો ભાવ છે. તો, આ રીતે એક અકિંચન પણ ગુરુદેવની પોતાના ઘરે પધરામણી કરાવી, આરતી ઉતારી સંતોષ લઈ શકે છે, સંતોષ અનુભવી શકે છે કે મેં પણ ગુરુદેવની પધરામણી કરી.

આપણી સંસ્કૃતિની પરિપાટી છે કે ગુરુદેવની આપણે ત્યાં પધરામણી કરીએ ત્યારે ગુરુદેવનો યથાશક્તિ સત્કાર કરવો પડે છે. એક સામાન્ય મહેમાન પણ આપણે ત્યાં આવે તો આપણે કોઈને શરબત, કોઈને ચા, કોઈને જમવાનું ઇત્યાદિ રીતે સત્કાર કરીએ છીએ. તો આ તો ગુરુદેવની પધરામણીની વાત છે. એમનો તો વધુમાં વધુ સત્કાર કરવાનો હોય. પરંતુ જેની પાસે ઓછો કે વધુ સત્કાર કરવાની શક્તિ નથી પણ ગુરુજનો તરફ અત્યંત પ્રેમ છે એને શું પોતાના ગૃહે ગુરુદેવની પધરામણી કરવાનો હક્ક નથી? એ પણ કરે. પરંતુ એ પોતાને ઘેર પધરામણી કરે અને ગુરુદેવના પગમાં ભેટ મૂકવા એની પાસે કંઈ જ ન હોય ત્યારે એના મનને કેટલો બધો સંકોચ થાય? એના મનને કેટલો બધો અસંતોષ થાય? તો એના માટે આપણા આચાર્યોએ આ એક સુવિધા, આ એક સગવડ કરી આપી છે; આ એક સમાધાનકારક ક્રિયા ભેટ આપી છે. તમારી પાસે કંઈ સ્થૂળ આપવાનું ના હોય તો આ રીતે ભગવાનની જેમ ગુરુદેવની આરતી ઉતારો અને તમારા ભાવને પ્રગટ કરો - 'ગુરુદેવ, આપ અમારા માટે પરમાત્મા સ્વરૂપ છો; અમારી પાસે જે કાંઈ તન-મન છે એ અમે તમને આ રીતે અર્પણ કરી રહ્યા છીએ.'

આરતી વિષેની આ એક વાત થઈ. હવે બીજી વાત. જે આરતી ઉતારીએ છીએ એ શેની પ્રતીક છે? એમાં ત્રણ અથવા પાંચ વાટ પ્રગટાવવામાં આવે છે. ત્રણ અથવા પાંચ જ કેમ? એ ત્રણે વાટો ત્રિગુણનું પ્રતીક છે. અને પાંચ વાટો એ પંચમહાભૂતનું પ્રતીક છે. ત્રણ ગુણો (રજસ્, તમસ્, અને સત્ત્વ) અને પંચમહાભૂતો (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ) એ બધાંથી, જ્ઞાનરૂપી પ્રકાશ દ્વારા ઉપર નીકળી જવાનું છે. આરતી પ્રગટાવી અને જે જ્યોત પ્રજ્વલિત થઈ, જે પ્રકાશ અને અજવાળું થયું એ શાનું પ્રતીક છે? એ જ્ઞાનનું પ્રતીક છે.

આખો ઓરડો ભરીને અંધારું હોય અને એ ઘણાં વર્ષોથી બંધ હોય, ઘણાં વર્ષોથી એમાં અંધારું ભરાયેલું હોય પરંતુ એ અંધકારને દૂર કરવા માટે ફક્ત એક જ્યોત જ પૂરતી

થઈ રહે. અંધારું ઘણાં વર્ષોનું છે એટલે એને દૂર કરવા માટે ઘણાં વર્ષો સુધી જ્યોત પ્રગટાવવી પડશે એવું નથી. ચાહે ને ગમે એટલાં વર્ષોનું અંધારું ઓરડામાં પડ્યું હોય અને ચાહે ને ગમે એટલા ઓરડા ભરીને અંધારું પડેલું હોય પણ જ્યાં એક જ્યોત પ્રગટે ત્યાં જ અંધારું ગાયબ.

એમ સાધકોમાં, વ્યક્તિઓમાં, મનુષ્યોમાં, અજ્ઞાની જીવોમાં અંધકારરૂપી અજ્ઞાન ભરેલું છે. એ ચાહે ગમે તેટલા મહિનાનું, ગમે તેટલાં વર્ષોનું, ગમે તેટલા જન્મોનું હોય પણ ગુરુદેવ પાસેથી જે ઘડીએ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, જ્ઞાનરૂપી પ્રકાશની પ્રાપ્તિ થાય છે કે તાબડતોબ અજ્ઞાનરૂપી અંધારું નાસી જાય છે.

તો, આરતીની જ્યોત પ્રગટાવવી એ ત્રિગુણ અને પંચમહાભૂતની ઉપર નીકળી જવાનું પ્રતીક છે; ત્રિગુણ અને પંચમહાભૂતથી પર જવાનો બોધ આપણને આમાંથી મળે છે. જ્યારે સાચા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યારે આ ત્રિગુણનો મોહ, આ પંચમહાભૂતની માયા છૂટી જાય છે. ચાહે આપણું પોતાનું પંચમહાભૂતનું શરીર હોય, કે ચાહે આપણી રૂપાળી પત્નીનું પંચમહાભૂતનું શરીર હોય, કે ચાહે જગતનું કોઈપણ અતિ સ્વરૂપવાન નામરૂપાત્મક પંચમહાભૂતનું શરીર હોય; તે તમામમાંથી માયા અને મોહ ટળી જાય છે. ક્યારે? જ્યારે ગુરુજનો પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યારે.

મનુષ્યને દરેકમાં ત્રિગુણ અને પંચમહાભૂતને બદલે ક્યાંક યૌવન તો ક્યાંક બુઢાપો, ક્યાંક રોગ તો ક્યાંક ભોગ જ દેખાય છે; પછી ચાહે માતાનું શરીર હોય કે પિતાનું, ચાહે પત્નીનું શરીર હોય કે મિત્રનું, ચાહે ગુરુજનોનું શરીર હોય કે મહાત્માનું, કે ચાહે પોતાનું શરીર હોય. પરંતુ જ્યારે ગુરુદેવ દ્વારા તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે એ જ્ઞાનરૂપી પ્રકાશથી તેને ઉપરોક્ત બધામાં ત્રિગુણ અને પંચમહાભૂત દેખાવા લાગે છે. તો આરતીનું આ કેટલું મોટું રહસ્ય છે!

આરતી પ્રગટાવી. ત્યારબાદ એનાથી ગુરુદેવની આરતી ઉતારી. જે ભાઈ-બહેનો બેઠાં હોય તેમણે આરતીને નમન કર્યાં અને જ્યોતનો પોતાના હાથથી સાધારણ સ્પર્શ કરી બંને હથેળીઓને, બંને હાથના આંગળાંને આંખે અડાડ્યાં. આંખોને, કપાળને, માથાને એ જ્યોતનો હાથ દ્વારા સ્પર્શ કરાવ્યો. તો એ કઈ વિધિ થઈ? અને એ વિધિ શા માટે?

એ વિધિ દ્વારા ગુરુજનોમાં રહેલી ચેતનાને, આરતીમાં પ્રગટાવેલી જ્યોતમાં લઈ ત્યાંથી પોતાના હાથ ઉપર, કપાળ ઉપર અને માથા ઉપર લઈ જવાની. ગુરુજનોની ચેતનાને, ગુરુજનોની શક્તિને પોતાનામાં લેવાની આ અતિ ગુહ્ય અને રહસ્યમય પદ્ધતિ છે. ગુરુજનોના શરીરના અણુએ અણુમાંથી, શક્તિનો ધોધ બહાર ધસમસતો હોય છે. સામાન્ય મનુષ્યના શરીરમાંથી એની આંતરચેતનાનો પ્રવાહ એના શરીરની બહાર બાર આંગળ સુધી

પ્રસરેલો હોય છે, પણ ગુરુજનો અને યોગીજનોના શરીરમાંથી તો એ પ્રવાહનું વર્તુળ ઘણે દૂર સુધી પ્રસરીને અનંત જીવોને પ્રભાવિત કરતું હોય છે. જેમ આ ગૌમુખમાંથી - કેદારેશ્વર મહાદેવના મંદિરમાં જે પ્રાકૃતિક ગૌમુખ છે તેમાંથી - ચોવીસ કલાક અને ત્રણસો પાંસઠ દિવસ સતત પાણીનો ધોધ વહી રહ્યો છે, તેમ ગુરુજનોના એકેએક અંગમાંથી, એકેએક રુંવાડામાંથી એમની ચેતના, એમની શક્તિ, એમની તપશ્ચર્યા બહાર ધસમસતી હોય છે. એના સંપર્કમાં જે આવે એને એટલી ઘડી માટે તો અવશ્ય બદલી નાખે. એનું ગજું નહીં, એની તાકાત નહીં કે એ ધસમસતા પ્રવાહના સંપર્કમાં આવીને પોતે થોડો પલટાય નહીં; એ ઘડીએ તો પલટાઈ જ જાય. અને સાચો જિજ્ઞાસુ હોય તો કાયમ માટે પલટાઈ જાય. સામાન્ય જિજ્ઞાસુ હોય તો જેટલી ઘડી એ વર્તુળમાં રહે એટલી ઘડી એના સ્વભાવમાં પરિવર્તન આવી જાય અને વર્તુળમાંથી બહાર નીકળે ત્યારે પાછો મૂળ સ્વભાવમાં આવી જાય.

તો આમ, ગુરુજનોની ચેતના એમની આસપાસ વર્તુળાકારે ઘણે દૂર સુધી ફરતી હોય છે. એ ચેતનામાં જ ત્રણ કે પાંચ વાટ પ્રગટાવેલી આરતીની થાળી આપણે ગોળ ગોળ ફેરવતા હોઈએ છીએ. આપણે આરતી કેવી રીતે ઉતારીએ છીએ? થાળીમાં આરતી પ્રગટાવી, એ થાળીને બે હાથમાં લઈ, ગુરુજનોની સન્મુખ ઊભા રહી તેમના મસ્તકથી પગ સુધી અને પગથી મસ્તક સુધી એમ ઉપર-નીચે વર્તુળાકારે ફેરવતા હોઈએ છીએ. આ ક્રિયા દરમ્યાન આરતીની જ્યોતમાં ગુરુદેવના શરીરમાંથી જે ચેતનાની જ્યોત નીકળતી હતી તે ભળે છે. આરતી આટલા માટે ઉતારવાની છે.

આજ સુધી આ વાત તમે સાંભળી નહીં હોય, હવે પછી પણ આ વાત તમે સાંભળશો નહીં. તમામ શાસ્ત્રોનાં પોથાં ઉથલાવી નાખશો તોપણ આ વાત તમને જાણવા મળશે નહીં. ફક્ત ગુરુજનો પાસેથી જ આવી વાતો સાંભળવા મળે છે. તેથી જ ગુરુજનોની મહત્તા છે.

તો આમ, એ જે આરતીની પ્રગટેલી જ્યોત, એ જ્યોતમાં ગુરુજનોના શરીરમાંથી જે ચેતનાની, જે શક્તિની જ્યોત નીકળતી હતી તે આવી. પરંતુ એ જ્યોતરૂપી ચેતના, શક્તિ ગુરુજનોમાં કેવી રીતે ઉત્પન્ન થતી રહે છે? એ પણ અતિ ગહન વિષય છે.

ગુરુજનોમાં રહેલી એ ચેતના, એમની એ શક્તિ એ એમનાં ઘણાં ઘણાં વર્ષોની તપશ્ચર્યા, ત્યાગ, બ્રહ્મચર્ય, સંયમ, ઇત્યાદિનું પરિણામ છે. ઉપરોક્ત સાધના દ્વારા તેમના શરીરમાંના વીર્યનું ઓજ બને છે. એ વીર્યનું બનેલું ઓજ આખા શરીરમાં ફેલાઈ, એ ઓજનું પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપ પ્રાણ બને છે. એ પ્રાણનું સૂક્ષ્માતિસૂક્ષ્મ એવી ચેતનામાં રૂપાંતર થાય છે. ગુરુજનો-યોગીજનોની નિયમિત સાધનાના કારણે તેમના શરીરમાં ઘણી બધી ચેતના એકઠી થવા લાગે છે. ત્યાર બાદ એક સમય એવો આવે છે કે તેમના શરીરમાંની ચેતના ઊભરાવા લાગે છે, ઓવરફ્લો થાય છે જેના પરિણામે ગુરુજનોના રુંવાડે-રુંવાડેથી

એ ચેતના બહાર નીકળવા લાગે છે. એ જ્યોતને અધિકારીઓએ પોતાનામાં ખેંચી લીધી, અમુક આરતીની જ્યોતિમાં ભળી ગઈ. બાકીની સમષ્ટિ ચેતનામાં વિલીન થઈ જાય છે. ચેતનાને, ચાલુ પ્રકાશને તો ચર્મચક્ષુ જોઈ શકે પરંતુ ચેતનારૂપી પ્રકાશને ચર્મચક્ષુ જોઈ શકતાં નથી. એ જ્યોત તો કેવળ જ્ઞાન આપે છે, બુદ્ધિ આપે છે. એ જ્યોત ઉષ્ણ નથી, શીતળ છે.

ચેતનાની જ્યોત અને આરતીની જ્યોત સજાતીય છે. તેથી ગુરુજનોના શરીરમાંથી બહાર ધસમસતો શક્તિનો જે પ્રવાહ તેનો આરતીનાં જ્યોતકિરણોમાં અમુક અંશે સંગ્રહ થઈ જાય છે, એ જ્યોત ઉપર આપણે હાથ રાખ્યો તો ગુરુજનોની ચેતના આરતીની જ્યોતના માધ્યમ દ્વારા આપણી હથેળીઓમાં આવી અને એ હથેળીઓ દ્વારા સીધેસીધી આંખોમાં, કપાળમાં અને બ્રહ્મરંધ્રમાં પ્રવેશાવી દીધી.

ઉપરોક્ત ક્રિયાની સંભાવના ત્યારે જ હોય છે કે જ્યારે ગુરુજનો પૂર્ણ શક્તિશાળી હોય. નહીં તો, જ્યાં શક્તિ-ચેતના શરીરની બહાર દૂર સુધી પ્રવાહિત ના થતી હોય તો એ આરતીની જ્યોતમાં આવે જ ક્યાંથી? અને આરતીની જ્યોતમાં ના આવે તો આપણા હાથમાં આવે ક્યાંથી?

અસલમાં જે ગુરુજનો હતા, જે આવા શક્તિશાળી હતા એમની જ સમાજમાં ગુરુજનો તરીકે ગણતરી થતી હતી. અને તેથી જ્યારે પણ ગુરુજનો આવે ત્યારે સર્વે એમની આરતી ઉતારીને એમની ચેતનાનો લાભ લેતા અને પોતાની અંદર અનંત જન્મોના અજ્ઞાનરૂપી જે અંધારા ઠાંસીઠાંસીને ભરેલાં હતાં એને ઉલેચવાનો પ્રયત્ન કરતા. ગરીબમાં ગરીબ, તવંગરમાં તવંગર, અભણમાં અભણ અને જ્ઞાની-અજ્ઞાની; તમામેતમામ સ્ત્રીપુરુષો આ રીતે ગુરુજનો પાસેથી મળતી શક્તિની ભેટ, ચેતનાની બક્ષિશ સહજભાવે પ્રાપ્ત કરી લેતા.

આજે આ નવું રહસ્ય આપની પાસે ખોલ્યું છે, જેથી તમને સૌને ખ્યાલ આવશે કે ગુરુજનોની આરતી આપણે શા માટે ઉતારીએ છીએ. આજ સુધી તો એક જડ રિવાજ તરીકે આપણે તે વિધિ કરતા હતા પણ હવે ખબર પડી કે આરતીની શી મહત્તા છે. ગુરુદેવની આરતી આપણે ઉતારીએ એમાં કોને લાભ છે. ગુરુદેવ ક્યાં ઇચ્છે છે કે 'મારી આરતી ઉતારો' અને ઘણીવાર આરતી ઉતારનારાઓ એવી જડ પ્રકૃતિના હોય છે, એવા બેભાનપણે આરતી ઉતારતા હોય છે કે કાળો ઉનાળો હોય, વૈશાખ મહિનાનો ધોમ ધખતો હોય, ખરા બપોરે એમના ઘેર ગયા હોઈએ ત્યારે તેઓ આરતી ઉતારવા માંડે; એવો જડ માણસ હોય, એને ખબર ના પડે કે થોડા દૂર ઊભા રહીએ. જો અમારા જેવા કોઈ પંચકેશવાળા હોય તો એકાદ-બે બાલ પણ એમની આરતીમાં સ્વાહા થઈ જાય. એટલો તાપ લાગતો હોય, ગરમીમાં રહેવાતું ન હોય અને બાજુમાં સળસળાટ કરતી પાંચ વાટ સળગતી હોય એની ગરમી લાગતી હોય. સભાજનો તો દૂર બેઠા હોય પરંતુ ગુરુજનોની પાસે, વધુમાં વધુ નજીક આરતી ફરતી

હોય. ઘડીમાં આંખે તાપ લાગે, ઘડીમાં નાકે તાપ લાગે. ગુરુજનો કંઈ આપણા ફૂલહારને, કે આપણા કોઈ સત્કારને, કે આપણી આરતીને કે આપણી ભેટને નથી ઇચ્છતા. પરંતુ આ જે કાંઈ પણ કરીએ છીએ એ આપણે આપણા માટે કરતા હોઈએ છીએ.

આરતીની આટલી બધી મહત્તા છે. તો, ગુરુજનોની જ્યારે જ્યારે આપણે ત્યાં પધરામણી કરાવીએ અથવા તો જ્યારે જ્યારે ગુરુજનોનું આપણે ત્યાં આવવાનું થાય ત્યારે ત્યારે આરતીનો મોકો ચૂકવો ના જોઈએ; જો એમાં ગુરુજનોની સ્વીકૃતિ હોય અને એમને અગવડ ના પડે તો. આરતી ઉતારવાની આપણી ઇચ્છા હોય પરંતુ ગુરુજનોને સહેજ કંટાળો આવે અને આરતી માટે આનાકાની કરે તો એ વાતને પડતી મૂકવી જોઈએ. પરંતુ એમની સ્વીકૃતિ હોય તો આરતીનો લાભ જરૂર લેવો જોઈએ અને આરતી ઉતારતી વખતે પણ આરતી ઉતારનારે ખૂબ સાવધ રહેવું જોઈએ. ગુરુજનોથી થોડા દૂર ઊભા રહીને તાલબદ્ધ રીતે આરતીની થાળી ફેરવવી જોઈએ. આની પાછળ ઘણું મોટું વિજ્ઞાન છે. આરતીની થાળી જો એકસરખી રીતે અને પદ્ધતિસર ફરે તો, ગુરુજનોના શરીરમાંથી વર્તુળાકારે બહાર નીકળતી ચેતના વર્તુળાકારે ફરતી થાળીની જ્યોતમાં સારી રીતે ભળી જાય.

ગુરુદેવ જ્યારે 'ચેતન' હોય ત્યારે આ શક્ય બને. જડ મૂર્તિમાં તો એ શક્તિ ક્યાં હતી? જડ મૂર્તિમાં તો આપણે આપણી ભાવના ઉઠાવવાની છે. ચાહે લાકડાની મૂર્તિ હોય, કે પથ્થરની મૂર્તિ હોય, કે કાગળની મૂર્તિ હોય; તો એમાં તો ચેતના છે નહીં. જડ મૂર્તિની આરતી ઉતારીએ તો આરતીમાં એની ચેતનાની શક્તિ (એમનાં તપ, ત્યાગ ઇત્યાદિ) આવવાની નથી. એ વખતે તો આપણે આપણી ભાવના ઉઠાવવાની છે, ભાવનાથી પ્રાણને સતેજ કરવાનો છે. જડ મૂર્તિની આરતી ઉતારવાથી આપણામાં ચેતના આવી શકતી નથી. જે ગુરુજનો ચૈતન્ય (શરીરવાળા) હોય અને જેમનામાં તપ અને ત્યાગનો નિધિ-ભંડાર ભરેલો હોય તો તેમનામાંથી શક્તિ બહાર આવે.

આપણે આપણું ગુજરાન ચાલે એટલું જ જો કમાઈએ તો આપણે કોને મદદ કરી શકીએ? તો આપણે જ બીજાની આશા કરતા હોઈએ. પણ ભગવાનની દયા થાય અને આપણે હજાર રૂપિયાના ખર્ચની સામે મહિને-દિવસે બે હજાર કમાઈ લેતા હોઈએ તો આડોશી-પાડોશીને, કુટુંબને, ભાઈબહેનોને યથાશક્તિ-યથામતિ મદદ કરી શકીએ. વળી હજારનો ખર્ચ હોય અને પચાસ હજાર કમાતા હોઈએ તો સગાં-વહાલાં, મિત્ર-પરિવાર ઉપરાંત કોઈને પણ આપણે મદદ કરી શકીએ. આમ, આપણી જેટલી આવશ્યકતાથી ઘણું વધુ કમાઈ લેતા, પ્રાપ્ત કરી લેતા હોઈએ તો બીજાને એનો લાભ મળે. એમ આ ચેતના-શક્તિની વાત પણ એવી છે.

પ્રથમ તો એ શરીરધારી જીવતાં-જાગતાં હોવાં જોઈએ.

**જાગતા નર સેવ, ગોરખ, જાગતા નર સેવ.**
**પથ્થર પૂજે હરિ મિલે, તો પૂજું મોટા પહાડ;**
**મંછા માલણી હોજી રે, ગોરખ, જાગતા નર સેવ.**

જાગતા નર એટલે જીવતાં શરીરો; પથ્થર, લોઢું, લાકડું ઈત્યાદિ કોઈ જડ પદાર્થ નહીં. 'જાગતા નર સેવ'. જાગતા કહેતાં જીવતા નરને સેવ, એમની પૂજા કર, એમનો સંપર્ક રાખ. જાગતા એટલે જીવતા અને જાગતા એટલે જ્ઞાની. જીવતા હોય છતાં જડ હોય, મનુષ્ય જેવું જીવન ન હોય, પશુપક્ષી જેવું જીવન જીવતા હોય તો એ જાગતા નર નહીં. જાગતા એટલે જીવતા અને જીવતા એટલે જ્ઞાની; જેમણે જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે અને જેમનામાંથી એ જ્ઞાનશક્તિ બહાર નીકળી રહી છે તેવા.

તો આમ, ચેતના પ્રાપ્ત કરવાના એક ગુહ્ય રહસ્યનું આજે આ કેદારેશ્વર ધામમાં જગત સમક્ષ ઉદ્‌ઘાટન થયું છે. એનો લાભ લોકો કઈ રીતે લેશે? આ રહસ્યવાળી વાતને તો દરેક ભાષામાં છાપી, દેશ-પરદેશ પણ મોકલવી જોઈએ. વિજ્ઞાનીઓ એની ચકાસણી કરે. વિજ્ઞાનીઓ એની ક્યાં સુધી સત્યતા પુરવાર કરી શકે છે એ પણ એક કોયડો-કસોટી છે. આ રહસ્ય જગતને, મુમુક્ષુઓને કેટલું ઉપયોગી થાય છે, કેટલું કલ્યાણ કરી શકે છે એ તો પરમાત્મા જાણે.

ગુરુમહિમાની આરતી આગળ ચલાવીએ.

**"આરતી નિત્ય ઉતારું....(૨) કરું નિશદિન સેવા."**

શિષ્યને જ્યારે ઉપરોક્ત રહસ્યની ખબર પડી જાય પછી ગુરુદેવની આરતી નિત્ય જ ઉતારે ને! કારણ કે ગુરુજનોના શરીરમાંથી તો સતત શક્તિનો પ્રવાહ બહાર ફેંકાઈ રહ્યો છે, જે અખંડ, અખૂટ, અનંત અને અવિચળ છે. કેદારેશ્વરમાં પાણીનાં ઝરણાઓ બારે મહિના અને ચોવીસે કલાક વહ્યા કરે છે ને? એમ ગુરુજનોની ચેતના અખંડ રીતે વહ્યા કરતી હોય છે. એ ચેતના આપણે અખંડપણે લેવી હોય તો ગુરુદેવની આરતી નિત્ય ઉતારવી જોઈએ ને ? પણ-

નિત્ય આરતી ઉતારીએ તો ગુરુજનોને તકલીફ પડે, તો ગુરુજનોને આપણી સામે ને સામે બેસી રહેવું પડે. તેથી શિષ્ય ગુરુદેવની અગવડને ધ્યાનમાં રાખી સ્થૂળ રીતે આરતી ના ઉતારે પરંતુ મનથી તો એની ભાવના ખૂબ ઉચ્ચ હોય; ગુરુદેવ ગમે ત્યાં હોય, શિષ્ય પણ ગુરુદેવની પાસે ના હોય પરંતુ ગુરુદેવ તરફના પ્રેમરૂપી તાર વડે તે ગુરુદેવ સાથે જોડાયેલ હોય. ગુરુજનોના શરીરમાંથી અનંત કોસો સુધી ફેલાતી ચેતનાને, શિષ્ય પોતાના પ્રેમરૂપી તાર વડે પોતાના શરીર સુધી ખેંચી શકે છે, ખેંચી લે છે.

એક શિષ્ય ગુરુદેવની નજીકમાં નજીક રહેતો હોય અને એક અમેરિકામાં રહેતો

હોય. નજીકમાં રહેતા શિષ્યના પ્રેમનો તાર એટલો બધો પ્રબળ ના હોય, એટલો બધો શક્તિશાળી ના હોય, એટલો બધો નિષ્ઠાવાળો ના હોય તો તેને ચેતના ના મળે; અને અમેરિકાવાળો ભલે ઘણે દૂર રહ્યો હોય પણ તોય એના પ્રેમનો તાર અનુસંધાન પામેલો હોય તો, એમની સાથે સંધાયેલો હોય તો ગુરુજનોમાંથી જે કાંઈ ચેતના નીકળે એ સડસડાટ ત્યાં પહોંચી જાય. જેમ સૂર્યમાંથી અનંત કિરણો નીકળે છે તેમ ગુરુજનોમાંથી એમની ચેતનાનાં અનંત કિરણો નીકળતાં હોય છે. એમાંથી અમુક કિરણો પ્રેમના તાર દ્વારા ત્યાં પહોંચતાં હોય છે. બાકીનાં બીજાં કિરણોનો તો પાર હોતો નથી. 'કોઈ લેનારાં આવો, કોઈ લેનારાં આવો. આ બધી ચેતના તો ફેલાઈ રહી છે. ચેતનાને બાહર ફેંકવા માટે ગુરુજનોને કાંઈ પરિશ્રમ કરવો પડતો નથી. લેનારે પણ નહીં કરવો પડે, જો લેતાં આવડશે તો.'

"આરતી નિત્ય ઉતારું, કરું નિશદિન સેવા." નિત્ય આરતી ઉતારવાની ભાવના હોય, હું નિત્ય આરતી ઉતારતો રહું તો નિત્ય મને આ ચેતના મળે અને નિત્ય ચેતના મળતી રહે તો મારામાં પ્રમાદવશ માયા અને મોહ ઘૂસી ના જાય. માયા અને મોહ સતત આપણી આગળપાછળ ફરતાં હોય છે, ક્યારેક જરા કમજોર પડીએ એટલે માયા અને મોહને મોકો મળી જાય. જેમ પેલો કાગડો - ગાયના શરીરમાં ક્યાં ગંદકી છે, ક્યાં છિદ્ર છે, ત્યાં જ બેસીને ચાંચ મારે; બીજે ક્યાંય નહીં. તેવી જ રીતે, જ્યાં છિદ્ર પડે, જ્યાં થોડી કમજોરી આવે, જ્યાં થોડી મોહમાયાની વૃત્તિ ઉત્પન્ન થાય, જ્યાં વાસના કે વિકાર ઊભાં થાય કે તરત જ આપણામાં મોહ અને માયા ઘૂસી જાય. મોહ અને માયાને ક્યારે મોકો ના મળે? જ્યારે નિત્ય આરતી ઉતારવાની ભાવના હોય, નિત્ય આરતી ઉતારતા રહીએ તો મોહ-માયાની કમજોરી આવે જ નહીં, મોહ-માયારૂપી છિદ્રો પડે જ નહીં. અને મોહ-માયા રૂપી છિદ્ર જ ના પડે તો એ આપણામાં પેસી જ ક્યાંથી શકે? એને પેસવા માટે મોકો જ ઊભો ના થાય. છિદ્ર પડ્યા સિવાય એ પેસી શકતાં નથી.

'કરું નિશદિન સેવા.' આ 'નિશદિન સેવા'ની વાત તો લીટીએ - લીટીએ આવે છે. ગુરુમહિમામાં પણ કેટલી વાર આવી ગઈ. નિશ અને દિન, રાત્રી અને દિવસ તમારી સેવા કરતો રહું. રાત્રી અને દિવસ એટલે શું એની વાત ગુરુમહિમાની સમજણમાં આપણે કરી છે. રાત્રે તો ગુરુદેવ પણ સૂતા હોય અને આપણે પણ સૂતા હોઈએ. પરંતુ જ્યાં સુધી ઊંઘ ન આવે ત્યાં સુધી વિચારો ગુરુદેવના જ આવતા હોય કે, 'કઈ રીતે ગુરુદેવના ધ્યેયને પહોંચી વળું? એના માટે શું કરું? કેવી રીતે કરું? કઈ યુક્તિ-પ્રયુક્તિઓ; તન-મન-ધન, વિચાર-વાણી- વર્તન; સમય વગેરે એમના ધ્યેય માટે કેવી રીતે ખર્ચ કરું?'

એક વખત એક જિજ્ઞાસુએ અમને પ્રશ્ન કરેલો - "બાપુ, આ બધા ગુરુપૂર્ણિમા ઊજવે છે તો શિષ્યપૂર્ણિમા કેમ નહીં?" ત્યારે અમે એમને જવાબ આપેલો કે -

ગુરુપૂર્ણિમાની ઉજવણી એટલે તમે શેની ઉજવણી સમજો છો? નામ ગુરુનું છે પણ એ તો શિષ્યપૂર્ણિમા જ છે. ગુરુપૂર્ણિમા ગુરુદેવ ઊજવે છે? ગુરુદેવ તો હાથમાંય ના આવે. એ ક્યાંય રખડતા હોય, ક્યાંય ભટકતા હોય, ક્યાંય એ એમના ધ્યેયમાં મસ્ત પડેલા હોય. એ તમારી આરતી લેવા કે તમારો સત્કાર ઝીલવા કે તમારી ફૂલમાળાઓ પહેરવા માટે નવરા થોડા હોય છે. પરંતુ આપણા સૌના અતિ પ્રેમના કારણે અને સૌમાં રહેલા, જબરજસ્ત ભાવનાવાળા એવા પાંચ-પચ્ચીસ શિષ્યોના કારણે ગુરુદેવ, ગુરુપૂર્ણિમાના દિવસે હાજર રહે છે. એ પાંચ-પચ્ચીસના કારણે, બીજા ઓછી ભાવનાવાળા બધાને પણ લાભ મળી જાય; શેરડીને પાતાં એરંડીને પણ મળી જાય.

ગુરુપૂર્ણિમા એ શિષ્યપૂર્ણિમા જ છે. એને ગુરુ ઊજવતા નથી, એને શિષ્યો જ ઊજવે છે. શિષ્યો માટે થઈને જ ગુરુજનો, જ્યાં હોય ત્યાંથી , જ્યાં શિષ્યોએ નક્કી કરેલું હોય ત્યાં આવીને એક દિવસ, બે દિવસ કે ત્રણ દિવસ આનંદમંગળ કરે છે; સૌને આનંદ આપે છે, પોતે આનંદ લે છે અને સાત્ત્વિક અને પવિત્ર વાતાવરણ ઉત્પન્ન કરે છે. અસ્તુ.

નિશદિન સેવા કરવી એટલે રાત્રી અને દિવસ એમના વિચારોમાં, એમના જ પ્રેમમાં, એમની તરફની ભાવનાની મસ્તીમાં જ દિવસો, મહિનાઓ, વર્ષો, ક્ષણો-પળો વ્યતીત કરવાં.

**"જન્મ, મરણ, યમદૂતોનો ભય ગયો છે ભાંગી,**
**ગુરુજી મારા ભય ગયો છે ભાંગી."**

જ્યાં આવી સ્થિતિ પ્રાપ્ત થઈ જાય પછી મરણનો ભય જ ક્યાં રહ્યો? જન્મનો ભય જ ક્યાં રહ્યો? જે મોક્ષમાં પહોંચી જાય એને પછી જન્મવાનું રહ્યું જ ક્યાં?

**જન્મ - મરણ રહિત છતાં જેને ફરી ફરી જન્મ ધરાવે,**
**પરદો રાખી થાળ ધરાવે, ઘંટડીએ સમજાવે;**
**દુનિયા જૂઠા દેવ મનાવે.**

મનુષ્ય પોતે મરણ-ધર્મા છે, જન્મ-ધર્મા છે તેથી તે પરમાત્માને પણ જન્મ-મરણ-ધર્મા માની લે છે. જેમકે, કોઈ ભક્તને એક વસ્તુ ખૂબ ભાવતી હોય તો એ એમ સમજી લે છે કે મારા ભગવાનને પણ એ જ ભાવતું હશે. તો આમ, મનુષ્ય મોટા ભાગે કલ્પના કેવી કરે છે? તેને જગત કેવું લાગે છે? પોતાની દૃષ્ટિને ગમે તેવું. દૃષ્ટિ એવી સૃષ્ટિ.

જન્મ, મરણ, યમદૂતોનો ભય ગયો છે ભાંગી. મરણ નથી, જન્મ નથી; પછી યમદૂતોનું અસ્તિત્વ જ ક્યાં રહ્યું? યમદૂતો ક્યારે હોય? જન્મ હોય, ત્યારબાદ મરણ હોય. એ દરમ્યાન ખોટાં કર્મો હોય. ખોટાં કર્મોની સજા માટે યમદૂતોને આવવું પડે, ત્યારે

યમદૂતોના અસ્તિત્વની વાત સંભવી શકે. અહીં તો જન્મ-મરણની વાત જ નથી. પછી યમદૂતોનો ભય જ ક્યાંથી હોય?

**"નિજ નામ નિરખાવ્યું....(૨) આત્મા ગયો જાગી."**

**નિજ = સ્વ; તદા દ્રષ્ટુ: સ્વરૂપે અવસ્થાનમ્.**

સ્વ શબ્દ ઉપરથી 'સ્વાધ્યાય' શબ્દની વાત આવી ગઈ. સ્વ+અધ્યાય=સ્વાધ્યાય. 'સ્વ' માટે જે અધ્યાય કરવો, 'સ્વ' ની ઓળખ માટે જે અધ્યાય કરવો, 'સ્વ' ને સમજવા માટે જે કાંઈ કરીએ એ બધો જ સ્વાધ્યાય છે.

દરેકે દરેક સંપ્રદાયમાં, આધ્યાત્મિક મંડળોમાં જુદા જુદા પ્રકારનો સ્વાધ્યાય ગોઠવાયેલો હોય છે. અમુક પ્રકારે જ સ્વાધ્યાય કર્યો કહેવાય એવું નથી. એવું માનીએ તો તો એ જડબુદ્ધિ થઈ કહેવાય. પણ સ્વાધ્યાય એટલે સ્વના અધ્યાયમાં - સ્વ કહેતાં નિજ, આત્મા, ચૈતન્ય. એ ચૈતન્યની પ્રાપ્તિમાં, એ ચૈતન્યમાં સ્થિર થવામાં -આપણને જે સહાયતા કરે તે સ્વાધ્યાય કહેવાય.

સ્વ સિવાય બીજું બધું જ પર છે. આ આખું જગત, માતા, પિતા, ભાંડુઓ, ખાના, પીના, દેખના, ત્યાંથી આગળ વધીને આપણી આ બહારની ઇન્દ્રિયો - હાથ, પગ, કાન, મોઢું, ત્યાંથી પણ આગળ વધીને આપણું અંતઃકરણ, અંદરની ઇન્દ્રિયો મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, એ બધાં પર છે. સ્વ કહેતાં ચૈતન્ય, સર્વવ્યાપક ચૈતન્ય. 'પર'નો સહારો છોડી દઈ 'સ્વ' માં સ્થિર થઈ જવાય ત્યારે સ્વાધ્યાય કર્યો કહેવાય. એનું નામ જ સ્વનો અધ્યાય કર્યો, સ્વને વાંચ્યો, સ્વ ને ભણ્યા કહેવાય; સ્વ+સ્થ= સ્વસ્થ થયા કહેવાઈએ.

તદા દ્રષ્ટુ: સ્વરૂપે અવસ્થાનમ્ - તે વખતે દ્રષ્ટા સ્વરૂપસ્થ હોય છે. તે વખતે એટલે યોગ વખતે અને યોગ એટલે યોગ શ્ચિત્તવૃત્તિ-નિરોધઃ. ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહેવામાં આવે છે. યોગ વખતે દ્રષ્ટા-આત્મા સ્વરૂપસ્થ એટલે કે સ્વરૂપમાં સ્થિર હોય છે. 'સ્વ' રૂપમાં સ્થિર થવા માટે, આત્મામાં સ્થિર થવા માટે જે કાંઈ ક્રિયાઓ કરવામાં આવે, જે કાંઈ ક્રિયાઓ, સાહિત્યો ઇત્યાદિનો આશરો લેવામાં આવે એ તમામનો સમાવેશ સ્વાધ્યાયમાં થઈ જાય છે.

આ જગ્યાએ 'સ્વ' નહીં પણ 'નિજ' શબ્દ વપરાયો છે. નિજ નામ નિરખાવ્યું.

મારું નામ શું ? મારું નામ યોગભિક્ષુ ?
મારું નામ શું ? મારું નામ ગુરુપ્રેમભિક્ષુ ?
મારું નામ શું ? મારું નામ સદ્ગુરુસમર્પણભિક્ષુ ?
મારું નામ શું ? મારું નામ ગુરુધ્યાનભિક્ષુ ?

મારું નામ વિનુભાઈ ? મારું નામ સોમાભાઈ? મારું નામ રોહિતભાઈ? અરે! મારું નામ એકેય નહીં. એ તો અમારાં શરીરનાં નામ છે, જગતના વ્યવહારમાં ઉપયોગી થાય એવાં. એ મારું નામ નહીં, તો મારું નામ શું? નિજ નામ. જગતનાં-વહેવારનાં નામ હતાં એ શરીરનાં હતાં, પંચમહાભૂતનાં હતાં; 'નિજ'નાં નહોતાં. પંચમહાભૂતમાંથી જ્યારે 'નિજ' ચાલ્યો ગયો ત્યારે એ પંચમહાભૂત પડી રહ્યું. ત્યારે એનું નામ અમુક-અમુક મટી ગયું. ત્યારે એનું નામ ''મડદું'' થઈ ગયું. જો પોતાનું અમુક નામ હોત તો 'નિજ'ના ચાલ્યા જવાથી એનું નામ બદલાઈ કેમ જાય? તો 'નિજ' કોઈ જુદી વસ્તુ હતી, 'સ્વ' કોઈ જુદી વસ્તુ હતી. ગુરુદેવે આપણને તેના વિષેની સમજ આપી; નિજ નામ નિરખાવ્યું, નિજ નામ ઓળખાવ્યું. આમ, ગુરુદેવ દ્વારા ચૈતન્યતત્ત્વની સમજણ મળી, આત્મા વિષેનું જ્ઞાન પ્રાપ્ત થયું. તેથી શું થયું?

'આત્મા ગયો જાગી.' તેથી સાચી જાગૃતિ આવી. સાચા જ્ઞાનની પ્રાપ્તિ થઈ અને તેથી 'આત્મા ગયો જાગી'. આત્મા કાંઈ સૂતેલો છે કે એ હવે જાગ્યો? નિજ નામની ગુરુજીએ ઓળખ આપી ત્યારે આત્મા જાગ્યો? તો શું ત્યાર પહેલાં સૂતેલો હતો? આત્મામાં પણ સૂવું અને જાગવું એવા ધર્મો છે ? અને સૂવું અને જાગવું એવા ધર્મો છે, તો એને જન્મ અને મરણના ધર્મો કેમ ન હોય? પણ એવું નથી. આ તો એક શબ્દાડંબર છે; શબ્દનું એક માધ્યમ છે, સમજવા માટે. આપણી પાસે આપણી અંદર ઊઠતા ભાવોને વ્યકત કરવા શું સાધન છે? એને માટે સાધન છે - વાણી; વાણીના ચાર પ્રકાર છે- પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી.

સૂક્ષ્માતિસૂક્ષ્મ વાણીના સ્વરૂપને પરાવાણી કહી છે. પરાવાણીમાંથી સ્થૂળ થાય ત્યારે પશ્યન્તિ, પશ્યન્તિ જ્યારે વધુ સ્થૂળતા ધારણ કરે ત્યારે મધ્યમા અને મધ્યમા સ્થૂળતા ધારણ કરે ત્યારે વાણીનું જે સ્વરૂપ થાય છે, જે આપણા સ્થૂળ કર્ણથી સંભળાય છે તે વૈખરી. વૈખરી એટલે અક્ષરો અને શબ્દોનું સ્વરૂપ ધારણ કરીને મોઢા દ્વારા બહાર વિખરાઈ જાય તે. જ્યારે વાણી વૈખરીનું સ્વરૂપ ધારણ કરે ત્યારે સામો માણસ સાંભળી શકે. જ્યાં સુધી વાણી મધ્યમામાં હોય ત્યાં સુધી સામા માણસને પણ ખબર ના પડે, બીજા માણસને પણ ખબર ના પડે. ફકત જેનામાં એ વાણી ઉદ્‌ભવતી હોય એ વ્યક્તિને જ ખબર પડે. વૈખરીમાં બોલનાર અને સાંભળનાર બંનેને ખબર પડે. મધ્યમામાં બોલનાર એકલાને જ ખબર પડે. અને વાણી પરા અને પશ્યન્તિમાં હોય ત્યારે તો જેનામાં એ ઉદ્‌ભવેલી હોય તેને પણ એનો ખ્યાલ ના આવે કે મારામાં કઈ વાણી કામ કરી રહી છે. એ તો જ્યારે વિચારોનું સ્વરૂપ ધારણ કરી મધ્યમામાં આવે ત્યારે જ એને પોતાને ખબર પડે અને મધ્યમા જ્યારે વૈખરીનું સ્વરૂપ ધારણ કરે ત્યારે સાંભળનારને પણ ખબર પડે. અસ્તુ.

આપણે 'આત્મા ગયો જાગી' ની વાત કરતા હતા. આત્મા કંઈ સૂતેલો હતો કે જાગવાનો છે? પણ આ તો શબ્દોનું માધ્યમ, એક વિચારને વ્યક્ત કરવા માટે શબ્દો

અને અક્ષરોનો સહારો લેવો પડ્યો. અક્ષરો અને શબ્દોનો સહારો લીધો તેથી એમાં આ શબ્દો આવી ગયા કે 'આત્મા ગયો જાગી'. જાગી ગયો, એટલે ઊંઘમાં નહોતો; એને જાગવાનું નહોતું પણ આત્મા વિષેની જે કાંઈ વાતચીત ગુરુજી પાસેથી જાણવા મળી એનું નામ જાગવું; જ્ઞાનની પ્રાપ્તિ, સાચી સમજણની પ્રાપ્તિ એનું નામ જાગવું. સાચી સમજણ વિના બીજું બધું નમૂલ્ય છે; મૂલ્ય વિનાનું છે. જગતમાં મોટામાં મોટી વસ્તુ શું છે? સાચી સમજણ. એ સિવાય બધું જ મૂલ્યરહિત.

**"નાનું, મોટું કાંઈ નવ જગમાં, સર્વે સમજાયું,**
**ગુરુજી મારા સર્વે સમજાયું....."**

પહેલાં તો કેવી સ્થિતિ હતી? વાતવાતમાં હર્ષ, વાતવાતમાં શોક થઈ જતો હતો. વાતવાતમાં ફુલાઈ જતા હતા. વાતવાતમાં નિરાશ થઈ જતા હતા. ક્યાંક કોઈ વસ્તુ નાની લાગતી હતી તો ક્યાંક કોઈ વસ્તુ મોટી લાગતી. ક્યાંક કોઈ મહત્ત્વની તો ક્યાંક કોઈ મહત્ત્વ વિનાની. આવી સ્થિતિ વૃત્તિઓની હતી. પરંતુ હવે શું થયું?

નાનું, મોટું કાંઈ નવ જગમાં. સાપેક્ષ રીતે જોતાં જગતમાં શું નાનું અને શું મોટું છે? આ રીતની વિચારસરણી માટે ગુજરાતીમાં 'સાપેક્ષવાદ' શબ્દ વપરાયો છે. અંગ્રેજીમાં તેને 'થિયરી ઑફ રિલેટિવિટી' કહેવામાં આવે છે. આપણા શાસ્ત્રમાં એને સમજવા માટે જ્ઞાન-મુદ્રા છે. જ્ઞાન મુદ્રા કેવી રીતે થાય?

આપણા જમણા હાથનો અંગૂઠો અને એની પાસેની આંગળીને ભેગી કરીએ અને બાકીની ત્રણ આંગળીઓ રહી એને ઊભી રાખીએ તો એ જ્ઞાનમુદ્રા કહેવાય. ક્યારેક ક્યારેક તમને સંતજનો, યોગીજનો, ભગવાનના અવતારોના ફોટામાં એ મુદ્રા જોવા મળશે. આશીર્વાદ આપતો ઊભો હાથ રાખેલો હોય તો એને અભયમુદ્રા કહે છે. પરંતુ અંગૂઠો અને એની બાજુની આંગળી સાથે રાખી, બાકીની ત્રણ આંગળી ઊભી રાખી હોય તો તેને જ્ઞાનમુદ્રા કહેવામાં આવે છે. એને શા માટે જ્ઞાનમુદ્રા કહેવામાં આવે છે? એ શું જ્ઞાન આપે છે?

'નાનું, મોટું કાંઈ નવ જગમાં, સર્વે સમજાયું.' જગતમાં નાનું કે મોટું શું છે તે બધું જ સમજાઈ ગયું. સાચી વાત સમજાઈ ગઈ, સાચું જ્ઞાન થઈ ગયું. જ્ઞાનમુદ્રાની જે ત્રણ આંગળીઓ ઊભી હતી એમાં ત્રીજી આંગળી સૌથી મોટી, એના પછીની વચ્ચેની એનાથી નાની અને એના પછીની ટચલી આંગળી સૌથી નાની; એ ત્રણે આંગળીની જ વાત આપણે લઈએ.

જ્ઞાનમુદ્રાની ઊભી ત્રણ આંગળીઓમાંની વચ્ચેની આંગળીને બતાવીને આપણે સભામાં પ્રશ્ન કરીએ કે આ આંગળી મોટી કે નાની? તો કોઈ કહેશે કે એ મોટી છે અને

કોઈ કહેશે કે નાની છે. મોટી-નાની કહેનારા બંને આપસઆપસમાં ઝઘડવા લાગશે. એક કહે મારું સાચું અને બીજો કહે મારું સાચું . જ્યારે બંને વચ્ચે સમાધાન ના થયું ત્યારે પ્રશ્નકર્તાએ સમજાવ્યું કે એક રીતે જોતાં તમે બંને સાચા છો, બીજી રીતે જોતાં તમે બંને ખોટા છો. સાપેક્ષ રીતે, ત્રણ આંગળીની વચ્ચેની આંગળી જો તમે મોટી કહેતા હો તો તમારી વાત સાચી છે. કારણ કે એનાથી જે નાની (ટચલી) આંગળી છે, એનાથી વચલી આંગળી મોટી છે તેમ જ જેણે એને નાની કહી છે એ પણ સાચા છે. કારણ કે એની બાજુની જે મોટી આંગળી છે, એનાથી એ નાની છે. તેથી જે મોટી કહી રહ્યું છે તે અને જે નાની કહી રહ્યું છે તે બંને સાચા છે.

તો આમ, ગુરુજનોના સંપર્કથી અને સાધનાથી જગતને સાપેક્ષ રીતે જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થાય, જગતને તુલનાત્મક રીતે જોવાની કુશાગ્રતા મળે. તેથી જે વાતમાં સામાન્ય મનુષ્યો લડી પડે છે એ જ વાત અનુભવીને, જ્ઞાનીને, સદ્‌ગુરુચરણસેવીને લડવા જેવી નથી લાગતી. એમનું આવી વાતોમાં સમાધાન જ હોય, અસમાધાન હોય જ નહીં. એવા જ્ઞાની પુરુષો, એવા મહાપુરુષો તો જે લડતા હોય અને અસમાધાનવાળા હોય એનું પણ સમાધાન કરી આપે અને આ જ્ઞાનમુદ્રાની સાચી સમજણ દ્વારા આખા જગતને એ રીતે જોતાં શીખવી દે.

એક કુટુંબમાં, પતિ-પત્નીના જીવનમાં, પિતા-પુત્રના સંબંધમાં, ભાઈ-ભાઈના જીવનમાં કેવી કડવાશ ઊભી થાય છે? કઈ રીતે? એક કહે નાની છે અને એક કહે મોટી છે. આંગળીનું તો એક દૃષ્ટાંત છે. એ રીતે બધી બાબતોને સમજીને સમાધાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવાનો છે. આજે આ જ્ઞાનમુદ્રાનો ઉપયોગ શો છે એનું રહસ્યોદ્‌ઘાટન તમારી સામે કર્યું. આ જ્ઞાનમુદ્રાને તો જીવનમાં ઘટાવવાની છે. જ્ઞાનમુદ્રામય જીવન જીવવાનું છે. તો એ જ્ઞાનમુદ્રાનો, જ્ઞાનમુદ્રાના જ્ઞાનનો ઉપયોગ થયો કહેવાય. અને તો એ જ્ઞાને તમારું સમતોલપણું જાળવ્યું, તમારા મગજને ચૂંથાતું બચાવી લીધું, તમને અનેક કષ્ટોમાંથી મુક્તિ અપાવી; અને એ રીતે એ જ્ઞાનમુદ્રાની સાર્થકતા થઈ. એમ જ અંગૂઠો અને આંગળી ભેગી કરીને બેસી રહો તેથી શું થાય? અંગૂઠો અને આંગળી અકડાઈ જાય, દુખવા લાગે.

સંસારમાં, વ્યવહારમાં, આડોશપાડોશમાં, કુટુંબમાં; જેમ હમણાં જ દૃષ્ટાંત આપ્યું તેમ પતિ-પત્ની, ભાઈ-ભાઈ, સાસુ-વહુ, નણંદ-ભોજાઈ, દિયર-ભોજાઈ ઇત્યાદિ વચ્ચે, 'તારું ખોટું ને મારું સાચું' એમ કોઈ એક જ, અતિ સામાન્ય સ્થૂળ બાબત ખૂબ સબળ થઈ જાય છે. એક કહે કે મારું સાચું અને બીજો કહે કે મારું સાચું; અને એ સાચાખોટાનો નિર્ણય ન થતાં એ કંકાસ, એ કજિયો, એ અશાંતિ કેટલી હદ સુધી, કેટલાં વર્ષ સુધી ચાલે છે - પહોંચે છે અને કેટલાને હેરાન-પરેશાન કરી મૂકે છે?! કેટલા દ્રવ્યનો દુર્વ્યય કરી નાખે છે?! કે જે દ્રવ્યની પ્રાપ્તિ કેટલી મહેનત કરીને, કેટલાં તપ તપીને, કેટલા ઉજાગરાઓ કરીને, પેટને

પણ સારી વસ્તુ ના આપીને કરી હતી! ફક્ત એક આ ચડસાચડસીમાં- "ના તારું ખોટું અને મારું સાચું" એ નક્કી કરવા, પોતાના અતિ પ્રેમી માણસ પાછળ પણ જે દ્રવ્ય ન વાપર્યું હોય એ દ્રવ્યને પાણીની પેઠે વહાવી નાખીએ છીએ, જ્યારે હઠે ચડી જઈએ છીએ ત્યારે. અજ્ઞાનતાને કારણે હઠે ચડી જવાય છે.

જ્ઞાનમુદ્રાનું જ્ઞાન કેવી શાંતિ આપે છે? આ જ્ઞાનમુદ્રાનો પ્રચાર-આચાર થવા લાગે તો પછી વિશ્વશાંતિ ક્યાં દૂર રહી? સૌ જગતને સાપેક્ષ રીતે જોવા લાગે તો? જ્યારે કોઈ કહેતું હોય કે તારું ખોટું છે અને મારું સાચું છે, ત્યારે પણ તરત આપણા મનમાં સમાધાન થઈ જાય છે કે, 'હા ભાઈ, તું સાચું કહેતો હોય તો આ રીતે તારી વાત સાચી છે, અને અમારું ખોટું કહેતો હોય તો તું કહે છે એ રીતે અમારું ખોટું છે, પરંતુ આ રીતે અમારું સાચું છે. તારું પણ સાચું અને ખોટું છે અને અમારું પણ સાચું અને ખોટું છે.' એમ આપણે આપણા મનમાં સમાધાન કરી લઈએ તેથી આપણા મનની શાંતિ ડહોળાય નહીં. સામેના માણસના મનની શાંતિ ભલેને ડહોળાતી. એ પણ જો જ્ઞાનમુદ્રાની સાર્થકતા કાયમ કરે તો એના મનની શાંતિ પણ કાયમ રહેશે. જ્ઞાનમુદ્રાનો આવો ઉપયોગ છે.

**"ભ્રાંતિ માંહી રે ભૂલ્યો તો ... (૨)**
**લક્ષ મહીં આવ્યું."**

જ્યારે સાચી સમજણ આવી ત્યારે શું નાનું, શું મોટું, શું ખોટું ઈત્યાદિ ખરી વાતોની સમજણ પડી ગઈ અને તેથી જે ભ્રાંતિમાં, ભ્રમણામાં ગોથાં ખાતા હતા તેમાંથી અતિ ઝડપથી બહાર નીકળી ગયા. જ્ઞાનમુદ્રાની વાત નહોતી જાણી ત્યાં સુધી આપણે ભ્રાંતિરૂપી સાગરમાં ગોથાં ખાતા હતા. સાપેક્ષવાદની સમજણ પડવાથી આપણે ક્યાં ગોથાં ખાતા હતા એ વાત 'લક્ષ મહીં આવી'.

વાસ્તવિકતા લક્ષમાં આવી ગઈ અને સમજણ પડી ગઈ કે 'ભ્રાંતિ માંહી રે ભૂલ્યો તો', તો હવે એમાંથી નીકળી જવું. જ્યાં સુધી આપણે ભ્રાંતિમાં હોઈએ અને એને ભ્રાંતિ તરીકે ઓળખતા ના થઈએ ત્યાં સુધી એમાંથી નીકળવાની વાત કયાં રહી? ભૂલને, અસત્યને સાચું માનતા હોઈએ ત્યાં સુધી તો તેમાંથી મુક્ત થવાનો અવકાશ જ ક્યાં રહ્યો? અવકાશ ઊભો ક્યારે થાય? કે જ્યારે ભ્રમણા-ભ્રાંતિને, 'ભ્રમણા-ભ્રાંતિ' તરીકે જોતા થઈએ, ખોટી વાતને, અસત્ય બીનાને, અસત્ય તરીકે પહેચાનતા થઈએ. ત્યાર પછી અસત્યમાંથી નીકળવાનો પ્રયત્ન કરીએ તો નીકળી શકીએ. પરંતુ જ્યાં સુધી આપણે અસત્ય ને સત્ય જ માનતા રહીએ ત્યાં સુધી તો આપણે અસત્યનો જ પક્ષપાત કરતા રહીએ છીએ.

પ્રથમ વાત તો 'હું ભ્રાંતિમાં છું' એની ખબર પડે, તો બીજી વાત કે જે ભ્રાંતિમાંથી નીકળવાનો પ્રયત્ન કરવાનો છે - તે બની શકે. આવી વાતોની સદ્‌ગુરુની આરતીમાં કેટલી

સુંદર ગોઠવણ કરી છે.

**"હું ખોવાયો આપમાં પોતે, આપે આળખાવ્યો."**

'હું ખોવાયો આપમાં'. અમેરિકાથી શ્રી ગુરુપ્રેમભિક્ષુજી ઉર્ફે શ્રી વિનુભાઈનો કાગળ અઠવાડિયા પહેલાં હતો. તેમાં તેમણે આત્મસાક્ષાત્કાર વિષેના મૌલિક વિચારો રજૂ કરેલા. એમણે લખેલું કે -

**"(૧) ગુરુજી ! દુનિયામાં અતિ મહત્ત્વની વાત લોકો કઈ માને છે? આત્મસાક્ષાત્કારની. આ આત્મસાક્ષાત્કાર એ જીવનની મોટામાં મોટી મહત્ત્વની વાત છે એમ લોકો માને છે. પરંતુ મારી માન્યતા એથી જુદી છે.**

**(૨) હું તો જીવનમાં મોટામાં મોટી વાત કઈ માનું છું? ગુરુદેવનું પ્રાપ્ત થવું.**

**(૩) ગુરુદેવની પ્રાપ્તિ, ગુરુદેવનું મળવું એ આત્મસાક્ષાત્કાર કરતાં વધુ મહત્ત્વની વાત છે, એમ હું માનું છું. હું એને જ આત્મ-સાક્ષાત્કાર કહું છું.**

**(૪) મારા માટે ગુરુદેવના મિલન સિવાયનો બીજો કોઈ આત્મ-સાક્ષાત્કાર જ નથી."**

આત્મસાક્ષાત્કાર કરવા માટે, ગુરુદેવને મળવા માટે, પરમાત્માને પામવા માટે શું કરવું? પરમાત્માને પણ ગુરુદેવ જ - ગુરુઓના ગુરુ જ કહ્યા છે. 'પૂર્વેષામપિ ગુરુઃ કાલેનાનૂ વચ્છેદાત્'. અર્થઃ- પરમાત્મા ત્રિકાલીન ગુરુઓના પણ ગુરુ છે અને કાળથી અસ્પૃશ્ય છે. પરમાત્માને મળવા માટે જગતમાં જ્યાં ત્યાં ભટકતો રહ્યો પરંતુ ગુરુદેવ મારામાં જ હતાં, પરમાત્મા મારામાં જ હતાં આત્મસાક્ષાત્કાર મારામાં જ થવાનો હતો. આ વાત હું ભૂલી ગયો હતો. 'હું ખોવાયો આપમાં.' હું મારામાં જ ખોવાયેલો હતો, બીજે ક્યાંય ખોવાયેલો ન હતો. જો બીજે ક્યાંય ખોવાયેલો હોત તો એને બહાર ગોતવા જવું પડત. પણ હું તો મારામાં જ ખોવાયેલો હતો.

પરમાત્માને ગોતવા માટે મારે મારામાં જ ડૂબકી મારવી પડે, મારે અંતર્મુખ થવું પડે; ગુરુદેવના ચરણોમાં બેસવું પડે. તો જ મારામાંથી મને પરમાત્મા મળી શકે. મારામાંથી મને(આત્માને) ગોતવા માટે , મારે મારામાં કઈ રીતે ડૂબકી મારવી એની સમજણ ગુરુદેવ દ્વારા પ્રાપ્ત થાય. આ વાતને એક ઉદાહરણ દ્વારા સમજીએ.

દસ ભાઈઓ યાત્રામાં જવા નીકળ્યા. ઘેરથી બધાએ ભલામણ કરેલી કે "જોજો,

નદીમાં પૂર બહુ આવે છે, ન્હાવાધોવા જાવ ત્યારે તણાઈ ના જાવ; એવે વખતે સૌ એકબીજાને ગણજો, તમે કુલ દસ છો.'' બધા યાત્રાએ નીકળ્યા. ગંગા નદીના કિનારે પહોંચ્યા. સ્નાન કર્યું. સ્નાન કરીને બધા બહાર નીકળ્યા. દસમાના એક ભાઈ ને વડીલોએ કહેલી વાત યાદ આવી. તેણે બધાને નદી કિનારે બેસાડીને ગણતરી શરૂ કરી. ૧,૨,૩,......૯. લાઈનમાં નવે ગણતરી અટકી, એટલે પશ્ન થયો કે આપણે તો દસ હતા. કહો કે ના કહો પણ આપણામાંથી એક માણસ નદીમાં ડૂબી ગયો. લાઈનમાંથી બીજા ભાઈ ઊભા થયા. એમણે પહેલા ભાઈને એની જગ્યાયે બેસી જવા કહ્યું અને પોતે ગણતરી શરૂ કરી. આમ બધાએ ઊભા થઈને વારાફરતી ગણતરી કરી પરંતુ સંખ્યા નવથી આગળ ના વધી. દસે જણાએ બેસીને રડવાનું શરૂ કર્યું.

ત્યાં એક અનુભવી પુરુષ સ્નાન કરવા આવ્યો. તેણે પૂછ્યું,''ભાઈ શું થયું? કેમ આટલા બધા રડો છો?'' દસ ભાઈમાંથી એકે જવાબ આપ્યો,''ભાઈ, કહેવાની વાત નથી. અમે અમારા ગામથી દસ જણા યાત્રાએ નીકળેલા. અહીં ગંગા નદીમાં સ્નાન કરવા ઊતર્યા તે સમયે અમારામાંથી એક જણ નદીમાં ડૂબી ગયો. હવે અમે ઘેર જઈ શું જવાબ આપીશું?'' પેલા ભાઈએ બધાં પર નજર ફેરવીને માથાં ગણી લીધાં અને જાણી લીધું કે કુલ દસ જણા છે. તેને વિચાર આવ્યો કે આ બધા મૂર્ખા ભેગા થયા લાગે છે! મૂર્ખાઓને મૂર્ખાની રીતે સમાધાન કરી આપીએ. તેણે સૌને સંબોધીને કહ્યું કે -

''ભાઈઓ, તમારામાંથી કોઈ ડૂબી નથી ગયું. તમારામાંથી જેને ડૂબી ગયેલો માનો છો એને નદીમાંથી બહાર નીકળતાં મેં જોયો છે.'' આટલું કહી અનુભવી ભાઈએ સૌને લાઈનમાં બેસાડ્યા. પછી ગણતરી શરૂ કરી ૧, ૨, ૩, ૪,..........૧૦. આટલું જોઈ એક ભાઈ બોલ્યા, ''એ હા! ખરેખર જ આપણે દસ થઈ ગયા. ચાલો, હવે આપણે યાત્રા નથી કરવી. આ તો પ્રથમ ગ્રાસે જ મક્ષિકા. સારા નસીબે નદીમાં ડૂબેલો માણસ મળી ગયો. હવે ઘર ભેગા થઈ જઈએ.''

આમ, 'હું ખોવાયો આપમાં,' હું મારામાં જ ખોવાયો હતો અને નીકળ્યો ચારે બાજુ ગોતવા. ક્યાંથી મળું? જ્યાં જે વસ્તુ ખોવાઈ હોય ત્યાં જ તેને શોધવી પડે ને? એમ 'હું ખોવાયો આપમાં,' હું પોતાનામાં જ ખોવાયેલો હતો. તેની પ્રતીતિ આપે (ગુરુદેવે) કરાવી દીધી. જ્યાંથી ખોવાયો હતો ત્યાંથી ગોતી દીધો. ક્યાંથી કેવી રીતે ગોતાય? ક્યાં છે, એ કેવી રીતે સમજાય? એવી સાચી દૃષ્ટિ ગુરુદેવે આપી દીધી.

### "ગુરુગમ ત્રિકુટી દ્વાર ખૂલતાં, નયણે નિરખાવ્યો."

'ત્રિકુટી' શબ્દ આપણે આગળ સમજી ગયા. બે ભ્રમરની વચ્ચે જે સ્થાન છે તેને ત્રિકુટી કહેવામાં આવે છે. જે પૂર્વમાર્ગથી પ્રાણને બ્રહ્મરંધ્રમાં ચડાવે છે એને ત્રિકુટી દ્વારમાં

થઈને જવું પડે છે. પૂર્વમાર્ગથી જે સમાધિસ્થ થાય છે એ દીર્ઘકાળ સુધી સમાધિ અવસ્થામાં ન રહી શકે. પરંતુ પશ્ચિમમાર્ગેથી જે સમાધિમાં જાય એ, એની ઈચ્છા હોય ત્યાં સુધી તે સમાધિમાં રહી શકે. પશ્ચિમમાર્ગેથી બ્રહ્મરંધ્રમાં જનારાને માર્ગમાં ભ્રમરગુફા આવે છે.

યોગતારાવલીમાં આદ્ય શંકરાચાર્ય મહારાજે એક શ્લોકમાં કહ્યું છે જેનો ભાવાર્થ છે-

''એવા દિવસો ક્યારે આવશે કે શૈલશિખરની ગુફામાં હું એવી સમાધિ લગાવું કે મારા શરીર ઉપર વેલડીઓ વીંટળાઈ વળે, મારા શરીરની આસપાસ વૃક્ષો ઊગી નીકળે, મારા કાનમાં પક્ષીઓ માળા બાંધે!' જો આમ બને તો? ત્યારે કેટલી લાંબી સ્થિર સમાધિ હોય. શરીર કેટલું કાષ્ટવત્ થઈ જતું હશે? કાનમાં પક્ષીઓ માળા ક્યારે બાંધે? જ્યારે ઘણા લાંબા સમય સુધી સ્થિર રહેવાય ત્યારે. પક્ષીને એમ લાગે કે આ કોઈ જીવતું-જાગતું માણસ નથી, એ આપણને મારશે નહીં કે પકડશે નહીં; પરંતુ આ કોઈ ઝાડની બખોલ હશે. આવું લાંબા સમયથી જોતા રહ્યા પછી તે બેસવા માટે આવે. માથા ઉપર બેસે, ખભા ઉપર બેસે અને પછી કાનમાં માળા નાંખે. ''આવી લાંબી સમાધિ મને ક્યારે પ્રાપ્ત થશે શૈલશિખરની ગુફામાં?''

'ગુરુ ગમ ત્રિકુટી દ્વાર ખૂલતાં' ગુરુદેવના માર્ગદર્શને ત્રિકુટી દ્વારને ખોલી નાખ્યું અને ત્યાંથી પસાર થઈ બ્રહ્મરંધ્રમાં ગયો અને ત્યાં 'નયણે નિરખાવ્યો'; નયણાંથી નીરખી લીધો, નયનો દ્વારા પરમાત્માને જોઈ લીધા અને સમાધાન પ્રાપ્ત કરી લીધું.

**"હું છું હરિમાં, હરિ છે મુજમાં નિશ્ચે નિહાળ્યું."**

ત્યાર પછી એ નિશ્ચય થઈ ગયો કે હું હરિમાં અને હરિ મારામાં, હું ગુરુદેવમાં અને ગુરુદેવ મારામાં વસી રહ્યા છે. પરમગુરુ પરમાત્માથી હું કાંઈ જુદો નથી. આ વાત નિશ્ચિતરૂપથી જાણવા મળી. પણ ક્યારે? મેં જ્યારે ત્રિકુટી દ્વાર ભેદી એને નીરખ્યો ત્યારે, જ્યારે ગુરુદેવે મને મારી આંખોથી નિરખાવ્યો ત્યારે. આ વાત પણ સાથે સાથે સમજાવી કે મારામાં અને ગુરુદેવમાં કાંઈ ભેદ નથી. એમનામાં જે કંઈ ચેતન છે, એ જ ચેતનતત્ત્વ મારામાં છે. તેને સમજવા માટે એક વાત છે, રામચંદ્રજી અને હનુમાનજીની.

શ્રી રામચંદ્રજી હનુમાનજીને પૂછે છે કે તમે મને શું માનો છો? હનુમાનજી તો મહાજ્ઞાની ભક્ત હતા. તેમણે જ્ઞાનદૃષ્ટિથી શ્રીરામચંદ્રજીને જવાબ આપ્યો કે ''ચૈતન્યની રીતે આપ પૂછતા હો તો તમારામાં અને મારામાં કંઈ જ ભેદ નથી. જે તમે છો તે જ હું છું અને જે હું છું તે જ તમે છો. અને જીવની દૃષ્ટિએ પૂછતા હો તો તમે મારા ભગવાન છો અને હું તમારો ભક્ત, હું તમારો દાસ છું; તમે મારા સર્વેશ્વર છો.''

તેવી જ રીતે 'હું છું હરિમાં, હરિ છે મુજમાં નિશ્ચે નિહાળ્યું.' હું ગુરુમાં છું. હું અને

ગુરુ અભેદ છીએ- જુદા નથી. આ વાત જ્યારે સમજાઈ જાય ત્યારે પાકી એકતા આવે. ગુરુગમ દ્વારા જ્યારે ત્રિકુટી દ્વાર ખૂલી જાય ત્યારે આ પ્રતીતિ થઈ જાય કે ગુરુ અને હું બંને જુદા નથી. ચૈતન્યની દૃષ્ટિએ જે આત્મા ગુરુમાં છે એ જ મારામાં છે.

### "અખિલ વિશ્વમાં આપ વ્યાપ્ત છો, મેં નજરે ભાળ્યું."

પહેલી પ્રતીતિ થઈ કે હું ગુરુદેવમાં છું. બીજી પ્રતીતિ થઈ કે ગુરુદેવ મારામાં છે. ત્યાર પછી સાધના આગળ વધી, કુશાગ્રતા આગળ વધી. ત્યારે એમ થયું કે પરમાત્મતત્ત્વ, ચૈતન્યતત્ત્વ એ ફક્ત મારામાં અને ગુરુજીમાં જ નહીં પરંતુ અખિલ વિશ્વમાં વ્યાપેલું છે. પરમાત્મા તો ચર-અચર, અણુએ અણુમાં, દશો દિશામાં વ્યાપીને રહેલા છે. આપ સર્વવ્યાપક છો. આ વાત પણ મેં મારી નજરે ભાળી.

આ રીતે, ચેતનાના વૈભવને સમજવાનો મહિમા ગુરુદેવ પાસેથી પ્રાપ્ત થયો. પછી મનમાં કેવા ભાવ પ્રગટ્યા?

### "લીધું પણ જે શિરને સાટે, હવે નહીં મૂકું."

ગુરુજી! હવે જે જે નિર્ણયો તમારા માટે કર્યા છે તે દૃઢપણે રહેવાના. તમારા ધ્યેયમાં મારા ધ્યેયને મિલાવી દેવાના, તમારા આદર્શને મારો આદર્શ બનાવી દેવાના, તમારી સાથે તન-મન-ધનથી એક રહેવાના જે જે કાંઈ શુભ-પવિત્ર, આદર્શ વિચારો-સંકલ્પો કર્યા છે - એમાંથી હું ટસથી મસ ના થાઉં. હવે એને મૂકું? અસંભવ. જે પ્રતિજ્ઞા કરી છે, જે સંકલ્પો મન સાથે કર્યા છે એ પાર પાડવાના જ છે.

### 'ગુરુ અને ગોવિંદ પ્રત્યક્ષ મળિયા.....'

એ પણ મનમાં નક્કી થઈ ગયું છે. ગુરુ એ જ પ્રત્યક્ષ સ્વરૂપે ગોવિંદ છે, ગોવિંદ સ્વરૂપે મળ્યા છે. તો, હવે એમને કઈ રીતે મૂકું? મારી આ ભાવનાને કદી મંદ પડવા નહિ દઉં.

'પ્રત્યક્ષ' શબ્દનો ઉલ્લેખ પાતંજલ યોગદર્શનમાં પણ છે. પ્રત્યક્ષ, અનુમાન અને આગમ, આ ત્રણના સમૂહને પ્રમાણવૃત્તિ કહેવામાં આવે છે. આ ત્રણમાંના પ્રત્યક્ષ પ્રમાણને આપણા શાસ્ત્રમાં ખૂબ જોરદાર પ્રમાણ કહ્યું છે. પ્રત્યક્ષ = પ્રતિ + અક્ષ; આંખોની સામે. 'ગુરુને ગોવિંદ પ્રત્યક્ષ મળિયા'. ગુરુરૂપી ગોવિંદ કેવા છે? પ્રત્યક્ષ; મારી આંખોને શાંતિ આપે છે, મારા કાનને શાંતિ આપે છે. મારા હાથ-પગને શાંતિ આપે છે, હું એમની સેવા મારા હાથ-પગથી કરી શકું છું. હું એમને મારા હાથથી જમાડી શકું છું. હું એમને મારા હાથથી ફૂલમાળા પહેરાવી શકું છું. હું એમને મારા ચર્મચક્ષુથી જોઈ શકું છું. મારા ઘરે એમને લઈ જઈ બેસાડી શકું છું. તેમને પ્રશ્ન કરી શકું છું. તેમનો ઉત્તર સાંભળી શકું છું.

અપ્રત્યક્ષરૂપે જે સર્વવ્યાપક ગુરુદેવ હતા એ ગુરુદેવને તો હું પ્રત્યક્ષરૂપે અનુભવી શકતો નહોતો. પરંતુ આ પ્રત્યક્ષ દેહધારી ગુરુદેવ, કે જે ગુરુસ્વરૂપે ગોવિંદ જ છે, એમને તો હું અનુભવી રહ્યો છું, પ્રત્યક્ષ રીતે માણી રહ્યો છું, પ્રત્યક્ષ રીતે જોઈ રહ્યો છું.

ગુરુમાં પ્રત્યક્ષપણાની ભાવનાને હું ક્યારેય નહીં ચૂકું. એ ભાવનામાં હવે વ્યભિચારીપણું કદી નહીં આવે. હવે એ જ્ઞાન સતત મારી સાથે રહેવાનું કે ગુરુ એ જ ગોવિંદ છે.

**"જપ, તપ, તીરથ, ધ્યાનમાં ભૂલ્યો, બહુ દિન લ્હે લાગી."**

હે ગુરુદેવ! તમે જ્યાં સુધી નહોતા મળ્યા, તમારો સંપર્ક જ્યાં સુધી નહોતો થયો, જ્યાં સુધી તમારી અમીદૃષ્ટિ અમારા ઉપર નહોતી પડી, તમારી કૃપા જ્યાં સુધી અમારા ઉપર નહોતી થઈ ત્યાં સુધી અમે ભ્રમણાઓમાં જ હતા. અમે ભૂલેલા જ હતા. શામાં? જપ, તપ, તીરથ, વગેરેમાં.

પ્રથમ તો, કહેવાતા મનુષ્યનું જીવન કેવું હોય છે? પશુ જેવું. ખાયા, પીયા ઔર મોજ કિયા. બચપન, જુવાની, બુઢાપો અને મૃત્યુ. ગૃહસ્થાશ્રમ, બે-પાંચ બાળકો, નોકરી-ધંધો; એમ સવારથી સાંજ સુધી પ્રવૃત્તિમાં. આમ પશું જેવું જીવન જીવતા'તા ત્યાં સંજોગોવસાત્ ભેટો થયો સાધુ-સંતોનો. તેમના સંપર્કથી એમ નક્કી થયું કે મનુષ્ય-જીવન પશુ કરતાં કંઈક ઊંચું છે. તેથી કેવળ જે પશુમય-જીવન હતું એમાંથી જીવ જપમાં લાગ્યો, ભગવાનના નામનો જપ કરવા લાગ્યો. યજ્ઞાનામ્ જપયજ્ઞોસ્મિ. 'યજ્ઞમાં જપયજ્ઞ હું છું' એમ શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે.

જપ કેવો મજાનો છે! એમાં પાઈ-પૈસાનો ખર્ચ નહીં અને વિદ્વત્તાની જરૂર નહીં. સવારમાં વહેલો ઊઠી મનુષ્ય જપ કરવા લાગ્યો. જપથી તેના સદ્‌ગુણની વૃદ્ધિ થઈ, પુણ્યની વૃદ્ધિ થઈ. એટલે એને ત્યાં સાધુ-સંતો પણ આવવા લાગ્યા. તેમની પાસેથી સાંભળ્યું કે જપની સાથે થોડું તપ, થોડો ત્યાગ પણ કરવો પડે. ખેડૂતો ત્યાગ કરે છે; એક બીજને ખેતરમાં નાંખે છે તો એને કેટલા બધાની પ્રાપ્તિ થાય છે! તો આમ, તમે જે કાંઈ કમાવ એમાંથી થોડું જો સત્કાર્યોમાં વાપરતા રહો તો એ વાપરેલું તમને અનંતગણું થઈને પાછું મળતું રહે. અને ત્યાગની સાથે સાથે વ્રત-ઉપવાસ વગેરે પ્રકારનું તપ પણ કરો. આટલું સાંભળી જપમાંથી તપ-ત્યાગમાં લાગ્યા. તપ તો તપ જ છે. તપશે ત્યારે જ બુદ્ધિ પરિશુદ્ધ થશે. તપથી કાયાની શુદ્ધિ થઈ, બુદ્ધિ વધી. ત્યાંથી આગળ વધતાં તીર્થનો મહિમા સાંભળ્યો. તેથી તીર્થયાત્રા કરવા લાગ્યા. તીર્થમાં મંદિરો, પ્રતિમાઓ ઇત્યાદિ હતાં પરંતુ તેની મહત્તા તો ચૈતન્ય મહાત્માઓના કારણે હતી. ગુરુમહિમાની એક પંક્તિ હતી - 'ગુરુ સંતોષી આંગણે લાવે, કોટિ તીરથનું ફળ

પાવે'. આમ શા માટે કહ્યું? એટલા માટે કે ગુરુદેવ પોતે ચેતન છે. મનુષ્ય જ્યારે યાત્રાધામમાં-તીર્થધામમાં જાય ત્યારે તેણે ચેતન મહાત્માઓને જ સેવવા જોઈએ, તો એને તીર્થનું ફળ મળે. જપ-તપ તો એ પોતાના ઘેર પણ કરી શકતો હતો. મંદિર તો પોતાના ગામમાં પણ જઈ શકતો હતો. એ બધું તો પોતાના ઘરે પણ હતું, ગામમાં પણ હતું. એ કરતાં કંઈક વિશેષ પ્રાપ્તિ માટે થઈને એ તીર્થમાં ગયો હતો. વિશેષ પ્રાપ્તિ ક્યાં હતી? ચેતન પુરુષોમાં.

**જાગતા નર સેવ ગોરખ જાગતા નર સેવ.**

જાગતા નર સેવ. જાગતા નર પાસેથી ઉપદેશ સાંભળે, એ ઉપદેશ પોતાના હૃદયમાં અને પછી પોતાના જીવનમાં ઉતારે તો એનું વધુમાં વધુ કલ્યાણ થાય.

પહેલાં તો કેવળ પશુમય જીવન જીવતો હતો. એમાંથી એ જપ કરવા લાગ્યો. જપમાંથી તપ અને તપમાંથી તીર્થ કરવા લાગ્યો. આ ત્રણેથી તેનું પુણ્ય ઘણું વધી ગયું. તેથી એક મહાત્મા મળી ગયા અને એમણે કહ્યું કે તમે થોડું થોડું ધ્યાન પણ કરો. ધ્યાન તો તપથી પણ વધી જાય તેમ છે. આ સાંભળી તે ધ્યાન કરવા લાગ્યો. ધ્યાનમાં અંતર્મુખ થયો. અંતર્મુખ થવાથી તે ખૂબ આનંદમાં રહેવા લાગ્યો. અંતર્મુખપણાનો આનંદ કેવો હોય છે, તે તો તમે જાણો છો. ના જાણતા હો તો અંતર્મુખ થઈને એનો આનંદ લઈ જોજો. નિજાનંદ, સહજાનંદ પ્રાપ્ત થઈ જશે. આવો આનંદ તેને પ્રાપ્ત થયો ત્યારે જપ, તપ, તીરથ વગેરે બધુંય તેને ફિક્કું લાગવા માંડ્યું. જપ, તપ, તીરથ, આ ત્રણેને તે ધ્યાનમાં ભૂલી ગયો. પરંતુ એ ધ્યાન કરતાં કરતાં પછી એક સમજણ એવી આવી કે જેના દ્વારા એને ગુરુદેવની પ્રાપ્તિ થઈ.

'જપ, તપ, તીરથ, ધ્યાનમાં ભૂલ્યો, બહુ દિન લ્હે લાગી'. ગુરુદેવની મહત્તા સમજતાં એને એમ લાગ્યું કે ધ્યાનમાંય હું ભૂલેલો હતો. આ બધાની બહુ દિવસ સુધી લ્હે લાગેલી હતી, લગની લાગેલી હતી. એના તરફ એક હઠાગ્રહબુદ્ધિ આવી ગયેલી અને તેથી એનામય જ રહ્યો. આમ ઘણા દિવસો અને વર્ષો સુધી હું આટલામાં જ ભૂલેલો રહ્યો. આની જ રઢ લાગેલી રહી.

**"સાચા સદ્‌ગુરુ મળિયા, ભ્રમણાઓ ભાંગી."**

આ બધી લ્હેમાંથી, ભ્રમણાઓમાંથી હું ક્યારે છૂટયો? જ્યારે સાચા સદ્‌ગુરુ મળ્યા ત્યારે. સાચા સદ્‌ગુરુ મળ્યા ત્યારે તપે છૂટી ગયાં, તીરથે છૂટી ગયાં અને ધ્યાને છૂટી ગયું. છૂટી ગયું એટલે? જપ કરતાં પણ વધુ મૂલ્યવાન ગુરુદેવ, તપ કરતાં પણ વધુ મૂલ્યવાન ગુરુદેવ, તીરથ અને ધ્યાન કરતાં પણ વધુ મૂલ્યવાન ગુરુદેવ. આમ, એવી પ્રતીતિ થઈ ગઈ, એવો દૃઢ વિશ્વાસ થઈ ગયો કે ગુરુદેવની તુલનામાં આ બધાની કાંઈ જ કિંમત નથી, આ બધું જ ગુરુદેવમાં સમાઈ જાય છે. સાચા સદ્‌ગુરુ મળવાથી બધી ભ્રમણાઓ ભાંગી જાય છે,

ભાગી જાય છે.

મનુષ્ય માટે સૌથી અગત્યની, અતિ મૂલ્યવાન વસ્તુ કઈ છે? એ ભ્રમણામાંથી નીકળે તે. અને કયો મનુષ્ય એવો છે કે જે ભ્રમણામાં ફસાયેલો નથી? એક પણ નહીં. મનુષ્ય જન્મોજન્મ સુધી ભ્રમણામાં જ રહે છે. આજથી પાંચ વર્ષ પહેલાંની કોઈ વાતને આપણે યાદ કરીએ તો આજે આપણને એમ લાગે કે એ વખતે તો આપણે ભ્રમણામાં હતા. એ વાતો, એ માન્યતાઓ, એ વિચારસરણી અત્યારે આપણને કેવી લાગે છે? ભ્રમવાળી, ભ્રમણાવાળી, ખોટી, અસત્ય. એ સમયે આપણે કેવું ખોટું વિચારતા હતા! હાલની તુલનામાં એ પાંચ વર્ષ પહેલાંના વિચારો, સંકલ્પો ભૂલભરેલા લાગે છે; અને અત્યારે જે કાંઈ વિચારો કરીએ છીએ તે સાચા લાગે છે. પરંતુ હાલની એ જ વિચારસરણી અને સંકલ્પો પાંચ વર્ષ પછી આપણને ભ્રમણાવાળાં જ લાગવાનાં. આમ એક ભ્રમણામાંથી નીકળીને બીજી ભ્રમણામાં, બીજીમાંથી નીકળીને ત્રીજી ભ્રમણામાં, ત્રીજીમાંથી નીકળીને ચોથી ભ્રમણામાં; એમ ભ્રમણામાં ને ભ્રમણામાં જ જિંદગી પૂરી થઈ જાય છે.

એક કાંટાને કાઢવા માટે જે બીજો કાંટો લીધો હતો એ પેસી ગયો. બીજાને કાઢવા માટે ત્રીજો કાંટો લીધો તો બીજો તો નીકળ્યો પણ ત્રીજો કાંટો પેસી ગયો. આમ, એક નીકળે અને બીજો પેસી જાય. બકરું કાઢતાં ઊંટ પેઠું. આ આપણી ચાલુ કહેવત છે.

બકરું વાડામાં ઘૂસી ગયું. વાડામાં શાકભાજી હતી અને શાકભાજી ચરવા માટે બકરું પેસી ગયું હતું. વાડની એક બાજુથી, ખેડૂત લાકડી લઈને એને કાઢવા માટે દોડ્યો તો બકરું તો વાડાની બીજી બાજુથી નીકળી ગયું પરંતુ વાડાના જે દ્વાર પાસેથી તે દોડ્યો હતો ત્યાંથી ઊંટ વાડામાં પેઠું. બકરું તો કદાચ એકાદ બે રીંગણાં ખાઈ જાત પરંતુ ઊંટે તો આખી વાડી જ ફેંદી નાંખી. આમ, બકરું કાઢતાં ઊંટ પેસી ના જાય એની કાળજી રાખવી પડે. ઊંટ પેસી ના જાય એવી તૈયારી કરી અને પછી બકરાને કાઢવા માટે દોડવું જોઈએ. એ તૈયારી ના કરીએ ત્યાં સુધી બકરું ભલે ને એકાદ બે રીંગણાં ખાઈ જતું. એ કેટલું ખાશે? પણ બકરું કાઢતાં ઊંટ પેસી જશે તો આખી વાડી ફેંદી નાખશે.

'સાચા સદ્ગુરુ મળિયા, ભ્રમણાઓ ભાંગી.' જ્યારે સદ્ગુરુની પ્રાપ્તિ થઈ જાય છે ત્યારે સાચો ખ્યાલ આવે છે કે ગુરુદેવના મૂલ્યની તુલનામાં, ગુરુદેવની સેવાના મૂલ્યની તુલનામાં જપ, તપ, તીરથ બધું જ ગૌણ હતું. અમૂલ્ય તો ગુરુદેવ જ હતા. ગુરુદેવની સાથે તન-મન-ધનની જે એકતા હતી એ જ મુખ્ય હતું, એ જ પ્રધાન હતું. એ સિવાય બધું જ ગૌણ, એ સિવાય બધી જ ભ્રમણા, એ સિવાય બધા જ ભ્રમો હતા. આમ, સદ્ગુરુ મળ્યા ત્યારે સાચી સમજણની પ્રાપ્તિ થઈ.

**"નિરાંત નિર્મળ નામ ગુરુજી મારા પુરુષોત્તમ પ્યારા."**

આ લીટી અતિ સુંદર છે. 'ગુરુજી મારા પુરુષોત્તમ પ્યારા.' ગુરુજી કોણ હોઈ શકે? પુરુષોત્તમ, જે પુરુષોમાં ઉત્તમ છે તે. મારા ગુરુજી કેવા છે? પુરુષોમાં ઉત્તમ અને તેઓ ગુરુદેવ શાથી થયા? પુરુષોમાં ઉત્તમ હતા તેથી. 'નિરાંત નિર્મળ નામ.........' નિરાંત કહેતાં નિવૃત્તિ. મનમાં સંતોષ આવી જાય ત્યારે નિરાંત-નિવૃત્તિ પ્રાપ્ત થાય છે. સમાધાનની પ્રાપ્તિ થાય ત્યારે નિરાંતની પ્રાપ્તિ થાય છે. પુરુષોમાં ઉત્તમ એવા ગુરુજીમાં શું છે? નિરાંતપણું, નિર્મળતા, શાંતિ, સંતોષ, સમાધાન; જે સમાધાન પામી ચૂક્યા છે, ને શાંતિને વરી ચૂકયા છે એવા નિરાંતવાળા; જગતની પ્રવૃત્તિમાંથી જેમણે પોતાની રુચિ ખેંચી લીધી છે, નિવૃત્તિ લઈ લીધી છે.

લાલજીદાસ આરતીની છેલ્લી પંક્તિઓમાં શું કહી રહ્યા છે? જે ગુરુદેવ તરફથી મને આ બધું જ મળ્યું, જે ગુરુદેવમાંથી પ્રેરણા લઈ અને આરતી રચી, ગુરુમહિમા રચ્યો, એમનું શુભ નામ શું? એમનું પવિત્ર નામ શું? એવા ગુરુજનોને શું કોઈ નામવાચક નામ, વ્યક્તિવાચક નામ હોઈ શકે? ગુણવાચક નામ, વિશેષતાવાચક નામ હોય. એ કંઈ વ્યક્તિ રહ્યા નથી, બિંદુ રહ્યા નથી, એ તો આખો સમાજ થઈ ગયા છે, એ તો વિશ્વ થઈ ગયા છે, એ તો એક આખો સાગર બની ગયા છે. તેથી તેમનું નામ શું કહ્યું? ગુરુજી મારા પુરુષોત્તમ. સર્વ સામાન્ય મનુષ્યો કરતાં એ ઉત્તમ છે, શ્રેષ્ઠ છે.

મારા ગુરુદેવ કેવા છે? સામાન્ય પુરુષો કરતાં એમનામાં પવિત્રતા, સંયમ ઈત્યાદિ સદ્‌ગુણો ગણ્યા ગણાય નહીં, વીણ્યા વિણાય નહીં એટલા ભરેલા છે. એ બધા જ ગુણોને વ્યક્ત કરી શકે એવું એક નામ, વાચકના માધ્યમ તરીકે શું હોઈ શકે? હકીકતમાં તો ગુરુજનોને નામથી બોલાવાય નહીં. જેમ પત્ની પોતાના પતિનું નામ નથી લેતી. શા માટે? કારણકે પત્ની માટે પતિ એ પ્રિયતમ છે. પ્રિયતમ કોને કહેવાય? જે વધુમાં વધુ પ્રિય હોય, જેનાથી વધુ પ્રિય બીજા કોઈ હોઈ જ ના શકે એવા પ્રિય તે પ્રિયતમ. 'તમ' કહેતાં ઘણા, અધિક, અતિપ્રિય, અતિવહાલા, તેથી તેનું નામ પ્રિયતમ. તો પ્રિયતમનું નામ ના લેવાય. અતિ પ્યારા, અતિ વહાલાનું નામ લઈએ તો મર્યાદાનો ભંગ થાય.

ગુરુ-શિષ્ય પરંપરામાં શિષ્ય માટે ગુરુ પ્રિયતમ છે. ગોવિંદથી પણ વધુ પ્યારા, વધુમાં વધુ પ્યારા, તેથી શિષ્ય માટે ગુરુ પ્રિયતમ. અને પ્રિયતમનું નામ લેવાથી મર્યાદાનો ભંગ થાય. તેથી, શક્ય હોય ત્યાં સુધી શિષ્યો ગુરુદેવનું નામ કે તેમના પૂર્વાશ્રમનું નામ નથી લેતા, કેવળ 'ગુરુદેવ' અથવા 'પૂજયશ્રી' એવું સંબોધન કરે છે.

અહીં લાલજીદાસને ગુરુમહિમાનું ગાન કરવા માટે પોતાના ગુરુદેવનું નામ લેવાની ઈચ્છા થઈ. પરંતુ ગુરુદેવનું નામ તો લેવાય નહીં, મર્યાદાનો ભંગ થાય. તેથી તેઓ મર્યાદાનું પાલન કરે છે. ગુરુદેવનું વ્યક્તિવાચક નામ ના લેતાં ગુણવાચક નામ, વિશેષતા-

બોધક એવું નામ લે છે. એવું નામ કયું છે? પુરુષોત્તમ. લાલજી ભગતે ગુરુદેવનું 'પુરુષોત્તમ' એવું સુંદર, બોધક નામ આપ્યું. આમ કહી તેઓ જણાવે છે કે જગતમાં જેટલા પુરુષો છે, એમાં ગુરુદેવ ઉત્તમ પુરુષ છે. એ ઉત્તમ પુરુષ છે એથી મારા ગુરુ છે. અને એ ઉત્તમ છે તેથી જ મેં એમને ગુરુ માન્યા છે. ઉત્તમતાથી જ ગુરુપણાની પ્રાપ્તિ થાય છે. વળી એ પુરુષોત્તમ ગુરુમાં શું રહેલું છે? નિરાંત, નિર્મળતા, નિવૃત્તિ; પ્રધાન શાંતિ. નિર્મળ એટલે મળ વિનાની. જેમાં મળ નથી, જેમાં કોઈપણ પ્રકારનો મોહ, માયા, વિકાર, વાસના ઈત્યાદિ પ્રકારના મળ નથી એવી શાંતિ. નિરાંત એટલે નિવૃત્તિ.

શાસ્ત્રોમાં મોક્ષ પ્રાપ્ત કરવા માટેના બે માર્ગો કહ્યા છે; નિવૃત્તિમાર્ગ અને પ્રવૃત્તિમાર્ગ. પ્રવૃત્તિમાર્ગમાં શાસ્ત્રવિદિત કાર્યો કરવાનાં હોય છે. સાધક, શાસ્ત્રોએ માન્ય કરેલી પ્રવૃત્તિ કરતો કરતો મોક્ષ સુધી પહોંચે છે. જે સાધક નિવૃત્તિમાર્ગનો અધિકારી છે એ નિવૃત્તિપ્રધાન માર્ગનું અવલંબન લે છે. નિવૃત્તિ એટલે તમામ પ્રકારના કર્મકાંડોથી મુક્તિ બાહ્ય પ્રવૃત્તિઓ તમામ બંધ, કેવળ અંતર્મુખપણાની પ્રવૃત્તિ, એને નિવૃત્તિ કહેવાય.

**"નિરાંત નિર્મળ નામ, ગુરુજી મારા પુરુષોત્તમ પ્યારા,**
**લાલજી નિત્ય ગુણ ગાવે, છો પ્રભુજી મારા."**

હે મારા ગુરુદેવ, તમે 'નિરાંત'ને ગ્રહણ કરી લીધી છે, તમે નિવૃત્તિમાર્ગના પ્રવાસી છો અને તમે નિર્મળ છો, મળરહિત છો. તેથી તમે પુરુષોત્તમ છો. 'લાલજી નિત્ય ગુણ ગાવે.' લાલ એટલે પુત્ર-શિષ્ય. આ લાલજી એ કોઈ વ્યક્તિવાચક નામ નથી. ગુરુદેવનાં ગુણગાન કોણ ગાય છે? લાલજી; અને લાલજી એટલે ઘણા બધા શિષ્યો. જેમ 'ગુરુદેવ' એ કોઈ એક જ વ્યક્તિ માટે સંબોધાયેલો શબ્દ નથી તેમ 'લાલ-લાલજી' શબ્દ પણ કોઈ એક જ વ્યક્તિ માટે નથી સંબોધાયો. શિષ્ય જ્યારે સાચા અર્થમાં શિષ્ય બને છે ત્યારે એ પરમપિતાનો પનોતો પુત્ર બને છે, ગુરુદેવનો લાડકો શિષ્ય બને છે, શિવનો પ્યારો જીવ બને છે. આવો જીવ ,આવો શિષ્ય, ગુણગાન ગાઈ રહ્યો છે. કોનાં? શિવનાં, પોતાના ગુરુદેવનાં. અને ગુણગાન પણ કેટલા સમય સુધી ગાઈ રહ્યો છે? નિત્ય. અનંત કાળ સુધી હરપળ, હરક્ષણ એ ગુરુદેવનાં ગુણગાન ગાઈ રહ્યો છે.

'છો પ્રભુજી મારા.' હે ગુરુદેવ! તમે તો કેવળ મારા ગુરુદેવ જ નહીં, પરંતુ મારા પ્રભુજી છો. તમે પુરુષોત્તમ છો. તમારામાં નિવૃત્તિ, સમાધાન, નિર્મળતા સમાયેલાં છે. આમ 'લાલજી' નામથી શિષ્યોએ ભેગા મળીને ગુરુજીની આરતી ઉતારી અને આ આરતીની કેટલી બધી મહત્તા છે એનું વર્ણન અગાઉ આપણે કરી ગયા છીએ. આરતી, આરતીની જ્યોતમાં ગુરુદેવની ચેતનાનું ભળવું, એ ચેતનાને આપણા હાથની આંગળીઓના માધ્યમથી આંખો

અને કપાળ દ્વારા આપણા શરીરમાં પ્રવેશાવીને આપણી કુંડલિનીને, આપણી સુષુપ્ત શક્તિઓને કઈ રીતે જાગૃત કરવી એ બધું આપણે આગળ સમજી ગયા છીએ.

અહીં ગુરુ-આરતીની, ગુરુ-આરતીની સમજણની પૂર્ણાહુતિ થાય છે. નથી તો ગુરુમહિમાનો અંત આવે એમ, કે નથી તો આ ગુરુ-શિષ્યના પવિત્ર સંબંધનો અંત, પરંતુ એના જે વિવેચનથી શરૂઆત કરી હતી એ વિવેચનનો આ જગ્યાએ અંત આવે છે. તો, હર વખતે આપણે આરતી કરીએ ત્યારે આ આરતીની જે સમજણ આપી તે સમજણને લક્ષમાં રાખીશું તો એને વિષે ઘણી બધી વિશેષ દૃષ્ટિ પ્રાપ્ત થશે. આપણી બુદ્ધિની ઘણી બધી નવી દિશાઓ ખૂલી જશે. અસ્તુ.

**સત્ય-ધર્મ ગુરુદેવની જય.**

## ઉપસંહાર
## ગુરુ-સદ્‌ગુરુ કોણ?

જો કોઈની પાસેથી કંઈ પણ લઈએ તો જેની પાસેથી લીધું એ 'ગુરુ' કહેવાય, જેણે લીધું એ 'લઘુ' કહેવાય.

મનુષ્ય પોતાના જીવનમાંથી જ્યારે ગુરુને બાદ કરી નાખે છે ત્યારે એનું જીવન શૂન્ય થઈ જાય છે, પોતે શૂન્ય થઈ જાય છે. જો ગુરુનો સ્વીકાર કરે તો પોતે સર્વ કાંઈ છે. જેની પાસેથી આપણને કાંઈપણ શીખવા મળે એ આપણા ગુરુ છે. આપણી સંસ્કૃતિમાં એ પ્રમાણે ઘણા ગુરુઓને માન્ય કરેલા છે; જેમકે કર્મકાંડ કરાવનાર પુરોહિત, આપણે ત્યાં આવતા ગોર ઇત્યાદિ. રામચંદ્ર ભગવાનને અને બીજા બધા અવતારોને પણ ગુરુ હતા. જેની પાસેથી જે શીખવા મળે એ, એ વિષયના ગુરુ. આમ લૌકિક વિદ્યા માટે પણ ગુરુ શબ્દનો ઉપયોગ થાય છે.

પરંતુ શાસ્ત્રમાં 'ગુરુ-સદ્‌ગુરુ' શબ્દ બધા માટે નથી વપરાયો. સદ્‌ગુરુ તો એક જ - જે આત્મા અને પરમાત્માની વાત સમજાવે તે. બીજા અનેક ગુરુઓ માટે સલાહકાર, માસ્તર, ઉસ્તાદ, માર્ગદર્શક એમ અનંત શબ્દો વપરાયા પરંતુ 'ગુરુ' શબ્દ કોઈને માટે ના વપરાયો.

તમામ ભૌતિક વિદ્યા-કળા કરતાં જે વિદ્યા વધુમાં વધુ મૂલ્યવાન હતી, 'ગુરુ' હતી એનું જ્ઞાન જે આપે તે ગુરુ; દિવ્ય, અલૌકિક એવી આધ્યાત્મિક વિદ્યા આપી તેથી તેને ગુરુ

કહ્યા. આપી એટલે? તે જેવા સ્વરૂપમાં હતી તેને તેવા સ્વરૂપમાં સમજાવી. જો ગુરુ હોય તો આપણે સર્વ કાંઈ, નહીં તો કાંઈ નહીં.

માતા-પિતા તથા આચાર્યને દેવો કહ્યા છે. નવ માસ માતાના ગર્ભમાં રહ્યા અને ત્યાર બાદ પણ ઘણા સમય સુધી માતાના આધારે રહ્યા. માતાના ક્ષેત્રમાંથી છૂટા થઈને મોટા થતાં પિતાના ક્ષેત્રમાં આવ્યા. ત્યાં પિતાની સહાયતા અમુક સમય સુધી લીધી. પિતાની સહાયતા દરમ્યાન જ એમની સહાયતાના આધારે બીજા ઘણાની સહાયતા લઈ શક્યા. અને એ દરમ્યાન સ્કૂલમાંથી કૉલેજ સુધી પહોંચી ગયા અને ડિગ્રી પણ મેળવી લીધી. આ સમય દરમ્યાન પિતાની સહાયતા ઉપર નિર્ભર રહી બીજા ઘણાની - જેમકે માસ્તર, પ્રોફેસર વગેરેની - જીવનઘડતરમાં સહાય લીધી. આમ, માતા-પિતાની સહાયતા દરમ્યાન જ ઘણા બધાની ઘણી ઘણી મદદ લીધી. અનંત પ્રકારની સહાયતાથી અનંત પ્રકારના ગુરુઓ થયા અને આમ એક વ્યક્તિના વિકાસ પાછળ કેટલી બધી વ્યક્તિઓએ કેટલો બધો ભોગ આપ્યો!

હું 'એન્જિનિયર' એમ બોલતાં પહેલાં તને એન્જિનિયર બનાવવામાં કેટલાની જરૂર પડી એનો કદીયે વિચાર કર્યો છે? કે 'હું એન્જિનિયર, હું ગુરુમાં નથી માનતો; ગુરુ ના જોઈએ' એમ જ બકતો રહીશ!

તું એન્જિનિયર થયો એ વિદ્યા કોઈ ગુરુ વિના થોડી પ્રાપ્ત થઈ?

તો એન્જિનિયર કહે - એટલા માટે જો ગુરુનો સ્વીકાર કરવો પડતો હોય તો હું એન્જિનિયરની પદવી પાછી આપી દઉં છું. એના વિના ચલાવીશ.

મિત્ર કહે - આ અંગ્રેજી બોલો છો એ ક્યાંથી લાવ્યા?
તો કહે - એ પણ પાછું આપી દીધું.
મિત્ર - અને આ ગુજરાતી?
તો કહે - એ પણ ના જોઈએ. ગુરુ ના જોઈએ. ગુરુની શું જરૂર છે?

એમ સૌ-સૌનું બધું પાછું આપી દેતાં કપડાં અને જોડાં પણ પાછા આપી દીધાં. હવે થયા દિગંબર! પછી કહે - હવે તો મારા કોઈ ગુરુ નહીં ને?

મિત્ર - અરે ભાઈ! ગુરુ છે તો આપણે છીએ, નહીં તો શૂન્ય. આ તમારું શરીર છે એ ક્યાંથી લાવ્યા? તે પણ માતા-પિતાએ આપ્યું છે. તો, માતા-પિતા તમારા ગુરુ ખરા કે નહીં?

એન્જિનિયર વિચાર કરે છે કે આ શરીર પણ છોડી દઉં. પણ શરીર છોડી દઉં તો મારું અસ્તિત્વ જ ક્યાં રહ્યું?

એટલે શરીર રાખ્યું. શરીર રાખ્યું એટલે એક પછી એક બધાની જરૂર પડી. છોડેલું

બધું અપનાવતાં અપનાવતાં ઠેઠ એન્જિનિયર સુધી પહોંચી ગયા. ગુરુને ન સ્વીકારો એટલે શૂન્ય. જો તમારું શરીર પણ તમારું નથી તો તમારું છે શું? તમે તમારી સાથે શું લાવ્યા છો? કાંઈ નહીં. માટે ગુરુનો સ્વીકાર કરો, ઋણનો સ્વીકાર કરો. જો કે શાસ્ત્રોએ આ બધાને માટે 'ગુરુ' શબ્દ વાપર્યો નથી.

મનુષ્ય-શરીર ધારણ કર્યું, ઘણું બધું શીખ્યા. શા માટે? આત્મા, પરમાત્માના જ્ઞાનમાં આ બધું સહાયરૂપ હતું એટલે શીખ્યા. જેની સહાયની જેમ જેમ જરૂર ઓછી તેમ તેમ તેનું ગુરુપણું ઓછું. જેમકે મોચીથી આગળ દરજી, દરજીથી આગળ માસ્તર, માસ્તરથી આગળ પ્રોફેસર, પ્રોફેસરથી આગળ ડૉક્ટર. આમ, જેની જરૂર વધુ તેનું ગુરુપણું વધુ. બીજું બધું હોવા છતાં જો શરીર અસ્વસ્થ થઈ જાય તો તરત કોની જરૂર પડે? એને માટે ડૉક્ટરની જરૂર પડશે. બીજી જરૂરિયાતોના ગુરુ પછી પરંતુ શરીરને સંભાળનાર ડૉક્ટરની અગત્ય વધારે. વળી શરીરનાં ઘણાં અંગો છે. પગ, હાથ, પેટ, ફેફસાં, હૃદય વગેરેની સંભાળ રાખનારની અનુક્રમે કિંમત વધુ. હૃદયમાં કંઈ થઈ જાય તો હૃદયરોગના નિષ્ણાતને તાબડતોબ બોલાવવા પડે. શરીરમાં હૃદયની કિંમત વધુ છે તેથી એના ડૉક્ટરની કિંમત પણ - અગત્યતા પણ વધુ.

પરંતુ એ હૃદયમાં જે વસે છે એનું જ્ઞાન જ ના થાય તો શું કામનું? ઈંટ-ચૂનાના મંદિરમાં મૂર્તિરૂપે ભગવાનને બેસાડનાર તો હૃદય છે. મૂર્તિ-ભગવાન એની મેળે મંદિરમાં નથી બેસતા. બધા ઈંટ-ચૂનાના મંદિરોની દેખભાળ રાખનાર શરીરમંદિર છે. મહેમાન આવવાના હોય તો ઘરને કેટલું સ્વચ્છ રાખીએ છીએ? તો ઈંટ-ચૂનાના મંદિરમાં ભગવાનને બેસાડનારે, ભગવાન જે મંદિરમાં બેઠા છે એ મંદિરની કેટલી સંભાળ રાખવી જોઈએ, જેથી ભગવાન લાંબો વખત એ મંદિરમાં રહી શકે. મહેમાન આપણે ત્યાં ક્યારે વધુ રહે? જ્યારે એને આપણે ત્યાં રહેવાનું ગમે.

જો શરીરમંદિરમાં બિરાજનાર હૃદયમાં હોય તો હૃદય વધુ કિંમતી. એ હૃદયમાં ચેતન પરમાત્મા બેઠા છે. એ પરમાત્મા શરીર-મંદિરમાંથી ચાલ્યા જાય તો શરીર નકામું. મડદાની આંખ જુઓ ત્યારે જ ખબર પડે કે જીવતાની આંખમાં શું વિશેષતા છે. ગુરુદેવ શરીરમાંથી નીકળી જાય ત્યારે ખબર પડે કે એ ચેતન આંખમાં કઈ ચીજ હતી. એ ચેતનતત્ત્વ જ્યારે નીકળી જાય ત્યારે શરીર, શરીર નહીં પરંતુ ફક્ત પંચમહાભૂત. તો આમ, જ્યાં સુધી શરીરરૂપી પંચમહાભૂતમાં ગુરુદેવ બેઠા છે ત્યાં સુધી જ એ શરીરની કિંમત છે. આ વાત જે સમજાવે તેના માટે શાસ્ત્રમાં 'ગુરુદેવ' શબ્દ વાપર્યો છે.

જે ઘડીએ ગુરુની બાદબાકી કરીએ એ વખતે આપણે જ બાદ થઈ જઈએ. ગુરુનો જે સ્વીકાર કરે છે, એને તો ગુરુ છે જ પરંતુ ગુરુમાં જે માનનારા નથી તેમને પણ ગુરુ છે જ. આપણા અસ્તિત્વથી જ આપણા માતા-પિતાનું અસ્તિત્વ સિદ્ધ થાય છે; તેમ આપણા

અસ્તિત્વથી જ આપણા ગુરુનું અસ્તિત્વ પણ સિદ્ધ થઈ જાય છે. જેને પોતાના માતા-પિતા કોણ એની ખબર ના હોય તેને માટે સમાજમાં ઘણું નીચું સ્થાન છે. એવી જ રીતે જેને પોતાના ગુરુ કોણ એની ખબર ના હોય તેને માટે સમાજમાં કેવું સ્થાન હોય?

અખંડ મંડળાકારરૂપ સ્થાવર-જંગમાત્મક સંસારમાં વ્યાપી રહેલા ઈશ્વરનાં જે દર્શન કરાવે તે સદ્‌ગુરુ છે. **ગુરુમાં જે માને છે એને તો, ગુરુ છે જ પણ જે ગુરુમાં નથી માનતા તેને પણ ગુરુ છે એવું જે સાબિત કરી આપે તે સદ્‌ગુરુ છે.**

પંચમહાભૂતના શરીર મંદિરમાંના બોલતા ચાલતા પરમાત્માની વાત સમજાવે, એ ચેતનતત્ત્વની-ગુરુતત્ત્વની હાજરીમાત્રથી આ શરીરરૂપી મંદિરનું અસ્તિત્વ છે એ વાત જે સમજાવે, શરીરની ગતિશીલતા જેના આધારે છે એ તત્ત્વની જે સમજણ આપે તે સદ્‌ગુરુ છે.

આત્મા અને પરમાત્માની વાત સમજાવે, ગુરુઓના ગુરુ ઓમ્‌નારાયણનું જ્ઞાન આપે; આપણી પ્રકૃતિ, સ્વભાવ, સ્થિતિ વગેરેને ધ્યાનમાં રાખી જ્ઞાન આપવાનો પ્રયત્ન કરે તે સદ્‌ગુરુ છે.

ઉપરોક્ત જ્ઞાનદાન કરનારાઓ માટે શાસ્ત્રમાં 'ગુરુ' કે 'સદ્‌ગુરુ' શબ્દ પ્રયોજાયો છે.

## ગુરુજનો પાસેથી શું ઇચ્છવું જોઈએ?

લોકો ગુરુજનો પાસે પણ ભૌતિક-લૌકિક ઇચ્છાથી જતા હોય છે. એ મોટું અજ્ઞાન છે. જે વસ્તુ પ્રયત્ન કરવાથી પ્રાપ્ત કરી શકીએ એની ઇચ્છા ગુરુજનો પાસેથી રાખતાં મોટા નુક્સાનમાં રહીએ છીએ. કાંચનના બદલે કાચ લીધા જેવું થાય છે. આપણે જાતે પ્રયત્ન કરવા છતાં જે વસ્તુ પ્રાપ્ત કરવામાં અશક્તિમાન હોઈએ એવી જે આધ્યાત્મિકતા, એવું જે આત્મા-પરમાત્માનું જ્ઞાન, એ જ્ઞાન ગુરુજનો પાસેથી પ્રાપ્ત કરવું જોઈએ. પરમાત્મા પાસે, ગુરુજનો પાસે, સંત-યોગીઓ પાસે શું માંગવું જોઈએ? એને માટે સાચા સલાહકારની જરૂર છે. નહીં તો આપણી સ્થિતિ પેલા ભિખારીના જેવી થાય.

એક ભિખારી હતો. કોઈ કારણસર રાજા એના ઉપર પ્રસન્ન થયા. કહે માંગ માંગ, માંગે તે આપું. ભિખારી કહે આપને જે આપવું હોય તે આપો. રાજા વિચાર કરે છે, "હું રાજા. જેના ઉપર પ્રસન્ન થાઉં તેને ભિખારી રહેવા દઉં તો મારું રાજાપણું લાજે. આજે તો આને પાંચ ગામ આપી દઉં." પછી વિચાર આવ્યો, રખેને આ ભિખારીને પાંચ ગામ કરતાં વધારે જોઈતું હોય તો? તેથી ભિખારીને ફરીથી કહ્યું, "તું તારે મોઢેથી માંગી લે, તું માંગે એ મારે આપવું." રાજા એ દિવસે બહુ પ્રસન્ન હતા. ભિખારી વિચાર કરે છે. "શું માગું

એણે એના મિત્રની સલાહ લીધી. ભિખારીનો ભાઈબંધ થોડો બુદ્ધિશાળી હતો. તેણે વિચાર કર્યો, '' આ મારો ભિખારી મિત્ર માંગી માંગીને શું માંગશે? એના કરતાં રાજા પોતે જ નક્કી કરીને આપે તો ભિખારી ન્યાલ થઈ જાય.'' તેથી તેની અને રાજાની વચ્ચે રકઝક ચાલી. રાજા કહે તું માંગ, મિત્ર કહે તમારે આપવું હોય તે આપો. આ રકઝકથી ભિખારી કંટાળી ગયો. એને થયું કે રકઝકના કારણે કદાચ બધું ય ખોઈશું. આપણે તો સો રૂપિયા માગવા છે અને રાજા પચ્ચીસ રૂપિયા જ આપશે તો આપણાથી કંઈ જ નહીં બોલાય. એમ વિચારીને એ વચ્ચે જ બોલી ઊઠ્યો કે '' આપ મારા પર ખરે જ પ્રસન્ન થયા હો તો સો રૂપિયા આપો.'' રાજાએ સો રૂપિયા આપી દીધા. એમાંથી ભિખારીએ એક મહિના સુધી જલસા કર્યા. પછી હતો એવો ને એવો.

દિવસમાં બે રૂપિયા મેળવતો હતો એટલે એના માટે સો રૂપિયા ઘણા હતા. રાજા પ્રસન્ન થયા છતાં પણ એ ભિખારી જ રહ્યો. તેવી જ રીતે મનુષ્ય પણ પરમાત્મા પાસે, ગુરુજનો પાસે અલૌકિક વસ્તુઓ માંગીને અલૌકિક નથી બની જતો, રાજા નથી બની જતો.

## ગુરુ-આજ્ઞામાં ઇન્દ્રિયોનો કલ્યાણકારી ઉપયોગ

મનુષ્યમાત્રને પરમકૃપાળુ પરમાત્માએ ઇન્દ્રિયો આપેલી છે. કોઈ તે ઇન્દ્રિયો દ્વારા પોતાનું કલ્યાણ કરે છે અને કોઈ તે જ ઇન્દ્રિયોથી પોતાનું અકલ્યાણ કરી નાખે છે. કોઈને એ જ ઇન્દ્રિયો સાધક છે તો કોઈને એ જ ઇન્દ્રિયો બાધક છે.

મનુષ્યમાત્ર સાધક છે, ઇન્દ્રિયો તેનું સાધન છે. ગુરુદેવના માર્ગદર્શનમાં રહીને ઇન્દ્રિયોરૂપી સાધનોનો જે ઉપયોગ કરી જાણે છે તેના માટે એ કલ્યાણનું સાધન છે. જે સ્વચ્છંદી રીતે તે ઇન્દ્રિયોનો ઉપયોગ કરે છે તેના માટે તે ઇન્દ્રિયો અકલ્યાણકારી છે. દા.ત.:

એક મનુષ્ય પાસે ચપ્પુ છે. એનો ઉપયોગ એ બીજા મનુષ્યનું ખૂન કરવામાં કરે છે અને એના ફળસ્વરૂપ જેલમાં જાય છે. બીજા મનુષ્ય પાસે પણ ચપ્પુ છે. એ મનુષ્ય એનો ઉપયોગ શાકભાજી સમારવામાં અને બીજા ગૃહઉપયોગી કાર્યમાં કરે છે. અને ત્રીજો મનુષ્ય કે જે ડૉક્ટર છે, એની પાસે પણ ચપ્પુ છે. પરંતુ એનો ઉપયોગ એ દર્દીનું ઑપરેશન કરીને દર્દીને સુખ આપવામાં કરે છે.

ચપ્પુ ત્રણે પાસે હતું. પરંતુ ત્રણેએ એનો ઉપયોગ અલગ અલગ કર્યો. ડૉક્ટરે એનો ઉપયોગ અતિ ઉત્તમ કાર્ય માટે કર્યો એમ કહી શકાય. કારણકે એણે એના ગુરુ પાસેથી એનો સાચો ઉપયોગ શીખી લીધો હતો. ચાહે ગુરુ કહો, ઉસ્તાદ કહો; યોગ્ય લાગે તે કહો. આજકાલ ગુરુ કહેતાં શરમ આવે છે. કેરી ખાવાથી કામ છે, ઝાડ ગણવાથી નહીં.

ડૉક્ટર ગુરુ પાસેથી ડૉક્ટરી વિદ્યા શીખ્યા. કેટલાં વર્ષો ગાળ્યાં, કેટલા મિત્રો-સ્નેહીઓની સહાયતા લીધી. છેવટ સુધી કેટલાં ખંત અને ઉત્સાહથી અભ્યાસ કર્યો. દર મહિને ગુરુદક્ષિણા આપતા રહ્યા. ગુરુદક્ષિણાને ફી કહો તો પણ વાંધો નથી. આટઆટલું કર્યું ત્યારે અમુક વર્ષો બાદ ડૉક્ટરી વિદ્યામાં પાસ થયા. અને જે કોઈ પરીક્ષામાં બેસે એ બધા જ કાંઈ થોડા પાસ થાય છે? કોઈ નાપાસ પણ થાય છે. એ જ રીતે વર્ષો સુધી ગુરુઆજ્ઞામાં રહીને ડૉક્ટર ચપ્પુનો કલ્યાણકારી ઉપયોગ શીખ્યા.

એ જ રીતે મુમુક્ષુ પણ ગુરુઆજ્ઞામાં વર્ષો સુધી રહીને પોતાના ઇન્દ્રિયરૂપી ચપ્પાનો કલ્યાણકારી ઉપયોગ કરી શકે છે અને સ્વચ્છંદી મનુષ્ય એ જ ઇન્દ્રિયથી પોતાનું જ અકલ્યાણ કરી નાંખે છે.

## ગુરુ-પ્રાપ્તિ અહં-મુક્તિ

ગામડામાં 'નુગરો' શબ્દ ગાળ કહેવાય. નુગરો એટલે જેણે ગુરુ નથી કર્યા તે. જે માણસ નુગરો છે એટલે કે જેનામાં શ્રદ્ધાનો દીપ સળગ્યો જ નથી, એ અહમ્‌ના બોજા તળે સતત દબાયેલો જ રહે છે. માણસે પોતાના અહમ્‌નો બોજ હળવો કરી નાખવો જોઈએ. મનુષ્ય હળવો ફૂલ જેવો ક્યારે થાય? જ્યારે એનો અહમ્‌નો બોજ ઊતરી જાય ત્યારે. અને અહમ્‌નો બોજ ઊતરે ક્યારે? જ્યારે શ્રદ્ધાનો દીપક પ્રગટે ત્યારે. અને એ શ્રદ્ધાનો દીપક ક્યારે પ્રગટ્યો કહેવાય? જ્યારે એ કોઈપણ સંતજનને પોતાના ગુરુ તરીકે મનમાં સ્થાપી દે ત્યારે. સંતોને કોઈના ગુરુ થવાની ઇચ્છા નથી હોતી. પરંતુ જિજ્ઞાસુ જીવને એવી ઇચ્છા હોય છે કે આપણે કોઈને ગુરુ બનાવીએ. ગુરુ એટલે કોઈ એક એવી શ્રદ્ધેય વ્યક્તિ, જેને આપણે આપણા મનમાં ગુરુ તરીકે નક્કી કરી લીધી હોય, જેની પાસે આપણે આપણો અહમ્ મૂકી શકીએ. અહમ્ સિવાય બધું મૂકી શકાય છે. અહમ્ મૂકવો મુશ્કેલ છે. અને અહમ્ મૂકી શકાય તો પછી બધું સહેલું છે. અહમ્ ના મુકાય ત્યાં સુધી હળવાપણું આવે નહીં, સતત કપાળની કરચલીઓ વળેલી ને વળેલી રહે છે. અહમ્‌ને મૂકી ના શકીએ તો આપણી સ્થિતિ પેલા ગાડીમાંના મુસાફર જેવી થાય જેણે ગાડીમાં બેઠો હોવા છતાં પોતાનો સામાન માથા ઉપર રાખ્યો છે.

અહમ્‌નો બોજ એટલે કે 'હું' કંઈક કરી રહ્યો છું. અહમ્ કહેતાં 'હું.' એનો ભાર જીવનમાં એટલો બધો હોય છે કે જરા, મૃત્યુ અને રોગ અકાળે આવી જાય છે. એમાંથી મુક્ત થવું જોઈએ. એમાંથી મુક્ત થવા માટે કોઈ શ્રદ્ધેય વ્યક્તિને આપણે ગુરુપદે સ્થાપી દેવી જોઈએ.

અમુક પ્રકારનો અહમ્ ન રાખીએ તો આપણો વ્યવહાર ચાલે નહીં. રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદનો બધો અહમ્ ખલાસ ન થઈ જાય એનો ખ્યાલ રાખ્યો હતો અને કહ્યું

હતું કે "તારા અહમ્‌નો સંપૂર્ણ નાશ તો થવા જ નહીં દઉં, કેમકે તારી પાસેથી તો જગતના કલ્યાણના ઘણાં કાર્યો કરાવવાનાં છે. જેવી મારી સ્થિતિ થઈ એવી તારી પણ થઈ જાય તો તું પણ પરમહંસ થઈ જાય અને પરમહંસને તો કોઈની કંઈ પડી ના હોય; પોતાનું અને પારકું કલ્યાણ થાય તોય શું અને ના થાય તોય શું ? તેથી જગતના કલ્યાણનું કામ તારાથી નહીં થાય." આ કારણે વિવેકાનંદના અમુક અહમ્‌નો નાશ એમણે નહોતો થવા દીધો.

પરંતુ અમુક એવી જગ્યા આવે કે જ્યાં આપણે આપણો અહમ્ છોડી દઈએ છીએ. શા માટે? આપણા લાભ માટે, આપણા કલ્યાણ માટે. દિવસમાં એક વખત, મહિનામાં એક વખત કે વર્ષમાં એક વખત જ્યારે જ્યારે અહમ્‌ને છોડી દઈએ ત્યારે ત્યારે જ સાચો આરામ પ્રાપ્ત થાય. અને એવો આરામ પ્રાપ્ત જ ના થાય તો આ શરીર ક્યાં સુધી ચાલી શકે? સારામાં સારું ખાઓ-પીઓ, શરીર માટે બધું કરો છતાં સાંજે થાકી જવાય છે. અને એ બધો થાક ક્યારે જાય છે? રાત્રે જ્યારે મીઠી ઊંઘ આવે ત્યારે. અને મીઠી ઊંઘ ક્યારે આવી કહેવાય? કાને સાંભળવાનું, નાકે સૂંઘવાનું, આંખે જોવાનું છોડી દીધું હોય, બધી ઇન્દ્રિયોથી જ્યારે મુક્ત થઈ ગયા હોઈએ, ત્યારે સંપૂર્ણ આરામ મળે છે અને સવારે ઊઠીએ ત્યારે સ્ફૂર્તિ અનુભવાય છે. પરંતુ આ બધું કરવા છતાં જેને પરિપૂર્ણ આરામ કહેવામાં આવે છે એવો આરામ શરીરને ક્યારે મળે? જ્યારે અહમ્‌ને છોડે ત્યારે. પાંચ ઇન્દ્રિયો છૂટી જાય છે ત્યારે પણ અહમ્ તો હોય છે જ. તો, એ અહમ્, આપણે આપણી જાતને જ્યારે કોઈ શ્રદ્ધેય વ્યક્તિને સમર્પિત કરી દઈએ છીએ ત્યારે છૂટે છે. ગુરુને તો ખબર પણ નથી હોતી કે એમને કોણ સમર્પિત થઈ રહ્યું છે, એમનો કોણ ચેલો છે; ગુરુદેવ તો એમની મસ્તીમાં મસ્ત હોય છે; સંપૂર્ણ અહમ્‌મુક્ત હોય છે.

આપણે આપણા લાભ માટે, આપણા અહમ્‌ના બોજમાંથી મુક્ત થવા માટે, જે યોગ્ય લાગે તે વ્યક્તિને ગુરુ તરીકે સ્વીકારીએ. એ સ્વીકાર એટલા માટે કરવાનો છે જેથી આપણે આપણો અહમ્ એમના ચરણોમાં છોડી શકીએ. આપણી આર્યસંસ્કૃતિમાં, ઋષિસંસ્કૃતિમાં ગુરુ ના હોય એ લાંછન ગણાતું. ગુરુ ના હોય એની પાસે કોઈ જતું નહીં, એનો કોઈ વિશ્વાસ કરતું નહીં.

## એક દીપસે જલે દૂસરા

**એક દીપસે જલે દૂસરા, ઉજિયાલા ચહુ ઓર;**
**ભેદ ન પાયે જલે હુએ મેં, પહેલા દૂસરા કૌન ?**

જ્યારે એક દીવાથી બીજો દીવો પ્રગટાવીએ, અને એ ક્રમ મુજબ, બીજાથી ત્રીજો એમ ઘણા બધા દીપકો પ્રગટાવીએ તો એ બધા દીપકોને પ્રગટાવનાર મુખ્ય એક દીપક-દીવો હતો. પરંતુ

પ્રગટી ગયા પછી એકથી બીજો થયો, બીજો પ્રગટ્યો. પ્રથમ દીપક જેવો જ પ્રકાશ બીજા દીપકોથી પણ થવા લાગ્યો.

આ રીતે પ્રગટતા બીજા દીપકો ઉપર બહારથી આવનાર વ્યક્તિની નજર પડે તો એને ખ્યાલ ના આવે કે આટલા બધા દીવાઓ પ્રકાશી રહ્યા છે એ કોને આભારી છે ? એમને પ્રગટાવનાર કોણ? કયો દીપક સૌથી પહેલો પ્રકાશિત થયો? બહારથી આવનારને પ્રગટનાર દીપક અને પ્રગટાવનાર દીપક કોણ એનો ખ્યાલ નથી આવતો. પરંતુ અંદરોઅંદર પ્રગટાવનાર અને પ્રગટનાર એકબીજાને જાણતા હોય છે. પોતે કોનાથી પ્રકાશિત થયો છે એનો ખ્યાલ પ્રકાશિત થનારને હોય છે. અને એ પ્રગટાવનાર જેને પ્રગટાવે છે એ પણ બીજાને પ્રગટાવી શકે એટલો શક્તિશાળી થાય છે. એ પ્રકાશિત થાય છે એટલું જ નહીં પરંતુ એ પ્રકાશિત થતાં જ બીજાને પ્રકાશિત કરવાને શક્તિમાન બની જાય છે.

લોઢાને પારસમણિનો સ્પર્શ થાય તો લોઢામાંથી સોનું થાય. પરંતુ આ રીતે પારસમણિના સ્પર્શથી લોઢામાંથી બનેલુ સોનું બીજા લોઢાને સોનું બનાવી ના શકે. પરંતુ પારસમણિનો સ્પર્શ કરનાર પારસમણિ જ થઈ જાય; એ શક્ય બને ગુરુ-સંતોના સતત પરિચયમાં રહેવાથી ગુરુ-સંતોના ચરણોમાં બેસનારને ગુરુસંતોની કૃપા પ્રાપ્ત થાય છે ત્યારે તે પોતે પણ ગુરુ-સંત બનવાની દિશામાં આગળ વધવા માંડે છે. એ પણ ગુરુત્વ પ્રાપ્ત કરવાના પથ ઉપર ચઢી જાય છે. ગુરુત્વના પથ ઉપર ક્યારે ચઢી શકાય? જ્યારે ગુરુની કૃપા પ્રાપ્ત થાય ત્યારે. એ કૃપાના બળથી એવું જ્ઞાન પ્રાપ્ત થાય કે ગુરુ એટલે શું, ગુરુતત્ત્વ એટલે શું એ બધું સારી રીતે સમજી શકાય. ગુરુજ્ઞાન પ્રાપ્ત થતાં પછી કશામાં નુકસાની દેખાય જ નહીં. અને જ્યાં નુકસાની દેખાતી નથી ત્યાં શાંતિનું સામ્રાજ્ય છે. ગુરુજ્ઞાન દઢ થાય છે ત્યારે ધ્યાનની દિશામાં આગળ વધતાં વધતાં સમાધાનવૃત્તિ પ્રાપ્ત કરી લેવાય છે અને સમાધાનવૃત્તિ દ્વારા અવિચળ શાંતિ પ્રાપ્ત કરી શકાય છે.

આ વાત થઈ, જે શિષ્ય ગુરુના સાંનિધ્યમાં રહે છે એની. પરંતુ જે શિષ્યે ગુરુને જોયા પણ ના હોય પણ એમના સાહિત્ય દ્વારા ઉપદેશ ગ્રહણ કરી એ ગુરુનો બની જાય, તો એ પણ પારસમણિ થઈ જાય છે.

આમ, પ્રથમ છે પ્રગટાવનાર; જેને લીધે બીજા પ્રકાશી રહ્યા છે. આ રીતે પ્રકાશી રહેલા સર્વ શિષ્યોનું- જિજ્ઞાસુઓનું કલ્યાણ થઈ જાય છે. અને એમનું કલ્યાણ થઈ ગયું છે એ કાંઈ બહારની વ્યક્તિને ખબર પડતી નથી. કલ્યાણ જેના દ્વારા થયું અને જેનું થયું એ બે સિવાય આ વિષે બીજા બધા અજ્ઞાત હોય છે. દીપક અર્થાત્ જિજ્ઞાસુ અર્થાત્ શિષ્ય જ એ જાણતો હોય છે કે એ જે સમાધાનવૃત્તિનો અધિકારી બન્યો છે એ કોને આભારી છે. અસ્તુ.

**"ગુરુમહિમા" વાંચીને લઘુ મટવાનો અર્થાત્ ગુરુ બનવાનો પ્રયત્ન કરીએ એ જ એની સાર્થકતા છે.**

દુનિયાની કોઈ તાકાત લઘુને
ગુરુ બનતાં રોકી નહીં શકે.
લઘુ, ગુરુ બનીને જ રહેશે.

જે બુદ્ધિ સમર્પિત થઈને રહે
છે તે જ બુદ્ધિની
બુદ્ધિમાની છે. ગુરુજનો અને
સંતજનોના ચરણોમાં બુદ્ધિપૂર્વક
નિર્બુદ્ધિ થઈને બેસવું એ જ
બુદ્ધિમાનપણું છે.

જે ગૃહે ગુરુ બિરાજે હકે,
રાહુ-કેતુ તેનું શું બગાડી શકે ?

ગુરુમાં જે માને છે એને તો
ગુરુ છે જ, પણ જે ગુરુમાં
નથી માનતા તેને પણ ગુરુ છે
એવું જે સાબિત કરી આપે
તે સદ્ગુરુ છે.

પૃથ્વીની જેમ ગુરુ-સંતોમાં
બધા જ રસ છે. જેને જે
રસ જોઈએ તેને તે, તેવો
પ્રયત્ન કરીને પ્રાપ્ત કરી લે છે.

સંત એટલે જગત આખાનો
મરજિયાત દેણદાર, કે જે
લેવામાં નહીં પણ દેવામાં જ
આનંદ માણે છે.

ॐ

प्रेम-समर्पण-ध्यान

"स्वयं गुरु बनकर ही रहेगा"